૭૯૬

ખોજા સર્વ સંગ્રહ.

(ભાગ ૧ લો)

રચી પ્રસિદ્ધ કરનાર

એદલજી ધનજી કાબા.

માલેક તથા મેનેજર—" નુરે હીદાયત "

અમરેલી—કાઠીયાવાડ.

ઈ. સ. ૧૯૧૮

આ અરૂણોદય પ્રીન્ટીંગ પ્રેસ અમરેલીમાં મેનેજર બારશી
જણાભાઈએ માલેકને માટે છાપ્યું. તા. ૨૦-૪-૧૮

કીંમત ૧ રૂપીઓ.

૭૮૬

ખોજા સર્વ સંગ્રહ.

(ભાગ ૧ લો)

રચી પ્રસિદ્ધ કરનાર

એદલજી ધનજી કાબા.

માલેક તથા મેનેજર—" નુરે હીદાયત "

અમરેલી—કાઠીયાવાડ.

ઇ. સ. ૧૯૧૮

અરૂણોદય પ્રીન્ટીંગ પ્રેસ અમરેલીમાં મેનેજર પારશી ગણાભાઇએ માલેકને માટે છાપ્યું. તા. ૨૦—૪—૧૮

કીંમત ૧ રૂપીઓ.

પ્રસ્તાવના.

ખોજા કોમની ઉતપત્તીને લગભગ ચાર પાંચ સૈકાઓ થવા પામ્યા, પણ આટલી લાંબી મુદત્ત દરમીયાન પરકોમના લોકોજ તેની ઉતપત્તી તથા સ્થિતિ વિષે જાણીતા ન થવા પામ્યા, એટલુંજ નહિ પણ, ખુદ ખોજા કોમ પોતે પણ પોતાની ઉતપતી તથા સ્થિતિ વિષે લગભગ અજાણ રહેવા પામી એ ઘણીજ નવાઇની વાત છે. આમ થવાનું મુખ્ય કારણ કોમની અજ્ઞાનતા તથા તે બાબતની શોધખોળ નહિ કરવાને આભારી છે; પરંતુ પોત પોતાની ઉતપતી તથા સ્થિતિ વિષે બીજી કોમો જેટલા પ્રમાણમાં અજ્ઞાન રહેવા પામી છે અને તે માટે તે જેટલા ઠપકાને પાત્ર છે તેટલાજ ઠપકાને પાત્ર. ખોજા કોમ હોય, એમ અમો માનતા નથી, કેમકે બીજી દરેક કોમોને પોતાની ઉતપતી તથા સ્થિતિને જાણી લેવું, એટલું કઠિણ નહિ હતું કે, જેટલું ખોજા કોમને કઠિણ હતું. બીજી સઘળી કોમોને તેની ઉતપતી આ-

કે સ્પષ્ટ તથા સીધા માર્ગોદ્વારા તેના ઉતપાદકોએ પ્રયાસો કીધા હતા, જ્યારે ખોજા કોમના ઉત્પાદકોએ ગુંચવાડામાં નાંખનારા પણ બહુજ ઝડપથી ધારેલો હેતુ પાર પાડનારા માર્ગો હાથ ધર્યા હતા. ખોજા કોમને ઉતપંન કરનારા મહાત્મા મીશનરી પીરોએ પોતાના હેતુની પૂર્ણતા માટે જે મીશન પદ્ધતિ તથા તેના પ્રયોગો હાથ ધર્યા હતા, તેથી ખોજા કોમ કેમ જલદીથી જાણીતિ ન થવા પામી, તેના વધુ ઠપકાને પાત્ર તે કોમને અમો ગણી શકતા નથી. કેમકે કેળવણીની ગેરહાજરી વચ્ચે આવી બહુજ ઉંડાણમાં રહેલી બાબતને તેઓ જલદીથી સમજી શકે એમ માની શકાય નહિ. બીજી કોમોના ઉતપાદકો નવા શિષ્યોને તેમને કયાં અને કયા માર્ગદ્વારા લઇ જવામાં આવેછે તે સ્પષ્ટ જણાવી આપતા હતા, જો કે તેમાં ફતેહની થોડી આશા હતી. પણ ખોજા કોમના ઉત્પાદકો પોતાના શિષ્યોને કયાં અને કયા માર્ગદ્વારા લઇ જતા હતા તે પોતે બરાબર સમજતા હતા પણ શિષ્યોથી તે વાત છુપી રાખતા હતા. અને તેમને અનુકુળતાને ખાતર ગોઠવણ કરેલી પાયરી વિષે, પાયરીની મુળ હકીકતને દાબી રાખી જણાવતા હતા. તે મહાત્માઓ-

શનરી પીરોનો હેતુ પરધર્મમાંથી ખસેડીને શિષ્યને ઇસલામમાં લાવવાનો હતો; પરંતુ મીશન પદ્ધતિની ગોઠવણીને અંગે, શિષ્ય પોતાની સ્થિતિ બદલતો બદલતો જ્યાંસુધી શુદ્ધ મુસલમાન ન થઇ જાય, ત્યાં સુધી તે મુસલમાન થવા માટે માર્ગ કાપે છે તેમ જાણવા પામે નહિ અને જ્યારે છેવટની પાયરીમાં પહોંચતાં તે પોતાને આબાદ મુસલમાન જુએ, ત્યારે મીશન પદ્ધતિ તથા પસાર કરેલી પાયરીઓના કારણોને સમજવા પામે અને પોતાને શુદ્ધ મુસલમાન જોઇ તે કાંઇપણ નારાજ ન થતાં ઘણોજ ખુશી થાય, કે મકે પરધર્મના નિર્માલ્ય પણા વિશે તેને તે વખતે ખાત્રી થઇ ચુકી હોય છે અને ઇસલામની ખુબીઓ તેના જીગરમાં જડ ઘાલી બેઠી હોય છે. આ સ્થિતિને તે પસંદ કરી પોતાના આત્માની મુક્તિ મળનારા માર્ગમાં પોતાને પહોંચેલો જોઇ ખુદાનો પાડ માને છે અને જે મીશનરી પીરોએ તેને ઉંપર પ્રમાણેના ચક્કરોમાં ઘુમાવી આવા આત્માના મોક્ષ પમાડનારા મેદાનમાં લાવી મુકયો છે તેના થોક થોક વખાણ કરે છે અને તેના વખાણ

કુરે છે એટલુંજ નહિ પણ, તેની સાથે માણુસાઇને છાજતાં દરેક સલુકો પણ કરે છે. આવી સ્થિતિ તો માત્ર જેઓ મીશનરી પીરોએ લઈ જવા ધારેલા નિર્ભય સ્થળે પહોંચી જનારની થઇ, પરંતુ જે શિષ્યો હજુ માર્ગમાંજ છે તે પોતાની વેગમાં મુકેલી પાયરી તથા સ્થિતિનેજ પોતાના પ્રયાસનું સ્ટેશન સમજે અને તે પોતાને ઇસલામની પ્રાપ્તી માટે પ્રયાસ કરનારો કબુલ રાખે નહિ અને તે તે માર્ગમાં કદમ લંબાવે છે તેમ ચાહે નહિ. કેમકે સ્ટેશનપર પહોંચ્યા પછીજ માલુમ પડે કે, તે નિર્ભય સ્થળે આવી લાગ્યો છે.

સુન્ની તથા ઇસનાઅશરી ખોજાઓ તો મહાત્મા મીશનરી પીરોએ લઇ જવા ધારેલા સ્થળે પહોંચી જઇ લગભગ શુદ્ધ મુસલમાન થઇ ગયા છે; પરંતુ ખાનાઇ તડાંના કેટલાક લોકો જે મીશનરી પીરોએ લઇ જવા ધારેલા સ્ટેશને પહોંચ્યા નથી તેઓ પોતાની ચાલુ પાયરીનેજ મીશનરી પીરોએ બતાવેલું છેવટનું સ્ટેશન માની, પોતાની મુરાદ બર આવી છે એમ સમજે છે. અને મુસલમાન ધર્મના શુદ્ધ આચાર, વિચાર ગ્રહણ કરાવ-

જાને તેમને પીરો પાયરી દર પાયરી આગળ લઈ ચાલ્યા હતા તેમ કબુલ કરતા નથી; પણ હમણાં પોતાની જે પાયરી ચાલુ છે તે પાયરીના આચાર વિચારનેજ પોતાનો નવો ધર્મ માને છે અને મીશનરી પીરોનો હેતુ જે માર્ગપર લઇ જવાનો હતો તે આજ છે એમ માને છે અને શુધ્ધ મુસલમાની તરફ મીશનરી પીરોનું નીશાન નહિ હતું તેમ કબુલ કરે છે. અને તેમ માની જે ખોજાઓ શુધ્ધ મુસલમાન આકારમાં આંવી ગયા છે તેને મીશનરી પીરોએ લઇ જવા ધારેલા માર્ગથી ખસી ગએલા માને છે.

જોકે ખાનાઇ તડાના લોકો શુધ્ધ મુસલમાન થએલાઓને ભુલ પર સમજે છે; પરંતુ તેમને તેમની ચાલુ પાયરીમાં એવી ખુબીથી મીશનરી પીરોએ વેગમાં મુકયા છે કે, તેઓ શુધ્ધ મુસલમાન થવાનોજ માર્ગ કાપી રહ્યા છે; જો કે તેઓ તે માર્ગે જવાને પસંદ કરતા નથી; પરંતુ બીજાઓની જેમ તેઓ પણ બહુજ જલદીથી શુધ્ધ મુસલમાનની પાયરીએ પહોંચી જશે અને તેમ થતાં તેમનો તથા મહાત્મા મીશનરી પીરોનો હેતુ

પાર પડશે.આવી સ્થિતિને લઇ જે તે તડાંના લો-
કો પોતાના આચાર વિચારને મીશનરી પીરોના
દ્રષ્ટિ બીંદુઓ તથા પોતા માટેના મોક્ષના સાધ-
નો માને છે; પરંતુ તેથી એકજ બાબત માટે જુ
દા જુદા આચાર વિચારો હસ્તીમાં આવવા પામ્યા
છે. આવી બહુજ ઉડાણમાં છુપાએલી તથા શોધ
ખોળના ઘોડાને બહુજ તેજ હાંકતા મળે તેવી બા-
બતથી ખોજા કોમ આજદીન સુધી કેમ જલદીથી
જાણીતિ ન થવા પામી, તેનો વધુ ઠપકો તેને આ-
પી શકાય નહિ; કેમકે આજે કેળવણી તથા સુધા-
રાનો વખત હોવા છતાં, અને લોકો કેળવણી ત-
થા સુધારામાં કાંઇક આગળ વધ્યા છે તેમાંનો મો
ટો ભાગપણ હજુ ખરી બાબતને સમજવા પામ્યો
નથી. કોઇ કહે છે કે મીશનરી પીરોનો હેતુ ફુંકી
ફુંકીને પગલાં ભરી છેવટે શિષ્યોને મુસલમાન બ-
નાવવાનો હતો જ્યારે કેટલાકો કહે છે કે, શિષ્યોને
હિન્દુમાંથી ખસેડી મુસલમાનોમાં નહિ મેળવી, એ
ક નવોજ પંથ પોતાના ઉદર નિર્વાહ માટે ઉભો ક-
રવાનો હતો. આવી માન્યતાઓથી દરેક પ્રકારના
આચાર વિચાર માટે પણ મતભેદ પડયો અને

રેક પોત પોતાની રીતભાતને વ્યાજબી પર ગણુવા લાગ્યા. આવી સ્થિતિ વચ્ચે પરકોમજ નહિ, પણ ખુદ ખોજા કોમજ પોતાની ઉતપત્તી તથા સ્થિતિ વિષે બિન માહીતગાર રહે તેમાં કાંઇ નવાઇ નથી.

ખોજા કોમની ઉતપતી તથા સ્થિતિ વિષે કોમને માહિતગાર કરવા જો કે અમોએ અનેક ડઝન, પુસ્તકો ટુંક મુદતમાં છપાવી બહાર પાડયાં છે. તથાપિ એક એવા પુસ્તકની અમો બહુજ અગત્ય જોતા હતા કે, જેમાં ખોજા કોમના સઘળા આચાર વિચાર તથા રીત રીવાજોનો સમાવેશ કરવામાં આવે અને તે સાથે આવા એક પુસ્તકની કેટલાક બીરાદરો તરફથી ઇચ્છા તથા માગણી પણ જાહેર થવા પામી; તેથી અમોએ તે કામને હાથ ધર્યું અને એક વર્ષની ટુંક મુદત્તમાં તેને લખી તથા છપાવી પ્રગટ કીધું.

જો કે મજકુર પુસ્તકનો આ પહેલો ભાગ છે. અને તેનો બીજો ભાગ પણ તેના જેવડોજ થશે અને તે બંને ભાગો જુદા જુદા નહિ કરતાં, એકજ પુસ્તકમાં બહાર પાડવાને અમોએ પ્રયાસ કી

મો, પરંતુ કાગળોની સખ્ત મોંઘવારી તથા નાણું ભીડને લઇ, બંને ભાગોને એક સાથે બહાર પાડવાનું લાચારીથી માંડી વાળી, તેના જુદા જુદા બે ભાગો બહાર પાડવાનું નકકી કીધું અને તે નકકી કીધા પ્રમાણેનો તેનો આ પહેલો ભાગ આપ સુજ્ઞ કોમી બીરાદરોના મુબારક હાથમાં ભેટ ધર્યો છે.

આ પહેલા ભાગ કરતાં બીજા ભાગમાં જો કે વધુ અગત્યની બાબતોનો સમાવેસ કરવામાં આવ્યો છે; પરંતુ આ પહેલા ભાગના લખાણને તૈયાર કરવામાં અમોને ઓછી જેહમત થઇ નથી અને તે સાથે અમારો એવો દાવો પણ છે કે, તેમાં અનેક ખામીઓ તથા ભુલો પણ હશે કેમકે અમો માનીએ છીએ કે, મનુષ્ય જાત ભુલને પાત્ર છે. અને કોઇપણ એવા મનુષ્યે કે, જેને ખુદાતાલાએ માસુમ ન બનાવ્યો હોય, તેણે પોતામાં ભુલ થાયજ નહિ એવો ઇકરાર કરવો તેને અમો ગુનાહે કબીરા માનીએ છીએ. લખાણોમાં જાણી બુજીને તો કોઇ ભુલ કરે નહિ અને જે લખે તે ખરૂં સમજીને લખે; પરંતુ સમજવાંમાંજ જો ભુલ હોય

તો, તેટલી ભુલ જરૂર તેમાં દાખલ થઇ જાય. આ બાબત માટે લેખકને દોષ આપી શકાય નહિ; પરંતુ આવા દોષો તે બાબતની વધુ વાટાઘાટ થતા નીકળતા રહે અને પરિણામે વધુને વધુ ખરા વિચારો તરફ કદમો લંબાયા કરે; તો એ રીતે અમારા લખાણમાં જો કોઇપણ ભુલ કે ખામી જોવામાં આવે તો, અમોએ તે ઇરાદા પુર્વક ભુલજ કીધી છે એમ માની લઇ નારાજ ન થવું; પણ જો તેવી બાબત જણાયતો, તેનો અમારી તથા પબ્લીકની જાણ માટે ખુલાસો બહાર પાડવો કે, જેથી જે તે બાબતની વધુ તપાસ થવા પામે

મૌલાના હાલી કહે છેઃ—

રૂબાઇ

પુછા જો કલ અંજમે તરક્કીયે બશર,
ચારૂંસે કહા પીરે મુગાંને હંસકર,
બાકી ન રહેગા કોઇ ઇન્સાનમેં એબ,
હો જાએંગે છલા છલાકે સબ એબ હુનર,

આંકણીયું.

પ્રકરણ ૧ લું.

ખોજાઓના વિભાગો.

પ્રકરણ ૨ જું.

ખોજાઓની બંદગીઓ.

પ્રકરણ ૩ જું.

ખોજાઓનાં મઝહબી પુસ્તકો.

પ્રકરણ ૪ થું.

ખોજાઓના મઝહબી મકાનો,

પ્રકરણ ૫ મું.

ખોજાઓના લકબો.

ખોજા સર્વ સંગ્રહ.

પ્રકરણ ૧ લું.

ખોજાઓના વિભાગો.

સુન્ની ખોજાઓ.

ઈ. સ. ૧૮૨૯ માં મુંબઈમાં બારભાયા નામથી મશહુર થયેલા ખોજા શેઠ હબીબ ઇબરામ તથા તેમના સાથીઓએ જમાતના મુખી કામડીઆને દસોંદ આપવાને ના કહી. આ બારભાયા કુટુમ્બોની કુલ્લે સંખ્યા ૫૦૦ ઉપરાંતની હતી. આ બારભાયા ખોજાઓ માત્ર દસોંદ આપવાને ઇનકાર કરતા એટલુંજ નહિં; પણ તેઓના વિચારો સુન્ની તરીકેના મુસલમાન જેવા થઇ ગયા હતા. અને તેઓ સઘળી ખોજા કોમનો મુળ ધર્મ સુન્ની છે તેમ કહી સઘળી ખોજા કોમને સુન્ની બનાવી દેવા

માગતા હતા. અને તેમ કરી આગાખાનનો ખોજા કોમ સાથેનો સઘળો સબંધ નાબુદ કરવા ઈચ્છતા હતા. તેઓ જોતા હતા કે, ખોજા કોમ આગાખાનની નાણાંની મોટી મોટી માગણીઓ તથા તે વસુલ કરવા માટે કોમને ભોળી બનાવવાની હીલચાલોથી હલકી પંક્તીમાં મુકાતી જાય છે અને તેથી કોમમાં કેળવણીનો ફેલાવો કરી અજ્ઞાનતા દુર કરાવવા માગતા હતા. અને તેમ કરીને કોમને આગાખાનના જુલ્મી પંજાથી છોડાવવા માગતા હતા. તેઓ મોટા શ્રીમંત તથા કેળવણીના હીમાયતી હતા. શેઠ હબીબભાઈના પુત્ર ખાનભાઈ હબીબભાઈએ દોઢ લાખ રૂપીઆની સખાવત કરી નાતજાતનો તફાવત રાખ્યા વગર, એક શાળા સ્થાપી છે, જે ખોજા મોહલ્લામાં આવેલી છે જેમાં આજે પણ ૫૦૦ જેટલા બાળકો કેળવણી લે છે.

બારભાયા તથા સુળ આગાખાન પક્ષ તરફની જમાત વચ્ચે ઘણી રસાકસી ભરી હરીફાઈ ચાલુ થઈ. બંને એક બીજાના માર્ગમાં વિઘ્નો નાખવા લાગ્યા. બારભાયા કેળવણીનો કોમમાં પ્રચાર કરવા

માગતા હતા તેમાં ઘણી અટકાયતો નાખવામાં આવી, જે બાબતની સાબેતી સર જોસફ આર્નોલ્ડ નો ફેસલો પુરી પાડે છે.

જમાત વચ્ચેનો આ ઝઘડો દુર કરવાને ઇરાનમાંથી આગાખાને અબુલ કાસમ નામના એલચીને મુંબઇ મોકલાવ્યો. વળી મેરી બીબી નામની એક બાનુંને પણ મોકલાવી. અબુલ હસન તથા મેરીબીબીએ જમાત ખાનામાં જમાવ થએલા ખોજાઓ આગળ આગાખાનના, દાવા બાબત બળવતરીથી ભાષણ કીધું. અને દસોંદ નહિ આપનારા ખોજાઓ ઉપર દસોંદ માટે સુપ્રીમ કોર્ટમાં દીવાની કેસ માંડયો અને હુકમનામાની માગણી કીધી. આ કેસ તો માંડવામાં આવ્યો; પરંતુ પાછળથી તેમને જણાયું કે; બ્રીટીશ કોર્ટ આવી જાતનું હુકમનામું કરી આપશે નહિ; તેથી તે દાવો પાછો ખેંચી લીધો.

હબીબ ઇબરામ તથા તેના સાથીઓને જમાતે ઇ. સ. ૧૮૩૦ માં નાત બાર કીધા; પરંતુ નાત બાર થવાથી મોટી મુશકેલીમાં તેઓ સપડાયા; તેથી

લાચારીથી તેઓ ઇ. સ. ૧૮૩૫ માં નાતમાં આવ્યા; પરંતુ અકાયદો, કોમી લાગણી તથા કોમને આગાખાનના પંજાથી છોડાવવી, તે બાબતના તેમના જે વિચારો થયા હતા અને તેઓ કેળવણીના હિમાયતી હતા, તેથી તેઓ છેવટે કોમના ગેરવાજબી દબાણથી કંટાળી સામે થયા.

ઇ. સ. ૧૮૫૦ માં માહીમના જમાતખાનામાં એક અફસોસ ઉપજાવનાર બનાવ બન્યો. બારભાયા પક્ષના ચાર માણસોને આગાખાની જમાતવાળા તરફના કેટલાકોએ મારી નાંખ્યા. આ ગુનાહ માટે ૧૯ જણાઓને પકડી ઇ. સ. ૧૮૫૦ માં સુપ્રીમ કોર્ટમાં તપાસ થઇ અને ચાર જણાઓને ફાંસીની સજા થઈ. મી. નાનજી જીવાએ અમોને એમ જણાવ્યું કે માહીમ ખાતે કુલ માર્યા જનારની સંખ્યા ૨૦ ની હતી અને ખુનીઓ મરનારની પેશાબ કરવાની ઇંદ્રીઓને કાપી તેમના એટલે મરનારના મુખમાં ઘુસેડી ચાલી ગયા હતા.

બારભાયા પક્ષના મુખ્ય મુખ્ય માણસોને જાનથી મારી નાખવામાં આવશે એવા તેમનાપર ન-

નામા પત્રો આવવા લાગ્યા અને તેથી તેમને બહુ બીતિ લાગી. આ નનામા પત્રો લખનારને પકડી પાડવા માટે તેમણે મોટી મોટી રકમોના ઇનામો બહાર પાડયા અને પોલીસે તેમની ઘણી મદદ કીધી. તે વખતના ટાઇમ્સ તથા સ્ટેન્ડર્ડ પત્રોએ, બારભાયા પક્ષની હિમાયતમાં સંખ્યાબંધ આર્ટિકલો લખ્યા અને તે આર્ટિકલોમાં આગાખાન તથા તેમના એજંટોના ગેરવાજબી વર્તન વિશે લખાણું હતું. તેમાં એમ જણાવવામાં આવ્યું હતું કે, આગાખાનને બ્રીટીશ સરકારે હીન્દમાંથી હાંકી કાઢવા જોઇએ.

ઇ. સ. ૧૮૬૧ ની સાલમાં આગાખાન તથા તેમના એજંટોએ જોયું કે, બારભાયા વર્ગના લોકો ખોજાઓને સુન્ની મુસલમાન બનાવી દેવા માગે છે, અને તે માટે શહેરના સંભવિત સુન્ની આગેવાન મુસલમાનોની સહાયતા માગે છે, તેથી રખેને તેઓ ફાવી જાય, માટે તેમની ધાસ્તીથી નીકળી જવા માટે, આગાખાને એક લખત છપાવીને બહાર પાડયું. તેમાં લખ્યું હતું કે, ખોજા

શીયા ઇમામો હોવાથી તેઓના લગ્ન મરણ તથા ગુસલની ક્રીયાઓ શીયા મજહબ પ્રમાણે થવી જોઇએ. વળી આગાખાને તેમાં લખ્યું હતું કે, મેં વર્તમાનપત્રોમાં વાંચ્યું છે કે; ખોજાઓ કહે છે કે અમે સુન્ની છીએ; તેથી હું જાણવા માગુછું કે, કોણ સુન્ની અને કોણ શીયા છે? જેઓ શીયા હોય તેમણે આ ખરડાપર સહી કરવી.

આ ખરડામાં કેટલોક વધારો કરી તેની નકલો હીન્દ તથા આફ્રીકાની ખોજા જમાતો પર સહીઓ માટે મોકલવામાં આવી. કાઠીઆવાડના મહુવા ગામના ૨૦ કુટુંબો શિવાય લગભગ સઘળા ખોજાઓએ તે પર સહી કીધી. હબીબ ઇભરામનો પક્ષ સુન્ની તરીકા પર ચાલતો હતો. અને તેમનો ઇરાદો સઘળી ખોજા કોમને સુન્ની તરીકા પર લઇ આવવાનો હતો; તેથી આગાખાન તથા જમાતના આગેવાનોને તે વાત બહુજ ખટકતી હતી. બારભાયા પક્ષે ખરડામાં સહીઓ નહિ કીધી, તેથી જમાતને તેમનાપર આરોપ મુકવાનું કારણ હાથ લાગ્યું. બારભાયા પક્ષે દસોંદ આપવાને ઇનકાર

કીધો. હવે બારભાયા પક્ષ જમાતની મોટી ઇતરા-
જીમાં આવી પડયો અને તેમણે આગાખાનનો
ખોજા સાથેનો સઘળો સંબંધ નાબુદ કરી દેવા
માટે કોર્ટમાં દાવો માંડયો. આ દાવામાં તેમણે
એવી માગણી કીધી કે, મુંબઇની ખોજા ગ્નાતી
તરફથી મુખી અને કામડીઆ તરીકે અલારખીઆ
સુમાર અને બાકી પદમશીના સ્વાધીન અથવા
ટ્રસ્ટમાં ખોજા ગ્નાતીની જે કાંઇ મીલકત છે તે સ-
ઘળાનો હીસાબ લેવો અને એ મુખી કામડીઆ
બંનેના અધિકાર તા. ૮ નવેમ્બર સને ૧૮૬૧ ના
દીનથી રદ્દ થયેલા ગણવા. અને તેઓના હસ્તકમાં
એ જમાતની જે કાંઇ મીલકત હોય તે, કોર્ટ ઠે-
રાવે તેવા શખ્શોના આધીનમાં આપવી. ખોજા
જમાતની મીલકત અસલ જે ધર્મ ધ્યાન અને
ઉપયોગ માટે ટ્રસ્તમાં અથવાતો જે રીતે આપી-
હોય, તે રીતે અને તેજ કારણસર રાખવી અને
વાપરવી. પણ કોઇબી બીજા કારણસર રાખવી
અથવા વાપરવી નહિ એવી રીતનો હુકમ કરવો.
અને તે માત્ર ખોજા ગ્નાત સિવાય બીજા કોઇના

ફાયદા માટે વાપરવી નહિ અને કોઈબી પારકા સખ્સ અથવા જે એ જ્ઞાતીમાંથી નીકળીગયો હોય અને ખસુસ કરીને જે શખ્સ શીયા ધર્મ પાળતો હોય અથવા તેની તાલીમ શીખેલો હોય, તેને તેનાપર કાંઇ હક નથી અથવા તેને કાંઇપણ ભાગ અથવા ઈલાકો પહોંચતો નથી અથવા તેના કારો-બારમાં કોઈપણ વિચાર આપવાનો હક નથી; એવી રીતે કોર્ટે હુકમ આપવો. ને અગત્ય પડે તો આ હુકમ અમલમાં લાવવા માટે, અને સદરહુ જ્ઞાતી-ના મુખ્ય તથા કામડીઆને વખતો વખત ચુંટી કહાડવા માટે, સદરહુ જ્ઞાતીની મીલકતની જાળવ-ણી અને કારોબાર ચાલે તેટલા વાસ્તે એક બંદોબસ્ત કરી આપવો. પહેલા પ્રતિવાદી મહંમદ હસન હુ-સેની લકબે આગાખાનને ટ્રસ્ટમાંના ખોજા જમાત-ની મીલકતની અને કારોબારની વચ્ચે પડવું નહિં અને મુખી તથા કામડીઆ ચુંટી કહાડવામાં અને તેમને ઠેરવવાના કામની વચ્ચે પડતા અટકાવવો; અથવા કોઇ પણ ખોજાને મજકુર જ્ઞાતીમાંથી બ-હાર કહાડવો અથવા એ જ્ઞાતીના એક અધિકારી

તરીકે તેનો હક છીનવી લેવો અથવા જમાતમાં લગ્નની ક્રીયા કરતાં કોઈપણ ખોજા પાસેથી ધર્મના અને જ્ઞાતીના વડા તરીકે તેનો દસોંદ તથા ભેટ સોગાદનો હક લેતા અટકાવવો.

તા. ૧૬ અગષ્ટ સને ૧૮૬૨ ના રોજ જમાત ખાનામાં સભા ભરાઈ. આ સભામાં હબીબ ઇબ્રારામ તથા તેના સાથીઓને બોલાવવામાં આવ્યા; પણ તેઓ આવ્યા નહિ. સભામાં એવો ઠરાવ પસાર થયો કે, હબીબ ઇબરામ તથા તેના સાથીઓને એક નોટીસ આપવી. આ નોટીસમાં એમ જણાવવામાં આવ્યું કે, જમાતે પોતાના ટોળાંના ફાયદા માટે અને ચાલવાનો માર્ગ બતાવવાને, જે કાયદા બાંધ્યા છે તે કબુલ રાખવા અને જે કાંઈ દસોંદની રકમ તેઓપર ચડી છે તે આજ તારીખ સુધીની આપેતો, જમાત તેમને મોટી ખુસીથી ભાઇબંધ તરીકે કબુલ રાખશે અને જો તેમ નહિ કરશે તો, આ નોટીસની તારીખથી ૨૧ દહાડામાં નાત બહાર મુકવામાં આવશે.

૨૧ દહાડા વિતાઇ ગયા. જમાતખાનામાં જમાતની સભા ભરાઇ. હબીબ ઇભરામ તરફના કોઇએ હાજરી આપી નહિ. આ સભાએ હબીબ ઇભરામ તથા તેના સાથીઓને નાતબહાર મુકયા. ૧૮૬૪ ના ફેબ્રુઆરી માસમાં એક બીજો ઉપાય લેવામાં આવ્યો. ખોજાઓના કબ્રસ્તાનની જુની મસજીદ મધે કામ કરનારા સુન્ની મુલ્લાંને કહાડી મુકયો અને સીયા મુલ્લાં રાખી શીયા રીત પ્રમાણે તે મસજીદમાં નમાજ પડાવવી શરૂ કીધી. આ કબ્રસ્તાનવાળી જુની મસજીદ ઇ. સ. ૧૮૨૨ માં બનાવવામાં આવી હતી. અને જે ખોજાઓ સુન્ની અકીદો રાખતા હતા, તેઓ તેને વાપરતા હતા. આ સુન્ની ખોજાઓ બે પહેડી થયા સુન્ની તરીકા મુજબ ચાલતા અને તેટલી લાંબી મુદત સુધીમાં તેમને કાંઇ હરકત કરવામાં આવી ન હતી.

આરભાયા કેસ ખોજા ડાયા મહમંદ, મહંમદ સાંચા, પીરમામદ કાસમ, અને ફાજલભાઇ ગુલામહુસેનની ફરમાસથી માંડવામાં આવ્યો હતો. બંને પક્ષો તરફથી મોટા મોટા વકીલ બારીસ્ટરો લા-

ખોના ખર્ચથી રાખવામાં આવ્યા હતા. હાઇકોર્ટના જજ સર જોસફ આરનોલ્ડ પાસે આ કેસ ચાલ્યો. ફેસલો બારભાયા પક્ષની વીરૂદ્ધમાં થયો. ત્યારથી બારભાયા પક્ષના લોકોએ પોતાની જુદી સુન્ની ખોજા જમાત બાંધી; નવી મશજીદ બંધાવી. કબ્રસ્તાન પણ એલાહેદા રાખ્યું. આ જમાતે હવે પોતાનો પક્ષ વધારવાનું છોડી દીધું છે. બધા સાથે હળીમળી ચાલે છે. ઇશના અશરી જમાતના ખોજાઓ સાથે પણ કન્યાની આપ લે કરેછે. આ જમાત વાળાનું એમ માનવું થયું છે કે ખોજાઓને વટલાવનાર પીર સદરૂદ્દીન સુન્ની હતા અને ખોજાઓને તેઓએ સુન્ની મુસલમાન બનાવ્યા હતા. આ ટોળાંએ શરૂઆતમાં પોતાનો પક્ષ મુંબઇ સિવાય બીજે સ્થળે પણ વધારવા પેરવી કીધી હતી; પરંતુ અનુકુળ સંજોગની ગેરહાજરી તથા મોટી જમાતના તેમ નહિ થવા દેવાના બળવાન પ્રયાસને, લઇ તેઓ ફાવી શકયા નહોતા.

તેમની સંખ્યા પ્રથમ ૬૦૦ કુંટુમ્બોની હતી. પણ તે સમય આજથી ૫૦—૬૦ વર્ષ પહેલાંનો હતો

અને કોમમાં અજ્ઞાનતા બહુ હતી; તેથી આ સુધરેલા વિચારના સુન્નીઓને પોતાના નાના ટોળાંમાં કન્યાની આપ લે કરવાને બહુ અડચણ નડવા લાગી. મેમણ વિગેરે સુન્ની મુસલમાનો સાથે તેમણે કન્યાની આપલે કરવાને તજવીજો ચલાવી; પરંતુ તે કોમો પણ અજ્ઞાન તથા ઝનુની હતી; તેથી તેમણે તેમને પોતાની કન્યાઓ આપવાનું કબુલ્યું નહિ. માત્ર કન્યાઓ લેવાને ખુશી બતાવી. આવા કારણને લઇ કેટલાક વરસે તકરાર શાન્ત થતાં; તેમાંના કેટલાંક કુટુમ્બો આગાખાની જમાતમાં અને પાછળથી જ્યારે અસ્નાશરીની મોટી જમાત બંધાઈ ત્યારે ઘણાઓ અસ્નાઅશરી જમાતમાં શામેલ થઇ ગયા. હવે માત્ર તેમના કુટુમ્બોની સંખ્યા ૧૦૦ ની અંદરની છે. તેમને ઇસ્નાઅશરીઓ કે આગાખાનીઓ સાથે કાંઈ ધાર્મિક હરીફાઇ નથી. તેઓ પોતાની કન્યાઓ અસ્નાશરીઓમાં આપ લે પણ કરે છે. અને તેવી કન્યાઓ આપ લે કરવાની બંને જમાતોએ પોતાના ધારા ધોરણમાં છુટછાટ રાખી છે. તેમની મસજીદ ખોજાં મોહલા વચ્ચેના નાકામાં

આવેલી છે ત્યાં પેશ ઇમામ તરીકે એક મોલવી રહે છે. તેમના બાળકો માટે મદ્રેસો પણ છે. બીજા મદ્રેસાઓની જેમ તેનું કામ પણ ઠંડું છે. તેઓ મોહોરમમાં મજલીસો કરે છે અને વાએઝમાં પણ તફ્ઝીલ્યાને લગતા વિચાર જોવામાં આવે છે. કેમકે તેમનો ઇસ્નાઅશરીઓ સાથેનો ચોલી દામનનો સાથ છે અને તેથી અસ્નાઅશરીઓના અકાયદોનો તેમનાપર સારો અસર થતો રહે છે.

દસોંદી ખોજાઓ.

આ નામપણ આગાખાનની તરફેણમાં રહેલા ખોજાઓને માટે બોલાય છે તેનું કારણ એવું છે કે, આ લોકો દસોંદ નામનો માસિક કર આગાખાનને આપે છે. આ કરના નામ ઉપરથી તેમને દસોંદી ખોજાઓ કહેવામાં આવે છે. એટલે કે દસોંદ આપનારા આ નામ પણ મસજીદીઆ વર્ગની સ્થાપના પછીજ ઉતપન્ન થવા પામ્યું છે.

ભગત ખોજાઓ.

આગાખાન પક્ષમાં રહેલા ખોજાઓમાં ગીનાન

(જ્ઞાન-ભજનો) તથા કથાઓ જે પીરોએ રચી-આપેલ છે, તે વાંચવાનો ચાલ છે. તેમાં ગીનાન હીન્દુ સાધુસંતો, જે ભજન બોલે છે તે પ્રમાણે રાગરાગણીમાં છે. આ ગીનાનો તથા કથાઓ જે ખોજાઓ હોંશથી વાંચે અને ખાનામાં આવનારાઓને તે સંભળાવે, તેને લોકો ભગત નામથી બોલાવવા લાગ્યા. આ ઉપરથી તેવા ખોજાઓ ભગત નામથી ઓળખાવા લાગ્યા.

ઈસ્નાઅશરી તથા સુન્ની મસજીદોમાં ખુદાની બંદગી સિવાય બીજી કોઇ ક્રીયા થઇ શકે નહિ અને તેઓ પોતાના કોઈપણ ધાર્મિક મકાન કે મંડળમાં ઉપર જણાવેલા ગીનાનો તથા કથાઓ વાંચતા નથી. આ ઉપરથી આગાખાની ખોજાઓ ગીનાન તથા કથાઓ વાંચે છે તેથી તેઓએ તે જમાતને પણ ભગત કહી બોલાવવા માંડી. આજે ભગત ખોજાઓથી આગાખાની ખોજાઓ મુરાદ લેવાય છે. વળી તેવા ભગત ખોજાઓ પોતાને ભગત કહી બોલાવવામાં આવે છે તેથી ખુશી થાય

છે. અને ઘણાઓ પોતાના નામ સાથે ભગત શબ્દ જોડવા લાગ્યા છે.

પેટાંદી ખોજાઓ.

આગાખાની જમાતના દરેક મુરીદો ઉપર દસોંદ આપવાનો હક હોય છે; પણ શરૂઆતમાં તે કર આકરો પડે માટે, પેટાંદ નામનો કર નાખવામાં આવ્યો હતો. પેટાંદ એટલે પેટખાઈ ઉપર લેવાનો કર એટલે માસિક જે ઉપજ થાય, તે ઉપર આપવાનો કર, જે દર માસે દર પરણેલા માણસ ઉપર ચાર આનાનો હોય છે. જે લોકો દસોંદ ન આપી શકે, તે પેટાંદ આપે છે અને તેવા પેટાંદ આપનારા પેટાંદી ખોજાઓ કહેવાય છે. જો કે હમણા તો મુંડી વેરો દાખલ કરવામાં આવ્યો છે. એટલે દર પરણેલો માણસ દર માસે આઠ આના લેખે તથા જેનું સગપણજ થયું હોય તે દર માસે ચાર આના લેખે કર આપે. આવો કર લેવાનું ધોરણ ધીમે ધીમે ફરજીઆત કરી દઈ, લગભગ સઘળા મુરીદોને તે કર આપવો પડે છે. જો કે

હજુ કેટલાક ગામોના લોકોએ તેનો સ્વીકાર કરલો નથી; પરંતુ સઘળા લોકો તેને તાબે થાય તેવા દરેક પ્રસંગે તે માટે પ્રયાસ કરવામાં આવે છે અને જ્યાં લોકો એકસંપ થઈ તે સામે વાંધો લે છે, ત્યાં ધીમે ધીમે યુક્તિથી તેમનું તેવું એકસંપોપણું તોડવામાં આવે છે. આવી યુક્તિથી ઘણા લોકો જે તે કર સામે પ્રોટેસ્ટ કરતા હતા, તે તેને તાબે થતા જાય છે.

ખોજા ઉતપતીમાં પેટાંદની ઉતપતી નીચે પ્રમાણે થયાનું જણાવવામાં આવ્યું છે.

જકાત બાર મહીને સેંકડે અઢી ટકા દેવા મૌલાએ ફરમાવ્યું છે, તેથી ખોજાઓ પણ બાર મહીનામાં માથા (સ્ત્રી પુરૂષ અને તેના છોકરા જેટલા કુંવારા હોય તે) એકે કોરી દેવી ઠરાવી. તો તે વખતમાં માથુ ૧ વર્ષ ૧ માં આશરે કોરી ૩૬૦ કમાય તો, તેમાંથી ઉઘડું ૯ કોરી ઠરાવી તે જકાતનું કામ પેટાંદ રાખ્યું. એ પેટાંદી ખોજા હાલાર તથા કચ્છમાં પેદા થઇ અને ત્યાંથી બીજા

દેશાવરમાં વિખેરાઇ ગયા છે અને ત્યાં પણ તે પેટાંદીજ કહેવાય છે. તે તેમજ તે પેટાંદ દેતા જાય છે. હવે સદરૂદીન પીરના જ્ઞાનમાં પેટાંદ વિષે કાંઇ લખ્યું જણાતું નથી; પણ દસોંદ તથા સરબંધ અને બખસની તાકીદ જોવામાં આવે છે. (પૃષ્ટ ૪૦)

દરખાના વાળાના વંશજોની જ્યાં સુધી ખોજાઓ પર પુરેપુરી સતા જામી ન હતી ત્યાં સુધી ખોજાઓ દસોંદ કે પેટાંદ જે ગણો તે પીર દાદુના વંશજો, જે બાવાઓ કહેવાતા તેને આપતા હતા; પણ જ્યારથી દરખાનાવાળાના વંશજો હિંદુસ્તાનમાં આવ્યા; ત્યારથી તેમણે બાવાઓ પાસેથી તેવી સતા છીનવી લેવા માંડી અને તેમ થતાં કચ્છમાં મોટી તકરાર થઇ અને તેનો કેસ કોર્ટે ચડયો. કહે છે કે દરખાનાવાળાના વંશજોએ પોતાની ઉપજનો અમુક ભાગ બાવાઓને આપવાનો ઠરાવ કીધો અને જે હજુ સુધી તેમને મળે છે કે નહિ તેની કાંઇ ખબર અમોને પાકે પાયે મળી નથી. તોપણ, બાવાઓ કાંઇપણ ચુંકેયાં

કરતા નથી; તેથી એવું ગુમાન જાય છે કે, તેમને તેમનો હક મળે છે. જો કે હવે માત્ર અમુક રકમજ મળે અને બધી સતા તથા સ્વતંત્રતા તેમના હાથથી નીકળી ગઇ; તેથી તેઓ કાંઇપણ ખુશી નથી.

પ્રથમ બાવાઓ દસોંદ તથા પેટાંદની રકમ એ રીતે ઉઘરાવતા કે, જમાતખાનામાં એક કેરે ખોદતા અને તેમાં જેમને દસોંદ કે પેટાંદ નાખવી હોય તે જઇ નાખી આવે. પછીથી એક ઝોળી ફેરવવામાં આવતી અને તેમાં જેમને દસોંદ કે પેટાંદ નાખવી હોય તે જઇ નાંખી આવતા. ત્યાર પછી જ્યારથી દરખાનાના વંશજોના હાથમાં કુલકુલાં સતા આવી, ત્યારથી ખાનામાં એક લાકડાંનો મોટો પટારો રાખવામાં આવતો હતો. આ પટારામાં જે ઉપજ થતી તે જમાતનો મુખી કામડીઆ નાખતા હતા. તે પટારા ઉપર એક રૂપીઓ જઇ શકે તેટલું કાણું રાખવામાં આવતું તેમાં પણ ગુપતદાન કરનારાઓ ગુપ્તપણે જઇ નાંખી આવતા હતા અને તે પટારાની કુંચી મુખી

કામડીઆ પાસે રહેતી હતી. હવે જ્યારથી લોખં-ડની ત્રીજોરી થઇ ત્યારથી દરેક ખાનામાં તેવી એક ત્રીજોરી રાખવામાં આવે છે અને તેમાં ઉપજના નાણું રાખવામાં આવે છે તેમાં પણ હિસાબ કરી નાણું નાખવામાં આવે છે અને તેની કુંચી ફરતા વસુલાતી કામડીઆ પાસે, કે હમણું જે ઇસમાઇલીઆ કાઉન્સીલો સ્થાપી છે તેની પાસે રહે છે અને તેઓજ તે રકમ કાઢી જુનાગઢના વારસ ગુલામહુસેન ઇબ્રાહિમ ઉપર મોકલાવે છે અને ત્યાંથી તે મુંબઇ આગા સાહેબની હજુરમાં જાય છે. મુંબઈમાં આગા સાહેબની હીસાબી ખાતાની ઓફીસ છે.

મસજીદી[illegible] ખોજાઓ

ખોજાઓમાં બંદગી માટે અસલથી ખાનું કે, જે ખાને ખુદા નામનું અપભ્રંશ છે તે ચાલ્યું આવે છે; પરંતુ ઇસનાશરી તરીકે ખુલ્લી રીતે જેઓ જુદી જમાતો બાંધી રહ્યા તેમણે ખાનાને બદલે મસજીદો બંધાવી. આ ઉપરથી તેઓ મસજી-

દવાળા કહેવાયા અને તેનો અપભ્રંશ થઇ મસજીદીઆ નામથી ઓળખવા લાગ્યા. ખાસ કરીને કાઠીયાવાડ ખાતેના ઇસનાઅશરીઓ માટે મસજીદીઆ બોલ વધુ વાપરવામાં આવે છે.

ખાનાઈ ખોજાઓ.

જે ખોજાઓ પોતાની બંદગી કરવાના સ્થળને ખાનું કહે છે, તે સામાન્ય રીતે "ખાનાઈ ખોજાઓ" તરીકે ઓળખાવા લાગ્યા. આ ખોજાઓમાંથી ધર્મની બાબતમાં સુધરેલા વિચારના ખોજાઓ છુટા પડી ઇસનાઅશરી જમાત બાંધી રહ્યા તેથી હવે તેમનામાં ધર્મ સુધારાનો પ્રોટેસ્ટ બહુજ નબળો પડી ગયો છે. અને આગેવાનોને ભાવતું થયું છે. તેથી ફાવે તેવી માન્યતા મનાવવા પ્રયાસો કરે છે; તોપણ ધર્મ સુધારાને લગતુ પ્રોટેસ્ટ ધીમે ધીમે ઉતપન્ન થતુંજ જાય છે; પરંતુ આવા પ્રોટેસ્ટને તેઓ જેમ બને તેમ મોટા ખરચે દાબી દેવા મથે છે; તેથી પ્રોટેસ્ટ કરનાર યાતો તેમને તાબે થઇ જાય; અથવા તો ઇસનાઅશારી જમાતમાં જઇ મળી જાય છે.

આગાખાની ખોજાઓ.

ઈસનાઅશરી તથા સુન્ની ખોજાઓ મુળ જમાતથી છુટા પડયા. હવે બાકીના જે રહ્યા, તે આગાખાન તરફે કૉન્ઝરવેટિવ મતના છે. તેઓજ માત્ર આગાખાનને માને છે; તેથી સામાન્ય ઓળખાણ માટે લોકો તેમને “આગાખાની ખોજાઓ” એવા નામથી પણ બોલાવે [illegible] આવું નામ ઈસનાઅશરી [illegible] તરફે આ[illegible] જમાતો બાધા[illegible] ખોજાઓ છુટા પડી “[illegible] ઈ [illegible] પ્રથમતો સઘળી ખોજા કોમ તેમને આગા[illegible]મથી ઓળખાતી હતી.

ઈસનાઅશરી ખોજાઓ

જે ખોજાઓ મોટી જમાતથી જુદા પડી, પોતાની જમાતનું નામ ઈસનાઅશરી ખોજા જમાત નામ પાડી રહ્યા, તે ઈસનાઅશરી ખોજા નામથી ઓળખાય છે. પ્રથમ તેમની સંખ્યા બહુજ થોડી હતી; પરંતુ હમણાં આશરે ૩૦૦૦૦ ત્રીશ હજારની થવા પામી છે. હજુ પણ મોટી જમાતમાંથી ઘણાઓ નીકળી આ૦ જમાતમાં મળતા જાય છે

કાઠીયાવાડ, કચ્છ, સીંધ, મુંબઇ, હૈદરાબાદ, મધ્ય પ્રાંત, રંગુન, મુંબઇ, એડન, મસકત તથા આફ્રીકાના સંખ્યાબંધ ગામોમાં તેમની આબાદી થવા પામી છે.

ઇસનાઅશરી શબ્દનો અર્થ ૧૨ નો થાયછે. અને તેઓ ૧૨ ઇમામોને માને છે તેથી તેમનો ધર્મ ઇસનાઅશરી નામથી ઓળખાય છે. ખોજા સિવાયના ઇસન [illegible] સંખ્યા હીન્દુસ્તાનમાં અઢી કરોડની છે. [illegible] ખોજા [illegible] ઇસનાઅશરી છે. [illegible] ઇસનાઅશરી છે. જગતમાં [illegible] ઇસનાઅશરીઓની સંખ્યા છે.

તનાસરી ખોજાઓ.

અસ્ના એટલે બે અને અશરી એટલે દસ અને બને મળીને અસ્ના અશરી= અસ્નાઅશરી એટલે બાર. એટલે બાર ઇમામને માનનારા, તે અસ્નાઅશરી કહેવાયછે. આરબ લોકો બારની ગણત્રીને અસ્નાઅશરીનું અપભ્રશ કરી તનાશરી કહે છે અને તે ઉપરથી તે અપભ્રંશ નામથી અસ્નાશરીઓને

કેટલાકો ઓલખાવે છે આ ઉપરથી "તનાશરી" શબ્દથી ઇસ્નાશરીઓનીજ મુરાદ લેવાય છે. ખાસ કરીને અસ્નાશરીઓને તનાશરી નામથી / આફ્રીકા કોસ્ટા તરફના આગાખાનીઓ ત્યાંના પ્રચલિત રૂઢ પ્રમાણે વધુ યાદ કરે છે.

સુભાનીઆ ખોજાઓ.

જંગબાર તરફ આગાખાની પાર્ટી તરફથી, જે ખોજાઓ છુટા પડી "ઇસ્નાઅશરી જમાત" બાંધી રહ્યા; તેમને આગાખાની જમાતવાળા "સુભાનીઆ" નામથી ઓલખાવતા હતા. સુભાનીઆ કહેવાનું કારણ એ હતું કે તે ઇસ્નાઅશરી ખોજાઓની બંદગીમાં "સુબ્હાનલ્લાહ" નું મહાવાક્ય બહુ આવે છે અને તે ઇસ્નાશરીઓ જ્યારે ખુશી થાય છે ત્યારે "સુબ્હાનલ્લાહ" કહી ખુદાની તારીફ કરે છે. સુબ્હાનલ્લાહનો શબ્દ તેમનામાં બહુ પ્રચલિત થઇ જતાં, તેમની ઓળખ જેવો તે થઇ ગયો અને સુબ્હાનલ્લાહનું અપભ્રંશ થઇ સુભાનીઆ નામ તેમના માટે પડી ગયું. પરંતુ હવે તો તેઓ

સાધારણ રીતે ઇસ્નાઅશરી ખોજાઓ નામથી ઓળખાય છે.

મીટીંગ્યા ખોજાઓ.

ભાવનગર તથા તેની આસપાસના ભાગમાં જે ખોજાઓ મોટી જમાતથી છુટા પડી ઇસનાઅશરી જમાત બાંધી રહ્યા; તેઓએ પોતાના દરેક કામકાજની વ્યવસ્થા માટે મીટીંગની સ્થાપના કીધી અને તે મીટીંગમાં દરેક બાબતનો ફડચો કરતા. આ ઉપરથી મોટી જમાતવાળા તેમને મીટીંગ્યા ખોજાઓ કરી કહેવા લાગ્યા. પરંતુ હવે તો ઇસનાઅશરી તરીકેજ તેમને યાદ કરવામાં આવે છે.

સ્વામી નારાયણીયા ખોજાઓ.

ખોજાઓ મુસલમાન હોવા ઉપરાંત હીન્દુ પણ છે, જે પ્રથમ મુસલમાન હતા. આગાખાની જમાતમાં ધર્મ ઉપદેશનું કાર્ય સ્વાર્થી ધોરણે ચાલ્યા કરે છે તેને લઇ ગઢડા તથા તેની આસપાસના ભાગોમાં કેટલાક ખોજાઓ હીન્દુઓના સ્વામીનારાયણી સંપ્રદાયમાં ગયા છે, તેમના ૧૫-૨૦ કુટું-

એ ભાવનગર તાબાના ગઢડા ગામમાં વસે છે. તેને પ્રથમ આગાખાની જમાતે નાત બહાર કરેલા હતા. તે પછી તેઓ ત્યાંની અસ્નાઅશરી જમાતમાં જોડાયા હતા. ત્યાંથી પણ તેમને નાત બહાર કરેલા છે. હવે તેઓની ત્યાં જુદીજ જમાત છે. તેઓ આગાખાની તથા અસ્નાઅશરી ખોજાઓ સાથે ખાય પીએ છે. માત્ર તેઓ માંસ, લસણ, ડુંગળી એવી જણસો ખાતા નથી. મુસલમાની ધર્મ સાથે કાંઇ નીસબત રાખતા નથી. પણ કન્યાઓની આપલે હજુ મુસલમાન ખોજાઓ સાથે કરે છે. તેમની સંખ્યા થોડી તેથીજ તેમને તેમ કરવું પડે છે.

આ સ્વામીનારાયણી ખોજાઓ બીજા હીન્દુઓની જેમ પુજાપાટ કરેછે અને મંદીરે દર્શન કરતા જાયછે. અને હીન્દુઓની જેવી માન્યતા તથા ક્રીયા રાખે છે. અમોએ ઉમરાળાના ખોજા બેચર ...નજી તથા ભેરાઈના ખોજા રામજી ભાઇને સ્વામીનારાયણ મતના ચુસ્ત હીન્દુ જોયા છે.

જો ગઢડા ખાતે કોઇ ધર્માન્ધ નહિ તેવો અને હીન્દુ શાસ્ત્રથી પણ જાણીતો હોય તેવો માલવી

પ્રચારનું કામ ચાલુ કરે તો, તે સ્વામીનારાયણી ખોજાઓ ફરીથી મુસલમાનીમાં આવી જાય તેવા છે; કેમકે પ્રથમતો તેમને કન્યાની આપ લે માટે અડચણ છે અને હીન્દુઓ તેમને પોતામાં મેળવી લેવા તૈયાર નથી.

ખોજા જમાત.

ખોજા કોમની જ્યારથી ઉતપત્તી થઈ છે ત્યારથી, તેનો સમુહ "ખોજા જમાત" ના નામથી ઓળખાય છે. મુંબઈ ખાતે ઇ. સ. ૧૮૬૬ માં ખોજા જમાતમાંથી ૬૦૦ કુટુમ્બો છુટાં પડયાં; તો પણ મોટી જમાત તે ખોજા જમાત નામથી ઓળખાતી હતી. આજથી પચીસેક વર્ષ ઉપર મોટી જમાતમાંથી સંખ્યાબંદ્ધ કુટુમ્બો છુટાં પડી ગામો ગામ "ઇસનાઅશરી ખોજા જમાત" એવું નામ ધરાવી રહ્યા હતા. અને તેઓએ એમ જણાવ્યું કે, ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી છે. આ ઉપરથી મોટી જમાતવાળાએ થોડા વર્ષ થયા પોતાની જમાતનું નામ "ઇમામી ઇસમાઇલી જમાત" રાખ્યું છે., બાકી આજથી દસેક વર્ષ પ-

હેલાં સુધીમાં મોટી જમાત પોતાની જમાતનું નામ ખોજા જમાત લખતી આવી છે અને તે બાબતના તેમના દસ્તાવેજી કાગળો ઉપરથી સિદ્ધ થઇ છે. હવે તો ત્રણે તડાના ખોજા, ખોજા જમાત નામથી ઓળખાય છે અને તેમજ હોવું પણ જોઇએ.

મોટી જમાત.

આગાખાન તરફેણમાં, જે ખોજા જમાત રહી તેમની સંખ્યા વિશેષ; તેથી તેને મોટી જમાત એવા નામથી ઓળખવા લાગ્યા. આ નામ ખાસ મુંબઇની આગાખાની તરફેણવાળી ખોજા જમાતને માટે બોલવામાં આવે છે.

નાની જમાત.

જે ખોજાઓ મોટી જમાતથી છુટા પડી ઇસ્નાઅશરી જમાત બાંધી હતી; તેની સંખ્યા થોડી; તેથી તેને નની જમાત એવા નામથી ઓળખવા લાગ્યા. આ નામ ખાસ મુંબઈની ખોજા ઇ- જમાતને માટે બોલવામાં આવે છે.

પ્રકરણ ૨ જું.

ખોજાઓની બંદગીઓ.

સુન્નીઓની નીમાઝ.

પ્રથમ નીય્યત કરે કે અમુક વખતની નીમા-
પડું છું. પછી અલ્લાહો અકબર કહી બંને હા-
કાનની બુટીઓ સુધી ઉંચા કરે અને પછી ડું-
ઉપર બંને હાથ બાંધે. ત્યાર પછી પડે કે—

સુબ્હા ન કલ્લા હુમ્મા વ બે હમ્દે કા વ ત-
ારક ઈસમોકા વ તઆલા જદ્દોકા વલા એલા ગે-
ાકા આઉઝો બીલ્લાહે મેનશ શૈતા નીર રજીમ

પછી બીસમીલ્લા હિર રહેમા નિર રહીમ કહી
ાલહમ્દનો સુરો પડે અને તેની છેવટે ધીમેથી
ામીન કહે. ત્યાર પછી એક સુરો અથવા એક
ાટી આયત અથવા તો ત્રણ નાની આયાતો પડે
ાને અલ્લાહો અકબર કહી રૂકુમાં જાય અને ત્રણ

વખત સુબ્હાના રબ્બીયુલ અઝીમે કહે. પછી ઉભો થઇ સમે અલ્લાહો લેમન હમેદા કહે અને પછી રબ્બના લકલ હમ્દ કહે અને અલ્લાહો અકબર કહેતાં સીજદામાં જાય અને સીજદામાં ત્રણવાર સુબહાના રબ્બીયલ આલા કહે. અને પછી અલ્લાહો અકબર કહી સીજદાથી માથું ઉઠાવે અને સીધો થઈ બેસે. પછી અલ્લાહો અકબર કહેતો, સીજદામાં જાય અને એવીજ રીતે સુબહાના રબ્બેયલ આલા ત્રણ વખત કહે. પછી અલ્લાહો અકબર કહેતાં સીજદાથી ઉઠી ઉભો થાય અને બીજી રકાત બીસમીલ્લા હિર રહેમા નિર રહીમ પડી અલહમ્દનો સુરો પડે. પછી કોઇ એક સુરો પડી પેહલા રકાતની જેમ રૂકુ તથા સીજદા અદા કરે. જો બે રકાતી નમાઝ હોય તો બીજી રકાતના છેલ્લા સીજદા પછી બેશીને પડે કે—

અત્તહીયાતો લીલ્લાહે વસ્સલાતો વ તઇબાતો અસ્સલામો અલેકા અઇયો હન નબીય્યો વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. અસસલામો અલેના વ અલા એબાદીલ્લા હીસ સાલેહીન. અશહદો અન લા-

એલાહા ઈલિલલ્લાહો વ અશહદો અન મોહંમદન અબ્દોહુ વ રસુલોહુ. અલ્લા હુમ્મા સલ્લે અલા મોહંમદીંવ વ અલા આલે મોહંમદીન કમા સલ્લેત અલા ઈબ્રાહીમા વ આલા આલે ઈબ્રાહીમા ઈન્નકા હમીદુન મજીદ. અલ્લા હુમ્મા બારેકા અલા મોહમદીન વ અલા આલે મોહંમદીન કમા બારેકત ઈબ્રાહીમા વ અલા આલે ઈબ્રાહીમા ઈન્નકા હમીદુન મજીદ રબ્બી જઅલની મોકીમસ સલાતા વ ઝુર્રીયતી રબ્બના તકબ્બલ દોઆ આ વ રબ્બના ગફરલી વલે વાલેદી વલ મોમેનીના યૌમા યકુમુલ હેસાબ.

તેટલું પડયા પછી ડાબા જમણી બાજુ તરફ જોઈ અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહે કહે એટલે રકાતી નમાઝ પુરી થઇ.

જો ત્રણ અથવા ચાર રકાતી નમાજ હોયતો બીજી રકાતમાં પ્રથમ કાયદામાં અત્તહીયાતમાં અબ્દોહુ વ રસુલોહુ સુધી પડી, અલ્લાહો અકબર કહેતાં ઉભો થઇ જાય અને ત્રીજી તથા ચોથી રકાત અદા કરે. પછી બીજા કાયદામાં બેશી અ-

ત્તહીયાતો અને દરૂદે ઇબ્રાહીમી અને દુઆ જે પ્રથમ બયાન કરવામાં આવી છે તે પડી અસ્સલામો અલેકુમ વ રહેમતુલ્લાહ ડાબી ડાબી જમણી તરફ નજર કરતાં પડી નમાઝ પુરી કરે.

સુન્ની ખોજાઓ દરરોજ પાંચ વખતની નીમાજ ભણે છે. ૧ સુબોહ, ૨ ઝોહોર, ૩ અસર, ૪ મગરીબ ૫ ઇશા. સુબોહની નમાઝનો વખત સુબોહ સાદક (સૂર્ય ઉદય થયા પહેલાંનો લગભગ દોઢ કલાકનો વખત) થી લઇ સૂર્યના ઉદય સુધીનો ઝોહોરનો વખત બપોરના સૂર્ય બરોબર માથાપર આવી નમવા મંડયા પછીથી તે સાંજના લંબાઇ કરતાં બમણો છાંયડો થાય ત્યાં સુધી એટલે લગભગ સાંજના ચારેક વાગતાં સુધી. અસરનો વખત ઝોહોર પછીથી તે મગરીબ પહેલાં સુધી. મગરીબનો વખત સૂર્યાસ્ત વખતેજ પૂર્વ તરફ જે રતાશ નીકળે છે. તેની શરૂઆતથી તે રતાશ નાબુદ થાય ત્યાં સુધીનો એટલે આશરે પા કલાકનો. ઇશાની નીમાજનો વખત રાત્રીની શરૂઆતથી લઇ, તે સુબોહ સાદર પહેલાં સુધીનો.

પાંચે વખતની કુલ રકાતો ૧૭ છે. બે સુબ્હની, ચાર ઝોહોરની, ચાર અસરની, ત્રણ મગરીબની તથા ચાર ઇશાની.

ઈસનાઅશરીઓની નીમાજ.

ઇસનાઅશરી ખોજાઓ દરરોજ પાંચ વખત ખુદાની બંદગી કરે છે. તેને નીમાજ કહે છે. ૧ સુબ્હો ૨ ઝોહોર ૩ અસર. ૪ મગરીબ. ૫ ઇશા.

સવારની નીમાજનો વખત સુબ્હે સાદકથી લઇ સુર્યોદય થતાં સુધીનો છે. જોહોરની નીમાજનો વખત બપોરનો સુર્ય નમ્યા પછી તે સુર્યોસ્ત થયા પહેલાં અસરની નીમાજ પઢી શકાય તેટલો વખત ફાજલ રહ્યા પહેલાનો. અસરની નીમાજનો વખત બપોરનો સુર્ય નમ્યા પછી ઝોહોરની નીમાજ પઢી લીધા બાદથી લઇ, તે સુર્યોસ્ત થતાં પહેલાંનો છે. મગરીબની નીમાજનો વખત સુર્યોસ્ત થયા પછી આકાશમાં પૂર્વ તરફનો જે રતાશ દેખાય છે તે મટી જઇ કાળપ અર્ધ આકાશ જેટલે આવી ગયા પછીનો છે અને તે મધરાત્રી પહેલાં

ઇશાની નીમાજ પડી શકાય તેટલો વખત ફાજલ રહેતાં પહેલાં સુધીનો છે. ઇશાની નીમાજનો વખત મગરીબની નીમાજ પડી લીધા પછી તે અધી રાત્રી પહેલાં સુધીનો છે.

પાંચે વખતની નમાજ મળીને કુલ ૧૭ રકાત થાય છે. સવારની બે રકાત, જોહોરની ચાર રકાત, અસરની ચાર રકાત, મગરીબની ત્રણ રકાત અને ઇશાની ચાર રકાત.

નીમાજ શરૂ કરતાં પહેલાં નીય્યત કરે કે સુબોહ અથવા ઝોહર અથવા અસર અથવા મગરીબ અથવા ઇશાની નીમાજ પડું છું એટલા માટે કે વાજીબ છે કુરબન ઇલલ્લાહ અલ્લાહો અકબર. પછી તુરતજ નીચે પ્રમાણે સુરે હમ્દ પડે.

બિસમિલ્લા હિર રહેમા નિર રહીમ અલહમ્દો લીલ્લાહે રબ્બીલ આલમીન માલેકે યવમિદ્દિન ઇય્યાકા નાઅબોદો વ ઇય્યાકા નસ્તઇન ઇહદેનસ સેરાતલ મુસતકીમ, સેરાતલ લઝીના અનઅમતા અલેયહિમ ગયરીલ મગઝુબે અલયહિમ વલઝઝાલિન.

(અર્થ નીચે પ્રમાણે)

હું ખુદાના નામથી શરૂ કરૂં છું કે જે મહેરબાન અને દયાળુ છે.

સઘળી તારીફ આ લોક તથા પરલોકના ખુદાને વાસ્તેજ છે. તું મૃત્યુ પછીના ન્યાયના દિવસનો માલેક છે. અમો ખાસ તારીજ બંદગી કરીએ છીએ અને તારાથીજ સહાયતા માગીએ છીએ. અમોને સત્ય માર્ગની હિદાયત કર; તે એ લોકોનો માર્ગ કે જેમનાપર તેં કૃપાદ્રષ્ટિ કીધી છે. એ લોકોના માર્ગથી દુર રહેવાની તૌફીક દે કે જેમનાપર (તેં) ગજબ નાઝીલ કીધો છે અને ગુમરાહોના માર્ગથી (બચવાની તૌફીક દે).

ત્યાર પછી કુરાને મજીદનો કોઇ એક સુરે પડે. સાધારણ રીતે પડાતો સુરો કુલહોવલ્લાહનો નીચે પ્રમાણે છે.

બિસમિલ્લા હિર્રરહેમા નિર રહીમ કુલહો વલ્લાહો અહદ, અલ્લાહુસ સમદ લમયલિદ વલમ યુલદ વલમ્ય કુન્લહુ કોફોઅન અહદ

(અર્થ નીચે પ્રમાણે)

હું ખુદાના નામથી શરૂ કરૂં છું કે જે મહેરબાન અને દયાળુ છે.

" તું કહી દે કે, અલ્લાહ એકજ છે. તે અમર છે. તેણે કોઇને જણ્યો નથી તેમ તેને કોઇએ જણ્યો નથી. તેનો કોઇ બરોબરીઓ નથી."

પછી અલ્લાહો અકબર કહી રૂકુમાં જાય એટલે ઘુંટણપર હાથ ટેકવી નમીને ઉભો રહે અને ત્રણ વખત અથવા એક વખત " સુબ્હાના રબ્બેયલ અઝીમે વલે હમ્દેહ " પડે એટલે કે હું મારૂં પાલણ પોષણ કરનાર બુઝુર્ગ ખુદાને મોટો જાણું છું અને તેનીજ તારીફ કરૂં છું. પછી ઉભો થઈ જઇ " સમે અલ્લા હો લેમન હમેદાહ અલ્લાહો અકબર" કહી સીજદામાં જાય અને સીજદામાં ત્રણ વખત અથવા એક વખત " સુબ્હાના રબ્બેયલ આલા વલે હમ્દેહ " કહે એટલે કે સર્વે કરતાં હું ખુદાતાલાને પાક જાણું છું કે તે સર્વથી શ્રેષ્ટ છે અને હું તેનીજ તારીફ કરૂં છું.

ઉપર પ્રમાણે ઉભો થઇ બીજી રકાત પડે અને રૂકુમાં જતા પહેલાં દોઆએ કુનુદ પડે અને પછી રૂકુ તથા તથા સુજુદ બજાવી લાવે અને પછી નીચે પ્રમાણે તશહુદ પડે.

" અશહદો અન લાએલાહા ઈલલલ્લા હો વહદહુ લાશરી કલહુ વ અશહદો અન્ન મોહંમદન અબ્દોહુ વરસુલોહુ અલ્લા હુમ્મા સલ્લે અલા મોહંમદીન વ આલે મોહંમદ પડે " એટલે કે, હું ગવાહી આપું છું કે ખુદા સિવાય બંદગીને લાયક બીજું કોઇ નથી અને તે યકતા તથા લાશરીકછે અને ગવાહી આપું છું કે હજરત મોહંમદ સલ. ખુદાના મકબુલ બંદા અને તેના બરહક રસુલ છે. અય ખુદાવંદા હજરત મોહંમદ સ૦ તથા તેની આલ ઉપર તારી રેહમત નાઝીલ કર.

ત્યાર પછી નીચેના ત્રણ સલામ પડે.

અસ્સલામો અલેક અઇયોહન નબીયો વ રહેમ તુલ્લાહે વ બરકાતોહ. એટલે કે સલામ હજો આપપર અય નબી અને કૃપાઓ તથા બરકત અલ્લાહની.

અસ્સલામો અલયના વ આલા એબાદીલ્લા હિસ્સાલેહીન. એટલે કે સલામ હજો અમારી પર અને નેક બંદાઓ ઉપર.

અસ્સલામો અલેકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહ. એટલે કે, તમારા પર સલામ હજો કૃપાઓ તથા બરકતો અલ્લાહની.

ઉપર પ્રમાણે બે રકાત નમાઝ પુરી થઇ. હવે જો ત્રણ રકાત નમાઝ હોયતો બીજી રકાતમાં તશહુદ પડી લીધા પછી ઉભો થઇ, એક રકાત પડે. આ એક રકાતમાં અલહમ્દોની સુરા પછી રૂકુ તથા સુજુદ બજાવી સલામ પડે અને નીમાજને પુરી કરે. જો ચાર રકાતની નીમાજ હોયતો ત્રણ રકાતમાં રૂકુ તથા સુજુદ પડી લીધા પછી તુરતજ ઉભો થઇ ચોથી રકાત પડે અને તશહુદ સલામ પડી નમાજ પુરી કરે.

ખાનાઇઓની દુવા.

આગાખાનની તરફેણમાં જે ખોજાઓ છે તેમાં જે શુદ્ધ ઇસનાઅશરી છે, તે પોત પોતાને ઘેર

પાંચ વખતની નીમાજ પડે છે, પરંતુ જમાતખાનામાં તેમને તેમ કરતા અટકાવવામાં આવ્યા છે. બાકી જે જુના તથા ધર્મથી માહિતગાર નથી અને માત્ર ગીનાન ગોઠનેજ ધર્મ માની બેઠા છે, તે ધુવા કે જેમાં પાછળથી કેટલોક ઉમેરો કરવામાં આવ્યો છે અને જેઓ તેને પીર સદરદીને રચી આપેલી માને છે તે દરરોજ ત્રણ વખત જમાતખાનામાં ભણે છે. ૧ સુબ્હો. ૨ મગરીબ વખતે. ૩ ઇશા વખતે. આ ત્રણે ધુવાને ૧ સુબુજી ૨ સાંજીજી ૩ સુમણીજી એવા નામથી ઓળખે છે. આ ધુવા શું છે? કોણે રચી છે? તેનો શો દરજ્જો છે એ વીગેરે ઉપર ખોજા પંથ દર્પણ ભા. ૮ માં અમોએ વિસ્તારથી લખ્યું છે ધુવા નીચે પ્રમાણે છે.

(ધુવાનો ઉતારો)

" અલાહી તો અહાર "

" ધોઆ પડો, ધોઆ પડો, ધોઆ પડો, અલ્લાહ મેરેહેઆં હક નામ ગીનો, મઉલા અલી ઇમાન સાંજાએ દીનીઆ, ધોઆ સાંજીજી વીનતી

બીસે અમર પુઠીયાં શાહા તો જે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન માહમ્મદ શાહા–"

(સુજીદો દીજે)

" (અગર સોમણીજી ધોઆ હોએત) સાંજી સોમણીજી વેનતી (ચોજે અને અગર સુબુહજી ધોઆ હોએત) સાંજી, સોમણી સુબુહજી વેનતી (ચોજે, તેં કનાં પોએ તસબી કઢી સીજદો દી-આણું પોએ હી પડજે.) "

" તોબો તોબો તકસીરદાર, બંદો સીરતાપા ગુનેહગાર, યા શાહાતું બક્ષીએ બખશણહાર. પીરથો ધોઆ પડે, બંદો થો વેનતી કરે. સચો શાહાથો કબુલ કરે. ફરમાન શાહ પીરજો વચન. (એતરો ચઇને તસબી પટતેં રખી પોએ હીઅ પડાણું. "

" સચો વચન સુભાન અલ્લાહે, શુકરન લીલ્લાહે, વલ હમદો લીલ્લાહે, વલા ઇલાહ, ઇલલલ્લાહો અલ્લાહો અકબર. વલા હઉલ વલા કુવ્વત, ઇલ્લા બીલ્લા હીલ અલીયુલ અઝીમ. રહીમ, કરીમ કસીમ, હજરત બુજરક પાક પરવર દીગાર, હેલમ

દેશ, માનઆ વેશ, ખંડ એરાક, સતોહતેર પાત્ર, અડતાલી ઇમામ. દસમો નકલંકી અવતાર, મઉલાના સુલતાન મહમ્મદ શાહા."

(સીજદો દીજે પોએ) હક આશ (ચચને વીશનાપુરી અને શાજી પુઠીઉં પડજે.) વીશનાપુરી—

" ત્રણ કરણ મધે શામીના અવતાર, પાત્ર પરવરતંતે—શ્રી અહુણાદ (૧) અહુણાદથી અલખ (૨) અલખથી નામનીલ (૩) નામનીલથી અનીલ (૪) અનીલથી સુન (૫) સુનથી સાન (૬) સાનથી નાન (૭) નાનથી ગીનાન (૮) ગીનાનથી નુર (૯) નુરથી તેજ (૧૦) તેજથી જલ (૧૧) જલથી કમલ (૧૨) કમલથી અદબુદ (૧૩) અદબુદથી જાગ (૧૪) જાગથી તંતવ (૧૫) તંતવથી પરેમ તંતવ (૧૬) પરેમ તંતવથી આદ પુરૂશ (૧૭) આદ પુરશ નાભ ચક્કરથી ભયો બીરમા. શ્રી અહુણાદ, આદ, અવીઆગત, આદ શ્રી હવ, કવ, ધવલ કઉવલ, તઉણાદ ઉતરા, હરીતક, પુરૂરવા, અંત અતીત, પરેમરૂખ, વંશ શ્રી મછ (૧) શ્રી મછના મનાએક, અજમેર,

અગર સેન એછાઉત, ભીરેસપત, અસુઅમીતર, પઉતર પડવીર, વંશ શ્રી કોરભ (૨) શ્રી કોરભના ભસરીઆત, દખીઆત. પીરજાપત, અગરસેન, કદીમ, દોએલ, વંશ શ્રી વારા (૩) શ્રી વારાના કેશવ, ખત્રી અવસ. અસ અનાઉ નસ ખલીપત, ગોતમ, અંત હરીતાક, વંશ શ્રી નરસી (૪) શ્રી નરસીના મનાએક, કઉચક, રેપક, કેશવઢણ્ કેશવરૂખ, વંશ શ્રી વાએમણ (૫) શ્રી વાએમણના માનધાતા. પીરોથમી, જએશારીન, જવલગન, વંશ શ્રી ક્રણસીરામ, (૬) શ્રી ક્રણસીરામના રૂગનુગ, જુજેઆત, કબલે, અજેપાલ, દસરત, વંશ શ્રી રામ (૭) શ્રી રામના પદમ, જશવઢણ, વીરપાર, વાસદેવ, વંશ શ્રી કીરસનજી કાન. (૮) શ્રી કાનના પરીખત, જનમેજએ, સેસાનંદ, વીણવછરાજ, વંશ શ્રી બુધ (૯) શ્રી બુધના શએશ, શામ, સલામ, મલકાન, એસલામ, હાશન, સાભાન સાફાન, અદનાન, માઆદ, નીજાર, મજર, એલીઆસ, મુદરક, ખુઝેમે, કનાને, અબદલ મુતલબ, અબુ તાલબવલી વંશ શ્રી શાહ મઉલા મુરતજા અલી (૧૦) ”

(શાહાજી પુઠીઉં)

—વચન અબુ તાલબ વલી—

૧ હુંક મઉલાના શાહ અલી.
૨ ,, ,, ,, હુસેન.
૩ ,, ,, ,, ઝએનુલ આબદીન
૪ ,, ,, ,, માહમ્મદ બાકર.
૫ ,, ,, ,, જાઅફર સાદીક.
૬ ,, ,, ,, ઇસમાઇલ.
૭ ,, ,, ,, મહમ્મદબિન શાહા ઇસ્માઇલ
૮ ,, ,, ,, વફી અહમ્મદ.
૯ ,, ,, ,, તકી મહમ્મદ.
૧૦ ,, ,, ,, રઝી અબદલ્લાહ.
૧૧ ,, ,, ,, મહેદી મહમ્મદ.
૧૨ ,, ,, ,, કાયમ
૧૩ ,, ,, ,, મનસુર.
૧૪ ,, ,, ,, મોએજ.
૧૫ ,, ,, ,, અઝીઝ.
૧૬ ,, ,, ,, હાકમ અબુ અલી.
૧૭ ,, ,, ,, જાહેર અલી.
૧૮ ,, ,, ,, મુસ્તનસીર બીલ્લા.

૧૯ હક મૌલાના શાહા નીજાર.

૨૦ ,, ,, ,, હાદી.

૨૧ ,, ,, ,, મોહતદી.

૨૨ ,, ,, ,, કાહેર.

૨૩ ,, ,, ,, અલા જીકરીઆ સલામ.

૨૪ ,, ,, ,, અલ્લા મહુમ્મદ.

૨૫ ,, ,, ,, ખુદ જલાલુદીન.

૨૬ ,, ,, ,, અલાઉદીન મહમંદ.

૨૭ ,, ,, ,, રૂકનુદીન ખુરશાહા.

૨૮ ,, ,, ,, શમશદીન મહમ્મદ.

૨૯ ,, ,, ,, કાસમશાહ

૩૦ ,, ,, ,, ઈસલામ શાહા.

૩૧ ,, ,, ,, મહમંદબિન ઈસ્લામશાહા

૩૨ ,, ,, ,, મુસતનસીર બલ્લા

૩૩ ,, ,, ,, અબ્દ સલામ.

૩૪ ,, ,, ,, ગરીબ મીરજા.

૩૫ ,, ,, ,, બુદરઅલી.

૩૬ ,, ,, ,, મુરાદ મીરજા.

૩૭ ,, ,, ,, ઝુલફકારઅલી.

૩૮ ,, ,, ,, નુરદીનઅલી.

૩૯ હક મૌલાના શાહા સઈયદ ખલીલીલ્લા અલી.
૪૦ ,, ,, ,, નીજાર.
૪૧ ,, ,, ,, સઈયદઅલી.
૪૨ ,, ,, ,, હસનઅલી.
૪૩ ,, ,, ,, કાસમઅલી.
૪૪ ,, ,, ,, અબુલ હસનઅલી
૪૫ ,, ,, ,, ખલીલોલ્લા અલી.
૪૬ ,, ,, ,, હસનઅલી.
૪૭ ,, ,, ,, આગા અલીશાહા દાતાર.
૪૮ ,, ,, ,, આગા સુલતાન મહમદશાહ

" હાજર જોમેજો ધણી, બારે કેરો પુરૂષ. સીરે વો ઇમામ હાદીચુલ મેહદી. સાહેબલ અમર. આગા સુલતાન મહમ્મદ શાહા દાતાર અણંત કીરોડીઉં તારણહાર. હાજર જોમેજો ધણી ખીસે અમર પુ-ઠીઆં. શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાનાં આગા સુલતાન મહમ્મદ શાહા (સીજદો દીજે)"

" પંજ પાટી–અલી અલ્લાહુ, અલ્લા હુમ્માં મામઉલાના અનત સલામ વ મીનક સલામ વ એ-લેકા અરજહુ સલામ, વ. અલએક, અલફ સલામ,

હઇયના, રબ્બના, બી સલામ, વ અદખલના, દાર સલામ, તબારકત રબ્બના, વ તાલએત, યાઝુલ જલાલ વલ એકરામ. ૧ ”

(એતરો સભની પાટતે પડજે)

“ બે ફજલેકા વ રહમત બકુન યા મઉલાના ૨
લુતફ વ કરમ કુન યા મઉલાના ૩
લા હઉલવલા કુવ્વત ઇલ્લા બકુન યા મઉલાના ૪
ઝુદ ઝુદ બ ફરીયાદ બ રસ યા મઉલાના ૫ ”

(વેલ પંજ પાટીજી)

“ અહલા હુમ્મા યા સય્યદી મીન્નકા મદદી, વ અલએકા મોતમદી, ઇય્યાકા ન આબદો વઇય્યાકા નસ્તઇન, યા અબલ કાસ અગીસની, યા અલી અદરકની, બલુતફે કલ ખફી, સવાણી, રહમતી, મરહમતી, સચ્ચો મહમ્મદ અરબી, અલી મહમ્મદ યક ખુદા, હક શનાશ દર્ફે બલા—લાઇલાહ ઇલલલ્લા મુહમ્મદ રસુલીલ્લા અલી અમીરલ મોઅમેનીન સહી અલ્લા. હસબે નલ્લાહ વ નેમલ વકીલ, વનેમલ મઉલા વનેમલ નસીર, ગુફરાનકા, રબ્બના વ અલેકલ મસીર—પંજ પાટીજી બેનતી.

ખીંસે અમર પુઠીઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહમ્મદ શાહા (સીજદો દીજે. પોએ શાહા દીદારજો પંજો દીઇ સુજદો દીજે. પોએ તસબી કઢો હી પડણું)."

"અલી અલ્લાહ રાહીએ, દરગાહીએ, એશક દારીએ, પંજે ભાઇએખેં તુંસી તોહોજો દીદાર દીએ, ખીસે અમર પુઠીઆં શાહા તોહેજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહમ્મદ શાહા "

(સુજદો દીજે પોએ હીં પડણું.)

" અલી અલ્લાહ, યાહા શાહા ફજલ વ રહેમત કરીએ, કુલ બલાયું દફે કરીએ, જીઅરેંખે જોત દીએ, મોએંખે, મોખ દીએં, જીનીંજા પીંઢ ભગે તીનીંજા જીવ સુખાએં કરીએં, ખએર પેદા કરીએં, શર દફે કરીએં, તોહોજો દીદાર નસીબ કરીએં, બરકત ધોઆ સાંજીઅજી વેનતી ખીસે અમર પુઠીંઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહમ્મદ શાહા. "

(સીજદો દીજે સીજદેમેં હીઅ પડણું).

" યા શાહા પીર વકીલ જુમલે જમાથ મા-દર પીદર, ખેશ ખીશદર, જીનદે મોરદે, બંદે સી-રતાપા ગુનેહ્ગાર, યા શાહા તુ બકશીએ બકશણુ-હાર. "

—બીસમીલ્લા હીર રહમા નીર રહીમ—

" લાઇલાહ ઇલલહ્ના હુલ હયુલ કયુમ. લાઇલા-હા ઈલિલલ્લા હુલ મલકુલ હકકુલ મુબીન. લાઇલાહ ઇલલ્લા હુલ મલકુલ હકકુલ યકીન લાઇલાહ ઇલહ્ના-હુલ માલેકે યવ મીદીન, લાઇલાહ ઇલલલ્લા હુલ અલીયુલ અઝીમ, લાઇલાહ ઇલલલ્લા હુલ હલી-મુલ કરીમ, લાઇલાહ ઇલલહ્નાહો રબ્બે સમાવાતે સબઆ વ રબ્બે અરઝીન સબઆ વ માફી હીન વ મા બએન હુન, વ રબ્બીલ અરશલ અઝીમ, લાઇલાહ ઈલિલલ્લાહો મહમ્મદ રસુલીલહે વ અ-મીરલ મોમનીન અલી સહી અલ્લાહ હકન હકા. અસતગ ફોરૂલ્લા હીલ અઝીમે વ બે હમદેહી. અસતગ ફેરૂલ્લા રબ્બી વ આતુબો અલેહે લાઇલાહા ઇલ્લા અનત સુબહાનકા ઇન્ની કુનતો મેનઝ ઝાલ-મીન લાકૂતા ઇહ્ના અલી લા સએફ ઇલ્લા ઝુલ-ફેકાર. "

(નાદે અલી)

" (નાદે અલીયન મઝહરીલ અજાએબ, તજદહુ અઉનલ લેકા ફીન નવાએબ. કુલ્લે હમ્મીન વ ગમ્મીન. સય્યનજ અલી બવીલાયતેકા યા અલોયો યા અલી. "

" છુટારો વીજજે. પોએ પંજતન પાકેંજી ધોઆ દીજે. અગર ધોઆ સુબુહજી હોએ તપેરી સીબુહ સાદકજી તસબી કઢી સીજદો દઇ. પોએ પંજતન પાકેજી ધોઆ દીજે. ધોઆ પંજતન પાકેંજી). "

" હજરત નબી મહમ્મદ મુસતફા સલલલ્લા અલેહે વસલમ હજરત મઉલા મુરતજા અલી. બીબી ફાતમત ઝેહરા રજી અલ્લાહુ તાઆલા. હજરત ઇમામ હસન. હજરત ઇમામ હુસેન ગંજશહીદે કરબલાજી વિનતી, ખીસે અમર પુઠીઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહમ્મદ શાહા "

(સીજદો દીજે. પોએ ધોઆ ગત પીરેંખેં દીણી. તેમેં પીરેંજીઉં પુઠીઉ પડણીઉં. પીરેંજીઉ પુઠીઉં).

૧ પીર અવલ નબી મહુમ્મદ મુસતફા સલલ્લા" અલેહે વસલમ.

૨ પીર ઇમામ હુસન ૩ પીર કાશમ શાહા.

૪ પીર જાફર શાહા. ૫ પીર ઝયનુલ આબદીન

૬ પીર આમીર આહમદ ૭ પીર સતગુર નુર.

૮ પીર ઇંદ્ર ઈમામદીન ૯ પીર મહમદ મનસુર.

૧૦ પીર ગાલબ દીન ૧૧ પીર અબદલ મજીદ.

૧૨ પીર મુસ્તનસરબિલા ૧૩ પીર અહમદ હાદી.

૧૪ પીર હાશમ શાહા ૧૫ પીર મહુમ્મદ શાહા

૧૬ પીર માહમુદ શાહા ૧૭ પીર મોહોબદીન.

૧૮ પીર ખાલકદીન ૧૯ પીર અબ્દલ મોમનીન

૨૦ પીર એસલામદીન ૨૧ પીર સાલેહુદીન.

૨૨ પીર સલાહુદીન ૨૩ પીર શમશદીન.

૨૪ પીર નસીરદીન ૨૫ પીર શાહાબુદીન

૨૬ પીર સદરોદીન ૨૭ પીર હસન કબીરદીન

૨૮ પીર તાજદીન ૨૯ પીર પનદીયાદ જવાં મરદી

૩૦ પીર હુએદરઅલી ૩૧ પીર અલાઉદીન

૩૨ પીર કાસમ શાહા ૩૩ પીર નસીર મહુમ્મદ

૩૪ પીર બાબા આગા હાશમ શાહા.	૩૫ પીર મહમ્મદ ઝમાન
૩૬ પીર આગા અઝીઝ	૩૭ પીર મેહરાબ બેગ
૩૮ પીર અલી અકબર બેગ	૩૯ પીર આગા અલી અસગર બેગ
૪૦ પીર મીરજા શાહા હસન અલી	૪૧ પીર મીરજા શાહા કાસમઅલી
૪૨ પીર આગા શાહા અબલ હસનઅલી	૪૩ પીર મીરજા મહમદ બાકર
૪૪ પીર સરકાર માતા સલામત	૪૫ પીર આગા શાહા હસન અલી
૪૬ પીર આગા અલી શાહા	૪૭ પીર આગા શાહા ખલીલ.ઊલાહ
૪૮ પીર સઈયદ અબલ હસન શાહા	૪૯ પીર આગા સુલતાન મહુમ્મદ શાહ દાતાર

" હાજર જોમેજો ધણી યા રબ હકે ઉન દો ગુલે ગુલશને બતુલ. બખશીએ મારા બેફાતેમા દુખતરે રસુલ. ધોઆ ગત પીરેંખે રસાડણજી વેનતી ખીસે અમર પુઠીઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહુમ્મદ શાહા."

(સીજદો દીજે, ધોઆ ગત શહીદે જી)

" ધોઆ દીઓ ગત શહીદ, બાર ગુરૂ ઉલીઆ. સતરસો હુસેની, ચકલાખ ચોવીસ હજાર પએકામબર. મત જુલમેજે રૂએ ખે રસાડણજી વેનતી ખીસે અમર પુઠીઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહમ્મદ શાહા."

(સીજદો દીજે. પોએ પંજતન પાકજી તસબી કઢી સીજદો દીજે. પોએ ખેઅર નીચથજી ધોઆ દીજે.)

" ધોઆ નીઅથ ખએર. આકુબતજો ખએર કરીએ. દીતમાંદ ખએર કરીએ. દીનદુનીઆંજો ખએર કરીએ. આઠ પોર ચોસઠ ઘડીઉં ખએર સલામતીસે ગુજારીએં. વાટે ગાટે રાહા મુસાફરે. શહીએ દરગાહીએ. પંજે ભાઇએ. અમરદારીએ. એશકદારીએ. જુમલે જમાથજો ખએર કરીએ. આલ નબી અઉલાદ અલીજો ખએર કરીએ. યા અલી રખે જાલમ કનાં. યા અલી રખે શર શએતાન કનાં. યા અલી રખે તીન કનાં. જીનીખે લોડજી સાંજાએ ન આહે. યા અલી તું ખએર ક-

રીએં. ખએરજી વેનતી ખીસે અમર પુઠીઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર આગા સુલતાન મહુમદ શાહા."

(સીજદો દીજે. સીજદેમેં હીઅ ચોણું.)

૧ હેઉ સીજદો અલ્લાહ મરેહેઆ અલી મહુમ્મદ અત જુમલેજી મુશકીલ આસાન કરે.

૨ હેઉ સીજદો અલ્લાહ મરેહેઆ સાહેબ સતજો કાંગવો કબુલ કરે.

૩ હેઉ સીજદો અલ્લાહ મરેહેઆ સાહેબ ગુરપીરજો બોલ. મથે કરે.

૪ હેઉ સીજદો અલ્લાહ મરેહેઆ સાહેબ રાહીએં દરગાહીએખેં દર પોચાએ, દીદાર નસીબ કરે.

૫ હેઉ સીજદો ત સાહેબ શાહીદેં બાર ગુરેંજે અઉલાદ જે કલામમેં સગ વીજે.

૬ હેઉ સીજદો ત સાહેબ અન પાણી જે ભંડારમેં બરકત વીજે.

૭ હેઉ સીજદો ત સાહેબ કરજીઅનજા કરજ લાએ કરજી અનજો કારસાજ થીએ.)

૮ હેઉ સીજદો ત સાહેબ દીનજા દુશમન દફે કરે.

૯ હેઉ સીજદો ત સાહેબ દરખાનેમેં શરાહીઉ ખુશીયાલીઉં વાધાયું કરે.

૧૦ હેઉ સીજદો ત સાહેબ રાજાખે રાજદે પીરજા કે સુખ દે

૧૧ હેઉ સીજદો ત સાહેબ ગત જુમેલેજીઉં મત ગુરયું મુરાદું હાસલ કરે.

૧૨ હેઉ સીજદો ત સાહેબ બંદીવાનેજા બંદ ખલાસ કરે.

૧૩ હેઉ સીજદો ત સાહેબ સીંગો સવારી કરે પીરગટ થીએ.

૧૪ હેઉ સીજદો ત સાહેબ મુશકીલ આસને કરે. ખએર પએદા કરે. રખી વઠે માહાદનજે આઆર કનાં.

૧૫ હેઉ સીજદો અલાહ મરેહેઆ ત અલી મહમદ ગત જુમલેજી વેનતી કબુલ કરે.

(સીજદે મીંજાં મથો ખંણી ધી પડજે.)

હેઉ ખટે પેટાંદજી સાર સંભાર ઉછીનું પાછીનું દમડી દામ સારે સીરકારમેં દીજા, ચાર અદ્દા હુ મરેહેઆ મઉલા અલી મન ગુરચું મુરાદું હાસલ કનેઆ. પોર આગા સુલતાન મહમદ શાહા દીદાર નસીબ કનેઆ.

તસબી કઢો શાહા ગરીબ મીરજાં ફઝલ કર મઉલાના અલી–અલી અલ્લાહ (સીજદો દીજે)

તસબી કઢો આગા અલી શાહા દાતારજે ફરમાનજી (યા અલી ચોડો વખત–સલવાત ચોડો વખત) (સીજદો દીજે પોએ ધોઆ ખએર નીઅથજી દીજે.)

ધોઆ નીઅથ ખએર, આકુતબજો ખએર, યા અલી તું ખએર કરીએ, ખએરજી વેનતી ખોસે અમર પુદીઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહમ્મદ શાહા.

(સીજદો દીજે સીજદેમેં હી ચોણું.)

અલી બતાઇએ, બુરી તજાઇએ હરદો હાથ તુમારે.

(પોએ કલમું પડજે) મદતેઅલી, શફાઅત

રસુલ, એતાઅત ખુદા. હજરત કમ્બુલ પીર સતગુર નુરની ફરીયાદ; પીર શમશ ચોટની ફરીયાદ; પીર અલી અકબર બેગની ફરીયાદ, પીર આગાઅલી અસગર બેગની ફરીયાદ, પીર મીરજા મહમ્મદ બાકરની ફરીયાદ, પીર સલામત માતા સલામતની ફરીયાદ, પીર આગા શાહા હસનઅલીની ફરીયાદ, પીર આગા અલીશાહાની ફરીયાદ, પીર આગા શાહા અલીલીલ્લાની ફરીયાદ, પીર સઇયદ આગલ હસન શાહાની ફરીઆદ, પીર આગા સુલતાન મહમ્મદ શાહાની ફરીઆદ, એણે કલમે કલમું પાક અશહદો અનલાઇલાહ ઇલલ્લાહ અશહદો અન્ન મહમદ રસુલીલ્લાહ અશહદો અન અમીરલ મોઅમેનીન અલી સહી અલ્લાહ. હએજ'દા કાયમ પાયા શાહા-પીર પાયા.

અલ્લાહ જો દીદાર મહમ્મદજી શફાઅત મહમ્મદ શફાઅત કરેશે. મોમન બેહેશત લહંદા ઉણા પુરા આશવંતા ઉતારે પાર કહીએ. યા આગા સુલતાન મહમદ શાહા દાતાર.

અને મરણુ મોત હક. ”

(દોઆ તમામ.)

મઇયતની નીમાજ.

૭ વર્ષ અને તે કરતાં મોટી વયના મૈયતની નીમાજ ભણુવી વાજીબ છે મૈયતનો જનાજો મસજીદ કે, કબ્રસ્તાનમા રાખી સઘળાઓ વઝુ કરી નીમાજ ભણુવા માટે હારબંધ ગોઠવાઇ જાય છે એમ માણુસ જે નીમાજ પડનાર હોય છે તે જનાજા પાસે ઉભો રહે છે પ્રથમ તે નીયત કરી નીચે પ્રમાણે નીમાજ પડાવે છે.

અલ્લાહો અકબર અશહદો અન લાએલાહા ઇલલલ્લાહ વ અશહદો અન મોહમદર રસુલીલ્લાહ.

અલ્લાહો અકબર અલ્લા હુમ્મા સલ્લે અલા મોહમંદ વ આલે મોહમ્મદ.

અલ્લાહો અકબર અલ્લા હુમ્મગફીર લીલ મોઅમેનીના વલ મોમે નાત.

અલ્લાહો અકબર અલ્લા હુમ્મગફીર લેહાઝા હીલ મઇય્યત.

અલ્લાહો અકબર.

ઉપરની સ્ત્રીની મઇતની નીમાજની રીત લખી છે પુરૂષના મઇયતની નીમાજમાં ચોથીં વખતે અલ્લાહો અકબર કહ્યા પછી એમ પડવું કે.

અલ્લા હુમ્મગ ફીરલે હાઝલ મઈયત

જો બચ્ચાંની મઈયતની નીમાજ હોય તો ચાર તકબીરો સ્ત્રીની નીમાજની જેમ પડે. ચોથી તકબીર પછી પડે કે,

અલ્લા હુમ્મ જઅલહો લૈ અબવયહે વ લના સલફ્રન વ ફ્રરતન વ અજર.

ઉપર પ્રમાણે નીમાજ પડાઈ રહ્યા પછી, મઈયતને કબ્રસ્તાનમાં લઈ જઈ દફન કરવામાં આવે છે.

ખાનાઈઓની આરતી.

આગાખાની ખોજાઓ જે જમાતખાનામાં બંદગી કરે છે અને તે બંદગીને તેઓ "ધુવા" કહે છે. આ ધુવા પડતા પહેલાં તેઓ આરતી બોલેછે. હીન્દુઓના મંદીરોમાં જેમ ઠાકર મહારાજની સામે તેનો સાધુ આરતીનું ભજન બોલે છે તેમ આગાખાની ખોજાઓ પીર સદરદીનની બનાવી આપેલી આરતીનું ગીનાન બોલે છે. નમુના તરીકે આરતીના ગીનાન નીચે આપેલામાં આવે છે.

આરતીનું ગીનાન પહેલું.

એજી સેંતર દીપમાં શાહા મારો જાહેર બેઠા
સાંજ સબુ નીત જંપો મોરા ભાઇ
આરતી કીજે નકળંકી તણું જી ૧

સતગુર સોહોદેવે શાહા બતાઇ
બારગુર પીર સદરદીન દીશ બતાઇ
આરતી કીજે૦ ૨

એજી અજંપેઆ જાપ મુનીવરે જાણેઆ
લખ ચોરાશી જીવના ફેરા ટાળેઆ
આરતી કીજે૦ ૩

એજી અમર ભેદ મુનીવરે જાણેઆ
એકોતેર જીવના પુરીઆ ઓદાર્યા
આરતી કીજે૦ ૪

એજી અથર વેદ માંહે જે કોઇ માહેર,
દસમાંહે દીન દયાળ પરભુ બેઠા જાહેર
આરતી કીજે૦ ૫

એજી અનેક વાજાં વાજીંત્ર વાજે
બાકળ સરૂપ દેખી દુનિઆ લાજે,
આરતી કીજે૦ ૬

એજી ગતકોઇ લાજ કરો હરીજનો.
ભકતી કરો આ છે ગન તન
આરતી કીજે૦ ૭

એજી ખટ દરશનનો સુન પુજાએ.
સતપંથ ધરમકો મરમ ન પાઓ
આરતી કીજેં૦ ૮

એજી સતપંથ ધરમ આરાધો મોરા ભાઇ,
તો અનંત કોડી જીવને હુઇ છે વધાઇ,
આરતી કીજેં૦ ૯

એજી ચેતણુ હારા તમે ચેતો મોરા ભાઇ,
હકુ ગુર સોહાદેન કરી લીઓ કમાઇ
આરતી કીજેં૦ ૧૦

એજી ભણે પીર સદ્દરદીન સુણો મોમનભાઇ,
આફલ દુનીઆ શાહકો મરમ ન પાઇ
આરતી કીજેં૦ ૧૧

આરતીનું ગીનાન બીજું.

એજી જાહેર દેવ જંબુ દીપમાં બેઠા,
ભાગ જીનુકાં ગુર નજરેં સું દીઠા
આરતી કીજેં નકળંકી તમારી. ૧

એજી ખટ દરશન સુન પુજાએ
અમર ભેદ કોઇ વીરલે પાયા
આરતી કીજેં નકળંકી તમારી. ૨

એજી પેલી આરતી કીરતા જુગમાં હુઇરે વધાઇ,
ચાર રૂપ લીધા હરીએ મછ કછ વારા નરસીંહ અવતાર
આરતી કીજે નકળંકી તમારી. ૩
એજી ચાર રૂપે ચાર દાણવ સંધારેઆ
તો પાંચ કીરોડી સું રાજા પેલાજ તારેઆ
આરતી કીજે નકળંકી તમારી. ૪
એજી રગુવેદના વારા વરતેયા
અમર ભેદ કોઇ રીકીસર પાયા
આરતી કીજે નકળંકી તમારી. ૫
એજી જુગ પરમાણે જાપ શેધીને કીજે.
તન મન ધન ગુરૂને ચરણે ધરીજે
આરતી કીજે નકળંકી તમારી. ૬
એજી બીજી આરતી ત્રેતા જુગમાં હુઇરે વધાઇ
ત્રણ રૂપ લીધા હરીએ વામણ ફરસી રામ અવતાર
આરતી કીજે નકળંકી તમારી ૭
એજી ત્રણ રૂપે ત્રણ દાણવ સંધારેઆ
સાત કરોડી સું રાજા હરીચંદ તારેઆ
આરતી કીજે નકળંકી તમારી. ૮
એજી જુજર વેદના વારા વરતેઆ
અમર ભેદ કોઇ રીખીસરે પાયા
આરતી કીજે નકળંકી તમારી. ૯

એજી જુગ પરમાણે જાપ શોધીને લીજે,
તન મન ધન ગુરૂને ચરણે ધરીજે
આરતી કીજે નકળંકી તમારી ૧૦

એજી ત્રીજી આરતી દુઆપર જુગમાં હુઇરે વધાઇ,
બે રૂપ લીધાં હરીએ કાનજી બુધ અવતાર
આરતી કીજે નકળંકી તમારી. ૧૧

એજી બે રૂપે બે દાણવ સંધારેઆ.
નવ કરોડી સું રાજા જુજે સદળ તારેઆ.
આરતી કીજે નકળંકી તમારી. ૧૨

એજી શાસ્ત્ર વેદના વારા વરતેઆ
અમર ભેદ કોઇ રીખીસરે પાયા
આરતી કીજે નકળંકી તમારી ૧૩

એજી જુગ પરમાણે જાપ શોધીને લીજે.
તન મન ધન ગુરૂને ચરણે ધરીજે.
આરતી કીજે નકળંકી તમારી ૧૪

એજી અનહદ વાજા વાજીંત્ર વાજે
અકળ સરૂપ દેખી દુનીઆ લાજે
આરતી કીજે નકળંકી તમારી. ૧૫

એજી ચોથી આરતી કલજુગમાં હુઇરે વધાઇ,
એક રૂપ ધરીઆ હરી એક દાણવ સંધારશે

આરતી કીજે નકળંકી તમારી ૧૬

એજી અમર ભેદ કોઇ રીખીસરે પાયા.
બાર કીરોડી સું પીર સદરદીન તારેઆ

આરતી કીજે નકળંકી તમારી ૧૭

એજી અથરવેદ પરમાણે તમે ચાલો મોરા ભાઇ,
અજંપીઆ જાપ વિના મુગતી ન હોએ

આરતી કીજે નકળંકી તમારી. ૧૮

એજી સતપંથ ધરમ આરાધો મેરે ભાઇ,
અનંત કરોડી જીવને હુઇરે વાધાઇ
તે ધણી તારનાર આવા જુગમાંહી

આરતી કીજે નકળંકી તમારી. ૧૯

એજી ભજન કરતાં લાજ મત ધરના,
તો તમે કરી લીઓ નીરમળ મન.

આરતી કીજે નકળંકી તમારી. ૨૦

એજી ચેતણ હારા તમે ચેતો મોરા ભાઇ,
જુગ પરમાણે રાહા બનાઇ.

આરતી કીજે નકળંકી તમારી ૨૧

એજી સાંજ સવુ તમે જંપો મેરે ભાઇ,
યે આરતી પીર સદરદીને ગાઇ

આરતી કીજે નકળંકી તમારી ૨૨

સુન્નીઓની અઝાન

અલ્લાહો અકબર ચાર વખત, અશહદો અન લાએલાહા ઇલલલ્લાહ બે વખત, અશહદો અન મોહમદર રસુલીલ્લાહ બે વખત. હય્યા અલસ સલાત બે વખત, હય્યા અલલ ફલાહ બે વખત, અલ્લાહો અકબર બે વખત, લાએલાહા ઇલલ્લાહ એક વખત.

જો સવારની નમાઝની અઝાન હોય તો હય્યા અલલ ફલાહ પછી અસ્સલાતો ખૈરા મનીન નોમ બે વખત કહે.

અઝાન પછી એકામત કહે. તે પણ અઝાનની જેમ છે તેમાં હય્યા અલલ ફલાહ પછી કદ કામેતેસ સલાત બે વખત કહે.

અસ્નાઅશરીઓની અઝાન.

અસ્નાઅશરી ખોજાઓ હરરોજ પાંચ વખતની નીમાજ ભણે છે તે પહેલાં મસજીદનો મોઅઝઝન યાને અઝાન પોકારનાર મોટેથી અઝાન પોકારે છે. જ્યાં મસજીદ નહોય ત્યાં અથવા ગમે તે ઠેકાણે ગમે તેટલા માંણસો અથવા એકાદ નમાજ

પડતાં પહેલાં અઝાન પોકારે છે તે અઝાન નોચે પ્રમાણે છે.

અલ્લાહો અકબર ચાર વખત. અશહદો અન લાએલાહા ઈલલલ્લાહ બે વખત. અશહદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ બે વખત. અશહદો અન્ન અલીય્યન વલીયુલ્લાહ બે વખત. હૈયા અલસ સલાત બે વખત. હૈયા અલલફલાહ બે વખત. હૈયા અલા ખૈરીલ અમલ બે વખત. અલ્લાહો અકબર બે વખત. અઝાન પુરી થઇ.

અસ્નાઅશરીઓની એકામાહ.

અસ્નાશરીઓ અઝાન પછી તુરતજ એકા-માહ પડે છે અને તેની રીત અઝાન પ્રમાણેની છે.

બે વખત અલ્લાહો અકબર. બે વખત અશહદો અન લા એલાહા ઇલલ્લાહ. બે વખત અશહદો અન મોહંમદન રસુલુલ્લાહ. બે વખત અશહદો અન અલીયન વલીયુલ્લાહ. બે વખત હૈયા અલસ સલાત. બે વખત અલલ ફલાહ. બે વખત હૈયા ખલા ખૈરીલ અમલ. બે વખત કદ ક.મતિસ સલાત. બે વખત અલ્લાહો અકબર. એકામાહ પુરી થઈ.

પીરશાહનો જાપ.

ખાનાઈ ખોજાઓ જ્યારે જમાતખાનામાં બંદગી કરવાને આવે છે ત્યારે બંદગી શરૂ થયા પહેલાં તથા બંદગી પુરી થયા પછી તથા બંદગી થતી હોય ત્યારે તસ્બી વતી "પીરશાહ" ની માળા કાઢે છે, એટલે કે પીરશાહ કહી કહી તસ્બીનો એક એક દાણો સરકાવે છે. જેવો ધુવા જાણતા નથી તેઓ માત્ર "પીરશાહ" "પીરશાહ" જપ્યા કરે છે, આ પીરશાહથી પ્રથમ મુરાદ કલમાની રાખવામાં આવી હતી. પીર એટલે પેગંબર અને શાહ એટલે ખુદા. પણ હમણાં તો પીરશાહથી આગાખાનની મુરાદ સમજાવવામાં આવી છે. આવો જાપ જપનારા ધર્મની કેળવણીથી લગભગ અજ્ઞાન હોય છે. કેટલાક પુરૂષો તથા સ્ત્રીઓ પીરશાહની અમુક તસ્બીહો કાઢવાની માનતા લે છે અને જ્યારે તે માનતા બર આવે ત્યારે પુરી કરે છે. કોઇએ વધુ તસ્બીહો કાઢવાની માનતા માની હોય અને જ્યારે હાજત પુરી થાય ત્યારે તે તેટલી બધી તસ્બીહો કાઢવાની શક્તિ નહી ધરાવતો હોયતો, દરેક તસ્બીહ

કે સામટી તસ્બીહો માટે અમુક નાણું જમાતને પાટ ઉપર આપી દે છે તેથી તેની તેવી તસ્બીહો કબુલ થઇ ગણાય છે. આવી રીતે આવતું નાણું આગા સાહેબના ખજાનામાં જાય છે

ઘટપાટની ક્રીયા

ઘરપાટો મેળા, મજલીસો તથા જમાતખાનામાં નિયમિત વખતે સ્થાપવામાં આવે છે. આ વખતે જમાતના સ્ત્રી પુરૂષ જુદી જુદી બેઠકોમાં વહેંચાઇ હાજર રહે છે. કોઇ કોઇ વખતે સ્ત્રીઓ તથા પુરૂષો વચ્ચે એકજ ઘટપાટ થાય છે. અને જ્યાંની સ્ત્રીઓ આ ક્રીયાના મંત્રો ભણી જાણતી હોય છે ત્યાંની સ્ત્રીઓ ઇલાહેદો પાટ પણ મંડાવે છે. ક્રીયાની રીત એવી છે કે એક પેટી કે તાકામાંથી એક સ્વચ્છ રૂમાલમાં બાંધેલું પોટકું કાઢવામાં આવે છે; એટલે સઘળા સ્ત્રી પુરૂષો તેના સત્કાર અર્થે ઉભા થઇ જાય છે. આ પોટકાંને લાકડાના બાજઠ પર અને ઘણે ઠેકાણે આરસ પહાણના પાટ પર મુકવામાં આવે છે. હવે લોકો બેસી જાય છે. પા-

ટની બરાબર સામે એક મંત્ર ભણનાર તથા એક કોળી કે જેને સુકરીત નામ આપવામાં આવ્યું છે તે આપનાર બેસે છે. પાટપર એક સફેદ સ્વચ્છ કપડું પાથરી પેલું પોટકું ખોલવામાં આવે છે. ખોલવાથી તેમાં ત્રણ મોટી ચિનાઇ માટીની રકાબીઓ, બે ત્રણ મોટાં ઉંચા પ્યાલાઓ તથા દસ-બાર નાની પ્યાલીઓ નીકળે છે. પાણીનું એક વાસણ ભરી રાખેલું હોય છે તે વતી સઘળા વાસણોને ધોઇ નાખવામાં આવે છે, ધોઇ રહ્યા બાદ એક મોટાં ઉંચા પ્યાલામાં પાણી ભરવામાં આવે છે. સુકરીત આપનારની રકાબીમાં સાકરનો શીરો રાખી તે પર રૂમાલ ઢાંકવામાં આવે છે. મંત્ર ભણનાર કે જે પાણીના ભરેલા પ્યાલા સામે બેઠો હોય છે તે એક દાબડીમાંથી ખાકેશફાનો કકડો લઇ મંત્ર ભણતો ભણતો તે પાણીમાં પીગલાવી નાંખે છે. આ મંત્ર લંબાણ કારક તથા માર્ગીઓના ઘટ પાટનાં મંત્ર સાથે મળતુંજ છે. મંત્ર ભણવામાં સઘળા લોકો અન્યો અન્ય પંજાઓ મેળવી “ શાહજા દીદાર ” એમ બોલે છે. આ ક્રીયા

માર્ગી ઘટ પાટનીજ છે એમ આપણે આગળ જોઇ આવ્યા છીએ. શાહ એટલે ખુદા અને દીદાર એટલે દર્શન. મતલબ કે ખુદા ઘાટપાટમાં કોઇ પણ રૂપમાં આવી બેઠેલો છે અથવા દરેક હમદીન ખુદાજ છે. એમ જાણી પંજો મેળવી મુસાફો કરવામાં આવે છે. મંત્ર ભણાઇ રહ્યા બાદ સર્વ લોકો ઉભા થઇ જાય છે અને ન્યાજ (ખાકે શફા મેળવેલું પાણી) પીવાનું તથા સુકરીત લેવાનું કામ શરૂ થાય છે એક રકાબી સામે રાખી તેમાં નાની પ્યાલીઓ ભરી રાખવામાં આવે છે. અને જેમ જેમ ખાલી થતી જાય છે તેમ તેમ તેમાં પાણી ભરી દેવામાં આવે છે. પાણી નાખતી વખતે ખાકે શફા પીગળાવતી વખતે તથા દરેક નવીન આગત શરૂ થતાં પહેલા મંત્ર ભણનાર " ફરમાન " શબ્દ બોલે છે. લોકો જવાબમાં ' શાહે પીરનો વચન " એમ બોલે છે આ મંત્રો માર્ગીઓના ઘટપાટના મંત્રોને મળતાં છે. સઘળાઓમાંનો એક માણસ પાટ સામે આવી નમન કરી ઘુટણ મરડી સજદો કરે છે. તથા કાંઇક નાણું મુકી. નમન કરી એક પ્યાલી

માન પુર્વક હાથમાં લઇ પી જાય છે, તથા ખાલી ખ્યાલીની ભીનાશને બંને આંખોપર લગાડેછે. હવે તે સુકરીત તરફ પાટને નમન કરી પોતાની બંને હથેલીઓ તે સુકરીત લેવા ખુલ્લી કરી ધરે છે. સુકરીત વર્તાવનાર થોડું આપે છે. તે ખાઇ જઇ પોતાની જગ્યો પર જઇ ઉભો રહે છે. પાટ પર મુકવાની નાણાની રકમ માટે કોઇ ચોકસ આંકડો મુકરર હોતો નથી. પણ મોટા મેળાવડા વખતના ઘટ પાટના રૂપા દાન કે સુવર્ણ દાન સિવાય ત્રાંબા દાન મુકાતું નથી. બાકી સાધારણ ઘટ પાટોમાં સરદા મુજબ મુકવામાં આવે છે. એક માણસે જે રીતથી ન્યાજ તથા સુકરીત લીધાં તે મુજબ એક પછી એક એમ લોકો આવી ન્યાજ તથા સુકરીત લેછે. છેવટે મંત્ર ભણનાર પોતે પણ ઉપર મુજબ બંને વસ્તુઓનો લાભ મેળવે છે.

જો કે ઘટપાટની રીત ઉપર ટુંકમાં બતાવી છે તો પણ તેના મંત્રો તથા તે કેવી રીતે અને ક્યારે પડાય છે તે સંપુર્ણ રીતે જાણવા સારૂ ઘટ પાટની મી૦ લાલજી દેવરાજે છપાવેલી ચોપડીનો ગુજરાતી અક્ષરોમાં સક્ષાબરો ઉતરો નીચે આપું છું.

ઘટપાટ તથા તેની રીત.

ઘટપાટ તથા તેની રીતનું એક ગોટકા પુસ્તક મી. લાલજીભાઇ દેવરાજે સીંધી હરફો તથા કચ્છી ભાષામાં છપાવ્યું છે અને તે પ્રમાણેજ ઘટપાટની ક્રીયા થાય છે માટે તે પુસ્તકમાંથી તેનો ઉતારો નીચે આપું છું.

અલ્લાહ તોહાર

ધોઆ ગટપાટજી શરૂ કઇ વસીલે પંજતન પાકજે.

પેરી નાઇ ધોઇ પાક કપડા પેહેરે ઘટપાટને અચી વેજે ને જડેં કુંભ ગીનિ અચન તડેં કુંભ હથમે ઝલે હી ધુઆ પડજે.

પરથમ નમુ માતા ધરતીને માગું એક પસાએ, અઉઠ હાથ બખશીશ કરો, પધારવું કાયમ રાએ હક સીચા હએઝંદા કાએમ પાયા ફરમાન શાહાપીર.

પોએ કુંભ પાટતે રખી જમાતખે ચોજે ત ધુઆ દીઓ ગટપાટ થાપણજી ચાર અલ્લાહ મરેઆ..

૧ યા શાહા ગટપાટ માંઢેઆ મંડાણ માંઢેઆ શ્રીભાવર દેવતા આવોને બેઠા. પ્રથમ શામી નકળંકી

નાથ પધારેઆ શામીજીએ હાથે માંઢેઆ હાથે પુજીઆ. પુજ પુજંતા આવીઆ મેંતો ધરમસું પુજેઆ. વચન પેરે આવી પધારો શામી નીકળંકી નાથ હક સચા હએજંદા કાએમ પાયા ફરમાન શાહાપીર.

એતરો પડીને સુજદો દીજે પોઞે રૂમાલ છોડજે તડે હીઅ ધુઆ પડજે.

ધુઆ રૂમાલ છોડણજી.

૨ શુડ વીશનુ (વીષ્ણું) ઝાડ બીરમા ડારે ડારે મહેશર પાને પાને દેવતા એ તુરાની વીરખ (વૃક્ષ) સુફલ સદા સહી સાચા હક સહો. હએજંદા કાએમ પાયા ફરમાન શાહા પીર.

પોએ પીઆલેમેં પાણી ભરે કુંભમેં વીજણું થાંઆં ધુંણુ લાએ સો હી ધુઆ પડી વીજણું

૩ જલ ડાઢાં, જલ સીરાં, જલ દેખંતા. માહા વીકરાલ જલમાં ખેલંતા માસ આતમા નીરીજનપીરાણુ એણી પાવલથી ઓધરે ભાઇ અનંત કીરો ડસુ ગુરપીર હસન કબીર દીન હક સહી હએજંદા કાએમ પાયા ફરમાન શાહા પીર.

એતરો પડી ત્રીઓ ભાગ પાણીને કુંભમેં વીજ ણું. નેથાંઆ ધુણાં. પાછો બીઓ ભાગ વીજી બીઇ ફેરા ધુણાં એન રીત થાંઆ ત્રે રીતે ધુણાં ને થાઆં ધુજે તડે હી ધુઆ પડજે.

૪ સીરી સતગુર ભીરમા હો વાચા પરથમ-કરતા જુગ મધે શામીજીના ચાર રૂપ, ઉત્તર દીશે પરવર તંતે. તીઆં પાંચ કીરોડસું રાજા પએલાજ ગટપાટ થાપંતા, તારે સોનાના ઘાટ સોનાના પાટ. કુંજર જાગ કરતવા. સોનાનું મુલ દેતવા. એણે ફલે થી પાંચ કીરોડસું રાજા પએલાજ સીજંતાં હો શામીજી. તેમ બાજી ત્રેતા જુગ મધે શામીજીના-ત્રણ રૂપ પૂર્વ દીશે પરવર તંતે. તીઆં સાત કીરો ડસુ રાજા હરીચંદ્ર સતી તારા રાણી લોચની કુંઅ ર રોહીદાસ ગટપાટ થાપંતા. ત્યારે રૂપાના ઘાટ રૂપાના પાટ અશવ (અશ્વ) જાગ કરતવા. રૂપાનુ મુલ દેતવા એણે ફલેથી સાત કીરોડસુ રાજા હરીં ચંદ્ર સતી તારા રાણી લોચની કુંવર રોહીદાસ સીજંતા હો શામીજી. તેમ ત્રીજા દુઆપુર જુગ-મધે શામીજીના દોએ રૂપ દખણ દીશે પરવર તંતે

તીઆં નવ કીરોડસુ રાજા જુજેસઠળ (યુધિષ્ટર), પાંચ પાંઢવ, માતા કુંતા સતી દ્રુપતી ગટપાટ થાપંતા. તારે ત્રાંબાના ઘાટ, ત્રાંબાના પાટ ગઉઆ જાગ કરતવા. ત્રાંબાનું મુલ દેતવા. એણે ફલેથી નવ કીરોડસું રાજા જુજેસઠળ, પાંચ પાંઢવ, માતા કુંતા-સતી દ્રુપતી સીજંતા, હો શામીજી. તેમ ચોથા કુલ જુગ મધે શામીજીનું એક રૂપ પછમ દીશે પરવરતંતે તીઆં બાર કીરોડસું પીર સદરદીન ગટપાટ થાપંતા તારે માટીના ઘાટ માટીના પાટ અજાજાગ કરતવા. અજાનું મુલ સેહેજે દેતવા. એણે ફલેથી બાર કીરોડસું પીર સદરદીન સીજંતા. હો શામીજી. તેમ આજ ફૂડતાર વેલા મધે અણંત કીરોડસું પીર ગુર પીર હસન કબીરદીન ગટપાટ થાપતાં. તે વર શામી રાજો આવશે. મોમન રીકીસરને તારશે. સોનાનાં કાંકણ હાથે કરી ઉઠાડશે. સત દાન સુકરીત ખીર ખાંડ ગીરથ (ઘૃત) અમરત ભોજન એ નુર સુકરીત ગુર મુખે દેતવા. એણે ફલેથી અણંત કરોડસું ગુર પીર હસન કબીરદીન સીજંતા હો શામીજી. હક સચા હુએ જંદા કાએમ પાયા ફૂરમાન શાહા પીર.

વાસણ ધોઇ પોએ લોબાન દીજે તડે હીં ધુઆ પડજે. પેરી લોબાન કુંભણે ખોંવાંએ જે.

૫ ધુપ લોબાન ખવે અગર ચંદનની વાસના. તે વાસના શાહા પીર સરવે દેવતાને ચડે. તે વાસના સરગ સંચરે તે વાસના પીર પેકાંબર ભોગવે. તે વાસના ગટપાટના ઠામ પવિત્ર કરે. હક સચા હએ જંદા કાએમ પાયા ફરમાન શાહા પીર.

પોએ લોબાન સુકરીત કે ખેવાએજે તડેં હી ધુઆ પડજે.

૬ અન પાણી દેવતા. જાગો દેવ દેવતા. રીકીસર દેવતા. થાર ભરપુર. તેજ ભરપુર નામ ભરપુર. ઇમામ કેવલાસી ગુર પીર હસન કબીરદીન ભરપુર. હક સચા હએઝંદા કાએમ પાયા. ફરમાન શાહા પીર

પોએ થાંઆ બરાબર કરે. પીઆલો પાણીજો ભરે ને હીઅ ધુઆ પડી કુંભમેં વીજજે.

૭ પાણી પાક. પવન પાક. ધરતી પાક. આકાશ પાક. ચાંદો પાક. સુરજ પાક. સાહેબજીનું કલસ પાક. સાહેબજીનું નામ પાક. સાહેબજીના નામથી સાહેબજીની જમાથ પાક. પાંચ કીરોડસુ

રાજા પએલાજ પાક. સાત કીરોડસું રાજા હરી-ચંદ્ર પાક. નવ કીરોડસું રાજા જુજેસહળ પાક. બાર કીરોડસું સતગુર પીર સદરદીન પાક. અનંત કીરોડસું ગુરપીર હસન બીરદીન પાક. હક સચા હએજંદા કાએમ પાયા ફરમાન શાહા પીર.

એતરો પડી કુંભમેં વીજીને બરાબર ભરજે પોએ પીઆલી બીએ મીંજાથી ભરે ને કુંભમેં વો-જજે તડેં હી ધુઆ પડજે.

૮ જલ નામંતાં જલ નામંતાં એ નુરાની કુંભ સીરી સતગુરજીએ જલે ભરેઆ. અમીજલ ભરેઆ. ભીરમા રીકીસરને હાથે દેતવા. હક સચા હએજં-દા કાએમ પાયા ફરમાન શાહા પીર.

પોએ કુંભ સામા હથ બે જોડે હી ધુઆ પડજે.

૯ સત જલ સત ભાવ સતે નુરે કુંભે જલ ભરેઆ. સત પવિત્ર તે જલ શામી થલ શામી. શા-મીજીને હાથે કુંભ શામીજીને નામે કુંભ ભરી ચ-લાવંતે નુર. પરથમ રાજા પએલાજ નુર પામેઆ. રાજા હરીચંદ નુર પામેઆ. રાજા જુઠેસઠળ નુર પામેઆ. પીર સદરદીન સત ચલાવેઆ. ગુર પીર

હસન કબીરદીન અણંતમાં સતી જીવને તારશે. કું-ભમાંએ સાહેબજીકા વાસ. અમીજલ સત ધરમ. સતભાવ સતપંથ શામીજીનું નામ. પીસુ પીયુ નીરીજંન નીરાકાર. હક સચા હએજંદા કાએમ પાયા ફરમાન શાહા પીર.

એતરો પડી સુજદો દીણું પોએ જમાતખે ચો-જે હેક મન થીઓ અલ્લાહ મીરેહેઆ

મુખી ધુઆ પડો, કામડીઆ ધુઆ પડો. સરવે જમાત ધુઆ પડો. હક નામ ગીનો. મૌલા અલી ઇમાન સાજાંએ દીનીઆ. બરકત ધુઆ સાંજી સો-મણી સુબુહજી ગટ પાટેંજી ધુઆજી વેનતી ખીસે અમર પુઠીઆ શાહા તોજે દરગાહમેં કબુલ ક-ર મૌલાના આગા સુલતાન મહંમદ શાહા દાતાર.

એતરો ચઇ સુજદો દીજે. પોએ હક નામ પી-ર શાહ ચઇ પીર શાહા જે નામજી તસબી હેકડી કઢી અલી અલ્લાહ ચઇ સુજદો દીણું. પોએ નીઆ-જજી ગોરી હાથમેં ઝલે હી ધુઆ પડજે.

૧૦ જીઆં થાએ કલસ ઘટ થાપના તીઆં બેઠા બાર કલાસું સુરજ. જીઆં થાએ કલસ ઘટ

થાપના તીઆં બેઠા સોળ કલાસું ચંદ્રમા. જીઆં થાએ કલસ ઘટ થાપના તીઆં બેઠા દેવ નીરીજંન ગોવીંદનાથ. જીઆં થાએ કલસ ઘટ થાપના તીઆં બેઠા ગુર ગત ગંગા. જીઆં થાએ કલસ ઘટ થાપના તીઆં બેઠા સાત શાએર નવસો નવાણું નદીઉં. જીઆં થાય કલસ ઘટ થાપના તીઆં બેઠા બાવા ગોરખ જતી. જીઆં થાએ કલસ ઘટ થાપના ત્યાં બેઠા નવાણું કીરોડ જખ. જીઆં થાએ કલસ ઘટ થાપના તીઆં બેઠા છપન કરોડ મેઘમાલા. જીઆં થાએ કલસ ઘટ થાપના તીઆં બેઠા છત્રીશ કીરોડ કીનર. જીઆં થાએ કલસ ઘટ થાપના તીઆં બેઠા તેત્રીશ કરોડ દેવતા. જીઆં થાએ કલસ ઘટ થાપના તીઆં બેઠા પાંચ કરોડસું રાજા પએલાજ. જીઆં થાએ કલસ ઘટ થાપના તીઆં બેઠા સાત કરોડસું રાજા હરીચંદ સતી તારા રાણી લોચની કુંવર રોહીદાસ. જીઆં થાએ કલસ ઘટ થાપના તીઆં બેઠા નવ કરોડ સું રાજા જુજે સઠળ પાંચ પાંઢવ માતા કુંતા સતી દ્રોપતી. જીઆં થાએ કલસ ઘટ થાપતા તીઆં બેઠા બાર કરોડ સું સતગુર પીર સદરદીન. જીઆં થાએ કલસ

ઘટ થાપના તીઆં બેઠા અણંત કરોડ સું ગુર પીર હસન કબીરદીન. એ નર સીરી ઈસલામ શાહા અવતાર. કમલનો ઘડો ઉત પુત પાણી સાથે લઇ ભરેઓ, તે લઇ ગુર ભીરમા આગળ ધરેઓ. ગુર ભીરમાએ લઇ ગટ પાટ થાપેઓ. તારે હુવા ભીરત લોકમાં માનવી ઈંદ્રપુરીમા દેવતા કોઇ હેક મન હેક ચીંત કલસ કુંભની પુજા કરે, તે તો ભવો ભવ પાર ઉતરે. સતગુર સોહોદેવની વાચા ભીરમાં કહે તે સાચા હક સચા હએજંદા કાએમ પાયા ફરમાન શાહા પીર.

એતરો પડી સુજદો દીણું. પોએ કુંભમેં ગોરી ગારજે. તડેં હીં ધુઆ પડજે.

૧૧ ચા શાહા કુંભે બાંધેઆ જલ રહે જલ વીના કુંભ ન હોએ. ગીનાને બાંધેઓ મન રહે, ગુર વીના ગીનાન ન હોએ. આદ કુંભ સદા ઉતમ ઉપના સદાએ કુંભ પરવરતંતે પુજંતે શામીજીના દરસણુ હો શામીજી. દસ દોશ વીવરજંતે. જીવું કારણુ ભયો ભીરમા અહુંકાર આદ અલી માહા જોધવંત. અલી ઉતમ ઉપના અલી અવતાર પાત્ર જે નર જાગી સીહેવંતા તે સાધુ ઉતમ ઉપના. જે નર કલજુગ મધે માનંતા જાએ પુજંતા તે નર લ-

હેત અમર અમરાપુરી. જે નર ન સીરેવંતા તે જાતા ઘોર અંધાર. સતગુર સોહોદેવની વાચા. ભીરમા કહે તે સાચા. પરથમ કરતા જુગ મધે સાહેબજીના ચાર રૂપ. ત્રેતા જુગ મધે સાહેબજીના ત્રણ રૂપ. ધુઆપુર જુગ મધે સાહેબજીના દોએ રૂપ. આજ કલજુગ મધે સાહેબજીનું એક રૂપ. ઘટ પાટકા એ વીચાર. સુણો મુર્નીવરો એણી પાવડીએ ઓધરેઆ ભાઇ જખ મેઘ કીનર તેત્રીશ કરોડ દેવતા રીકીસરના કાંકણ બાંધી સીધાં સરવે કાજ, એણી પાવડીએ ઓધરેઆ ભાઇ રાજા પએલાજ. પાંચ કરોડ રીકીસરના કાંકણ બાંધી સીધાં સરવે કાજ. એણી પાવડીએ ઓધરેઆ ભાઇ રાજા હરીચંદ સતી તારા રાણી લોચની કુંવર રોહીદાસ. સાત કીરોડ રીકીસરના કાંકણ બાંધી સીધાં સરવે કાજ. એણી પાવડીએ ઓધરેઆ ભાઇ રાજા જુજેસઠળ પાંચ પાંઢવ માતા કુંતા સતી દ્રોપતી. નવ કરોડ રીકીસરના કાંકણ બાંધી સીધાં સરવે કાજ એણી પાવડીએ ઓધરેઆ ભાઇ સતગુર સદરદીન. બાર કીરોડ રીકીસરના કાંકણ બાંધી સીધાં સરવે કાજ. ગોવીંદ ગોવીંદ નંદ ઘેર ધેન ચરાવે. સરવેઇ ગોવરચંદ બાલા. ઉગીઆ ચાંદ ગટ કૂલુંકી માલા

કમલકા ફુલ જેણે સતપંથ ન સીરેવીઆ, તેણે ફુલે એલેઆ હાર. એતો નીઅમ જાણી નીઅમ જલ બાંધી પાર. સતગુર બેઠા જંપુ દીપ મીંજાર. ગટ થાપેઆ ગટ પખારેઆ. રીકીસરને ઓધારશે, દૈતુંને દેશે પહંઆર. હક સચા હએજંદા કાએમ પાયા. પાવલકા એ વીચાર એણી પાવડીએ ઓધરે ભાઈ અણુંત કરોડસું ગુર પીર હસન કબીરદીન સાથે યારેસે ઓધરશે શાહજી તુંહી ભણુત પીર સદર-દીન કંથત ઓસ્તાદ ગુર પીર હસન કબીરદીન સ-તગુર સોહોદેવની વાચા, ગત ગંગા માંએ અમી-જલ ભરેઆ તીઆં નીરીજંન સાહેબજીકા વાસા સુગરા હોવે સો ભર ભર પીવે, નુગરા જાએ પીઆસા. હક અશહદો અન લાએલાહ એલલ્લાહ અશહદો અન મહંમ્મદ રસુલીલ્લાહ અમીરલ મોમનીન અ-લી સહી અલ્લાહ, એણે કલમે કલમું પાક. જમીન અસમાન થંભેઆ હક સચા હએજંદા કાએમ પાયા શાહજીનું નામ સીરી અલખ નીરીજંન નીરાકાર નામ સુન સાન નામ ગીનાન તેજ કમલ તતવ પીરેમ તતવ આપે મન આપે ધીઆન કરતબંગ તો શાહજી હક સચા હએજંદા કાએમ પાયા ફરમાન શાહાપીર.

એતરો પડીને સુજદો દીજે, પોએ હીઅ પડજે.

તોબો તોબો તકસીરદાર, બંદો શીરતાપા ગુનેહગાર, યા શાહાતું બક્ષીએ બખશણહાર. પીરથો ઘોઆ પડે. બંદો થો વેનતી કરે. સચો શાહાથો કબુલ કરે. ફરમાન શાહ પીરજો વચન. (એતરો ચઈને તસબી પટતે રખી પોએ હીઅ પડણું).

સચો વચન સુભાન અલ્લાહે શુકરન લીલ્લાહે, વલ હમદો લીલ્લાહે, વલા ઇલાહ, ઇલલલ્લાહો અલ્લાહો અકબર. વલા હઉલ વલા કુવ્વત, ઇલ્લા બીલ્લા હીલ અલીયુલ અઝીમ, રહીમ, કરીમ, કસીમ, હજરત બુજરક પાક પરવર દીગાર, દેલમ દેશ, માનખા વેશ, ખંડ એરાક, સતોહતેર પાત્ર, અડતાલી ઇમામ. દસમો નકલંકી અવતાર, મઉલાના સુલતાન મહમ્મદ શાહા દાતાર.

(સીજદો દીજે પોએ હક આશ ચયને વીશનાપુરી અને શાજી પુઠીઉં પડજે).

વીશનાપુરી

ત્રણ કરણ મધે શામીના અવતાર, પાત્ર પરબરતંતે—શ્રી અહુણાદ (૧) અહુણાદથી અલખ (૨) અલખથી નામનીલ (૩) નામનીલથી અનીલ (૪) અનીલથી સુન (૫) સુનથી સાન (૬) સાનથી નાન

(૭) નાનથી ગીનાન (૮) ગીનાનથી નુર (૯) નુર થી તેજ (૧૦) તેજથી જલ (૧૧) જલથી કમલ (૧૨) કમલથી અદભુદ (૧૩) અદભુદથી જાગ (૧૪) જાગથી તંતવ (૧૫) તંતવથી પરેમ તંતવ (૧૬) પરેમ તંતવથી આદ પુરૂશ (૧૭) આદ પુરૂશ નાભ ચક્કરથી ભયો ભીરમા. શ્રી અહુણાદ, આદ, અવી-આગત આદ. શ્રી હુવ, કવ, ધરમ, કેશવ, તઉણાદ ઉતરા, હરીતક, પુરૂરવા અંત અતીત, પરેમરૂખ, વંશ શ્રી મછ. (૧) શ્રી મછના મનાએક, અજામેર, આગર સેન, એછાઉત, ભીરેસપત, અસુઅમીતર, પઉતર, પડવીર, વંશ શ્રી કોરભ. (૨) શ્રી કો-રભના ભસરીઆત,. દાખીઆત, પીરજાપત, અગર-સેન, કદીમ, દોએલ, વંશ શ્રી વારા. (૩) શ્રી વા-રાના કેશવ, ખત્રી અવસ, અસ અનાઉ, નસ ખલી-પત, ગોતમ, અંત હરીતક વંશ શ્રી નરસી. (૪) શ્રી નરસીના મનાએક, કઉચક, રેપક, કેશવઢણુ, કેશવરૂખ, વંશ શ્રી વાએમણ. (૫) શ્રી વાએમ-ણના માનધાતા, પોરોથમી, જએશરીન, જવલગન, વંશ શ્રી ફણસીરામ. (૬) શ્રી ફણસીરામના રૂગ-નુગ, જુજેઆત, કબલ, અજેપાલ, દસરત વંશ

શ્રી રામ. (૭) શ્રી રામના પદમ, જશવઢણ, વીરચાર, વાસદેવ, વંશ શ્રી કીરસનજી કાન. (૮) શ્રી કાનના પરીખત, જનમેજએ, સેસાનંદ, સતાનંદ, બીણવછરાજ, વંશ શ્રી બુધ. (૯) શ્રી બુધના શએશ, શામ, સલામ, મલકાન, એસલામ, હારાન, સામાન, સાફાન, અદનાન, માઆદ, નીજાર, મજર, એલીઆસ, મુદરક, ખુઝેમે, કનાને, નઝર, માલક, ફેહર, લુવેએ, કએબે, મુરેએ, કનાન, કુશાએ, અબદલ મુનાફ, અબુ હાશામ, અબદલ મુતલબ, અબુતાલબ વલી વંશ શ્રી શાહ મઉલા મુરતજા અલી (૧૦).

(શાહાજી પુઠીઉં)

—વચન અબુ તાલબ વલી—

૧ હક મૌલાના શાહ અલી.
૨ ,, ,, ,, હુસેન.
૩ ,, ,, ,, ઝએનુલ આબદીન.
૪ ,, ,, ,, મોહમ્મદ બાકર.
૫ ,, ,, ,, જાઅફર સાદીક.
૬ ,, ,, ,, ઇસમાઇલ.
૭ ,, ,, ,, મહમ્મદબિન શાહા ઇસ્માઇલ
૮ ,, ,, ,, વફી અહમ્મદ.

૯ હક મૌલાના શાહા તકી મહમ્મદ.
૧૦ ,, ,, ,, રઝો અબદલ્લાહ.
૧૧ ,, ,, ,, મહેદી મહમ્મદ.
૧૨ ,, ,, ,, કાચમ
૧૩ ,, ,, ,, મનસુર.
૧૪ ,, ,, ,, મોએજ.
૧૫ ,, ,, ,, અઝીઝ.
૧૬ ,, ,, ,, હાકમ અબુ અલી.
૧૭ ,, ,, ,, જાહેર અલી.
૧૮ ,, ,, ,, મુંસતનસીર બીલ્લા
૧૯ ,, ,, ,, નીજાર.
૨૦ ,, ,, ,, હાદી.
૨૧ ,, ,, ,, મોહતદી.
૨૨ ,, ,, ,, કાહેર.
૨૩ ,, ,, ,, અલા જીકરીઆ સલામ.
૨૪ ,, ,, ,, અલ્લા મહમ્મદ.
૨૫ ,, ,, ,, ખુદ જલાલુદીન.
૨૬ ,, ,, ,, અલાઉદ્દીન મહમંદ.
૨૭ ,, ,, ,, રૂકનુદીન ખુરશાહા.
૨૮ ,, ,, ,, શામશદ્દીન મહમ્મદ.

૨૯ હક મૌલાના શાહ કાસમશાહ
૩૦ ,, ,, ,, ઈસલામ શાહા.
૩૧ ,, ,, ,, મહમંદબિન ઈસ્લામશાહા
૩૨ ,, ,, ,, મુસ્તનસીર બીલ્લા
૩૩ ,, ,, ,, અબ્દ સલામ.
૩૪ ,, ,, ,, ગરીબ મીરજા.
૩૫ ,, ,, ,, બુદરઅલી.
૩૬ ,, ,, ,, મુરાદ મીરજા.
૩૭ ,, ,, ,, ઝુલફ્કારઅલી.
૩૮ ,, ,, ,, નુરદીનઅલી.
૩૯ ,, ,, ,, સઈયદ ખલીલીલ્લા અલી
૪૦ ,, ,, ,, નીજાર.
૪૧ ,, ,, ,, સઇયદઅલી.
૪૨ ,, ,, ,, હસનઅલી.
૪૩ ,, ,, ,, કાસમઅલી,
૪૪ ,, ,, ,, અબુલ હસનઅલી
૪૫ ,, ,, ,, ખલીલીલ્લા અલી.
૪૬ ,, ,, ,, હસનઅલી.
૪૭ ,, ,, ,, આગા અલીશાહા દાતાર
૪૮ ,, ,, ,, આગા સુલતાન મહમદશા

હાજર જોમેજો ધણી, વારે કેરો પુરૂષ, સીરે વો ઇમામ હાદીયુલ મેહદી, સાહેબલ અમર, આગા સુલતાન મહમ્મદ શાહા દાતાર. અણંત કીરોડીઉ તારણહાર, હાજર જોમેજો ધણી ખીંસે અમર પુઠીઆં. શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહમ્મદ શાહા (સીજદો દીજે).

પંજ પાટી—અલી અલ્લાહ, અલ્લા હુમ્મા યામઉલાના અનત સલામ વ મીનક સલામ વ એલેકા અરજહુ સલામ, વ અલએક, અલફ સલામ, હઇયના, રબ્બના, બી સલામ, બ અદખલના, દાર સલામ, તબારકત રબ્બના, વ તાલએત, યાઝુલ જલાલ વલ એકરામ. ૧

(એતરો સભની પાટતે પડજે)

બે ફઝલેકા વ રહમત બકુન યા મઉલાના ૨

લુતફ વ કરમ કુન યા મઉલાના ૩

લા હઉલવલા કુવ્વત ઇલ્લા બકુન યા મઉલાના ૪

ઝુદ ઝુદ બ ફરીયાદ મ રસ યા મઉલાના ૫

(વેલ પંજ પાટીજો)

અલ્લા હુમ્મા યા સય્યદી મીન્નકા મદદી,

વ અલએઠા મોતમદી, ઈય્યાકા નઆબદો વ-ઈય્યાકા નસતઈન, યા અબલ કાસ અગીસની, યા અલી અદરકની, બલુતફે કલ ખફી, સવાણી, રહ-મતી, મરહમતી, સચ્ચો મહમ્મદ અરબી, અલી મહમ્મદ યક બુદા, હક શનાસ દફે બલા–લાઈલાહ ઈલલલ્લા મુહમ્મદ રસુલીલ્લા અલી અમીરલ મો-અમેનીન સહી અલ્લા. હસમે નલ્લાહ વ નેમલ વ-કીલ, વ નેમલ મઉલા, વ નેમલ નસીર, ગુફરાનકા રબ્બના વ અલેકલ મસીર–પંજ પાટીજી વેનતી. ખીસે અમર પુઠીઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહમદ શાહા (સી-જદો દીજે. પોઓ શાહા દીદારજો પંજો દીઈ સુજી-દો દીજે. પોએ તસબી કઢી હી પડણું).

અલી અલ્લાહ શાહીએં, દરગાહીએં એશક દા-રીએ, પંજે ભાઈએખેં તુંસી તોહોજો દીદાર દીએં, ખોસે અમર પુઠીઆં શાહા તોહોજે દરગાહમેં ક-બુલ કર મઉલાના આગા સુલતાન મહમ્મદ શાહા

(સુજદો દીજે પોએ હી પડણું.)

અલી અલ્લાહ, યાહા શાહા ફજલ વ રહેમત

કરીએ, કુલ બલાયું દફે કરીએ, જીએરેંખે જો દીએ, સોએંખે મોખ દીએં, જીનીંજા પીંઢ ભગે તીનીંજા જીવ સુખાએં કરીએં, ખએર પેદા કરીએં, શર દફે કરીએં, તોહોજો દીદાર નસીબ કરીએં; બરકત ઘોઆ સાંજીઅજી વેનતી બીસે અમર પુઠીઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહમ્મદ શાહા.

(સીજદો દીજે સીજદેમેં હીઆ પડણું)

યા શાહા પીર વકીલ જુમલો જમાથ સાદર પીદર, ખેશ બીરાદર, જીનદે મોરદે, બંદે સીરતાપા ગુનેહગાર, યા શાહા તુ બકશીએ બકશણુ હાર.

—બીસમીલ્લા હીર રહમા નીર રહીમ—

લાઈલાહ ઈલલ્લા હુલ હયુલ કયુમ, લાઈલાહા ઈલલલ્લા હુલ મલ્કુલ હકકુલ મુબીન. લાઈલાહ ઈલલ્લા હુલ મલકુલ હકકુલ યકીન. લાઈલાહ ઈલલ્લા હુલ માલેકે યવ મીદીન, લાઈલાહ ઈલલલ્લા હુલ અલીયુલ અઝીમ, લાઈલાહ ઈલલલ્લા હુલ હલીમુલ કરીમ, લાઈલાહ ઈલલલ્લાહો રબ્બે સમાવાતે સબઆ વ રબ્બે અરઝીન સબઆ વ માફી હીન

વ મા બએન હુન, વ રબ્બીલ અરશલ અઝીમ, લાઈલાહા ઈલલલ્લાહો મહમ્મદ રસુલીલ્લાહે વ અમીરલ મોમનીન અલી સહી અલ્લાહ હકન હકા. અસતગ ફીરૂલ્લા હીલ અઝીમે વ બે હમદેહી. અસતગ ફેરૂલ્લા રબ્બી વ આતુબો અલેહે. લાઈલાહા ઈલ્લા અનત સુબહાનકા ઈન્ની કુનતો મેનઝ ઝાલમીન, લાફતા ઈલ્લા અલી લા સએફ ઈલ્લા જુલફેકાર.

(નાદે અલી)

નાદે અલીયન મઝહરીલ અજાએબ, તજદહુ અઉનલ લેકા ફીન નવાએબ, કુલ્લે હમ્મીન વ ગમ્મીન. સયનજ અલી બવીલાયતેકા યા અલીયો યા અલી.

એતરો પડી બ બાજુ હુકારો વીજજે. પોએ ચોજે ત તસબી કઢો સુબુ સાહકજી અલ્લાહ મરેહેઆ સુબહાનલ્લાજી તસબી હેકડી કઢી અલી અલ્લાહ ચય સુજદો દીણું. પોએ કુંભજી કીનાર તે આંગર ફેરણી તડેં હી ધુવા પડજે.

ધુવા કાંકણુ બંધણુજી.

યા શાહા અલી, અલ્લાહ હક ડું, પાક ડું,

દાના, તું, બીના તું, અવલ તું, આખર તું, જાહેર તું, બાતેન તું, પએદા તું, પનાહ તું, ગટ તું પાટ તું. ચાર દીશાઉં બાંધી બંધાવે ચલાવે તું, જેમ પાંચ કીરોડસું રાજા પએલાજ ઉત્તર દીશે કાંકણ બાંધે તું, તેમ સાતે કીરોડ સું રાજા હરી-ચંદ્ર સતી તારા રાણી લોચણી કુંવર રોહીદાસ પુર્વ દીશે કાંકણ બાંધે તું. તેમ નવ કરોડ સું, રાજા જુજેસઠળ પાંચ પાંઢવ માતા કુંતા સતી દ્રુપતી. દખણ દીશે કાંકણ બાંધે તું. તેમ બાર કી-રોડસું સતગુર પીર સદરદીન પછમ દીશે કાંકણ બાંધે તું, તેમ આજ કળતાર વેલા મધે અનંત કીરોડ સું ગુર પીર હસન કબીરદીન કાંકણ બાંધીને ઉઠાવશે શામીજી તુંહીં. આજ કલજુગ વારે છેલે અજા દાનથી પીર મુખ પાટ ઉતારણહાર શામીજી તુંહીં. ભણત પીર સદરદીન. કંથત ગુર પીર હસન કબી-રદીન, શામીજી આજ જીવડા તુંહીં તારીએ તારણ-હાર, હક સચા હએજંદા કાએમ પાયા

એતરો પડી સુજદા દીણું. પોએ ચંઇ દીસે ચાર છંઢા વીજજે. તડેં હીં ખુલા પડજે.

ઉત્તર દીશ સતગુર બ્રીરહમા નવાણું કીરોડ જંપ. કીરોડ પાંચ સું રાજા પ્રહેલાજ ફરમાન.

પુર્વ દીશે ગુર વીજેસઠળ છપન કીરોડ મેઘમાલા કીરોડ સાતે સું રાજા હરીચંદ્ર સતી તારા રાણી લોચણી કુંવર રોહીદાસ ફરમાન.

દખણ દીશે ગુર બીદર વીઆસ બત્રીશ કીરોડ કીનર કીરોડ નવેંસું રાજા જુજેસઠળ પાંચ પાંઢવ માતા કુંતા સતી દ્રુપદી, ફરમાન.

પછમ દીશે ગુર નબી મહમદ મુસતફા સલહલા અલેહે વસલમ બાર કીરોડ સું સતગુર પીર સદરદીન તેત્રીશ કીરોડ દેવતા અમરાપુરીનો વાસ વસાયા ફરમાન.

ચાર દીશે ચાર છંદા વીજી પોએ કુંભજી કીનાર તે આંગળી રખી હી પડજે.

યા શાહા ઉત્તર પુરબ દખણ પછમ ચાર દીશું ચાર અવદીશું ચાર ખાણ ચાર વાણ ચાર જુગ. ચાર વેદ, ગુર ભેદ મારગ એક. પંજતન પાક હક સચા હુએજંદા કાએમ પાયા.

એતરે પડી બ છંઢા જમીન તે વીજી બ છંઢા આસમાન કોશ વીજીને સુજદો દીણું. પોએ પીઆલી કુંભ મીંજા ભરે હથમેં ઝલે હી પડજે.

નવાણું કીરોડ જખ છપન કીરોડ મેઘમાલા બત્રીશ કીરોડ કીનર તેત્રીશ કરોડ દેવતા, એક લાખ ચોવીશ હજાર પએકાંબર સીત્તર સોહોસો હુસેની આલ પાક પીઆલો પાક નુર પીઆલો શ્રી સાહેબજીને હાથ. હક સચા હએજંદા કાએમ પાયા.

એતરો ચઇ પીઆલી સુકરીતમેં રખી પોએ ચોજે ત ધુઆ દીઓ સુકરીતજી અલ્લાહ મરેહેઆ.

૧૯ સત સુકરીત કરો મુનીવરો, સુણો રીકીસરો સુણો મુનીવરો પરથમ કરતા જુગમધે રાજા પએલાજ કુંજર દાન દેતવા. એણી રીતે સુકરીત કરતવા તે પાંચ કીરોડ રીકીસર અમરાપુરી પોહોતા. સુણો રીકીસરો સુણો મુનીવરો બીજે ત્રેતા જુગમધે રાજા હરીચંદ્ર સતી તારા રાણી લોચણી કુંવર રોહીદાસ અશ્વનુ દાન દેતવા એણી રીતે સુકરીત કરતવા તે સાત કીરોડ રીકીસર અમરાપુરી પોતા. સુણો રીકીસરો સુણો મુનીવરો ત્રીજે દુઆપર જુગ

મધે દાન આપસું રાજા જુજેસઠળ પાંચ પાંડવ ભો-
મ અરજણ સહદેવ નકુળ ભાઈ સુરે બાછડાનું હ-
રીચન ભાવંતા દાન દેતવા એણી રીતે સુકરીત ક-
રતવા તે નવ કીરોડ રીકોસર અમરાપુરી પોહોતા
સુણો રીકોસરો સુણો મુનીજરો. ચોથે કલજુગ મધે
સતગુર પીર સદરદીન અજાનું દાન દેતવા એણી
રીતે સુકરીત કરતવા તે બાર કીરોડ રીકીસર અ-
મરાપુરી પોહોતા, સુણો રીકોસરો સુણો મુનીવરો
પાંચે સું પએલાજ સાતે સું રાજા હરીચંદ્ર નવે
સું રાજા જુજે સઠળ બારે સું સતગુર પીર સદર-
દીન એ ચાર જુગના ચાર ભગત સંપુરણ હુવા.
તેમ આજ ધરમ નીઅમ એ રીતે ગુર પીર હસન
કબીરદીન વર લેતવા. તે અમર કાએયા અમરાપુરી
લેશે. સત દાન સુકરીત ખીર ખાંડ ગીરત અમરત
ભોજન એ નુર સુકરીત ગુર મુખે દેતવા. એણે ફ-
લેથી અનંતમાંથી અડતાળીશ કીરોડ સતી જીવને
તારશે. તે રીકીસર ગીયાની ધીયાની જેના રદામાંહે
અમીજલ વસે તે ધરમ નીઅમ દસોંદ સુકરીત
ગુર મુખે દેતવા મન ભાવંતા હક નુર સતગુર બી-
રહમા કહે સો નુર હક સચા હએજંદા કાએમ પાયા.

એતરો પડી સુજદો દોણું. પોચ પીઆલી સુક્રીત મીંજાથી ખણી અધ સુકરીતમેં વીજી ને અધ પાછી કુંભમેં ઠલાયજે. પોએ પીઆલી પાછી કુંભ મીંજા ભરે કુંભ મથે હથમે ઝલે હી પડજે.

૧૭ એંણે ગટે ગુર બીરહમા, એણે ગટે વીશનું, એણે ગટે દેવ મએશર, ગટસું ગટ કરો ગટમાં તમારી કલા ધરો. તમે શાપેઆ તમે થપાએઆ તમે દીધા અમે નુર કરી પીધા. જેમ પાંચ કીરોડ સું રાજા પએલાજ નુર પીધા, તેમ સાતે કીરોડ સું રાજા હરીચંદ્ર નુર પીધા, તેમ નવે કોરોડ સું રાજા જુજેસઠળ નુર પીધા, તેમ બારે કીરોડ સું સતગુર પીર સદરદીન નુર પીધા, તેમ અણંત કીરોડ સું ગુર પીર હસન રબીરદીન નુર પીધા એ નુર પીશે. એ ગુર સોનાનાં કાંકણ હાથે કરી ઉઠાવશે, જીવડાના સુતક ટાળશે. અણંતમાંએ તારશે એ ગુર પીર હસન કબીરદીન સાથ લઇ અમર અમરાપુરી પોહોંચાડશે. હકસચા હએજંદા કાએમપાયા.

એતરો પડી સુજદો દીણું. પોએ પીઆલીઉ રકાબીમેં હોએ સે સભેં ભરે, ને ચોજે ત બુબા દીઓ અસી પીઆલેજી અલ્લાહ સરેહેઆ.

૧૮ ઇશ્વર બીરહમા મહેશર ગોવીંદ અમી ભરેઆ. તીઆં બેઠા સાહેબ નુરે નુર રબેઆ. રીકીસર દેવતા કરોડ સંપુરણ બેઠા. હોએ નુર હોએશો નુર. અવલ અલી આખર અલી સો નુરે નુર અલી ત્રન દેવતા કલાસું સમાણા, તે કલા પંછમ થાને ખંડ બેરાક ફકેકપુર નગરી, તીઆં બેઠા સાહેબ નીરીજન નીરાકાર. તે ગુરજીએ હાથ દીઆ. એ ગુરજીએ ચાર ભગત તારેઆ. અમીજલ મોમને સંપુરણ ભરેઆ. હક સચા હએજંદા કાયમ પાએલા

એતરો પછી સુજદો દીસું ને સુજદે સીંઘ ઉઠીને મીણે જમાતકે ચોજે, ત ધોઆ દોઓ પંજતન પાક સાહેબજી અલ્લા મરેહેઆ.

હજરત નબી મહમ્મદ મુસતફા સલલ્લા અલેહે વ સલમ. હજરત મોલા મુરતજાઅલી, બીબી ફાતમત જેહુરા રજી અલ્લાહુ તઆલા, હજરત ઇમામ હસન, હજરત ઇમામ હુસેન પંજતન પાકજી મુખાજી વેનતી ખીસે અમર પુઠીઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર મોલાના આગા સુલતાન મહમ્મદ શાહા દાતાર.

સુજદો દેઇ પોએ ધોઆ ગત પીરેખે દીણી તેમેં પીરંજીઉ પુઠીઉં પડણીઉં.

૧ પીર અવલ નબી મહમ્મદ મુસતફા સલલ્લા અલેહે વસલમ૦

૨ પીર ઇમામ હુશન ૩ પીર કાશમ શાહા.

૪ પીર જાફર શાહા. ૫ પીર ઝયનુલ આબદીન

૬ પીર અમીર આહમદ ૭ પીર સતગુર નુર૦

૮ પીર ઇંદ્ર ઈમામદીન ૯ પીર મહમદ મનસુર.

૧૦ પીર ગાલબ દીન ૧૧ પીર અબદલ મજીદ.

૧૨ પીર મુસ્તનસરબિલા ૧૩ પીર અહમદ હાદી.

૧૪ પીર હાશમ શાહા ૧૫ પીર મહમ્મદ શાહા

૧૬ પીર માહમુદ શાહા ૧૭ પીર મોહોબદીન.

૧૮ પીર ખાલકદીન ૧૯ પીર અબ્દલ મોમનીન

૨૦ પીર એસલામદીન ૨૧ પીર સાલેહદીન.

૨૨ પીર સલાહદીન ૨૩ પીર શામશદીન.

૨૪ પીર નસીરદીન ૨૫ પીર શાહાબુદીન

૨૬ પીર સદરેદીન ૨૭ પીર હસન કબીરદીન

૨૮ પીર તાજદીન ૨૯ પીર પનદીયાદ જવાં મરદી

૩૦ પીર હએદરઅલી ૩૧ પીર અલાઉદીન

૩૨ પીર કાસમ શાહા ૩૩ પીર નસીર મહમ્મદ

૩૪ પીર બાબા આગા હાશમ શાહા. ૩૫ પીર મહુમ્મદ ઝમાન

૩૬ પીર આગા અઝીઝ ૩૭ પીર મેહરાબ બેગ

૩૮ પીર અલી અકબર બેગ ૩૯ પીર આગા અલી અસગર બેગ

૪૦ પીર મીરજા શાહા હસન અલી ૪૧ પીર મીરજા શાહા કાસમઅલી

૪૨ પીર આગા શાહા અબલ હસનઅલી ૪૩ પીર મીરજા મહમદ બાકર

૪૪ પીર સરકાર માતા સલામત ૪૫ પીર આગા શાહા હસન અલી

૪૬ પીર આગા અલી શાહા ૪૭ પીર આગા શાહા ખલીલીલ્લાહ

૪૮ પીર સઈયદ અબલ હસન શાહા ૪૯ પીર આગા સુલતાન મહુમ્મદ શાહ દાતાર

હાજર જોમેજા ધણી. યા રબ્બ હકે ઉનદો ગુલે ગુલશને બતુલ. બખશીએ મારા બે ફાતેમા દુખતરે રસુલ દોઆ ગત પીરે બે રસાડણજી વેનતી. ખીસે અમર પુઠીઆં શાહા તોજે દરગાહમેં કબુલ કર મઉલાના આગા સુલતાન મહુમ્મદ શાહા.

(સીજદો દીજે ધોઆ ગત શહીદેંજી).

ધોઆ દીઓ ગત શહીદેં, બાર ગુરેં, ઉલીઆ, અંબીઆ, સતરસો હુસેની, ચકલાખ ચોવીશ હજાર પએકાંમબર. ગત જુમલેજે રૂએંખે રસાડણજી વે. નતી ખીસે અમર પુઠીઆં શાહા તોજે દરગાહમેં કુબુલ કર મઉલાના આગા સુલતાન મહમ્મદ શાહા.

સીજદો દીજે પોએ પંજતન પાકજી તસબી કઢી સુજદો દીજે. સીજદો મેં હી પડજે.

૧ દેઉ સીજદો અલ્લાહ મરેહેઆ અલી મહમ્મદ ગત જુમલેજી મુશકીલ આસાન કરે.

૨ દેઉ સીજદો અલ્લાહ મરેહેઆ સાહેબ સતજો કાંગવો કબુલ કરે.

૩ દેઉ સીજદો અલ્લાહ મરેહેઆ સાહેબ ગુર પોરજો બોલ મથે કરે.

૪ દેઉ સીજદો અલ્લાહ મરેહેઆ સાહેબ શહીએં દરગાહીએખેં દર પોચાંએ, દીદાર નસીબ કરે.

૫ દેઉ સીજદો ત સાહેબ શહીદેં બાર ગુરેંજે અઉલાદ જે કલામમેં સગ વીજે.

૬ હેઉ સીજદો ત સાહેબ અન પાણી જે ભં-ડારમેં બરકત ડીજે.

૭ હેઉ સીજદો ત સાહેબ કરજીઅનંજા કરજ લાએ ફરજી અનજે કારસાજ થીએ.

૮ હેઉ સીજદો ત સાહેબ દીનજા દુશમન દફે કરે.

૯ હેઉ સીજદો ત સાહેબ દરખાનેંમેં શરાહીઉ ખુશીયાલીઉ વધાયું કરે.

૧૦ હેઉ સીજદો ત સાહેબ રાજાખે રાજકે પી-રજા કે સુખ દે.

૧૧ હેઉ સીજદો ત સાહેબ ગત જુમેલેજીઉ મત ગુરયું મુરાદું હાસલ કરે.

૧૨ હેઉ સીજદો ત સાહેબ બંદીવાનેજા બંદ ખલાસ કરે.

૧૩ હેઉ સીજદો ત સાહેબ સીંગો સવારી કરે પીરગટ થીએ.

૧૪ હેઉ સીજદો ત સાહેબ મુશકીલ આસન કરે. ખએર પએદા કરે. રખીં વઠે આહાદનજે આ-ચાર કનાં.

૧૫ હેઉ સીજદો અલાહ મરેહેઆ ત અલી મહમદ ગત જુમલેજી વેનતી કબુલ કરે.

(સીજદે મીંજા મથો ખંણી હી પડજે.)

હેઉ ખટે પેટાંદજી સાર સંભાર ઉછીનું પાછીનું દમડી દામ સારે સીરકારમેં દીજા. ચાર અલ્લાહ મરેહેઆ મઉલા અલી મન ગુરસું મુરાદું હાસલ કનેઆ. પીર આગા સુલતાન મહમદ શાહા દીદાર નસીબ કનેઆ.

તસબી કઢો શાહા ગરીબ મીરજાં ફઝલ કર મઉલાના અલી-અલી અલ્લાહ (સીજદો દીજે)

સુજદો દીજે પોએ તસબી કઢો યા અલી મુશકીલ આસાનજી

અલી અલ્લાહ ચઈ સુજદો દીજે પોએ તસબી કઢો આગા અલી શાહા દાતાર જે ફરમાનજી ચોડો વખત યા અલી ચોડે વખત સલવાત.

અલી અલ્લાહ ફરમાનજી તસબી કબુલ કર મૌલાના આગા સુલતાન મહંમદ શાહા દાતાર.

સીજદો દીઇ પોએ કલમું પડજે.

મદદેઅલી, શફાએત, રસુલ એતાઅત મુદા, હજરત કબુલ પીર સતગુર નુરની ફરીયાદ, પીર શામશ ચૌટની ફરીયાદ; પીર અલી અકબર બેગની ફરીયાદ, પીર આગાઅલી અસગર બેગની ફરીયાદ, પીર મીરજા મહમ્મદ બાકરની ફરીયાદ, પીર સલામત માતા સલામતની ફરીયાદ, પીર આગા શાહા હસનઅલીની ફરીયાદ, પીર આગા અલીશાહાની ફરીયાદ, પીર આગા શાહા ખલીલીલ્લાની ફરીયાદ, પીર સઇયદ અબલ હસન શાહાની ફરીયાદ, પીર આગા સુલતાન મહમ્મદ શાહાની ફરીયાદ, એણુ કલમે કલમુ પાક અશાહદો અનલાઇલાહ ઇલલ્લાહ અશાહદો અન્ન મહમ્મદ રસુલીલ્લાહ અશાહદો અન અમીરલ મોઅમેનીન અલી સહી અલ્લાહ. હઓજંદા કાયમ પાયા શાહા પીર પાયા.

એતરો ચઇ સુજદો ડીજે પોએ જમાથકે ચોજે ત ગટ પાટકે રસો અલ્લાહ મરેહેઆ સભે જમાથ ગટ પાટ પી ગીનન તડે ચોજે ત દુઆ ડીઓ ગટ પાટ ઉઠાડણજી અલ્લાહ મરેહેઆ.

૨૦ યા શાહા અલી અલ્લા હક તું, પાક તું ફાના તું બીના તું અવલ તું આખર તું જાહેર તું

બાતુન તું. પએદા તું, પનાહ તું, ગટ તું પાટ તું
એ ગટ થાપેઆ ગુર બીરહમા ગટ પાસે બેઠા. વી.
શનું ગટ પાસે બેઠા. દેવ મએશર ગટ પાટ થા-
પેઆ. ગટ પાટ થાપી ઉઠાએઆ. શામીજી તુંહી,
પરથમ કરતા જુગ મધે પાંચ ક્રીરોડસું રાજા પએ-
લાજ ગટપાટ થાપેઆ. ગટ થપાએઆ. ગટ થાપી
ઉઠાએયા. શામીજી તુંહીં. બીજે ત્રેતા જુગ મધે
સાત ક્રીરોડ સુ રાજા હરીચંદ્ર ગટપાટ થાપેઆ
ગટપાટ થપાએઆ. ગટ થાપી ઉઠાએયા. શામીજી
તુંહીં. તેમ ત્રીજે દુઆપર જુગ મધે નવ ક્રીરોડ
સું રાજા જુજેસઠળ ગટપાટ થાપેઆ ગટ થપાએયા.
ગટ થાપીને ઉઠાએયા શામીજી તુંહીં. ચોથે કલ-
જુગ મધે બાર ક્રીરોડ સું સતગુર પીર સદરદીન
તેત્રીશ કરોડ દેવતા ઉમરાપુરીનો વાસો વસાયા.
ગટપાટ થાપેઆ ગટ થપાએઆ ગટ થાપીને ઉ-
ઠાએઆ. શામીજી તુંહીં. આજ કુડતાર વેલા મધે
અણુત ક્રીરોડ સું ગુર પીર હસન કબીરદીન ગટ-
પાટ થાપેઆ. ગટ થપાએઆ. ગટ થાપી ઉઠાએયા.
શામીજી તુંહી. હક સચા હએજંદા કાયમ પાયા
ફરમાન.

પોએ કુંભ મીંજાથી તથા પીઆલી મીંજાથી નીઆજ બીએ પીઆલેમેં કહીને જમાથકે પીઆરે દીજે. પોએ બાસણ રૂમાલસે સાફ કરેને બંધજે પોએ ચોજે ૧ દુઆ દીઓ. કાયમ કરણુજી અલ્લાહ મરેહેઆ.

૨૦ ઉત્તર દીશે સતગુર ભીરહુંમા, નવાણું કીરોડ જમ્બ કીરોડ પાંચે સું રાજા પએલાજ ગટપાટ થાપેઆ ગટ થપ.એઆ. ગટ કાયમ કરેઆ. શામીજી તુંહી. પુર્વ દીશે ગુર વીજેસઠળ છપન કીરોડ મેઘમાલા સાતે સું રાજા હરીચંદ્ર સતી તારા રાણી લોચણી કુંવર રોહીદાસ ગટપાટ થાપેઆ ગટ થપાએઆ. ગટ કાયમ કરેઆ. શામીજી તુંહી. દખણ દીશે ગુર વીહુર વીઆસ બત્રીશ કીરોડ કીનર કીરોડ નવે સું રાજા જુજેસઠળ પાંચ પાંઢવ માતા કુંતા સતી દ્રુપતી ગટપાટ થાપેઆ ગટ થપાએઆ. ગટ કાયમ કરેઆ. શામીજી તુંહી. પછમ દીશે ગુર નબી મહંમદ મુસતફા રસુલ સલલ્લા અલેહે વસલમ બાર કીરોડસું પીર સદરદીન તેત્રીશ કીરોડ દેવતા અમરાપુરીનો વાસ વસાએઆ ગટપાટ થાપેઆ. ગટ થપાએઆ ગટ કાયમ કરેઆ. શા-

મીજી તુંહી. તેમ આજ ફડતાર વેલા મધે અણંત ક્રીરોડ સું પીર હસન કબીરદીન એક લાખ ચો-વીશ હજાર પેકાંબર સીતેર સોહોસો હુસેની એ ગટપાટ થાપેઆ. ગટ થપાએઆ. ગટ કયમ કરશે શામીજી તુંહી હક સચા હએજંદા કાયમ પાયા ફરમાન.

એતરો ચઈ સુજદો દીજે, પોએ આસણ ગીની ઉભા થીને બેએ માણુસજે હથમેં દઇને હએજંદા કાયમ પાયા ચઇ તસબી હેકડી ગુર પીર હસન કબીરદીન જે જાગજી કઢાએજે. ત ચોજે તસબી કઢો ગુર પીર હસન કબીરદીન જે જાગજી અલ્લાહ મરેહઆ હક નામ પીર શાહા.

અલી અલ્લાહ ગુર પીર હસન કબીરદીન જે જાગજી તસબી કબુલ કર મૌલાના આગા સુલતાન મહંમદ શાહા દાતાર.

જાગજી તસબી કઢી અલી અલ્લાહ ચઇ પંજ પાટી પડીને જમીન તે લઇ સુજદો દીજે. પોએ તસબી મુશકીલ આસાનજી કઢી સુજદો દઇ ચોજેત.

દુઆ નીયથ ખએર, આકબતજો ખએર. ક-

રીએ. ખએરજી વેનતી કબુલ કર મૌલાના આગા સુલતાન મહંમદ શાહા દાતાર, હાજર જોમેજો ધણી. પોએ લાએલાહ ઇલલ્લાહ મહંમ્મદ રસુલીલ્લાહ અમીરલ મોએમેનીન અલી સહી અલ્લાહ. પોએ હએજંદા કાયમ પાયા થઇને સુજદો દીણું, તેમેં થોણું.

કબુલ કર મૌલાના આગા સુલતાન મહંમ્મદ શાહા દાતાર હાજર જોમેજો ધણી.

ઉપર પ્રમાણે ઘટ પાટની દુઆ પુરી થઇ. આ ક્રીયામાં પણ પાટ ઉપર નાણુંની ટંકશાળ પડે છે. દુઆ પડાઇ રહ્યા બાદ તે સઘળાં નાણાં આગા સાહેબની તીજોરીમાં નાંખવામાં આવે છે.

પ્રકરણ ૩ જું.

ખોજાઓનાં મઝહબી પુસ્તકો.

દસ અવતાર.

આવી માન્યતા ધરાવતા લોકોના ગ્રંથોમાં લખ્યું છે કે " બ્રહ્મના મનમાંથી ઉત્પન્ન થયેલા સનકાદિક નામના પાંચ છ વર્ષની વયના બ્રાહ્મણ કુમારો ફરતા ફરતા સ્વર્ગમાં ગયા. અહીં સ્વર્ગની છ દોઢીઓ પસાર કરી સાતમી દોઢીમાં પસાર થયા. અહીં બે પરોળીયાઓ હાથમાં ગદા ધારણ કરી ચોકી ભરતા હતા. આ સાતમી દોઢીમાં ખુદ ભગવાન (ખુદા) મનુષ્ય અવતાર ધારણ કરી પોતાની સ્ત્રી લક્ષ્મીજી સાથે આનંદ ભુવનમાં બીરાજતા હતા. બ્રાહ્મણ કુમારોને બન્ને પરોળીયાઓએ છડી વતી અંદર જતા અટકાવ્યા, આમ થવાથી બ્રાહ્મણ કુમારોએ ક્રોધાયમાન થઇ પરોળીયાઓને શ્રાપ આપ્યો કે તમો અહીંથી કામ, ક્રોધ અને

લોભ એ ત્રણ શત્રુઓ વસે છે ત્યાં એટલે નાશવંત સૃષ્ટિમાં જઈ અસુર પેટે અવતાર લો. પોતાના પરોળીયાને નાશવંત સૃષ્ટિમાં અસુર પેટે અવતાર લેવાનો શ્રાપ સાંભળી ભગવાન ત્યાં પધાર્યા અને બોલ્યા. " હે, બ્રાહ્મણ કુમારો ! જય વિજય, (બંન્ને પરોળીઆના નામ છે) તમારા અપરાધનું ફળ ભોગવીને તુરત મને પાછા પ્રાપ્ત થાય એમ મને વચન આપો કે જેથી હું તમારો મોટો ઉપકાર માનીશ. " સનકાદિક કુમારોએ ભગવાનની માગણી સ્વીકારી. હવે ભગવાન બોલ્યા કે " મારા જય વિજય નામના પરોળીઆ શત્રુ દૈત્યની યોની ભોગવીને તુરત મારી પાસે આવશે. " પરોળીયાઓ અતિ દીલગીર થયા. તેમને દીલાસો આપતાં ભગવાન બોલ્યા કે " તમો ડરશોમાં. તમારૂં કલ્યાણ થાઓ. હું બ્રાહ્મણોનો શ્રાપ રદ કરી શકતો નથી. પણ તમે વેર ભાવે મારા વિષે એકાગ્ર મન કરશો તો તેથી થોડા સમયમાં બ્રાહ્મણોનો શ્રાપ ભોગવીને પાછા મારી પાસે આવશો. " પરોળીયાને પૃથ્વીપર ફેંકી દેવામાં આવ્યા. આ

બન્ને પરોળીયાઓએ જુદા જુદા સમયમાં દસ વખત માણસ પશુ તથા રાક્ષસોના અવતાર ધારણ કરી શ્રી ભગવાન સાથે ભયંકર યુદ્ધો કીધાં છે અને વેર ભાવે શ્રી ભગવાનને સંભાર્યા છે.

મચ્છ.

(મગરમચ્છ) " બ્રહ્માએ પોતાના ચાર મુખમાં થી ચાર વેદ ભણ્યા. હવે પેલા જય વિજય પરોળીયાઓએ ભગવાન સાથે દુશમની કરવા માટે બ્રહ્માને ઘેર પુત્ર રૂપે અવતાર લીધો. આ પુત્રનું નામ શંખો રાખવામાં આવ્યું. શંખો પોતાના બાપ બ્રહ્માના ચારે વેદ પેટમાં ગળી જઇ નાઠો બ્રહ્માએ લાચાર થઇ ભગવાન પાસે ફરીયાદ કરી શંખા પાસેથી વેદો લઇ અપાવવા અરજ કીધી. બ્રહ્માની ફરીયાદથી હરી ચીન્તામાં પડી વિચાર કરવા લાગ્યા છેવટે વિચારમાં ચોકસ નિર્ણય પર આવી શંખા પાછળ દોડયા. શંખો પૃથ્વી પાસે આશ્રય લેવા ગયો. પૃથ્વીએ આશ્રય આપવાનું વચન આપ્યું પરંતુ જયારે ભગવાન ત્યાં આવી લાગ્યા ત્યારે લાલચમાં આવી જઇ પૃથ્વી ભગવાનને કહેવા લાગી

કે જો આપ મને વચન આપો તો, હું શંખાને સ્વાધીન કરૂં. વચન માગવાનું ભગવાને જણાવતાં પૃથ્વી બોલી કે "એ ભગવાન આપ મારી સાથે લગ્ન કરો" ભગવાને જવાબમાં જણાવ્યું કે "દશ અવતાર પુરા કરી તારી સાથે હું વરીશ." શંખાએ જોયું કે પૃથ્વી વચન આપી ફરી ગઈ તેથી તે ત્યાંથી નાશી નાગના પાતાળમાં ગયો. ત્યાં પણ રાજાની રાણી તથા કુંવરે શંખાને આશ્રય આપવાનું વચન આપ્યું. પણ પાછળથી પૃથ્વીની પેઠે લાલચમાં લપટાઇ જઇ વચન ભંગ કરી ભગવાન પાસે શંખાને સોંપી દેવા બદલ પોતાની પ્રીત પાળવા વચન માગ્યું. હવે શંખો નાશી દમલા ધોરીના પાતાળમાં જઇ ભરાયો. રાણીએ આશ્રય આપ્યો પણ ઉપર બતાવ્યા મુજબ લાલચથી શંખાને સ્વાધીન કરી આપવાના બદલામાં પોતાની પ્રીત પાળવા વરદાન માગ્યું. ભગવાને કહ્યું કે "એ માતા કુંન્તાજી આઠમા અવતારમાં તમારી પ્રીત પાળીશ" હવે શંખો રાબાના પાતાળમાં જઇ છુપાયો. અહીં રાજાને પણ ભગવાને પ્રીત પાળવાનું

વચન આપી શંખનો આશ્રય ભંગ કરાવ્યો. હવે અહીંથી શંખો નાશી જઇ શંખ દેવના પાતાળમાં ગયો. અહીંપણ રાજાના પાંચ પુત્રોને આઠમા અવતારમાં પાંચ પાંડવ રૂપે પ્રીત પાળવાનું વચન આપી શંખાનો આશ્રય તોડી પાડયો. હવે શંખો ગજંદર પાતાળમાં ગયો. અહીંપણ રાજાને સાતમાં અવતારમાં હરીશ્ચંદ્ર રૂપે પ્રીત પાળવાની લાલચ આપી શંખનો આશ્રય રદ્દ કરાવ્યો. હવે શંખો કોરભ પાતાળમાં જઇ બેઠો. અહીંના રાજાના ચાર પુત્રોને ભગવાને લાલચ આપી કે, તમો ચારેની મચ્છ, કોરભ, વરાહ તથાં નૃસિંહ રૂપમાં રૂખમુગટ, અમરીખ, દ્રોણુ અને પ્રલ્હાદ રૂપે પ્રીત પાળીશ. હવે શંખો મચ્છ પાતાળમાં જઇ પહોંચ્યો. ભગવાન પણ દરેક વખતે પાછળ પાછળ જઇ પહોંચતા હતા. અહીંના રાણી તથા કુવરે શંખાને આશ્રય આપવાનું વચન આપ્યું; પણ ભવિષ્યમાં ભગવાનથી લાભ મેળવી લેવાની લાલચમાં લપટાઈ વચન ભંગ કરી વરદાન માગ્યું. શ્રી ભગવાને વચન આપ્યું કે " હું દસમો અવતાર ધરીશ ત્યારે

હીન્દુસ્તાનમાં સુરજા રાણી તથા કમલા કુંવર રૂપે તમારી પ્રીત પાળીશ. હવે શંખો બધેથી નિરાશ થતો સમુદ્રમાં જઇ ભરાયો. શ્રી ભગવાન મગરમચ્છ રૂપ ધારણ કરી શંખાની પાછળ સમુદ્રમાં કુદી પડયા. શંખો નાશી જઇ મહાસાગરમાં ગયો. પણ ભગવાન તેની કેડે જઇ તેને પકડી ઠાર કરી તેના પેટમાંથી વેદો લઇ બ્રહ્મા પાસે આવ્યા અને બ્રહ્માને વેદો આપી ખુશ કીધા.

કચ્છ.

(કાચબો) "દૈત્યોએ ચઉદ રત્ન સમુદ્રમાંથી કાઢવા માટે મેર પર્વતની રવાઇ તથા વાસંગ સર્પનું નેતરૂં કરી દહીંની પેઠે સમુદ્રને વલોવવા માંડયો. મેર પર્વત કે જે વજનમાં ઘણોજ ભારે હતો તે પાણીમાં ઉતરી જવા લાગ્યો અને તેના દબાણથી સમુદ્રના સઘળાં જળચરો નાશ પામવાની અણીપર આવી ગયાં. દૈત્યો પર્વતને થોભવી શકયા નહિં. ખુદાએ જોયું કે સમુદ્રના સઘળાં જળચરો મરી જશે તેથી પોતે કાચબાનું રૂપ ધારણ કરી, મેર પર્વતને પોતાની પીઠપર રોકી રાખ્યો; એટલે દૈં-

ત્યોએ ચોદ રત્નને શોધી લીધાં. ચોદ રત્નોનાં નામ આ છે. ચંદ્ર, લક્ષ્મી, દારૂ, સાત મુખનો ઘોડો, કોસ્તુભમણી, પારીજાતનું ઝાડ, કામધેનું ગાય, ધનવંત્રી વૈદ, ઐરાવત હાથી, અમૃત, રંભા, વિષ, ધનુષ્ય, સારંગ. ''

વરાહ

(વરાહ) કશ્યપ નામના રૂષીની સ્ત્રી દિતિને ગર્ભ રહ્યો. આ ગર્ભ સો વર્ષ સુધી તેણીના પેટમાં રહ્યો. છેવટે તેણીએ બે પુત્રો (બેલડાંને) જન્મ આપ્યો. કશ્યપે બંન્નેના નામો હિરણ્યકશિપુ તથા હિરણ્યાક્ષ રાખ્યાં. હિરણ્યાક્ષ હાથમાં ગદા લઇ યુધ્ધ શોધતો સ્વર્ગમાં ગયો. અહીં તેની ગર્જનાથી સ્વર્ગના સુરો ગીલમાન છુપાઇ ગયાં અને કોલાહલ મચી ગયું. અહીંથી હિરણ્યાક્ષ સમુદ્રમાં પેઠો સમુદ્રના સર્વ જળચરો બીકથી આડાં અવળાં નાશી છુપાઇ ગયાં. હિરણ્યાક્ષ સમુદ્રમાં કેટલાક વર્ષો લગી ફર્યો. હવે હિરણ્યાક્ષ ભગવાનના નિવાસ સ્થાન પાતાળમા ગયો. અહીં તેણે ભગવાનને વરાહ અવતારમાં આગલી દાઢની અણીપર પૃથ્વીને

લઇ આવતા જોયા. આ પૃથ્વી સમુદ્રમાં જવાને લગતી હકીકત એવી છે કે " શ્રી ભગવાને પ્રથમ પૃથ્વીનો ગોળો ઉતપન્ન કર્યો; તે પાણીપંર તરવા લાગ્યો. ભગવાન એકહજાર કરતાં વધારે વર્ષ તેમાં રહ્યા. ભગવાનની નાભિમાંથી કમલ ઉતપન્ન થયું. તે કમળમાંથી બ્રહ્મા પોતે ઉતપન્ન થયા. બ્રહ્માનું પ્રથમ શરીર ઝાકળ થઇ ગયું તેથી બીજુ રૂપ લઇ સુષ્ટિ રચી. પૃથ્વી મહાસાગરમાં ડુબી ગઇ. બ્રહ્મા વિચાર કરવા લાગ્યા કે હવે હું પાણીમાંથી કેવો રીતે બહાર કાઢીશ. હું સૃષ્ટિ સરજવાને તૈયાર થયો તેટલામાં તો પાણીએ પૃથ્વીને ડુબાડી દીધી; અને તે રસાતાલમાં જઇ બેઠી. હવે બ્રહ્માના નાકમાંથી અંગુઠા જેવડું વરાહનું બચ્ચું ઉતપન્ન થયું, થોડી વારમાં તે હાથી જેવડું થઇ ગયું. બ્રહ્મા આશ્ચર્ય પામી અનેક પ્રકારના વિચારમાં પડી ગયા. બ્રહ્માએ કહ્યું કે ભગવાન વરાહ રૂપ રહી મારા મનમાં ખેદ ઉતપન્ન કરે છે તેટલામાં ભગવાન મોટા પહાડ જેવડા થઇ જઇ ગર્જના કરવા લાગ્યા. તથા પાણીમાં પેઠા રસાતાલમાં પૃથ્વીને દીઠી. પછી ભગવાને તે ડુબેલી પૃથ્વીને

પોતાની દાઢ વતી બહાર ખેંચી કાઢીને રસાતાલમાંથી બહાર નીકળ્યા. તેટલામાં અસહ્ય પરાક્રમ વાળો હિરણ્યાક્ષ દૈત્ય હાથમાં ગદા લઈને ભગવાનની સામે થયો. અને મારવા લાગ્યો. હિરણ્યાક્ષે ભગવાનની મશ્કરી કરી પૃથ્વીને છોડી આપવા ધમકી આપી; તથા ગદાવતી ભગવાનનું માથું છુદી નાખવા જણાવ્યું. વરાહ રૂપ પરમેશ્વરના મુખમાં રહેલી પૃથ્વી થરથરવા લાગી. ભગવાન નાઠા. અને દૈત્ય મગર મચ્છ જેમ હાથીની પાછળ દોડે તેમ પાણીમાંથી બહાર નીકળી વરાહ ભગવાનની પાછળ દોડયો. ભગવાને પૃથ્વીને પાણી પર મુકી દીધી. હિરણ્યાક્ષે ભગવાનની છાતીપર ગદા મારી; પણ ભગવાન બેશી ગયા તેથી તેનો વાર નિષ્ફળ ગયો. ભગવાને દૈંત્યને ગદા મારી પણ ગદા દૈંત્ય પાસે પહોંચતાં તેના કડકા કરી નાંખ્યા. હવે બન્ને વચ્ચે યુધ્ધ તથા કુસ્તી ચાલવા માંડી તથા બન્ને લોહી લોહાણ થઇ ગયા. હિરણ્યાક્ષને ભગવાને વરદાન આપ્યું હતું કે જગતમાં તારી સમાન કોઇ બળવાન હશે નહિ માટેજ હિરણ્યાક્ષ ગર્વમાં આવી યુધ્ધ તથા ગર્વ કરતો હતો. ”

" બ્રહ્માની નાસિકામાંથી ઉતપન્ન થયેલા વરાહ ભગવાને કુદીને દૈત્યના હોઠપર ગદા મારી. તરતજ દૈત્યે સામી ગદા મારી તેથી ભગવાનની ગદા ભોંયપર પડી. તારૂં મોત આવ્યું છે એમ કહી વળી દૈત્યે ભગવાનની છાતીપર મુકકાઓ મારવા માંડયા. છેવટે ભગવાને પોતાના ચક્રથી તેને ઠાર માર્યો. અને પૃથ્વીને નિર્ભય રીતે તેની જગોએ રાખી. "

વળી એમ પણ કહેવામાં આવે છે કે " એક દૈત્ય સઘળી પૃથ્વીને સઘળા મનુષ્યો, પ્રાણીઓ તથા વસ્તુઓ સહીત કોથળાની પેટે લપેટીને પાતાળમાં લઇ ગયો, તેથી ભગવાને વરાહ રૂપ ધારણ કરી દૈત્યને મારી પૃથ્વીને છોડાવી તેની યોગ્ય જગોએ રાખી. "

નૃસિંહ.

(નૃસિહ) કહેછે કે " હિરણ્યાકંશ્યપ દૈંત્યે બહુજ ભકિત કીધી તેથી ભગવાને તેનાપર પ્રસન્ન થઇ વરદાન આપ્યું કે તું રાત્રે કે દીવસે, સવારે કે સાંજે, ઘરમાં કે ,આંગણુંમાં માણસથી કે પશુથી

કે કોઇ હથીયારથી નહિ મરે. આવો અધીકાર મળવાથી હિરણ્યાકંશ્યપે ખુદાઇ દાવો કીધો. અને બળાત્કારે લોકો પાસે પોતાને ખુદા કહેવડાવા લાગ્યો. તેનો પુત્ર પ્રહ્લાદ સાચા ખુદાનો ભકત હતો, માટે હિરણ્યાકંશ્યપે પોતાના પુત્રને મારી નાખવા લોહનો થંભ ધગાવ્યો. આ થંભમાંથી નૃસિંહ અવતાર પ્રગટ થયો. આ અવતારનું રૂપ અર્ધું મનુષ્યનું ને અર્ધું સિંહનું હતું આ નૃસિંહ ભગવાને હિરણ્યાકંશ્યપને ઘર તથા આંગણાંની વચમાં સંધ્યા કાલે પોતાના નખોથી ઠાર કીધો. ”

વાએમન

(વાએમન)–“ બલ નામે એક ન્યાયી અને દયાળુ રાજા રાજ કરતો હતો તેણે ૯૯૯ યગ્નો કીધાં. હોમ જવાળા આકાશ સુધી પહોંચી. તે ગરીબોને ધન તથા સોનાની ગાય આપતો હતો. તે યગ્નમાં બેઠો હતો- તે વેળા બ્રહ્મસેન રાજાનો દુત્ત આવી બોલ્યો કે અમારા રાજાની પુત્રી બહુજ ખુબસુરત છે. માટે તેની સાથે લગ્ન કરવાં જોઇએ, આ ઉપરથી બલ રાજા તે કુંવરી સાથે પરણ્યો.

આ ઉપરથી બ્રાહ્મણોએ નારાજ થઈ ભગવાન (જેને ખુદા કહે છે.) પાસે વિનંતી કીધી કે બલ બહુ પાપી થયો માટે તમો કાંઈક છળ કપટ કરી એ દૈત્યને મારો. ભગવાન બ્રાહ્મણનું રૂપ ધારણ કરી બળ રાજા લગ્ન મંડપમાં બ્રહ્મસેનને ત્યાં બેઠો હતો ત્યાં ગયા. વેદ ભણીને ભિક્ષાની માગણી કીધી. બલે અનેક વસ્તુઓ આપવા માંડી પણ ભગવાને તે જે કુંવરી સાથે પરણતો હતો તેણીની માગણી કીધી. બલ બહુજ ઉદાર હતો તેથી પોતાની પરણતી સ્ત્રી આપી દીધી. ભગવાન બોલ્યા કે હું તો તમારી પરીક્ષા કરતો હતો. મને સ્ત્રીની બીલકુલ જરૂર નથી. આ રીતે ભગવાન ફાવી શકયા નહીં. ફરી બીજે વખતે ભગવાન બલ રાજાને ઘેર ગયા. અને જમીનની માગણી કરતાં કહ્યું કે મારે મઢી બનાવી ચારેક માસ રહેવું છે, પણ જમીન માપીને આપો તો હું લઈશ. ભગવાને સાડાત્રણ હાથ જમીનની માગણી કીધી. બલ રાજાએ જ્યારે આ કબુલત બહાલ રાખી ત્યારે ત્રણ હાથમાંજ જમીન સઘળી આવી ગઈ એવું રૂપ ભગવાને ધારણ કર્યું. ભગવાને બલની

છાતીપર પગ મુકી તેની આંખો ફોડી ઠાર માર્યો. ”

પરશુરામ

(પરશુરામ) કહે છે કે " ક્ષત્રી રાજા સહસ્ત્ર બાહુએ પરશુરામના પિતા જગદમનને કે જે, પોતાનો સાઢુ થતો હતો તેને કતલ કરી નાખ્યો. ભગવાન તેનો બદલો લેવા માટે જમદગનને ઘેર પરશુરામ રૂપે અવતાર્યા. પરશુરામ ઇશ્વરને માનતા હતા તેથી તેના પીતાએ તેને પકડી કેદ કરવા સારૂ એક લોહનું પાંજરૂં બનાવ્યું અને પરશુરામને શોધવા માંડયો. પરશુરામ બ્રહ્માનું રૂપ લઇ પિતા પાસે આવી કહેવા લાગ્યો કે " ઓ યજમાન ! (મુરીદ) કયાં જાઓ છો ? ભગવાને તમારી પાંચ પેઢી ઠાર મારી છે, માટે તેની સાથે જોઇ વિચારીને લડજો. તમો આ પાંજરામાં બેસી શકો તો પરશુરામ તેમાં બેસી શકશે " આ ઉપરથી પરશુરામનો પીતા પાંજરામાં બેઠો એટલે પુત્રે પાંજરાનું દ્વાર બંધ કરી પીતાને મારી નાખ્યો. વળી હાથમાં એક ફરસી લઇ એક ખુનના બદલામાં દુન્યાના સઘળા ક્ષત્રીઓને ઠાર કરી નિર્વંશ કરી નાંખ્યા. "

રામ

(રામ) " રામ એ અયોધ્યાના રાજા દશરથના પુત્ર હતા. રામને પોતાની ઓરમાન માતાના છળ કપટથી ચઉદ વર્ષનો વનવાસ ભોગવવો પડ્યો હતો. તે વનવાસમાં હતા તે વખતે લંકાનો રાજા રાવણ રામની મહોરદાર સીતાજીને હરણ કરી લંકા લઇ ગયો. પોતાની સ્ત્રીને છોડાવી લાવવા માટે રામે વાંદરાઓની ફોજ એકઠી કરી, લંકામાં જઈ રાવણને ઠાર કરી પોતાની રાણી સીતાજીને છોડાવી લાવ્યા. સીતાજીને છોડાવી લાવવામાં સાત વર્ષની મુદત લાગી હતી. સીતાપર લોકોના કહેવાથી કાંઇ વહેમ જવાથી તેને જંગલમાં જઇ મારી નાખવા પોતાના ભાઈ લક્ષ્મણ સાથે મોકલી; પરંતુ લક્ષ્મણે ત્યાં જઈ તેણીને જીવતી જંગલમાં છોડી આપી. સતી સીતાજીને ત્યાં પુત્ર સાંપડ્યો. તે પુત્ર યુવાન થયો અને જંગલમાં શીકાર ખેલવા લાગ્યો એક દીવસ રામ પણ તે તરફ શીકાર માટે જઇ ચડ્યા. પુત્ર તથા પિતા વચ્ચે યુદ્ધ થયું. પુત્રે પોતાના પિતાને હરાવ્યો અને તેની છાતીપર ચડી બેઠો. ઓળખાણ થતાં

રામ પોતાની સ્ત્રી પુત્રને પોતાના મહેલમાં લઇ આવ્યા. ”

કૃષ્ણ

(કૃષ્ણ) કહે છે કે ” મથુરાના રાજા કંસને મારવા માટે વાસુદેવને ઘેર મનુષ્ય અવતાર લીધો હતો. આ અવતારનું નામ કૃષ્ણ હતું. આ અવતારે સ્ત્રીઓ સાથે ઘણોજ મજાક તથા આનંદ કીધો છે. નદીમાં નગ્ન થઇ નહાતી સ્ત્રીઓના કીનારાપર પડેલાં કપડાં લઈ ઝાડપર ચઢી ગયેલ છે. સ્ત્રીઓએ કાલાવાલા કરેલ છે. અને જ્યાં સુધી સ્ત્રીઓ પોતાની શરમની જગો હાથથી છુપાવી બહાર નીકળતી નથી. ત્યાં સુધી તેને કપડા આપેલ નથી. શ્રીકૃષ્ણે પોતાના મામા કંસને કતલ કર્યો હતો. ”

બૌધ્ધ

(બૌધ્ધ) કહે છે કે “ શ્રી કૃષ્ણના હુકમથી પાંચ પાંડવોએ કોરવો સાથે લડાઇ કીધી. લડાઇમાં કોરવો સહિત કરોડો માણસોને કતલ કરી નાખ્યાં. કૃષ્ણે પાંચે પાંડવોને કહી રાખ્યું હતું કે આ લડાઇમાં તમો ગમે તેટલા માણસોને કતલ

કરશો, પરંતુ તેનું પાપ તમોને લાગવાનું નથી. કૃષ્ણના ગુજરી ગયા બાદ પાંચ પાંઢવોએ પોતાના કરેલા પાપપર પશ્ચાતાપ કીધો. અને તેનું નિવારણ ચાહવા લાગ્યા. પાપનું નિવારણ કરવા માટે બ્રાહ્મણોએ યગ્ન કરવા કહ્યું. યગ્ન શરૂ થયો. આ યગ્નમાં પરમેશ્વર કે જેને ખુદા કહેવામાં આવે છે તે કોહડીઆનું રૂપ લઇ ભિક્ષા માગવા આવ્યા. ઘણી રકઝક પછી માહાત્મા બૌધ્ધ યગ્નમાં ગયા. કહોડીઆના આવવાથી યગ્નનો ભંગ થાય માટે કેટલીક ક્રીયા કરવામાં આવી. માહાત્મા બૌધ્ધે જણાવ્યું કે કોરવો સાથેની લડાઇમાં તમોને પાપ નથી એમ મેં આઠમા અવતારમાં કહ્યું હતું છતાં તમોએ તેપર વિશ્વાસ રાખ્યો નહિ; માટે હવે તમો પાપી ઠર્યા છો. બૌધ્ધના હુકમથી પાંચે પાંડવોએ એક ગાયને વરોધી તેના અવયવો હાથમાં લઇ બજારમાં નીકળ્યા. તેમની ખુબ નીંદા થઇ. ત્યારબાદ તેઓ (પાંચ પાંઢવ) હીમાલય પર્વતપર ગળી મરવા ગયા વીગેરે વીગેરે. ”

નકલંક

(નકલંક) માતા પથીઓ કહેછે કે "ચીણુબ નગરીના રાજા દૈત્ય કાળીગાને મારવા માટે પરમેશ્વર નકલંકનો અવતાર લેશે. અને દૈત્ય કાળીંગાનો વધ કરશે." આવા કેટલાક લોકો જણાવેછે કે "અમુક ભકત નકળંકનો અવતાર હતો," કોઇ કહે છે કે "વંથળી ગામમાં નકળંકનો થઇ ગયો છે" વીગેરે. આ લોકોનું ટોળું નથી તેમ તેમની માન્યતા વિશે પબ્લીક અજાણીજ છે તેથી આ સબંધે વધુ વિવેચનની જરૂર જણાતી નથી.

ઉપર પ્રમાણેની દસ અવતારની હકીકત હીન્દુઓની મોટી સંખ્યા માને છે અને ખાસ કરી શાકિત સંપ્રદાયના લોકોમાં તે બહુજ પ્રચલિત છે. આગાખાની ખોજાઓ જ્યારે હીન્દુ હતા ત્યારે ઇસલામી મીશનરી પીરોએ તમને મુસલમાન કીધા. આ મીશનરી પીરોની વટલાવવાની રીત એવી હતી કે પ્રથમ હીન્દુઓના મત સાથે મળતા થઇ જવું. પછી ધીમે ધીમે તેવા ધર્મ શાસ્ત્રમાં થોડી થોડી મુસલમાની બાબતો દાખલ કરે જવી.

છેવટે સઘળી હીન્દુ બાબતોને તજાવી પાકા મુસલમાન બનાવવા. આવી મીશનરી પધ્ધતિ પ્રમાણે હીન્દુ ધર્મને જોડ તોડ કરી મુસલમાન ધર્મ સાથે મેળવી આપ્યો.

ઇસલામ ખુદાને નિરાકાર માને છે અને અવતાર તે સાકાર છે. માતાપંથીઓ શ્રી નારાયણ ભગવાનના નવ અવતાર થઇ ગયાનું અને દસમો થનાર છે એમ માનતા હતા. મીશનરીઓએ અનુકુળતાને ખાતર શ્રી મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ અને બોધ્ધ એમ માતાપંથીઓના ઇશ્વરના નવ અવતાર વ્યાજબી હોવા જણાવ્યા. આમ માતાપંથીઓના નવ અવતાર ખરા જણાવતાં મીશનરીઓ માતા પંથીઓનો અસાધારણ પ્રેમ મેળવી શકયા. મીશનરીઓને પોતાનું બીજ રોપવાનું હતું અને અવતારના સ્વરૂપમાં રોપાય તોજ રામબાણ નીવડે તેમ હતું. આ માટે બહુજ સરસ યુકિત કીધી. દસમો અવતાર નકલંક જે થનાર છે અને જેની માતાપંથીઓ વાટ જોતા હતા તે માટે એમ જણાવ્યું કે જે અવતારની તમો રાહ જુઓ છો તે તો પ્રગટ થઇ ગયો

છે. માતાપંથીઓ ગાભરા બની ગયા; કેમકે જે અવતાર થવાનો છે અને તે થઇ ગયો છતાં તેની તેમને ખબર પડી નથી તેથી તેઓએ મીશનરીઓને તે કયાં અને કોણ તે વિષે આગ્રહથી પુછયું. મીશનરીઓએ જણાવ્યું કે મકકા શહેરમાં મુસલમાની આકારમાં હજરત અલી રૂપે તે થયો છે. આમ કહી હજરત અ.લીને લગતી હકીકત કહી સંભળાવી. નવ અવતાર હીન્દુ સ્વરૂપમાં થયા અને દસમો મુસલમાન સ્વરૂપમાં થયો તેવી શંકાનું એવી તો સરસ ખુબીથી સમાધાન કીધું કે મુખથી આફ્રીન નીકળી જાય છે.

માત્ર ઇષ્ટરાપોનુંજ ધોરણ અને અનુકુળતાનોજ હેતુ હતો. દસમો અવતાર મુસલમાની સ્વરૂપમાં થવાનું ખુદ નારાયણ ભગવાનના મુખથીજ જાહેર થયાનું જણાવ્યું. આ માટે યુધિષ્ટરે કૌરવોને મારી નાંખી પાપ નિવારણ માટે યજ્ઞ કીધો તેજ શ્લોટ હાથ ધર્યો. પાંડવોને ત્યાં યજ્ઞની કીયા જામી રહી હતી ત્યારે નવમાં અવતાર બૌધ્ધને કોહોડીયાના રૂપમાં ત્યાં ભિક્ષા લેવા મોકલ્યો. આવા કો-

હાડીયાને યજ્ઞમાં દાખલ કરવાથી યજ્ઞનો ભંગ થાય તેમ યજ્ઞમાં વેદ ભણતા બ્રાહ્મણોએ યુધિષ્ટરને જ ણાવ્યું. બ્રાહ્મણો જાણતા હતા કે યુધિષ્ટર યજ્ઞ કરે છે તે બરાબર નથી માટે શ્રી ભગવાન જરૂર આવશેજ. બૌદ્ધ પોતાની વિદ્યાના જોરથી યજ્ઞમાં દાખલ થયા અને યુધિષ્ટરને યજ્ઞ કરવાની જરૂર ન હતી તેમ જણાવી બ્રાહ્મણોની લુચ્ચાઇ જાહેર કીધી. બૌદ્ધે બ્રાહ્મણો ઉપર નાખુશ થઇ એમ જ ણાવ્યુ કે હું દસમો અવતાર પણ હીન્દુ સ્વરૂપમાં લેવાનો હતો પરંતુ તમો બ્રાહ્મણો આવા પાપી થ યા માટે હું દસમો નકલંક અવતાર મુસલમાન રૂપે લઇશ. આવી રીતે ઐતિહાસીક ધોરણે જોડાણ થતાં માતાપંથીઓને તે માની લેવા ઉતેજન મળ્યું. હજરત અલી એ બિષ્ણુનો દસમો અવતાર મનાયા. વધુ સરળતા માટે દસ અવતારનું પુસ્તક રચ્યું તેમાં ઉપર જણાવેલી ઐતિહાસીક વાર્તા પણ ઉ- મેરી દીધી.

ઉપર પ્રમાણે ઇસલામી મીશનરી પીરોએ દ- સ અવતારનું પુસ્તક રચ્યું અને તે પુસ્તક આગા-

આની ખોજાઓમાં બહુજ પુજય મનાય છે. આ દસ અવતારનું પુસ્તક ઘણું મોટું છે તેથી દરેક અવતારના શરૂના હેવાલની થોડી થોડી કડીઓ નમુના માટે આપું છું.

(પહેલા અવતારમાંથી).

શ્રી સતગુર પીર ઇમામ શાહા વાચા સાચીરે સાચ,
એવી ગુરૂજીએ બોલી છે વાચ. ૧
પરથમ જયારે હોતા ધંધુકાર,
તારે આદ વિષ્નુ આધાર ૨
ત્યારે આદ ઉણીયાદ થકી હોતા દેવ,
તેનું કોઇ ન જાણે ભેવ. ૩
ત્યારે આદ ઉણીયાદથી ખલકેઆ નુર.
તેના બીરમા સતગુર નુર. ૪
તે નુર સતગુર ઇમામ થકી સર્વે જોડાણ,
તે લખ ચોરાશી સીરજીઆ ચારેહી ખાણ. ૫
પરથમ આઠ લાખ કરણુજ કરીઆ,
તેમાં અનંત કરોડીઉં જીવ ઉધરીઆ. ૬
કલપ ચારનું માંડીઓ મંડાણ,
તેમાં જખ મેઘ કીનર તેત્રીશ કરોડ દેવ સીધા નિર્વાણ ૭
ત્યારે રૂપ હરીના અગમ અવતારજ વરતેઆ જાણ,
પછે જુગ ચારનું માંડીઓ મંડાણ ૮

ત્યારે શેરસ્ટ (સૃષ્ટિ) સંજોગ હરીએ આરંભજ કરીઓ,
ત્યારે બીરમાજીને પેટે શંખો અવતરીઓ. ૯
ત્યારે વરતીઆ જેતક બીરમાજી કરે વિચાર,
આઇ એણે પુત્રથી વીણાસ હોવે નીરધાર. ૧૦
ત્યારે એક દીન બીરમાજી ચીંતા માંહિ ભઇયો,
ત્યારે વેદ ચાર શંખવો લઇ ગઇઓ. ૧૧
ત્યારે ગુર બીરમાજી એવો મનમાં ધરેઓ
જે પુત્ર હોઇ એવો કોઇ ન કરેઓ. ૧૨
ત્યારે ગયા વેદ બીરમાજી કરે પુકાર,
ત્યારે હરી પાસે દોડી ગયા તતકાળ. ૧૩
વેદ વીનિયા હુવા અંધકાર,
શામીજી શંખવો લહી ગયો વેદજ ચાર. ૧૪
ત્યારે વેદ ચાર શંખવો લહી ગયો,
ત્યારે ગુર બીરમાજી ચીંતા માંહે ભયો. ૧૫
તારે સુણી વચન હરીએ કરીઓ વિચાર,
વેદ કારણે હરીએ લીધો અવતાર. ૧૬
જ્યારે દેવનું પરથમ મછ રૂપજ ભઇઓ,
ત્યારે ગુર બરમાના વેદ ચાર તે શંખવો લહી ગઇઓ. ૧૭
ત્યારે ગુર બીરમાજીએ હરીને જઇ સું કહીઓ
શામી વેદ ચાર તો શંખવો લહી ગઇઓ. ૧૮
ત્યારે એવો વચન સુણી પુઠે થયા મોરાર,
ત્યારે શંખો જાઇ પેઠો પાતાળ મીંઝાર. ૧૯

(કુલ ૧૩૭ બંધ છે.)

(બીજા અવતારમાંથી)

શ્રી સતગુર ભીરમા હો વાચા સાચી સાચ,
એવી ગુરૂજીએ બોલીયા વાચ. ૧
જરે બીજે કોરભ રૂપે હરી અવતરીઓ.
ત્યારે ભાર પોરોથમીનું તે પુઠે ધરીઓ, ૨
ત્યારે પોરોથમીમાં ભગત જાપ જપે હરીનું જેહ,
ત્યારે છાસઠ કરોડસું દૈત્ય વ્યાપક રહે છે તેહ ૩
ત્યારે દૈત્ય મધુકીટક માહા બલીઆ આહે
તે છાસઠ કરોડસું મેરપર્વત પર બેઠા જાએ. ૪
ત્યારે દેવે મેર પરવત સમુદ્રમાંહે ધરીઓ જાએ,
ત્યારે દૈત્ય મધુકીટકને સંગારીઓ તાંએ. ૫

(કુલ ૨૩ બંધ છે)

(ત્રીજા અવતારમાંથી)

શ્રી સતગુર ભીરમાજી વાચા સાચી સાચ,
એવી ગુરૂજીએ બોલી વાચ. ૧
ત્યારે ત્રીજે વારા રૂપ ધરીઓ સંભાર,
ત્યારે પીરોથમી રાખી દાઢ વીચ શંભાર. ૨
જ્યારે દેવે પીરોથમી રાખી દાઢે શ્રી હરી,
ત્યારે દેવે વારા રૂપજ ધરેઓ શ્રી હરી. ૩
ત્યારે મોર દાણવને સાહેબે હણીઓ
તે દાણવ મારવાને શ્રી વારા અવતારજ ધરીઓ ૪

ત્રીજે વારા રૂપ હરી ધરીઓ,
તે દાણવ મારણેકું હરી અવતરીઓ. ૫
જયારે દેવે મોર દાણવ મારીઓ જેણીવાર,
પછે સોંસારમાં પરગટ થઇઆ મોરાર, ૬
(કુલ ૧૪ બંદ છે)

(ચોથા અવતારમાંથી)

શ્રી સતગુર ભીરમા વાચા સાચી સાચ.
એવી ગુરજીએ બોલીઆ વાચ. ૧
જયારે ચોથો રૂપ કરતા જુગમાંએ હરીએ ધર્યો,
ત્યારે દેંત્ય હરણાકંસ અંગુશટે ભર તપ કરવા ગઇઓ. ૨
જયારે દેંતે માહા વનમાં તપ સાધીઓ જેહ,
ત્યારે તેને શંકર દેવે વર આપીઓ તેહ. ૩
ત્યારે વર લઇને ચાલીઓ નગર મોંજાર,
ત્યારે દેંત્ય ગુર સાથે જઇ ઉભો તતકાર. ૪
હાંરે જજમાન તમો માગીઓ છે શું
રખે માગતા કાંએ ચુકીઓ તું ૫
જે માગી કાયા દસવાર સહી
તો શામી અમે માગતાં ચુકીએ નહી ૬
હાંરે ભાઇ તારો મોત છે તારા ઘરની બાર,
તે હું કહું તુને ત્રીશંજા વેલાથી ઉપજાવે કાળ ૭
ત્યારે દેંત્ય હરણાકંસ પાછો ફરી તપ કરવા ગઇઓ,
ત્યારે શ્રી નરસીહ રૂપે શ્રીં હરી પરગટીઓ. ૮

ત્યારે દૈત્ય હરણાકંસ કરોધે થઓ તીઆં,
ત્યારે ફરમાની ફીરસ્તો વ્યાસ રૂપ થઇને ઉડીઓ છે ત્યાં ૯
ત્યારે ફરમાની ફીરસ્તો દેવ સભા માંહે જાએ,
ત્યારે ગુર નરને ભગત પરેલાદ જાઇ લાગા પાએ ૧૦

(કુલ ૯૦ બંદ છે)

(પાંચમા અવતારમાંથી)

શ્રી સતગુર ભીરમા વાચા સાચાંરે સાચ
એવી ગુરજીએ બોલી છે વાચ ૧
જ્યારે બીજા ત્રેતા જુગની સાચી શાખ જેહ
ત્યારે જુગ માંહે આવીઆ ગુર વીજેસદળ વ્યાસ તેહ. ૨
ત્યારે એ જુગ માંહે દઇંત બલ રાજા હોઇ અવતરીઓ,
તે છાસઠ કરોડ દઇંત સાથે પરવરેઆ ૩
જે જુગ માંહે બલ રાજા એક છત્રે રાજ કરીઓ નીરવાણ
તે દઇંતનું ગુર વાંચે વેદ પુરાણ. ૪
ત્યારે ગુરને બલ રાજા જઇ પુછીઓ વિચાર,
કહો ગુરજી નારાયણ દેવ સું જુધ કરતા નહી આવીઓ હાર. ૫
તો ગુરજી અમને જોતક જોઇને કહો ભેવ,
જેમ તમે કહેશો તેમ કરશું દેવ. ૬
ત્યારે તેના ગુરે કહીઓ તું વચન સાંભળ અમતણો,
હવે તમે જગન દાન માંડો ઘણો. ૭

ત્યારે ગુરના બલ રાજાએ એસા વચનજ લીઆ,
તારે જગત જ્ઞાનના વરતજ લીઆ. ૮
ત્યારે જે કોએ જાચક જાચવા આવે બલને તાંએ,
તેને બહુ અન આપે અને સોવનની ગાય. ૯
તારે બલ રાજાના મનમાં ચીંતા ભહી,
જે હવે અમે જગતનું આરંભ માંઢીઓ સહી. ૧૦
(કુલ ૯૧ બંધ છે).

(છઠ્ઠા અવતારમાંથી)

શ્રી સતગુર ભીરમા વાચા સાચીરે સાચ,
એવી ગુરજીએ બોલી વાચ. ૧
જ્યારે છઠ્ઠમું રૂપ ફરસીરામ રૂપ અવતરીઓ,
ત્યારે ધનક બાણ દેવે હાથે ધરીઓ. ૨
તે જુગમાંહે બહુ વીયાપક ભરપુર,
તે સરવે ફરસીરામે મારી કીધા દુર. ૩
તારે દેવે ખત્રી મારી પીરથમી ન ખત્રમી કરી,
ત્યાં દેવે માહ જોધા હણીઆ શ્રી હરી. ૪
સેસ્ત્ર (૧૦૦૦) અરજણ (હાથ) માહા બળીઆ આહે,
તણેથી કોઇ જુધ્ન કરીઓ નવ જાએ. ૫
તારે તે દૈંત્ય મનમાં એશો ધરીઓ,
જે શ્રી ફરસીરામ કારણે લોહ પાંજરૂં કરીઓ. ૬
ત્યારે દઇંત પાંજરૂ લઇને શ્રી નારાયણ દેવને ગોતવા ગયો,
ત્યારે શ્રી નારાયણ દેવ કપટ કરી વીપ્ર વરણ ધરડો થઇઓ ૭

હાંરે જજમાન તમે માથે પાંજરૂં કેમ લીધો જોઉ
તે આગળ તારી પાંચ પેઢી સંધારી છેઉ. ૮
હારે શેસ્ત્રા અરજણ જો તું રાજા બળના વંશનું હોએ
તો નારાયણ દેવસું જુધ કરજો જોએ. ૯

(કુલ ૨૬ બંદ છે)

(સાતમા અવતારમાંથી)

શ્રી સતગુર ભરમાહો વાચા સાચીરે સાચ,
એવી ગુરજીએ બોલીઆ વાચ ૧
શ્રી ગુર વીજેસઠળ વીઆસ વાચા આહે,
ત્યારે શ્રી હરી સાતમાં રૂપ અવતરેઆ શાહે. ૨
ત્યારે ત્યાં દઇંત રાવણ પરગટ થઇઓ,
તે નાશ જાલતાઇ વનમાં વણવાઇ તપ કરવા ગઇઓ. ૩
ત્યારે ત્યાં વનમાં તપ બેશીને કીધો કાજ,
તેણે દેવ કને દસ મુસતકનું માગી લીધો રાજ. ૪
તો શામીજી હું સેસ્ત્ર જોધાથી લડુંને મારૂં નીરવાણ,
તો શામીજી હું ન મરૂં કેનેરે બાણ ૫
તો મુને એવો વર આલો સહી,
તો મુખ માંહેથી કયાંઇ બોલું નહિ. ૬
તો મુને એવો કહો મારા ગુર,
જો કોઇ હાર ન એવો માગી લઉં વર. ૭

(કુલ ૧૮૭ બંદ છે)

(આઠમા અવતારમાંથી)

શ્રી સતગુર ભીરમા વાચા સાચીરે સાચ,
એવી ગુરજીએ બોલીઆ વાચ. ૧
શ્રી સતગુર વીદર વ્યાસ વાચા સાચો જાણ,
તે ગુરજીએ વાણી બોલીઆ સહી પરમાણ. ૨
જ્યારે આઠમું અવતાર હરીએ ધરીઓ,
ત્યારે માતા દેવકીને કુખે શ્રી કરશનજી ભલે અવતરીઓ ૩
તે દેવકીને કુખે અવતરીઓ છે આહે,
પણ દુધ દીધો તે જસોદા માએ. ૪
ત્યારે માતા જશોદાને ઘરે મંગળ વરતેઆ ચાર
ત્યારે વાજંત્ર વાજીઆ અપાર. ૫
ત્યારે બોહોત આનંદ ગોકુળ માંહે ભએયા,
ત્યારે કંસાસુરને ખબરજ થઇઆ. ૬
ત્યારે જેમ જેમ કલા શ્રી કરશનજીની ચડે
તેમ તેમ કંસાસુરના મનમાં સંસો પડે. ૭
ત્યારે કંસ વચન બોલીઆ સહી,
કોઇ એવો છે જે બાળકને મારે સહી. ૮
(કુલ ૨૪૩ બંદ છે)

(નવમા અવતારમાંથી)

શ્રી સતગુર ભીરમાજી વાચા સાચીરે સાચ,
એવી ગુરજીએ બોલીઆ વાચ. ૧

જ્યારે નવમું અવતાર હરીએ ધરીઓ સહી,
ત્યારે શ્રી બુધ રૂપે ફારસી વાણી કહીં. ૨

ત્યારે શ્રી બુધ રૂપે ફારસી બોલીઆ મીર,
તે દેવે કંડે બાંધી તરવારને તીર. ૩

ત્યારે મુખ ચંચા પગ વંકા જાણ,
પગે કોસ પેરે દીવાન, ૪

ત્યારે ફારસી મુખે શ્રી હરી કહે,
તેના પાસે કોએ ઉભો નવ રહે, ૫

જ્યારે માહા વીકટ રૂપ હરીનું દીઠું છે આએ
તે પાંઢવોને દુઆરે ઉભા છે જાએ ૬

સુણો જુજેસઠળ હું તમસું કહું,
અને હું તો કલજુગ માંહે પરગટ નહિ રહું ૧૨૯
ત્યારે પછી રાજા જુજેસઠળ કહે સુણો મોરાર
પણ શામીજી તમ વીન્યા કેમ ચાલે સંસાર ૧૩૦
ત્યારે કહે શ્રી નારાયણ દેવહું તમસું રાજા જુજેસઠળ કહું
હું તેણે ઠામે ગુપત હોઇ રહું ૧૩૧
ત્યારે રાજા જુજેસઠળ કહે શામી અમને કહો તમારા
ગુપતનો ઠાર,
જે સરવે દેવ રીકીસર પુજે તમારો દીદાર ૧૩૨
ત્યારે શ્રી નારાયણ દેવ કહીઓ તમે સુણો જુજેસઠળ રાય
તે હું કહું છુ કલજુગ માંહે અમારો ગુપતનું ઠાએ. ૧૩૩
જ્યાં પછમ દિશામાં આરબ દેશ
ત્યાં દસમો અવતાર ધરૂં માનખા વેશ ૧૩૪

(કુલ ૨૬૦ બંદ છે)

(દસમા અવતારમાંથી)

શ્રી સતગુર બ્રીરમા હો વાચા સાચીરે સાચ,
એવી ગુરજીએ બોલી વાચ, ૧
શ્રી સતગુર નબી મહમ્મદ હો વાચા સાચીરે સાચ,
એવી ગુર હસનશાહા સુત બોલીઆ પીર ઇમામ શાહા વાચ
જ્યાંરે કલજુગ બેઠો ને દુઆપુર ઉતરીઆ,
ત્યારે દઇંત કાલીંગો ચીણ માહા ચીણ અવતરીઓ ૩
તે ચીણ માહા ચીણ બેઠો આજ,
તે દઇંત કાળીંગો કલજુગ લંગતે બેઠો રાજ. ૪
તે દઇંત આજ નવ ખંડમાં ભરપુર વ્યાપક રહી કરેછે કામ,
તે કાશી વિનાશી નાથ જપાવે છે નામ. ૫
તો મુનીવર ભાઇ આજ કલજુગમાં તમે સહી કરો અથર
વેદ પરમાણ,
આજ ગુર બ્રીરમા તે સહી નબી મહમ્મદ ધરાવેઆ નામ. ૬
આજ ઇશ્વર તે આદમ કલજુગ માંહે સાર,
આજ કલજુગમાં હરીનું દસમુ અવતાર. ૭
તે આજ દસમે હરી પાત્ર નકળંકી અવતાર,
તે આજ બેઠા છે આરબ દેશ મોંઝાર. ૮
તે કેતાક ચલીત્ર હરીના કહુ
તે દેવા આજ કલજુગમાંહે ગુપત હોઇને રહું ૯
આજ કલજુગમાં ગુર બરમા પીર શમશ અવતાર,
તે ગુર ફકીરી વેશે ફરીઆ મુલક ચોવીશ મોંઝાર. ૧૦

(કુલ ૫૪૨ બંદ છે).

જો મીશનરી પીરોની વટલાવવાની છુપી ભરી યુક્તિ જોવી હોયતો નવમો તથા દસમો અવતાર વાંચવો જોઇએ.

પીરોના જ્ઞાનો

ગીનાન એ જ્ઞાનનું અપભ્રંશ છે. ખોજા, મુમના, ગુપ્તી, શેખડા, સતપંથી વીગેરેના ઉપદેશક પીરોએ તેમના ધાર્મિક ઉપદેશ માટે હીન્દુ માતાપંથીઓની જેમ ભજનો રચેલા છે પણ તે ભજનોને "જ્ઞાન" એવું નામ આપવામાં આવ્યું છે. આવા જ્ઞાનોની સંખ્યા લગભગ એક હજાર અંદરની છે. આ જ્ઞાનો કેવાં છે તે જાણવા માટે થોડાં જ્ઞાનો નીચે આપુ છું.

(જ્ઞાન પીર સદરદીનનું)

સબ ઘટ સાહેબ એસા કરી દેખો, જેસા દુધમેં ઘૃત પિછાણો,
ખલકમાં ખાલક પીરે દેખાયા, તે પ્રગટ ઘટમાં જાણ્યા. ૩
જેમ શશી એક આકાશે ચંદા, તેમ કોટાકોટ કુંભા જળમેં દેખા,
મેરે સાહેબકે પાર ન જાણો, ગુરૂ પ્રસાદે મુનીવર:પેખો. ૪
દુર દેખાડયો જેણે દુર કરી જાણ્યા, તેનાં કામ ન સીધાં તોય,
ધરતી, સુરજ, પવન પાણી, ગુરૂં સમો તોલ ન જાણી. ૫

સતગુર પારસ, મુનીવર ત્રાંબા, ગુરૂ ભેટે તો સુવરણ હોય,
ઇસ જુગમેં ગુરૂ બોત કહાવે, તેથી સંશા ન મટે કોઇ. ૬
અલખ નારાયણ પારસ જાણો, તિસથી ભવ સાગર છુટે,
ખલકમાં ખાલક પીરે દેખાડયા, ઓર સર્વે શિર કુટે. ૭
જિસરે દીન જમીન નહોતી, આકાશ નહોતા એક ઇલાહી,
તિસ દીનકી બાતાં ગુરૂએ દેખાડી, સુણજો મુનીવર ભાઇ. ૮
ધંધુકારે પેલા નુરજ હોતાં તે નુર જંપુ દીપમાં આવ્યા,
સીતોજ, જેરાજ, ઇંદોજ, ઉદ ભોજ ચારે ખાણમાં પાયા. ૯
આદ અનાદે એ ગુર રમતા, પીર સેવંતા મુનિવર પાયા,
એ જ્ઞાન મહારસ ભણે પીર સદરદીન, આદ અંત કહી સુણાયા ૧૦

(જ્ઞાન પીર હસન કબીરદીનનું)

સતપંથ સતનું સુખ છે, જીભ્યા હેત પરીત
નાશીકા ગુર નરનું નામ છે, ક્ષમા દયા દોદ્રષ્ટ ૧
જ્ઞાન દેવનું મન છે, પાલક વાયક વિચાર
સંતોષ દેવનો સેજ છે, કાંઇ દેત દેવનો આહાર ૨
સ્વર દેવના શ્રવણ છે, જપ તપ છે એ પાવ
ધરમ દેવની દેહ છે, થુંડપગ છે પરમાણ ૩
આકાશ દેવનું મસ્તક છે, પાતાળ દેવના પાય,
દેવને કાળ નહિં, નિંદ્રા નહિં, માંહે રખીએ રાવ ધ્યાન ૪

મન પુષ્પની પુજા ચડે, ગુરૂ મુખે તે પ્રસન થાય
તમે સતી લોક :સેવજો, આવાગમન ભો જાય. :૫
જેમ લક્ષ નવાણું ક્રોડ સીધા છપન ક્રોડ મેઘાય,
કિનર ક્રોડ બત્રીસ સીધા તેત્રીસ ક્રોડ દેવતાય. ૬
ક્રોડી પાંચસું રાજા પેરાજ સીધા સાતસું હરીચંદ મુગતા હુઆ
ક્રોડીનવસું રાજા યુધિષ્ટર સીધા, બારે પીર સદરદીન ઓળખ્યા ૭
કળજુગ મધે અનંત ક્રોડી પીર હસનશાને શાએવર આલયા
અવતાર દસમો દિલમાં ધરી, ઘટ કળશ રૂપે સહી થાપીઆ ૮
જીઆં યળશ થાય ઘટ થાપના, ગતીકું બોલે તે અમૃત વાણી
સામીને ચરણુ થકી પાતક તળે, ઉપજે પ્રાણુ સમાન ૯
ગત સરવે હેતે મેળો, રાખો ધણી સુ ધ્યાન,
માંહો માંહે મેળા મળો, એક એકને સનમાન ૧૦
તમે એવે મન આરાધ કરંતાં, હોએ હરની સુધ,
જેને મનખા દેહીમાં આવ્યા ગુર નર મળ્યા, તે કરે છે આનંદ ૧૧
બીજ શુકર વારી શેવીએ, નિશાં હોય તો નિશ્ચળ માન
ગુર ગત માંહે આરાધ કરતાં, થઇએ બહુ પાવન ૧૨
સતપંથ સોળ કાળ સું ઉગેઆ, જેમ ઉગ્યા શશી આર ચંદ
જેણે સામી સેવ્યો એક મન, તે કરે છે નવનીદ ૧૩
ફરમાન માનો તો ફેરા ટળે, શાપીર કહેતાં ઉતરીએ પેલે પાર
તમે સુખે અમરાપુરી પામશો, સહી જાણજો નિરધાર ૧૪

હેજ દો કહેતાં હસ્તીકો દાન, કાયમ પાયા કેતાં દાન તુરંગ
તમે સતી લોક સેવજો, કાંઇ અમરગઢ છે આગળે ૧૫
અમરગઢ ઉમરા પુરી, તમે સાંભળો મોમન વીર
તમે સાચે મનથી સેવજો, બોલ્યા હસન કબીરદીન ૧૬

(ગીનાન પીર ગુલામાલી શાહનું)

એજી માલ ખજીના બોહોતજ ભરીઆ, ઉસમે નહિ કુછ તેરા
રંગ મોહોલ સબ કુછ ભુલ જાએસી, જંગલ હોએસી ડેરા.

કીયા નીંદ સોવે મન મેરા, શાહા સમરનકી વેળા,
મૌલા સમરનકી વેરા, કીયા નીંદ સોવે મન મેરા ૧

એજી સીર પર કાળ ફીરે સંત સાધુ, અબ તું ચેત સવેરા,
ઇસ વેરા માંહે જો તું ભુલ જાયેસી, તો બોહોત ખાયેસી ફેરા
કીયા૦ ૨

એજી આરે સંસાર સકલ હેય જુઠો, મત જાણો હેય મેરા.
છોડ ભરમ તમે ભીરમ વીચારો, તો ખોજ અંતર ઘટ તેરા.
કીયા૦ ૩

એજી જોત પીરકાસી લીજે ઘટ અંદર, ગુર બીના ઘોર અંધેરા.
પીર ગુલમાલી શાહા, સમરન કર લો, સમજ મન મેરા.
કીયા૦ ૪

(ગીનાન પીર સદરદીનનું)

એજી અસમાની તંગલ વાજેઆ શામીરે તમે ભલે આયાજી. ૧
હસતાંને ખેલંતા આવીઆં કોટડીઆ ઉઘાડીઆજી. ૨
એણીરે કોટડીએ ગુરનર બેસતાં જોણે નજરે સું દીઠાંજી. ૩
જેણે રદા માંહે ઓલખીઆ તેના હઇડાંમાં બેઠાજી. ૪
બીરમાને વીશનું મહેશર બેઠાં વેદજ વાંચેજી. ૫
વેદ તણુંરે વિચાર કરો કલજુગ કેમ પુરો થાશેજી. ૬
પાપે કલજુગ થાએશે, તમે ભુલી મં જાઓજી. ૭
વરસ જાશે દસ દાડલે દીન પાણીની રેલેજી. ૮
ભાઇઓ ભાઇઓ માંહે વઢશે આપણે નઇણે નીરધારજી. ૯
બેટો ન માને બાપને એવો આવીઓ કલી કારજી. ૧૦
શામી રાજો છત્ર ઢરાવશે, આડા છે દીન ચારજી. ૧૧
શામી સરીખો રાજીઓ નહિ કોઇ થીયો નહિ કોઇ થાશેજી. ૧૨
કડમાં માહમદશાહાની વેનતી, તમે ભુલી મ જાઓજી. ૧૩
વેદ કુરાન માંહે શાંખ છે તેની આવી એંધાણીજી. ૧૪
પીર સદરદીન બોલેઆ. તમે ગીનાન વીચારોજી. ૧૫

(ગીનાન સઇયદ માહામદ શાહનું)

એજી ચીલા છોડી દીનકા, ધાંચા મન ખાવો,
સુનોરે વાટારૂ બાવરે, મત ભુલી જાઓ—સુનોરે ૧

એજી સાથી એસા કીજીએ, જે કોઇ રાહા બતાવે,
ઉનકે સંગે ચાલીએ, મન માંહે શંક ન આવે—સુનોરે ૨

એજી સાથી તુજકો તો મીલે, જબ છોડે હું હું.
સબ બાતાં શાહીકું સોંપીએ હરદમ રહેવે હજુરજી—સુનોરે ૩

એજી સાચા દીન રસુલકા, તમે સહી કરી જાણો,
જે કોઇ ચાહાવે દીનકુ, તાંકું દીનમેં આણો—સુનોરે ૪

એજી સઇયદ માહામદશાહ, આખવે, કડમાંહે સાથી કીજે.
પ્રેમ પીઆલા નુરકા બાવા ભર ભર પીજે—સુનોરે. ૫

(ગીનાન પીર શમશનું)

એજી હમદીલ ખાલક મોલા સોહી વસેજી.
જેણે કાયમ કુદરત ચલાઇ— એભી અલ્લા ૧

એજી સુન એ મુલ્લાં સુનબે કાજી,
ચેહ શાહી કીને રચાઇ— એભી અલ્લા. ૨

એજી ઇસરે માટી માંહે સારી દુનીઆ નીપાઇ,
ઇસમેં કોણ હીન્દુ કોણ મુસલમાન— એભી અલ્લા. ૩

એજી હીન્દુ સોહી જે અડસડ તીરથ જાવે,
મુસલમાન મીસીતાં— એભી અલ્લા. ૪

એજી મેરે શાહાકું હીન્દું ન જાણે મુસલમાન ન બુજે.
શાહા બેઠા નીરંજન હોઇ— એભી અલ્લા. ૫

એજી મન મેરા મુસલ્લા, અલ્લા મેરા કાજી
કાએયા હમેરી મીસીતાં— એભીં અલ્લા. ૬
એજી અંદર બયેઠે મેં નીમાજ ગુજારૂં.
મુરખ કેયા જાને તાએત હમારી— એભી અલ્લા. ૭
એજી આવે તો રાજી નહિ તો રાજા,
એસા એસા ધીયાન મેરે સાહેબજીસું ધરના—એભી અલ્લા. ૮
એજી મોમન સોઇ, જે સબ મરમ જાણે
એલમ રાહા સર ચલણું— એભી અલ્લા. ૯
એજી ગીયાન ધીયાન માંહે સરવે સુધ પાઇ,
ખોજ ખોજ કર મીલનાં— એભી અલ્લા. ૧૦
એજી બોલેઆ પીર શમશ સુણો મોરા ભાઇ,
પીર બીના પાર કીયું ઉતરણું— એભી અલ્લા. ૧૧

દસ અવતાર સામે દસ દૈત્ય.

દસ અવતાર		દસ દૈત્ય.	
૧	મછ	૧	શંખાસુર
૨	કોરભ	૨	મધુકીટક
૩	વારાહ	૩	મોર
૪	નરસિંહ	૪	હરણાકંસ
૫	વાએમણુ	૫	બલ

૬	ફરસીરામ	૬	સેહેસ્ત્ર અરજણ
૭	રામચંદ્રજી	૭	રાવણ
૮	ક્રશનજી	૮	કંસાસુર
૯	બુદ્ધ	૯	દુરજોધન
૧૦	નકળંકી	૧૦	દૈંત્ય કાળીંગો

જો કે નકળંકી અવતાર તરીકે આગાખાની-ઓ હજરત અલી તથા તેમના વંશજ આગાખા-નને જણાવે છે પરંતુ તેમના શાસ્ત્ર પ્રમાણે ખરી રીતે તો નકળંકી ભવિષ્માં જાહેર થશે અને દૈંત્ય કાળીંગો તેમની સામે લડશે અને તેમાં દૈંત્ય કા-ળીગો હારશે. દૈંત્ય કાળીગો તેજ કાણો દજ્જાલ.

કુરાને શરીફ.

ખુદાતાલાએ સંખ્યાબંધ પૈંગંબરો મોકલી તેમ-નાપર સંખ્યાબંધ કીતાબો મોકલાવી છે તેમાં ચાર કીતાબો નવી શરીયતની સ્થાપનાર હતી. તે ચાર કીતાબો તૌરેત, ઝબુર, અંજીલ તથા કુરાન છે. તૌ-રેત હજરત મુસા પૈગંબર ઉપર, ઝબુર હજરત દાઉદ પૈંગંબર ઉપર, ઇંજીલ હજરત ઇસા પૈંગંબર

ઉપર અને કુરાન હજરત મહમદ પૈગંબર સ૦ ઉપર. કુરાન અરબી ભાષામાં છે અને તેની આયાતો જીબ્રાઇલ ફરીસ્તા માર્ફત વહી થઇ પૈગંબર હજરત મહંમદ સ. ને મળી છે. તે કુરાને મજીદના કુલ ત્રીસ વિભાગો પાડવામાં આવ્યા છે. તે દરેક વિભાગને સીપારો એટલે ત્રીશમો વિભાગ કહેવામાં આવેછે. તેમાં જે પ્રકરણો છે તેને સુરા અને વાક્યો છે તેને આયત કહેવામાં આવે છે. મુસલમાન ધર્મનું આ મુખ્ય પુસ્તક છે. આ પુસ્તકના દુનિયાંની દરેક ભાષામાં તરજુમા થઇ ગયા છે. હજારો ઇસલામી ઉલ્માઓએ તેની તફસીરો લખી છે. અને તેવી સંખ્યા બંધ તફસીરોના ઉરદુમાં તરજુમા થયા છે. ઇસનાઅશરી મુલ્લાં હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ ભાવનગરીએ ગુજરાતીમાં " અનવારૂલ બયાન " નામે તફસીર લખી છે. હાજી અલાદીન ગુલામહુસેન રફીકે પણ કુરાને મજીદના સુરેનુરની ગુજરાતીમાં તફસીર લખી છે. પ્રોફેસર ઇસ્ફહાનીએ કુરાને મજીદનો ગુજરાતી ભાષામાં ઘણોજ સરસ તરજુમો કીધો છે.

હદીસ

એટલે સુન્નત જમાતના લોકો હજરત મંહમદ સ. ના બોલો તથા કાર્યોને હદીસ કહેછે. જ્યારે શીયા ધર્મના લોકો તેમાં બીબી ફાતેમાં ઝેહરા, તથા બાર ઈમામોના બોલો તથા કાર્યોને પણ ઉમેરી હજરાત ચહારદહ માસુમીનના બોલો તથા કાર્યોને હદીસ કહેછે. આવી રીતની હજારો બલ્કે લાખો હદીસો છે. હદીસોમાં ઘણી ખરી, કેટલીક ઝઈફ અને કેટલીક બનાવટી છે. પૈગંબર સ૦ થી સીધી રીતે ઉતરી આવી હોય અને તેના રાવીઓ મોતેબર હોય તે ખરી, અને જેમાં સીલસીલો બરોબ્બર ન હોય અને રાવીઓ પણ ઓછા વિશ્વાસને પાત્ર હોય તે હદીસ ઝઈફ કહેવાયછે અને જે હદીસો કુરાનના વિચારથી ઉલટી હોય, ભલે પછી તેના રાવીઓ ગમે તે હોય; પણ ખરી મનાતી નથી. ઉલ્માઓએ ખરી તથા ખોટી હદીસો પારખવાના ઘણા નિયમો ઘડી કાઢયા છે અને તે નિયમો પ્રમાણે તેઓએ ખરી ખોટી હદીસોની બહુજ છાનબીન કીધી છે. અને જુઠી હદીસોને તા-

રવો દેખાડી છે. કુરાને મજીદ પછી તુરતજ હદીસ અમલને લાયક છે.

પીર શમ્શની ગરબીઓ

ખોજા કોમને ઇસલામમાં લાવનારમાં પીર શમ્શ નામે એક મીશનરી થઇ ગયા છે. તેઓ નવરાત્રીના દહાડામાં જ્યારે હીન્દુઓ ભવાની માતા પાસે ગરબીઓ ગાતા નાચતા ત્યારે પીર શમ્શ પણ ત્યાં ગયા અને તેમાં જઇ ગરબી ગાવા તથા નાચવા લાગ્યા. અને પોતાની બનાવેલી ગરબીઓ ગવડાવવા લાગ્યા. અને તે ગરબીઓમાં ઇસલામના બીઆં છાંટવા લાગ્યા. આવી રીતે દસ દહાડા સુધી પીર શમ્શ દરરોજ રાત્રે ગરબી ગાવાને જતા અને હીન્દુઓ સાથે નાચતા અને પોતાની બનાવેલી ગરબીઓ ગાતા હતા. આવી રીતે તેમણે બનાવેલી તથા ગાએલી કહેવાતી ગરબીઓની સંખ્યા કુલ ૨૮ ની છે. જેમાંથી નમુના તરીકે બે ગરબીઓ નીચે આપવામાં આવે છે. બાકીની ગરબીઓ પણ ઘણીજ રસીક અને મીશન પધ્ધતિના પ્રયોગ રૂપ છે.

ગરબી પીર શમ્શની

આજ આનંદ પામીઆ મનકે, સતગુર સરેવીયાંરે લોલ.
તમે ભુલો મ મુરખ લોક કે, મર્મ રદય ધરોરે લોલ

એતો પાખંડ દેવળ ભુત કે, ફેરા શું ફરોરે લોલ.
તમે સેવો સતગુર નુર કે, ગુર અનવર ધણીરે લોલ.

તમે દાન દસોંદે રેહેજો પુર કે, તો ફળ પામશોરે લોલ.
એતો પુરા રખીસર કરશે રાજ કે, સતપંથે ચાલશોરે લોલ.

તમે નાચો દીનને રાત કે કાંહી નહિ પામશોરે લોલ.
એતો પાથર સરવે ભુત કે, બોલે બી નહિરે લોલ.

તમે ભુલો તે ફોકટ કાંહે, જે ઘડીઆ માનવીરે લોલ.
એતો ગરબી જુઠો છે દેવ કે, ભવાની છે કીયાંરે લોલ.

એતો ગુર ભરમાની કળા ભરપુર કે ત્યાં સરવે રહેરે લોલ.
તમે જુઠા જુઓ સબ સંસાર કે, જનમથી જાણજોરે લોલ.

તમે માનો અલી અવતાર કે તો ફળ પામશોરે લોલ.
તો પાપ પીરાછત થાશે દુર કે પદમી પામશોરે લોલ.

એમ સમજાવ્યાં છે સતગુર સાચ કે તોએ નવ જાણીયારે લોલ.
તેતો સુણીઆ સર્વે લોક કે, વળતાં બોલીયારે લોલ.

તમે આવજો બીજી રાત તો મીલી કરી નાચીએરે લોલ.
એમ બોલીઆ ગુર શમ્શ પીર, કે ચેતી ચાલજોરે લોલ.

ગરબી બીજી.

ગુર આવીઆ બીજી રાત કે આવી નાચીઆરે લોલ.
ત્યારે બોલીઆ મીઠા બોલ કે અંબરત વાણીઆરે લોલ.
તમે સુણજો સરવે સાથ કે ચેતી ચાલજોરે લોલ.
એ તો સારા મકર છે ભરપુર કે નીરટે જાણજોરે લોલ.
તમે મનમાંએ કરીઓ વિચાર કે પાથર શું હશેરે લોલ.
તમે સીરેવો સાહેબ સીરજણહાર કે દ્રઢ વીસ્વાસીઆરે લોલ.
જેણે સીરજી ચારેહી ખાણ કે જીવજ નાખીઆરે લોલ.
જેણે કીધા ભગતુંના કામ કે જુગા જુગ આવીઆરે લોલ.
જેણે રૂખ સુગતને લીધો ઉગાર કે વૃત છોડાવીઆરે લોલ.
જેણે ગોતમ કેરી રાખી લાજ, કે ગરન ઉજાડીઆરે લોલ.
તેણે ઇંદ્રને આલીઓ અવિચળ રાજ કે પદમી પીરામીઆરે લોલ.
તેતો થંભથી ફુટી આવીઆ બાહાર કે પએલાજ તારીઆરે લોલ.
ત્યાં હરણા કંસને મારીઓ કામ, કે નખેસું વીદારીઆરે લોલ.
તેણે હરીચંદ્રનો ઝાલીઓ હાથ કે તેને ઉગારેઆરે લોલ.
તેતો દુઆપર જુગમાંહે હોતા સાર કે પાંઢવ તારેઆરે લોલ.
આજ કલજુગમાંહે કીરોડ બાર કે સતીઆ સાચસુંરે લોલ.
પછી છેલી સંદે મુનીવર વીર કે ચનંત ઉગારશેરે લોલ.
એમ બોલેઓ ગુર શમશ પીર કે સતે સુધા રહોરે લોલ.

ગીતમાં ગીનાન

હીન્દુ સ્ત્રીઓ તેમના ખાસ તેહવારના દહાડાઓમાં ધર્મને લગતાં કાવ્યો જેને ધોળ કે ગીત કહે છે તે મોટા ભાવથી એકઠી થઈ બોલે છે અને તેને રાસડામાં પણ ગાય છે. આવી બાબતથી સ્ત્રીઓમાં ધર્મની લાગણી વધે છે તેથી ખોજા પંથના મીશનરી પીરોએ પણ તે ધોરણનું અનુકરણ કરી કેટલાક ગીતો તથા ધોળો બનાવી આપ્યા છે. જે ગીતો આગા સાહેબની સાલગીરેહના દહાડાઓમાં, હસન પીરના મેળા પ્રસંગે તથા આગા સાહેબ પધારે ત્યારે જે મેળો ભરાય છે તે પ્રસંગે સ્ત્રીઓ તે ગીત તથા ધોળો મોટા હાવ ભાવથી રાસડા લેતી ગાય છે, તેવા ગીત પૈકીનું એક નમુના દાખલ નીચે આપું છું. હમણાંતો ખોજાઓએ તેવા સંખ્યાબંધ નવા ગીતો બનાવ્યાં છે અને તેનો પ્રચાર કરવામાં આવ્યો છે.

ગીતનું ગીનાન.

કે જીરે વીરા ઢોલ મંગાવો જુગ ચારના,
કે જીરે વીરા પરણે પરણે કાયમ દેવરે
વીવારે આવ્યા ઢુકડા ૧

કે જીરે વીરા જોગીડા તેડાવો જુગ ચારના
કે લગનીઆ લખાવો પુનમ ચંદરે
વીવારે આવ્યા ઢુકડા. ૨

કે જીરે વીરા સતીઉં તેડાવો જુગ ચારનીઉં
કે જીરે વીરા સતીઉં ગાવે શાહને મંગળ ચારરે
વીવારે આવ્યા ઢુકડા ૩

કે જીરે વીરા સીતા કુંતાને દ્રોપદી,
ચોથી તેડો તે હરીચંદ ઘરની નારરે
વીવારે આવ્યા ઢુકડા. ૪

કે જીરે વીરા થાળ ભરાવો છગમોતીએ,
કે જીરે વીરા વધાવો વધાવો કાયમ દેવરે,
વીવારે આવ્યા ઢુકડા. ૫

કે જીરે વીરા કેસર કચોળાં અમી ઘોળીએ
કે જીરે વીરા છંટાવો છંટાવો આરબ દેશના રાયરે
વીવારે આવ્યા ઢુકડા. ૬

કે જીરે વીરા જાનૈયા તેડો જુગ ચારના,
કે જીરે વીરા માંડવડામાં હોશે ઉછરંગરે
વીવારે આવ્યા ઢુકડા. ૭

કે જીરે વીરા પાંચે કરોડીઉં પેલાજ આવશે.
કે જીરે વીરા સાતે આવે હરીચંદ રાયરે
વીવારે આવ્યા ઢુકડા. ૮

કે જીરે વીરા નવ કરોડીકિ યુધિષ્ટર આવશે,
કે જીરે વીરા બારે આવે પીર સદરદીનરે
વીરારે આવ્યા ઢુકડા. ૯

કે જીરે વીરા અનંત કરોડીકિ કબીરદીન આવશે,
કે જીરે વીરા ગાંડવડામાં થાશે જય જય કારરે
વીરારે આવ્યા ઢુકડા. ૧૦

કે જીરે વીરા જાનૈયા આવે ને તમે જાગજો,
કે જીરે વીરા એરાક ખંડ માંહે અકળ તુરીજન દેવરે,
વીરારે આવ્યા ઢુકડા. ૧૧

કે જીરે વીરા જાનને ઉતારા જંબુ દીપમાં,
કે જીરે વીરા ખરચે ખરચે મુલકનો મહેરબાનરે
વીરારે આવ્યા ઢુકડા. ૧૨

કે જીરે વીરા પીર સદરદીન બોલીઆ વીનંતી,
કે જીરે વીરા મારા મુમન ભાઇને બેસત દીદારરે
વીરારે આવ્યા ઢુકડા. ૧૩

ખાનાઈ ધર્મશાસ્ત્રનાં નામો.

મુળબંધ	મૌલાના કલામ
પંદીઆત જવાંમર્દી	બુધ નિરીંજન
દસ અવતાર	તો મુનીવર ભાઈ
સતવેણી	મોમન ચેતામણી

નકળંકી ગીતા	રસાલો
મન સમજાણી	ઇસમાઇલી વાર્તા
સત વરણી	મુળ ગાવંત્રી
ચંદ્રભાણ સુરભાણ	જુગેશર
ઝણુકાર	હંસ હંસલી
પીરભ પાંઢવાનો	જન્નતપુરી હસ્નાપુરી
અનંત અખાડો	સલોકો
ખટ દરશન	ગરબાવળી
આરાધના	વિનોદ
ગાવંત્રી	અથરવેદ
સુરત સમાચાર	બ્રહ્મ ગાવંત્રી
વીસ્ટોલ તથા બાવનગાટી.	પુતલા નવ છુગા
સતગુર નુરના વીવા	અનંતના વીવા
ગરબીઓ	વાએક

રાજા ગોવરચંદ તથા તેની બેનની કથા.

પીર હસન કબીરદીન તથા કાનીપાનો સંવાદ

જંગનામું.

હજરત નબી મહંમદ મુસ્તફા સ૦, હજરત અલી મુર્તઝા અ૦, બીબી ફાતમત ઝેહરા અ૦. ઇમામ હસન અ૦, તથા હજરત ઇમામ હુસેન અ૦, એમ

પંજેતને પાકની વીલાદત તથા શહાદતના હેવાલના કચ્છી ભાષા અને સીંધી લીપિમાં લખવામાં આવેલા ચોપડાઓને "જંગનામું" એવા નામથી ખોજાઓ ઓળખતા. આ "જંગનામા" ના ચોપડાઓ જામનગર ખાતે લહીઆઓ પાસેથી લખાવી દરેક ગામની જમાતોએ લખવાની મોટી રકમો આપી મંગાવી રાખ્યા હતા. આ ચોપડાઓનું બહુજ માન જાળવવામાં આવતું હતું. જ્યારે તેને પટારામાંથી બહાર કાઢી પાટ ઉપર લાવી મુકવામાં આવે ત્યારે સઘળી હાજર જમાત ઉભી થઇ નમન કરતી. ઇમામ હુસેન અ. ની જીયારતને તથા ચેહલમને દહાડે જ્યારે જીયારત પડવાની ક્રીયા પુરી થઇ રહે ત્યારે સઘળી જમાતને અત્તર ગુલાબ આપવામાં આવતું ત્યારે પહેલ વહેલું અત્તર ગુલાબ આ "જંગનામા" ના ચોપડાઓને છાંટવામાં આવતું. જ્યારે આ જંગનામાનો ચોપડો ચેહલમ પછી પટારામાં મુકવામાં આવતો ત્યારે પણ જમાત ઉભી થઇ નમન કરતી.

આ "જંગનામું" ઇદુજ ઝોહા (બકરી ઇદ) પછીથી હરરોજ રાત્રે પડાવાનું શરૂ કરવામાં આ-

વતું. મોહોરમની દસમી તારીખે હજરત ઇમામ હુસેન અ૦ શહીદ થયા ત્યાં સુધી પડાતું અને ત્યાર પછી શહાદતનો બાકીનો હેવાલ પડવામાં આવતો. આ જંગનામું સાંભળવાને સ્ત્રી પુરૂષોની મોટી મેદની મળતી હતી. નજીકના ગામડાઓના સંખ્યાબંધ ખોજા સ્ત્રી પુરૂષો તે સાંભળવાને આ-વતા હતા. વારસ ઇસમાલ ગાંગજીના વખતમાં "જંગનામું" પડવાની ક્રીયાઓ દરેક ગામમાં ઘણા ધામ ધુમથી થતી હતી. વારસ કાસમભાઇ ઇસ-માલના વખતમાં કામડીઆ જમાલ મેઘજીએ તે બંધ કરવાને મોટી કુંમ્બેશ ચલાવી અને ઘણા ગા-મોમાં તે પડાવાનું બંધ કર્યું. જંગનામા પ્રત્યે લોકોમાં એવો અભાવ ઉતપન્ન કરવાં આવ્યો કે તેની લોકો બેઅદબી કરવા લાગ્યા. કેટલાક ગા-મના લોકોએ તો તેને કુવામાં જઇ પધરાવી આવ્યા.

વળી જે જે ગામના ખોજાઓમાં ઇસલામને લગતી જાગૃતિ વધારે થવા પામી હતી ત્યાં ત્યાં તે પડાવાનું આસ્તે આસ્તે બંધ કરવા માંડયું. અ-મરેલીમાં ઇદુઝ ઝોહા પછીથી તે છેક ચેહલમ સુ-

થી જંગનામું તથા ફતેહનામું પડાવાતું હતું જે ખુદ અમોએ દરવરસે સાંભળેલું છે. જમાલ મેઘજી-એ અત્રેની જમાતના આગેવાન કુટુમ્બને એવું તો આડું તેડું સમજાવ્યું કે, તે ઇસલામ પ્રત્યે નબળા વિચારનું થઇ ગયું અને તેઓએ જંગનામા પડવા પ્રત્યે નિષ્કાળજી બતાવવા માંડી. અને તે એટલે સુધી કે તેઓ ખુદ જે પ્રથમ જંગનામું પડાતી વખતે રીક્કત તથા માતમ કરતા હતા તે હવે હસી મસખરીની વાતો કરવા લાગ્યા. અને તેમની અંતરની ઇચ્છા જંગનામું તદન કાઢી નાખવાની થઇ; પરંતુ બીજા લોકો તો જંગનામુ બંધ થાય તો આગેવાનોના અકાયદો વિશે બહુજ હલકા વિચારો બાંધે તથા જંગનામું પડાતું ત્યારે લોકોની મોટી સંખ્યા એકઠી થતી અને નાણાંની જમાતને મોટી ઉપજ થતી તે, નહિ અટકે, માટે બે ચાર દહાડા થોડો થોડો વખત પડવાનું ચાલુ રાખ્યું છે; પરંતુ તેમાં પણ ઇમામ હુસેનના આ જંગનામાની હશમત જાળવવામાં આવતી નથી. તેથી જંગનામું પડાતું લગભગ બંધ થઇ ગયું છે. અમો સાંભળીએ છીએ કે આવીજ સ્થિતિ અને-

ક ગામોના જંગનામાની થવા પામી છે. કેમકે અમરેલી કરતાં પણ બીજા ગામોની જમાતમાં જમાલ મેઘજી તથા તથા બીજાઓએ મળીને ઇસલામ વિરૂધ્ધનો ઘણો ઝેરી અસર ફેલાવ્યો છે.

ફતેનામું

જંગમાના ચોપડા સાથે " ફતેનામા " નો ચોપડો શામેલ હતો. તે પણ કચ્છી ભાષા તથા સીંધી લીપિમાં લખાવેલો હતો. જ્યારે જંગનામું પડાઇ રહેતું ત્યાર પછી આ ફતેનામું પડાવવામાં આવતું હતું. હજરત ઇમામ હુસેન અ૦ ના ખુનનો બદલો હજરત મોહમંદ હનીફે લીધો તે બાબતનો પુર્ણ હેવાલ તે ફતેનામામાં હતો. જંગનામું વાંચવા પછી લોકોને રીકકત થતી હતી; કેમકે તેમાં ઇમામ તથા તેમના કુટુમ્બ ઉપર મુસીબતો પડેલી તેનો હેવાલ તેમાં હતો. પરંતુ ફતેનામાના બાંચનથી લોકોને ખુશી થતી હતી કેમકે મોહંમદ હનીફે મોટી મોટી લડાઇઓ કરી ઇમામના દુશમનોને પકડી પકડી મારી નાંખ્યાં તેનું તેમાં વર્ણન હતું. આ ફતેનામું ચેહલમ

સુધિમાં સમાપ્ત કરવામાં આવતું હતું. હવે તો આ અગાખાની જમાતના કોન્ઝરવેટીવ આગેવાનો પોતાના સ્વાર્થતના નીશામાં ચકચુર બની જ્યારે જંગનામાનેજ હજમ કરી ગયા છે ત્યારે બાપડા ફ્તેનામાનીતો વાતજ કયાં રહી ! હવેતો તેઓ પોતે કુરાનને માનતા નથી. ખુદાની વાહદ્દા નિયતને માનતા નથી, નીમાજને માનતા નથી, રોજા તથા હજને માનતા નથી. મોહોરમ તથા ઇદને માનતા નથી. વીગેરે વીગેરે કુફ્રના કલામો બકી બકી પોતાને કાફ્ર શબ્દ લગાડવાની પૈરવી કરે છે. અને તેમની તેવી પૈરવીથી તેમની જમાતમાં ઇસલામની લાગણી ઘણી ઘટી ગઇ છે અને ઘટતી ચાલી છે જે જોઇ સર્વ કોઇ ઇસલામીને અતિ રંજોગમ થયા વિના રહેશે નહિ. પરંતુ અફ્સોસ છે કે, કોમના સમજુ અને શાણા પુરૂષો તદ્દન નિર્માલ્ય બની બેસી ગયા છે.

ચોઘડીઆં

હીન્દુ માર્ગી સતપ્માં ચોઘડીઆં નામના ભજનો બોલવામાં આવે છે. આગાખાની સતના ખોજાઓ

પણ પ્રથમ માર્ગી મતના હીન્દુઓ હતા તેથી પીરોએ અનુકુળતાને ખાતર માર્ગી મતની અનેક બાતોનો સ્વીકાર કરી તેનું અનુકરણ કીધું હતુ. તે અનુકરણમાં ચોઘડીઆં પણ હતા. પીરોએ તેવા અનેક ચોઘડીઆ રચી આપ્યાં છે જે તેઓ ધુવા પડાઈ રહ્યા પછી પડે છે. તેવા બે ચોઘડીઆ જાણ માટે આપું છું.

ચોઘડીઆનું જીનાન

આસાંજી સચો તું અલખ નીરીજન અગમ અગોચર.
સુન કાલે શામી તું રમત રમેઓ. ૧

આસાંજી અહુંકાર મધે શાહા અલી સેહેજેથી ઉપનું.
ઉણીઆદે આદ શાહાજો નામ ભણેઓ. ૨

આસાંજી પીંઢ માંહે શાહા મોરે શેશટ રચાયાઇ
સેશટ કીલતાર શામીજી વીસન ભણેઓ. ૩.

આસાંજી આસણ કરી જુગમાંહે ભલે બેઠા
શાહા અનંત રૂપે શામી તું ચલત્ર કીઓ. ૪

આસાંજી જુગ પર છાનું રાજા ગતીએકે લખાએયાંઇ
હેક મને રાખીએં જાણ કરેઓ. ૫

આસાંજી મછ કોરભ વારા ભણાએયાંઇ
નરસીં રૂપે શામી તું વીસન ભણેઓ. ૬

આસાંજી વાએમણ ફરસીરામ સોઇ અવતેરેઓ.
શ્રી રામે લંકા ગઢ લીઓ. ૭

આસાંજી કાનજી બુધ શાહા કૃષ્ણ અવતરેઓ.
અઢાર ખોણી શાહા નરે દારેઆ. ૮

આસાંજી સો શાહા પાછમે પાત્ર નકળંકી નારાયણ
દેલમ દેશમે શાહાજો થાન રચેઓ. ૯

આસાંજી કીરોડીઉં પંજ સત નવ બારે અનંતહી શાહ તારીંધો.
શ્રી ઈસલામ શાહા શાહાજો નામ ભણેઓ. ૧૦

આસાંજી હમઇ ઉમેદવાર હજરત શાહાજી સું,
મીલો મેલા હુ આશા રીખીઓ જાણેઓ, ૧૧

ભાઇડમ કુંઢબી લગો આંઇ કરીઓ આશીશું
સચે શાહાજે મેડે હુ આસણ કરેઓ. ૧૨

આસાંજી હાથીડું તેરો અલ્લાહ તું અણુતે ભમણુંજો શામી રાજા
દીએ શાહા દીદાર તુંસી શાહા મેહેર કરેઓ. ૧૩

આસાંજી પીર જીઓ ભણે સદરદીન શાહાકે સુજાણો.
આંહી શાહાજે પીરસાદે પીરસાદ કરેઓ ૧૪

પીરજી ભણે બારેઇ ગુર સચો અલખ આરાધો આંહી,
આપ પીરસાદે પીરસાદ કરેઓ. ૧૫.

ચોઘડીઆનું ગીનાન

જીરે ભાઇ નમો તે શાહા નુર કે જો શ્રી કાન ચતુરભુજ
આંજે જીવડે જો શાહા અલી દાતાર. ૧

જીરે ભાઇ સો સો નામ શા અલી હેકએ ભણીજે.
આંઇ સુજાણીઓ સોહી કીલતાર. ૨

જીરે ભાઇ અલીઅ રૂપે શાહા નુર ગરીબ મીરજા.
ચડે કાયમ શાહા વીસન મોરાર ૩

જીરે ભાઇ પીંઢ ફોડીને શાહા ચઉદ ભમણુ રચાએયા,
રચી આંહી યારાં હી સોંસાર. ૪

જીરે ભાઇ ચારે કલપ શાહા મોરે શેખેસું જોડેઆ,
સુંજો શામીઅ લાલ કીયડો વેવાર ૫

જીરે ભાઇ જખ મેઘ દેવ શાહા મોરે કીનર તારેઆ,
સો અલીઅ રૂપે સોહી કીલતાર. ૬

જીરે ભાઇ ચારે વેદ મુખસે ભીરમા સહી ભાખેયાઇ.
આયો સાહેબ ગતીયનજો આધાર. ૭

જીરે ભાઇ જુગ હો કીરતામે પએલો પાંચને કીરોડીઉં,
તેં જો સુખી રાજા પએલાજ ૮

જીરે ભાઇ જુગહો ત્રેતામેં સહી સાતને કીરોડીઉં,
તેં જો સુખી વીર લોચન નાલે , ૯

જીરે ભાઇ કાન બુધ રૂપે શાહા મોરે જુજેસઠગ વર થાપેઆ
તેં જો નવને કીરોડીએ સોહી રાજા. ૧૦

જીરે ભાઇ અજકલ વારે મેડો બારને કીરોડીઉં,
સચો પીર સુખી ગુર નીજાર. ૧૧

જીરે ભાઇ મેડો આંહી તેત્રીઆ સાંણુ મીલી ગીનાન આરાધો.
આંઇ પસો યારાં સચે શાહાજો •દીધાર. ૧૨

જીરે ભાઇ કહે ગુર હરીચંદ સો હર કેરી વાડી,
ગુરૂ સોહોદેવ લાલ સીચણુ હાર. ૧૩

જીરે ભાઇ ભણાવે પીર સદરદીન સચે શાહા નુર શાહાજી વાડી
ગુર સોહોદેવ સીચંણુ હાર. ૧૪

ફરમાન.

આગાખાન પોતાના મુરીદોમાં જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં મુરીદોને જે ઉપદેશ કરે તેને મુરીદો ફરમાન કહે છે. આવા ફરમાનોની ગુજરાતી ભાષા તથા સીંધી લીપિમાં ચોપડી છપાવી છે જેને ખોજાઓ કોઇ કોઇવાર જમાતખાનામાં વાંચે છે. આ ફરમાનોમાં કેટલાંક ફરમાનો એવાં છે કે જે આગાખાને નહિ કહ્યાં હોય અથવા તો કહ્યું શું હશે અને લખનારે લખ્યું બીજું હશે તેમ થયું જણાય છે.

કેમકે તે ફરમાનોમાં ઇસ્નાઅશરીઓ તરફે ઘણો અભાવ ઉતપન્ન થાય અને શત્રુતા વધે એવું ઘણું છે. વળી કોઈ કોઇ જગોએ કુરાનને નહિ માનવાનું લખ્યું છે. મજકુર ફરમાનની ચોપડીમાંથી થોડાક ફરમાનો નીચે ટાંકી બતાવું છું.

(જંગબાર તા. ૧-૭-૯૯)

" તમારો દીન પુસ્તકો ઉપરથી શરૂ થએલો નથી, પરંતુ તે મોહબતમાંથી ઉતપંન થયેલ છે. તમારે વાસતે ઇલમ છે. તે ગ્નાન છે. કુરાને શરીફને તેરસો વરસ થયાં છે. તે મુલકે અરબની વસતી માટે છે. ગ્નાનને સાતસો વરસ થયાં છે તમારે માટે ગીનાન છે. તે ઉપર તમે ચાલજો "

(જંગબાર તા. ૫-૭-૯૯)

" ઇસનાઅશરી અને તમારી વચ્ચે ઘણો તફાવત છે. તેઓ મુસા કાજમથી માને છે. અને તમે છઠ્ઠા ઇમામ શાહ ઈસમાઇલથી આજ દીવસ માનતા આવેલા છો. તમારી અને તેઓની વચ્ચે કાંઇપણ સબંધ નથી. તેઓ તેઓને રસતે અને

તમે તમારે રસતે. જે પ્રમાણે હીંદુ, નસારા, બોરા, ગોહ્લા વીગેરે બીજી કોમો છે, તે પરમાણે તેઓને તમારાથી જુદા સમજજો. તેઓ ઇસનાઅશરી છે અને તમે ઇસમાઇલી છો. તમારા અને તેઓના વચ્ચે અસલથીજ જુદાપણું છે. ”

(જંગબાર તા. ૫-૭-૯૯)

“ તમે પોતામાં એક દીલથી ચાલજો. ઇસના-અશરી અને તમારી વચ્ચે કાંઇપણ સબંધ નથી. તમે તમારા મનમાં સમજજો કે જેમ હીંદુ, અરબ, વોગ, ગોહ્લા, વીગેરે કોમો જુદી છે તે પરમાણે તેઓને જુદા કરી સમજજો. બીજી કેટલીક કોમો તો તમોને ઇસનાઅશરી કરતાં કાંઇક વધારે નજીક છે. તેઓ પોતાના દીનમાં બરાબર ચાલ્યા આવે છે, તમારો દીન મુકીને બીજે ઠેકાણે ગયા; તેઓ તો તમારાથી બહુ દુર થયા. તેઓને તમે દુર કરીને દેખજો, તોપણ તેઓની નીંદા નહીં કરશો. તમે તેઓની બદગોઇ નહિ કરશો. તમે તમારે રસતે ચાલો. તેઓ તેઓને રસતે ચાલે. તમે તેઓથી દુર રહેજો. અને તેઓને દુર કરીને દેખજો.

કારણકે તેઓ મુસાથી ચાલ્યા છે. અને તમે ઇસ-માઇલથી, આજ દીવસ સુધી ચાલતા આવેલા છો. હવે તમે પોતે ખીયાલ કરો કે તમારો અને તે-ઓનો કેટલો તફાવત છે ? ”

(જંગબાર તા. ૫–૭–૯૯)

“ તમારામાંનો કોઇ જરા અરબી શીખે છે તો લાગલી મનમાં મોટાઇ અને અને મગરૂરી લા-વે છે. અને ધારે છે કે હું હુશીઆર થઇ ગયો. અરબી ભાષામાં જીભ તાળવા ને લાગે છે તથા ગળામાંથી અવાજ કાઢવામાં આવે છે. શું ફકત તેજ ભાષા ખુદાવંત તાલા સમજી શકે છે ? ખુદા-વંદ તાલએ જમીન તથા આસમાન પેદા કર્યાં છે. તે સરવે ભાષા સમજી શકવાની કુદરત ધરાવે છે. ”

(જંગબાર તા. ૧૩–૭–૯૯)

“ છોકરાઓને વાજબ છે કે તેઓ પોતાના પી-તાના દીનથી બરાબર ખબરદાર થાય. તે એવી રી-તે કે આપણો અસલ દીન ઇસમાઇલી છે. અને જેઓ આપણામાંથી ફરીને નીકળી ગયા છે; તે-

ઓનો ઇસના અશરી છે. આ બાબત પહેલે જાણવાની જરૂર છે. માબાપને લાજમ છે કે, પોતાના બચ્ચાંને જમાતખાનામાં મોકલે, જેથી તેઓ પોતાના દીનની હકીકતથી વાકેફગાર થાય. ઇસના અશરીઓ કરતાં વોહરા તમોને વધારે નજીક છે. કારણ કે તેઓનો દીન પણ ઇસમાઇલી છે. મુસા કાજમે નાણાં તથા વગના બળથી શાહ ઇસમાઇલીનો હક ખુંચવી લઇ તેમને કાઢી મુકયા હતા. જો કદાપી સઘળા ખોજાઓ ફરી જાય તોપણ અમારો દીન કીઆમત સુધી કાયમજ છે. મુસા કાજમે ગજબ કરીને અમારો હક ખુંચી લીધો, તે ઇસના-અશરી છે. તેઓ અમારાથી ઘણે દુર છે. તમારામાં કેટલાક એવા ઇમાનદાર માણસોની જરૂર છે કે જેઓ કુરાને શરીફ પડયા હોય, તેમજ જ્ઞાનમાં પણ બરાબર વાકેફગાર હોય. જ્ઞાનની એક એક કડી કુરાને શરીફમાંથી હું તમોને કહી સંભળાવું. તમારામાંથી દસબાર વરસના છોકરા હોય તેઓને તાલીમ આપો તો અલબતા તેઓ વાકેફગાર થઇ શકે. બચ્ચું હોય તેને કોઇ ઇસના અશરીના મુલ્લાં તેના દીલમાં ઇસનાઅશરી દીનની જડ બેસાડી

આપે તો તે ફરી જાય છે અને દીવસે દીવસે તેને વધારે કીનો પેદા થાય છે. આજથી દસ બાર વરસ અગાઉ એવા પાંચથી દસ જણા કે જેઓ કુરાને શરીફ પડયા હોય, તેમને મારી પાસે મોકલવામાં આવ્યા હોત તો હું આપણા દીનના દરેક કાયદા કુરાન શરીફમાંથી કાઢી આપત, આવી રીતે કેટલો ફાયદો થાત. અને કેટલો દીનનો વધારો થયો હોત ? હરકોઇ બીજા દીન વાળાને આપણા દીનમાં લાવવો હોયતો પહેલાં તેના દીનથી વાકેફગાર થવાની જરૂર છે. તેનો દીન ખીઆલમાં લેવો જોઇએ. તેના દીન પરમાણે તેને નસીહત કરવી જોઇએ. ત્યાર બાદ તેના દીન સાથે આપણા દીનનો મેળાપ કરી દેખાડવો જોઇએ. પછી આપણા દીનનો રસતો દેખાડો તો તરત તે આપણા દીનમાં આવે તેમાં કાંઇ શક નથી. પીર સદરદીને તમોને હકીકતી દીન દેખાડયો તે તરત નહિ દેખાડયો હતો. પહેલા હીંદુની નસીહતો કરી અને ત્યાર બાદ સતપંથ દીનનો રસતો તેઓના દીન સાથે જોડી દેખાડયો ત્યારે આ દીનનો ફેલાવો થયો છે. જો મુસલમાની શરીઅતી આપણા દીનમાં ન હોય, તેને આન-

ની માયેના સંભળાવો તો તે કબુલ નહિ કરશે, એટલુંજ નહિ પણ સામે મશકરી કરશે કારણ કે તેમે આપણા દીન ઉપર ઇતેકાદ નથી. આવા માણસને તરત આપણા દીનની માયના સંભળાવો તો તે કબુલ નહિ કરશે; પણ ઉલટું આપણને બેવકુફ લેખશે. તમે તમારામાંથી એવા શખશો શોધી કાઢો, કે જે કુરાને શરીફ તથા માયના જાણતા હોય. હું તેમને આપણા દીનની હરેક વીગત કુરાને શરીફમાંથી દેખાડી આપું. કુરાને શરીફમાંથી દસ ઠેકાણે અથવા તેથી પણ વધારે ઠેકાણે સાબીતી કરી આપું. તમો લોકો કુરાને શરીફ જાણતા નથી. અને જેઓ જાણે છે તેઓ પણ પોપટ માફક વાંચી જાય છે. તેમાં શું ફાયદો? તમે અંગ્રેજી અક્ષરો જાણતા હો પણ ભાષા નહિ જાણતા હો અને કોઇ અંગ્રેજ ગૃહસ્થ સાથે કામકાજે જાઓ તો તમોને કાંઇ હાસલ નહિ થાય. પણ ભાષામાં હુશીઆર હશો તો કામ થશે. આ પરમાણે તમારામાંથી ઘણા જણા કુરાને શરીફ વાંચી જાણે છે. પણ માયેના સમજતા નથી. તેઓ સઘળા ઉપર ના દાખલા પરમાણે છે. જે કુરાને શરીફ પડ્યા કરે

અને તેની માયેના સમજતો ન હોય; ફકત બુમો પાડી જાણતો હોય, તે ગધેડાની મીસાલે છે. મતલબ સમજ્યા વગર પઢવું નકામું છે. કોઇ હીંદુ અથવા બીજી કોમ વાળાને આપણા દીનમાં લાવવો હોય તો, પહેલાં તેના દીનથી બરાબર વાકેફગાર થવાની જરૂર છે. ત્યાર બાદ આપણો દીન તેઓના દીન સાથે મેળવી દેખાડવો જોઈએ; ત્યારેજ તે કબુલ કરે. અને તેને વીશ્વાસ આવે. આપણા દીનની સાબેતી જોઇતી હોય તો યાહુદી, નસારા, સુન્ની તેમજ સઘળી મુસલમાન કોમમાંથી હું તમોને આપણો દીન સાબીત કરી દેખાડું. તમારામાં કેટલાક ભગતો છે. તે ગધેડા માફક છે. કારણ કે જેઓ આપણા દીનમાં નથી તેમને લાગલાજ ગ્નાનની માયેના સમજાવવા મંડી જાય છે. તેઓ કબુલ કરતા નથી; કારણ કે તેઓને આપણા દીન તથા ગ્નાન ઉપર ઇતબાર નથી. આવા માણસો ગ્નાનની વાતો કેમ કબુલ કરે ? પણ તેઓને કુરાનેશરીફ, હદીસ અથવા જે શાસ્ત્રોને તેઓ માનતા હોય, તેમાંથી નસીહતો કરે અને ત્યાર બાદ આપણો દીન તેઓના દીન સાથે મેળવી દેખાડે તો તેમનીં માયેના

ઉપર અસર કરે. દાખલા તરીકે હીંન્દુઓને કુરાને શરીફ ઉપર ઇતબાર નથી, તેમની પાસે કુરાને શરીફની વાતો કરો તો તેઓ કબુલ નહી કરે. કારણ કે તે શાસ્ત્રમાં તેઓને ઇતેકાદ નથી. આવી રીતે સરવે ધરમોમાં છે. પણ જો તમે તેઓના દીનની વાતો કરો તો અસર થાય. તમારામાંથી દસ જણા બહાર પડે તો હું તેમને આપણો દીન બરાબર સમજાવું. આથી દસ બાર વરસમાં આપણા દીનનો ઘણો વધારો થાય. તમારામાંથી પાંચ કે દસ જણા એવા જોઇએ કે જેમને દુનીઆનો કાંઇ જંજાળ ન હોય, તેમજ કમાઇ ધંધાની ફીકર નહી હોય. વળી તેઓની વાએજ ઘણી સફાઇદાર હોય; જેથી માણસોને અસર કરે. તેઓ ગીનાન પડે. તેમજ તવારીખ પડે. જેથી અસલ માણસો કેવી રીતે ચાલતા હતા તે તેઓને ખબર પડે. તમો જાણો છો કે પીર સદરદીન કીયા ગામના હતા? તમે તેમની તવારીખ પડો તો તમને ખબર પડે. તમે હીંદુ હતા. પીર સદરદીને કુરાને શરીફની તફસીરમાંથી ગ્નાનો રચીને

તમોને સંભળાવ્યાં. જે આરબો આપણા દીનમા

ફડીઆ મારે છે. આવા માણુઓને કુરાન શરીફમાં- થી સાબીતિ કરી દીધી હોય; તો પછી તરફડીઆં ન મારે."

(જંગબાર તા-૧૩-૭-૯૯.)

"દસ વીશ અથવા ત્રીસ વરસમાં ઇસના અ- શરી દીન ઘસાઇ જશે. અને સો પછી ઇસનાઅશ- રીઓનો દીન બીલકુલ રહેશે નહિ. ઇરાનમાં પણ નહિં રહેશે. કારણુ કે એ દીનનો પાયો અકલ ઉ- પર નથી"

(જંગબાર. તા. ૧૩-૭-૯૯.)

"હું તમારા પૈસાનો મોહતાજ નથી. તમારા ક- રતાં મારી પાસે ઘણો વધારે પૈસો છે. તમારો પૈસો મારા એક દીવસનો ખરચ નથી. તમારા ખોજાઓ- માંથી મને બાર માસે પાંચથી છ લાખ રૂપીયા આવે છે. પણ મારો ખરચ તે કરતાં વધારે છે."

(જંગબાર તા-૩૦-૭-૯૯.)

"તમે હીંદુ હતા ત્યારે વખતને અનુસાર આ- સતેથી તમોને સમજણુ આપવામાં આવી. જો

રત તમને કહેવામાં આવત કે મુસલમાન થાઓ તો તમે કબુલ નહિ કરત. પણ આસ્તેથી સમજાવીને તમને મુસલમાન કરવામાં આવ્યા."

(જંગબાર તા—૩૦—૭—૯૯)

"અસલમાં તૌરત, ઇંજીલ, ઝબુર, કુરકાન એ સરવે જુદી જુદી કોમો ઉપર નાઝીલ થયા હતાં. તે સરવે સત્ય હતાં, કુરાને શરીફ પણ સત્ય હતું. પરંતુ ખલીફા ઉસમાને તેમાં ઘણો ફેરફાર કરી નાખ્યો છે. આ બાબતનો સરવે ખુલાસો તમોને દેખાડીશ..........."

"જયારે કુરાને શરીફ નાજલ થયું ત્યારે અરબ લોક હતા. આ વાતને તેરસો વરસ થઈ ગયાં છે: તમોને સાતસો વરસ ઉપર ગ્નાન આપવામાં આવ્યાંછે, તે બરાબર ઓળખીને વાંચજો...."

"ખલીફા ઉસમાને કુરાને શરીફમાંથી કેટલોક ભાગ કાઢી નાખ્યો છે, અને કેટલોક ભાગ ઉમેરી આપ્યો છે. અસલ કુરાને શરીફ હું ઉતારૂં તો છ વરસ લાગી જાય. તે પણ હું તમોને મોકલીશ. તો તમોને ખબર પડશે કે શું કાઢી નાખ્-

વામાં આવેલછે. અને શું ફેરફાર કરી નાખવામાં આવેલ છે. ”

(જંગબાર તા—૨૦—૮—૯૯)

“ કીસ્સા બયાનમાં જે મગજ છે તે પડો; પણ તેમાં બીજી ખોટી વાતો લખેલી છે તે નહી પડો. બારસો વરસની વાતો હમણાં કહેશો; તેમાં ફાયદો નથી. કીસ્સો મોહરમના દસ દીવસ પડો. હમણાં જે ફરમાન થાય, જેમાં તમારા જીવનો છુટકો થાય; તે પડો. કીસો પડશો અને રડશો તેમાં તમોને કયારે ફુરસદ મળશે કે, દુનીયાનો ધંધો કરીને ગ્નાન પડશો. કરબલાનું જંગ થયું. તેમાં શીમર હરામજાદાએ હજરત ઇમાન હુસેનને શહીદ કર્યા પણ અહલેબૈતને બે ઇજ્જત કરીને તેઓની પછેડી ઉતારી શકે અથવા તેઓ પર લાંબો હાથ કરે એ તેને તાકત નહિ હતી. એવું કરે તો તે પથ્થર થઇ જાય. આ વાતો સરવે જુઠી છે. હજરત ઈમામ હુસેનને શહીદ કર્યા, એહલબેતને કેદ કર્યાં. પણ તેમની બે અદબી નહિ કરી હતી. ”

(જંગબાર તા. ૨૦-૮-૯૯)

"ઈનસાન જ્યારે મરી જશે ત્યારે તેને પૂછવામાં આવશે કે તે દુનીઆમાં કેવાં કામ કીધાં હતાં ? બાઇઓને પૂછવામાં આવશે કે તમે તમારા મરદની ફરમાન બરદારી કરી હતી કે નહિ ? જો આ બાબતોમાં કસુર હશે તો જહન્નમની આગમાં બાળવામાં આવશે. ઘણી બાઇઓ પોતાના મોં ઉપર બુરકા નાખેછે. તે કાફર છે. પણ ઘટારત છે કે, પોતાના દીલની લગામ ઘણી મજબુતાઇથી હાથમાં રાખો. બાઇઓ પોતાના દીન ભાઇઓને દુનીઆમાં નહિં જુએ તો આખરતમાં તેમને કેમ ઓળખશે ? બુરકાનું ફરમાન કોઇ ઇમામે અથવા પૈગંબરે કીધું નથી. દુનીયામાં માણસ પાસે બે મલાએક રહે છે. તેઓ તેના દરેક આમાલ લખે છે. જ્યારે ઇનસાન ત્યાં એકઠા થસે ત્યારે તેમના સઘળા આમાલ ત્યાં વાંચવામાં આવશે. કેવા આમાલ કીધા હતા તેની પૂછા કરવામાં આવશે."

(જંગબાર તા-૨૦-૮-૯૯)

"પીર સદરદીને સીધો રસતો દેખાડેલ છે તે-

ને છોડી આપશો અને મોગલ તથા અરબોની વાતો ઉપર ચાલશો તો પડી જશો. આરબ ગધેડા ચીસાલ છે તેઓ તમને શું શીખવશે? તેઓ પોતેજ કાંઇ સમજતા નથી, ત્યારે તમોને શું કાંઇ સમજાવશે? મુગલો હરેક મુલકમાં ભીક્ષાવૃતી કરે છે. તેઓ તમને શું શીખવશે? જો તમો તેઓના કહેવા પર ચાલશો તો તમે પણ ગધેડા થઇ જશો. દુનીયાતો એળે જશેજ; પરંતુ આખરત પણ એળે જશે. ખુશીનો રસ્તો ત્યાગ કરીને તમે ગધેડા પછવાડે લાગો છો."

(જંગબાર તા—૩૧—૮—૯૯)

"તમારામાંથી ઘણા જણા વાજીંત્રમાં ખુશી માને છે. અને વાજીંત્રમાં દુનીઆ ગુજારે છે તે સારૂ નથી. હરામછે. રસ્તામાંથી વાજું વાગતું નીકળે તે સંભળાઇ જાય તેને માટે અડચણ નથી; પણ કસદ કરીને જોવા સાંભળવા નહિ જવું જોઇએ"

(બાગામોયા તા—૨૨—૯—૯૯)

"તમે તમારા દીનના રસતા ઉપર સાબીત કદમ રહો. જેઓ આપણુ ઈસમાઇલી દીન ઉપર ન

હોય તેની દોસ્તી તથા સંગત કરશો નહિ. જેઓ આપણા દીન ઈસ્માઇલી ઉપર ન હોય તે કાફર છે. કદાપી મારો પોતાનો છોકરો હોય, અને તે દીન ઈસમાઈલી ઉપર ન હોય તો તે કાફર છે. જુઓ અગાઉના જમાનામાં નુહ પૈગંબરનો છોકરો હતો; તે નુહના દીનમાં ન રહ્યા તો તે કાફર થયો. આપણા દીન ઉપર હોય તે મારા છોકરા કરતાં પણ મને વધારે નજીક છે. બચ્ચાંઓને વાજીબ છે કે પોતાના પીતાના ઇસમાઇલી દીન ઉપર ચાલવું. ઇસનાઅશરીઓના દીનમાં બાર સુધી ગણે છે. તેઓ જુઠા છે. ઇસમાઇલી ઇમામ આજ સુધી હાજર બેઠા છે, અને હમેશાં રહેશે. ”

(દારેસલામ. તા. ૨૯—૯—૯૯)

“ મારો મજહબ ઇસમાઈલી છે અને તમારો મજહબ પણ ઇસમાઈલી છે. જેઓ ઇસમાઇલી નથી તેઓને દીકરી દેવી નહીં. તેઓની દીકરી લેવી નહિ. તેઓને દીકરી દેવી અથવા તેઓની દીકરી લેવી હરામ છે. કોઇ ગામવાળો ઇસનાઅશરીને દીકરી આપે નહિ. તેમ ઇસનાઅશરીની દી-

કરી લીએ નહિ. હું તમોને મના ફરમાવું છુ. તમારો દીન અને તેઓનો દીન જુદો છે, ઘણો ફરક છે. તમે વિચાર કરી તમે તમારી દીકરી વોરા, હીંદુ, મેમણ, નસારા અથવા કીરસતાન અથવા બીજી કોઈ કોમમાં નથી આપતા. ઈસનાઅશરીઓનો દીન તો તેઓ કરતા પણ તમારા દીનથી ઘણો દુર છે. ત્યારે શામાટે દીકરીઓ આપોછો ? તેઓને દીકરી આપવી હરામ છે. વોરા તમોને ઈસનાઅશરીથી નજીક છે. તમે ઈસમાઈલી છો; તેમ તેઓ પણ ઈસમાઈલી છે. વોરા ઈસનાઅશરીઓ કરતાં તમને વધારે નજીક છે. બીજા ઘણા મજહબ છે જે ઈસનાઅશરી મજહબ કરતાં તમોને વધારે નજીકછે. સુફી મજહબ આપણાં ઈસમાઈલી દીનને લગતો છે. બીજા ઘણા મજહબ છે. જે આપણને ઈસનાઅશરી કરતાં વધારે નજીક છે. "અસલ એક હતા" એ કેવી માન્યતા ? અને કેવી સમજણ છે ? તમે નાહક તમારી દીકરીઓ ઈસનાઅશરીઓને આપો છો. તેઓને દીકરી આપવી અને તેઓની દીકરી લેવી એ ઘણુંજ ખરાબ છે. "

(દારેસલામ તા. ૨૯—૯—૯૯)

" જેઓ જાહેરીમાં સહી આપે અને જાહેરીમાં કહે કે હું ઇસમાઇલી છું તે ઇસ્માઇલી ગણાય. બાતુનમાં પાળે અથવા ન પાળે. બાતુન જોવાનું તમારૂં કામ નથી. બાતુન પોતાને ઠેકાણે પહોંચશે. તમારૂં કામ જાહેરીનું છે. બાતુનમાં જોઇએ તો લામઝહબી હોય, તેનું કાંઇ નહિ. જેઓ કહે કે અમે ઇસમાઇલી નથી તેઓથી યાહુદી નસારાની માફક દુર રહેવુ જોઇએ. તેઓની દુશમની નહિ કરવી. તેઓના વીશે ઓછું અદકું બોલવું અથવા તેઓને લાનત મારવી; એ મોટો ગુનાહ છે. જો તમો એમ કરશો તો તમારા દીનને માટે ઠીક નથી. તમે તેઓથી દુર રહો. સરવે જણ આ બાબત ધ્યાનમાં રાખજો. કોઇ અમલદારી કહે કે ઇસનાઅશરીની દીકરી લીઓ અથવા ઇસનઅશરીને દીકરી દીઓ, તે અમલદારી નથી. અમલદારીમાંથી તે દુર છે ઇસનાઅશરી તરફ સીકારસ કરે તે અમલદારી નથી. જેઓ જાહેરીમાં સહી આપે તે ઇસમાઇલી છે. બાતુનમાં

ગમે તેવા હોય. બાતુન જોવાનું કામ તમારૂં નથી જે કોઈ જાહેરીમાં સહી આપે અને પાછો જાહેરી-માં મસજીદમાં જાય, તેઓને મના કરજો. વળી ન માને અથવા જાય તેને બીજી વખત મના કરજો. વળી ન માને અને ત્રીજી વખત જાય તેને ત્રીજી વખત મના કરજો. તે કરતાં પણ ન માને તો તે-ને આપણા દીનમાંથી રદ કરજો. જમાતખાનામાં આવવા દેશો નહી

(દારેસલામ તા–૨૯ ૯–૯૯)

" તમોને બીજા માણસના દીન સાથે કાંઈ કામ નથી. તમારૂ કામ એ છે કે જેઓ તમારા દીન-માં સહી આપે નહિ, તેમને દીકરી દેવી નહિ અને તેઓની દીકરી લેવી નહિ. ન પરણ્યે, ન મરણે, ન ખાવામાં, ન મેમાનીમાં, કોઇપણ રીતે તેઓથી મળવું નહિ અગર વેપાર વીશે મુલાકાત થાય તો વેપારની વાત કરી ચાલ્યા આવવું. બીજી કોઇપણ વાત ઉચ્ચારવી નહિ. "

(સુરત તા–૧૨–૧૦–૦૩)

" અમે તમોને દીલમાં રાખીએ છીએ અને દુ-

આ કરીએ છીએ. ગુપ્તી જમાથે એમ કહેવું કે અમારો ધર્મ હીન્દુ કે મુસલમાની નથી. અમે તો એકજ ખુદાવંદની બંદગી કરનાર દરવેશી ધર્મ પાળનારા છીએ. મુસલમાન, હીંદુ તથા દરવેશી સહુ ધરમના જુદા જુદા રસતા છે. દરવેશી ધરમને હકીકતી કહેવામાં આવે છે. ”

(વઢવાણ તા–૧૯–૧૦–૩૦)

“ નાદાન માણસો એવા ખીયાલ કરે છે કે ઇબાદત અરબી ભાષામાં કરીએ; પણ હીંદુસ્તાનના રહેવાશી ખોજાને અરબી જબાનમાં શું ફાયદો થાય? અરબી શબ્દોમાં અરબી નમાજ અરબ લોકોને માટે સારી છે. જેઓ તેની માયેના સમજી શકે છે. તેઓને માટે સારી છે. જે કોઇ અરબ નથી અને સમજ્યા વગર બે ખુદ નમાજ પડેછે; તેઓ કાગડાની મીસાલે “ કરાં કરાં ” કરે છે જેઓ માયેના સમજતા નથી તેનો રૂહ તેમાં હોતો નથી. તે ફક્ત મોઢાની બકબકાટ કરે છે. હજરત ઇમામ હુસેનના જમાનામાં શીમર પણ નમાજ પડતો હતો. જેઓ બેઇમાનીની નમાજ પડેછે તેઓ શીમર મીસાલેછે.”

(કચ્છ મુંદરા તા—૨૨—૧૧—૦૩)

" એવો વખત નહિ આવે કે, તમો અમલદારી થઇને સતપંથ વગરના બેદીન લોકોની દોસતી અખતેયાર કરો. અંગ્રેજ પારસી, સુની હીંદુ વગેરે જુદા જુદા દીન પાળનારા લોકો જોડે હું ઓળખાણ રાખું છું, પણ તેઓ સાથે ધરમની દોસતી રાખતો નથી. લોકો સાથે દુનીઆની દોસતી રાખું છું. ઇનસાન તરીખે દોસતી રાખું છું તેમને ઘેર જાઉં છું. તેમની દુકાને જાઉં છું. દુનીઆનો કાસદ હોઉં તેમ તેમને ત્યાં જાઉં છું. પણ મજહબી દોસતી તેઓ સાથે કરતો નથી. આવી રીતે અમલદારીઓને ને પણ વાજબ છે કે, પોતાના મજહબમાં મજબુત રહેવું. કોઇને ઘેર અથવા દુકાને જવું પડેતો હરકત નહિ. પણ સંતપંથ (સિવાય બીજો ધરમ પાળવાને જે મકાન બનાવવામાં આવ્યું ત્યાં અમલદારી થઇને જવું ઘણું ખરાબ છે. "

(નાગલપુર તા. ૨૮—૧૧—૦૩)

" બીજા એવા મારા મુરીદો ઇરાન દેશમાં છે. તેઓ " બાલુ " ના નામથી ઓળખાય છે. તે

લોકો જો એમ કહે કે અમે ઈસ્નાઆઈલી છીએ તો ત્યાંના લોકો તેમને મારી નાખે છે. તેઓ જાહેરમાં ઈસ્નાઅશરી ધરમ પાળે છે"

ઘોળમાં ગીનાન.

જેવી રીતે હીન્દુ સ્ત્રીઓ તહેવાર પ્રસંગે ઘેર તથા મંદીરમાં ઘોળ રાગનાં મઝહબી ગીતો ગાય છે તેવી રીતે ગોજા કોમને ઈસ્લામનો ઉપદેશ આપનારા પીરોએ પોતાની મીશન પદ્ધતિના પ્રયોગ પ્રમાણે ઘોળમાં જ્ઞાનો રચી આપ્યાં છે. તેવું એક જ્ઞાન ઘોળના રાગનું નીચે આપું છું.

ગીનાન ઘોળ.

એજી રમતા રમતા પરભુ પાટણે આવીઆ
પરાકરમ કીધાં પારે રે—પુરી ભરંમ વરને પુજોજી ૧

એજી ધરમ આલીને પરભુ પોતે પધારેઆ
ધારા નગરીમાં ધીઆન ધરીઆરે—પુરી૦ ૨

એજી રાણી પાલણદેનું વ્રત છે મોટું
હરણ હાથે રાંધી ચાખેરે—પુરી૦ ૩

એજી પાછમ દેશથી પરભુ પોતે પધારેઆ
આવીઆ છે વંન મીંજારરે—પુરી૦ ૪

એજી વનમા જઇને પરભુએ રમતજ માંડી
વાગ હરણ વેગે આવેઆરે—પુરી૦ ૫
એજી શીકારી શોધે હરણ હાથ ન આવે
કારણ સરખું દીસેરે—પુરી૦ ૬
એજી માનારે મનમાં વાત વીચારી
એ પુરા તે કેમ પડશુરે—પુરી૦ ૭
એજી નુર સતગુર પારાધી બોલાવીઓ
કામે તે શું કાજે આવીઆરે—પુરી૦ ૮
એજી રાણી પાલણદેનું વ્રત છે મોટું
શેર શીકાર સુને જોઇએરે—પુરી૦ ૯
એજી નુર સતગુરે સહુને સમજાવીઆ
શેર શીકાર એને આલોરે—પુરી૦ ૧૦
એજી સાહેબની સાંજા તો સહુને આવી છે
માંસ લીઓને મોરારીરે—પુરી૦ ૧૧
એજી જાંગ કાપીને માંસ આલીઓ ઉમેદે
સાહેબજીના રસમાં ભીનાંરે—પુરી૦ ૧૨
એજી માંસ લઇને મોનો સધાવેઓ
આવીઓ તે કાનગઢની પરોળેરે—પુરી૦ ૧૩
એજી પરોળે આવીને પુકાર કીધા
માંસ લીઓ મારી બાઇરે—પુરી૦ ૧૪
એજી રાણી પાલણદે દાસીને તેડાવીઆ
માંસ લઇ આવો દાસીરે—પુરી૦ ૧૫

એજી રાણીએ રાંધીને હાંથેસું ચાખીઆ
ચાખતાં નવ નીંદ પાયારે—પુરી૦ ૧૬
એજી પુત્રી પીતાજીને કહે પુકારી
એ પુરૂખ આવીઓ પરણાવોરે ૧૭
એજી નવશા આવીઆ છે હું નારી છઉં તેની
પીતાજી અમને પરણાવોરે—પુરી૦ ૧૮
એજી સુરચંદ રાવજીએ વરતીઆ પુછીઆ
એ સુપત કોન દેશનો બાળરે—પુરી૦ ૧૯
એજી નાત જાત દાદા શાને પુછો છો
એ મીલછ (મલેચ્છ) રૂપે મોરારીરે—પુરી૦ ૨૦
એજી સુરચંદ રાયજીએ વતરીઆ પુછીઆ
ખત્રી કુળ મને જોઇએરે—પુરી૦ ૨૧
એજી રામ કરશન આગે કેવું કીધું છે
તેવી પેરેં મુને જોઇએરે—પુરી૦ ૨૨
એજી સુરચંદનું શાહે મનડો મનાવીઓ
કુદરતી જોન પેદા કીધીરે—પુરી૦ ૨૩
એજી કુદરતી દેરાંને કુદરતી સેરા
કુદરતી જુલે નીશાનરે—પુરી૦ ૨૪
એજી પાંચેસું પેલાજ સાતે હરીચંદ્ર
નવેસું પાંઢવ પહેલવાનરે—પુરી૦ ૨૫
એજી અનંત કરોડી શાહાના સૈન્યજ મળીઆં
બારે ખુદાવંદ પાયારે—પુરી૦ ૨૬

એજી અનેક જોધાજ મલીઆ
ચરતીઆ જેજેકારરે—પુરી૦ ૨૭

એજી કુંકોતરી કાગળ કુદરતી લખેઆ
જાન તે આવે જાનેરે—પુરી૦ ૨૮

એજી થાળ ભરીને ચાલો ઉમેદે
વેગે તે થાર મ લાવો રે—પુરી૦ ૨૯

એજી ગામોત્રી ગાજે ગણેશ વધાવે
પાંચસો પાટણ આવી મળીઆરે ૩૦

એજી મામેરૂં મામો મોરબી લઇ આવીઓ
નવસારી નગરી માંહે આવીઆરે—પુરી૦ ૩૧

એજી ઘડીસરી લાવે ગુણવંતી નારી
ચોરી ચીત્રાવો તે પાસેરે—પુરી૦ ૩૨

એજી ગુજરાત ખંડના ગુજર મલીઆ
ચોરી બંધાવો તે પાસરે—પુરી૦ ૩૩

એજી એવારે વીવામાં વરદ છે ભારી
શ્રીફળ બાંધીઆં તોરણેરે—પુરી૦ ૩૪

એજી ઢોલ ધધામાં અતિ ઘણા વાજે
માંહે તે સુરતનીઉં સરણાઇયુ રે—પુરી૦ ૩૫

એજી અનસીઆ, કુંતાજી માતા, દ્રોપતી આવીઆ
ચોથી હડીચંદ ઘર નારરે—પુરી ૩૬

એજી નુર સતગુર નવશા થીઆ છે
ગણદેવી ઉલટીને આવીરે—પુરી૦ ૩૭

એજી ગણદેવી આવીને દીવાજ બારેઆ
નવસારી નામ ભણાવીઆંરે—પુરી ૩૮
એજી ત્રીભોવર શામી તોરણે આવીઆ
સરસ્વતી સામૈયું લઇ આવીઆરે—પુરી ૩૯
એજી અંતર જામી અનવર થઇ ઉભા
સાસુજી પોંખવાને આવેરે—પુરી૦ ૪૦
એજ માએરે આવી વર વીશવ વનમાલી
અંતર પટ આડાં કીધાંરે—પુરી૦ ૪૧
એજી ચાંદો સુરજ શાહાજીને શોભતાં
તેજ તણો નહિ પારરે—પુરી૦ ૪૨
એજી પરણી કરી પરભુ પાટેજ બેઠા
વરતીઆં મંગળ ચારરે ૪૩
એજી ઢોલ ધધામાં તીઆં અતી ઘણા વાજે
સતીઉં તીઆં મંગળ ગાયરે—પુરી૦ ૪૪
એજી વર કન્યાને પુરા પરણાવીઆ
કુદરતી જમીઆ કંસારરે—પુરી૦ ૪૫
એજી મંઢળ વાજે ત્રણ ભવન ગાજે
બીરમાજી ભણે વેદ ચારરે—પુરી૦ ૪૬
એજી પેલી પોરી પરણીયાની વેલા
પાન સોપારી પેલાં દેશેરે—પુરી૦ ૪૭
સુરચંદનો ત્યારે હરખીઓ બહુ મન
હરખીઓ તે હઇડાં માંહિરે—પુરી૦ ૪૮

એજી નીમદ ખેતરમાં નીપની નારી
તે કુટમ તારણ હારીરે—પુરી૦ ૪૯
એજી સુરચંદની કનીઆ શાલાની સખતી નારી
ધન ધન તેનો અવતારરે—પુરી૦ ૫૦
એજી નવસારી નગરી માંહે નુર સતગુર
જગતુંના તારણ હારરે—પુરી૦ ૫૧
એજી અવદ પુરેને અંતર જામી આવીઆ
સખતીના સારીઆ કાજરે—પુરી૦ ૫૨
એજી મોટારે મોટા મુનીજન મલીઆ
કલપો કલપના દેવરે—પુરી૦ ૫૩
એજી સીતેર સો સો હુસેની મેલેઆ
આલ અલીનો પરવારરે—પુરી૦ ૫૪
એજી એણે આલે જે કોઇ ઇમાન નહિ લાવે
તે પડશે હબીઆ દોજક માંહેરે—પુરી૦ ૫૫
એજી એણે આલે જે સીદક ઇમાન લાવે
તે સુધ બુધાનો દાતારરે—પુરી૦ ૫૬
એજી તન મન લાવીને ગુરૂજીને આપો
ગીનાને ચાલો ગંભીરરે—પુરી૦ ૫૭
એજી પેલા આદમ અરશે ઉપાયા
માતા હવા તે ખાલણદે રાણીરે—પુરી૦ ૫૮
એજી શાહાની સખતી સરવે સજોગી
ગુણ કવલનો અવતારરે—પુરી૦ ૫૯

એજી મતે સાચા ગુરૂજી ની વાચા
આધીન થઇ ગતમાં આવોરે--પુરી૦ ૬૦
એજી એ ધોળ ઓલીઆ પીર હસન કબીરદીન
સોરટના સીરજણુ હારરે--પુરી ભરંમવરને પુજોજી ૬૧

ઘટપાટના જ્ઞાનો.

ઘટપાટની ધુવા પડાઇ રહ્યા પછી ખાસ ઘટ-પાટના જ્ઞાનો પડવામાં આવે છે એટલે કે જયારે ઘટપાટની ધુવા પડાઈ રહે છે ત્યારે સઘળાઓ ઉભા થઇ જઈ એક પછી એક કોળી પાવળ લે છે. આ કોળી પાવળ લેવાની ક્રોયા જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી ઘટપાટના જ્ઞાનો બોલવામાં આવે છે. આવા ઘટપાટના બે જ્ઞાનો નીચે આપું છું:—

ઘટપાટનું જ્ઞાન પહેલું.

જીરે વાલા પાટ મંડાવીને ચોક પુરાવો
હરખેસું કલસ થપાવોરે વાલા
ચાર સોહાગણ્ નઇણે તેડાવો
વધાવો તે કાયમ શામીરે વાલા -- જીરે વાલા૦ ૧
આજ મંદીર રળીયામણા દીસે

રૂડા સાધ આવેઆ રૂડા સંત આવીઆ આપણે ઘેર
પ્રભુજી પધારેઆં મંદીરે — જીરે વાલા૦ ૨
જીરે વાલા દીશ તણારે રૂડેરાં દીસે
અને બોલ તણાં મુખ મીઠાંરે વાલા
પવીત્ર થઇઆં ઘર આંગણુ મારા
સતગુરૂ નૈયણેસું દીઠારે — જીરે વાલા૦ ૩
જીરે વાલા કોઇ કહે છે મેલાંને કોઇ કહે છે ચોખાં
કોઇ કહે છે ઓલા કેવારે વાલા
જંગ્ત જગાડોને જુમલોજી બએઠો
હું જાઉં બલહારી તેનીરે વાલા — જીરે વાલા૦ ૪
જીરે વાલા સરવણે સુણીઆ તે મેં નૈયણે સું દીઠા
હું તો ભવો ભવ દાસી તમારીરે વાલા
દોએલડાં સરવે દુર કરો
આશા વીનતી કરીને પાએ લાગુંરે વાલા.—જીરે વાલા૦ ૫
જીરે વાલા ગુરનર સાથે ગોઠડી કીજે
તત્વ અખર શુધ લીજેરે વાલા
જેણે થકી ભવસાગર તરીએં
સેવા સાહેબજીની કીજેરે વાલા — જીરે વાલા૦ ૬
જીરે વાલા એ ગીઆન માહારસ ભણે પીર સદરદીન
મોમન મારા અમીરસ પીવાને આવોરે વાલા
હાજર જોમાને પાએ પડીજે
વવાવો તે કાયમ થાગીરે વાલા — જીરે વાલા૦ ૭

ઘટપાટનું જ્ઞાન બીજું.

જીરે વાલા સતગુર સાથે ગોઠડી કીજે
અને નીતોનીત અમીરસ પીજે
રે વાલા જોત જગાડીને શામી રાજો બેઠા
તો પ્રેમસું પુજા કીજે
રે વાલા આજ હરી મારે આંગણે આવેઆ
સાથે અનંત કરોડ દેવ લાવેઆ
ચઉદ લોકે વધાવીઆ — રે વાલા આજ હરી૦ ૧

જીરે વાલા જનમો જનમની દોહાગણ હોતી
તે સોહાગણ કીધી છે શામી
રે વાલા લખ ચોરાશીના બંધ છોડાવેઆ
એવા મલીઆ છે અંતર જામી — રે વાલા આજ હરી૦ ૨

જીરે વાલા આદ નીરંજન અગમ અગોચર
નવશા નામ ધરાવેઆ
રે વાલા હું બલીહારી તે સતગુરની
જે અમ ઘર શામી ભલે આવીઆ—રે વાલા આજ હરી૦ ૩

જીરે વાલા દેવ જુગલમાં મેં પરી બરંચ દીઠાં,
તે સતગુર સાહેબ સોહી
રે વાલા જનમો જનમની સરણાંગત રાખી
તે અવીચળ પદ સુગતાઇ, — રે વાલા આજ હરી૦ ૪

દુઆ શફીએ લીલ્લાની.

શફીએ લીલ્લા વ આહુલલ અબા વ અનલમ ચકુનુ વ ઇલાફ્રમન શફીયુન નબી, શફ્રીયુલ વસી, શફ્રીયુલ હસન, શફ્રીયુલ હુસેન, શફ્રીઉલ લતીફ, ગેશબતો, એરશા વ વાલેદા, મદરજીુન ફીલ કફ્રન (પછી ત્રણ વખત સલવાત પઢવી) સલવાત આ પ્રમાણે છે.

" અલ્લા હુમ્મા સલ્લે અલા મોહંમદ વ આલે મોહંમદ. "

ઉપરની દુઆ આગાખાનીઓ જે દરરોજ ત્રણ વખતની દુઆ સુબુજી, સાંજીજી અને સુમણી એમ પડે છે તે પડાઇ રહ્યા પછી તુરતજ પડે છે.

અંગોળની દુઆ.

" નાએયા ધોએયાના નીરમલ કરો પાક પાણીના પીંઢ પધારો, શામી તમે તમારી કલા ધરો, એ પીંઢ પાક કરો, પીર ઇમામશાહાની વેનતી બંદા ગુનેહગારને પાજન કરો. ફરમાન પીર શાહજી. "

ઉપરની ધુવા આગાખાનીઓને ચાલુ અંગોળ કરતી વખતે પડવા માટેની છે.

ગુસલની ધુઆ.

" નીયત ગુસલ જનાબતે મીં કુનમ કુરબતન ઇલલલ્લાહુ તાઆલા, ફરમાન પીર શાહાજો. "

ઉપરની ધુવા આગાખાનીઓ માટેની જનાબત ના ગુસલની નીચ્યત કરતી વખતે પડવાની છે.

ધુપની ધુઆ.

" એવી વાશના સોહાએ નબી રસુલીલ્લાહને, એવી વાશના સોહાએ દેવ દેવતાને, એવી વાશના સોહાએ પંજતન પાકને, એવી વાશના સોહાએ સીંતેર સોહો સો હુસેનીને, એવી વાસના સોહાએ ગત રૂહાણીને, ફરમાન પીરશાહા. "

સુફરા ઉપર કરવાની ધુઆ.

આ ધુવા આગાખાનીઓની છે. જ્યારે ફાતીઆ માટે ભાણું કે, બીજી કોઇપણ જણસ ખાવાની કે, રોકડ જમાતખાનામાં બાજઠપર મુકવાની હોય છે

ત્યારે પડવાની છે. તેની રીત એવી છે કે એક માણસ ધુંવા પડાવનારો પ્રથમ પંજપાકી (ત્રણ વખતની ધુઆમાં જુઓ) પડીને જે માણસ ધુવા કરાવવા માટે સામે આવી વાંકો વળીને, હાથ પડાવનાર તરફ કરીને ઉભો હોય તેની સામે પોતાનો પંજો લાંબો કરી તેના પંજા સાથે મુસાફો કરવાની જેમ મેળવી ત્રણ વખત ઉપરા ઉપરી બંનેએ મુસાફા કરવા અને તે વખતે ધુવા પડાવનાર કહે કે, “ અલી અલ્લા, અલી અલ્લા, અલી અલ્લા, પીરજે પીરસાહે નીયથ મુરાદ કબુલ કરે. ”

ધુવા કરાવનારો પંજો મેળવતી વખતે ત્રણ વખત કહે કે “ તોબો તોબો, સીરતા પાએ બંદો ગુનેગાર, યા શાહ તું બકશીએ બકશણ હાર. ”

પંદીઆત જવાંમરદી.

આ પંદીઆત જવાંમરદીનું પુસ્તક આગાખાનના વડવા મુસ્તન સીર બીલ્લાનું લખાએલું જણાવવામાં આવે છે અને તે ફારસી ભાષામાં છે. કહે છે કે, આગા મુસ્તનસીર બીલ્લા પાસે

પોતા માટે કોઇ પીર નથી એમ મુરીદે જાહેર કીધું તે ઉપરથી તેઓએ આ પુસ્તક આપી કહ્યું કે, આ પુસ્તક તમારો પીર છે. તેથી પંદીઆત જવાંમરદીનું પુસ્તક પીરોની યાદીમાં દાખલ કરવામાં આવ્યું છે અને તે નામને ધુઆમાં આગાખાની જુના વિચારના લોકો ભણે છે. આ પુસ્તક લખાયાને લગભગ ચારસો વરસ થયાનું મુસ્તનસીર બીલ્લાહનો સમય જોતાં કહી શકાય છે.

આં ફારસી પુસ્તકને મુખી લાલજી દેવરાજ મુંબઇવાળાએ સીંધી લીપિ તથા સીંધી તરજુમામાં છપાવ્યું છે. તે પુસ્તકમાં સામાન્ય રીતે નીતિ તથા ધર્મની આસ્થા વિશેનું લખાણ છે. તેનો નમુનો જાણવા માટે તેમાંના બે ફકરાઓ એક પહેલો તથા એક છેલો નીચે આપીએ છીએ.

(પંદીઆત જવાંમરદીમાંથી).

" યા મૌલાના યા મૌલાના શાહે અબદ સલામ શાહે મુસ્તમ શેહેર બીલ્લા ઇમામ ઝમીનો ઝમાન અલેહે સલાતો વ સલામ ખુદાવંદ ઝમીનો

ઝમાન હઝરત મૌલાના ફરમાએ તો કે મોમન ઉ આએજે, માલ વાજીબાત યાને દસોંદ દે, ને રી- જકને રોજી ખુદાવંદ તઆલા બંદેજે વાસતે ડી- એતો, ને ઉન રોજી મીંજાથી ડાપતીઉં કરે, ને દરેક ડાએ પતીએ મીંજાથી હેકડી પતી હક ખુ- દાવંદ કરીમ હક સુબહાનહુ તાલાજો આહે. ઉનકે જુદો કરીને હઝરત શાહે મરદાંન મુરતઝા અલી વ હઝરત ઈમામજે મકાનતે પોંચાએ (૧) ”

“ ૧૦ ડાઈ જોમરદીજી માયેના હી આએ કે, બારોઇ માસ રોજે જે ઇશ્કમેં રીઓ, જાહેર રોજેમેં પણ રીઓ ને બાતન રોજેમેં પણ રી- ઓ. જાહેર રોજા હી આએ કે, જીં ખલક રોજો રખેતી. ને આંયકે જાણીઉં ખપે કે હી હેકડે મ- હીનેજા ત્રી રોજા આહીન. ને હીના ત્રી રોજા મીં જાથી હેકડો રોજા રવા આહે. હી હેકડો રોજે વાસતે ત્રી રોજા રખનતા. ને ઉનમેં જી કી હેકડો રોજો આએ, સે નથા બુજન. ને હો હેકડો રોજો રવા આહે, ને બેંજી કીં હાજત નાંહે. અથવા રવા નાંહે. જાહેરી રોજો હી આએ. ને બીઆ

રોજા બાતલ આહીન. ને હી હેકડે રોજે વાસતે સજો હેકડો મહિનો રોજા રખનતા ને પરેજગારી કનતા, જે રોજો કબુલ થીએ. લેકીન ઉ જી હેકડો રોજો હક આએ ઉ બાતન આએ....૧૦ ”

આ પુસ્તકમાં ઈસલામની જાહેર ઇબાદતો પ્રત્યે ઉપલક દેખાવ કરી બાતીન તરફ વલણ પકડયું છે.

સતવરણી વડી.

મજકુર પુસ્તક સીંધી લીપિમાં છે. તેમાં હ- ઝરત આદમથી લઇ હજરત મોહંમદ મુસ્તફા સ૦ સુધીમાં થએલા કેટલાક પૈગંબરોના હેવાલો છે. ઉપરાંત પંજેતન પાક તથા પીર નુર સતગુ- રથી લઇ પીર તાજદીન સુધીનું વર્ણન છે. આ સતવરણીના કર્તા પીર સઇયદ મહંમદશાહ છે. તેમાં એકંદરે ૩૧૬ બંદો છે. તેમાંથી નમુના દા- ખલ કેટલાક બંદો આપીએ છીએ.

મેહેદી હુઆ હએ આપ રહેમાન,
જેણે ઉપાવીઆ સરવે સીધાન.
કાએયા કીધી સબ લાખજ બંદ,
આઠ લાખ આણી ઉસમાહે સંદ

સરવે સસ્ટી કરેઆ નીસ્તાર
તારે મેંદી થએઆ વીસ્તાંર
એહી હકીકત હે સાચી સાચ
સતગુરકી તો હએ સાચી વાચ
રખીસર સાંભળો તમે એક મન
મેંદી આપે તે હએ નીરીજન.

—રે તુંહી—

મેંદીએ સબ રચના કરી
અને ઉપાઇ ચારે ખાણુરે
પીરથમી કીધી કારમી
સો તતખણ સાહેબ જાણુરે ૧

મેહેદી સાચા તો હએ જુગ માંહે
જેણે વાટ દેખાડીઆ તાંહે
સોએ મેહેદી ઇસ જુગ આધાર
જે કોએ હોતા સુરીજન સાર
મેંદી ઇમામે તો વાટ દેખાડી
જે છે નીરીંજન નામ નીસ્તારી
આપે મેહદી અને આપે ઇમામ
આપે રાખીઆ છે સરવે નામ
એ જુગ માંહે તેતો દીના સાર
મેંદી પરવરીઆ છે પરીવાર

—રે તુંહી—

મેહદી સુરીજન હાર હુએ
દુજે મેંદી આપ ઇમામ હૈ
આપે તો મેદી પરવરેઆ
આપે ધરીઆ નામ હૈ. ૨

મેદી થકી તો આલજો ચાલી
મેદી ઇમામ તે જુગમાં આલી
તેણે લીધા છે ગીરભાવાસ
તેણે રચીઆ છે આપે સાસા
એતો ભેદ હુએ આપે નેઆરા
ઉસકા કોઇ નવ પાવે સારા
દાદે આદમસે એહી પરીવાર
સગલી સીરસ્ટીકા સીરજણ હાર
જીવ જંતર કીધા હુએ સાર
ઉસકા ચેહી તો હુએ વેવાર

—રે તુંહી—

નુર નબી થકી રચના કરેઆ
તારે પહેલા તે હોતા આપ રે
અરસ કુરસ સબ ઉપાવેઆ
અને ચંદા સુરજકા તાપરે ૩

સાઅ નુર પરણીઆ ફાતમા બીબી
નુરે નુર તે સમાવેઆ જોબી
નબી મહંમદે કહેઆ કરીઆ
બીબી ફાતમા નીકામે દીઆ
દેજ માંહે આલીઆ ખોજા ચાર
તેણે ખીજમત કરીઆ અપાર
જબ તે મોટા થએઆ છે સાર
બાલક, ખુદાબક્ષ તે તતકાર
સાદક એમદ કરીમજને નામ
ખીજમત તો તેણે કરીઆ મુદામ

—રે તુંહી—

બીબી ફાતમા એમ બોલેઆ
તમે સુણો અલી ભરથારરે
પીતાજીએ મારે જે આલેઆ
સો દેજમાંએ ખોજા ચારરે ૩૪

ખોજે ખીજમત કરીઆ છે ઘણી
હમ સીર ભાર રહી છે, તેરે તણી
ઇનકું ઘોઆ તમે કરજો આજ
તો સરસે એન કેરા કાજ
તબ તેડાવીઆ તે ખોજા ચાર
તતખણ મોલા બોલેઆ તે વાર

સાંભળો ખોજા અમારી વાત
તમે છો સરણે હો ગરીબ જાત
ખીજમત કરેઆ તમે બહુ ગણી
કાંઇક માગજો બદલ તેહ તણી

—રે તુંહી—

જે કાંઇ માગો તે હમ આલીએ
એમ બોલીઆ છે મોલા આપરે
જે કરેશો તે સરવે થાએશે.
હવે નથી કાંએ તમ સીર વાતરે ૩૫

તબ તે ખોજા તો બોલેઆ એમ
ધન ધન ભાગ હમારા જેમ
ખીજમત હમારી તમે કરી કબુલ
તેની શુકર છે અનંત જો મુલ
રાજી થઇઆ તમે હમથી સાર
તેની ખુબીનો કાંઇ અનંત ન પાર
જાંલગ જીવતા રહીએ એ દુનીઆ
તાંલગ ધનધન હમારા જીવડા
પામેઆ પદવી તે અનંત અપાર
ઉલટ માવે નહિ અંગ મીંજાર

—રે તુંહી—

થએઆ રલીયાત જો આજ તમે
તેથી ધનધન અમારો અવતારરે
તેથા પામેઆ અમે પરમારથી
સો આનંદ સુખ બહુ અપારરે ૩૬

મોલા અલી તારે કરી છે ઘોઆ
ગડદ તારે તે ખોજા થએયા
તમ રલીયાત તે થએયા ઘણા
આનંદ કરેઆ પરમારથ તણા
તખતો મોલા અલીએ આણી મેર
પરણાવેઆ સરવેને દર ઘેર
ચાર કન્યા ચારને પરણાવેઆ
આલી ઘરને આજાદ જો કરીઆ
અતી આનંદ તમ કરેઆ તેણે
માનીઆ મોલા અલીકું તેણે

—રે તુંહી—

ખોજાએ સીદક જો લાવીઆં
તેણે દીલકું રાખેઆ છે ઠામરે
ઘેઆવેઆ તુર નર અલીજીને
અને જુગમાંહે રાખેઆ નામરે ૩૭

સતવેણી વડી.

પીર ઈમામશાહના પ્રતાપી પુત્ર નુરમહંમદશાહ કૃત આ સતવેણીનુ જ્ઞાન કહેવામાં આવે છે. તેમાં રસુલે દીનની, સતગુર જ્ઞાનની, તથા દીનની તારીફ, પ્રબોધ નસીહત, દીલ રોશન કરવું, ફાની દેહનો મેહેલ, ફાની દેહ, માયા ચરિત્ર, કળી, ફકીરીની ખુબી, હઝરત આદમ, હઝરત નુહ, હઝરત મુસા, હઝરત ઈસા, હઝરત સુલેમાન, હઝરત જીકરીઆ, હઝરત નબી મહંમદ, હઝરત અયુબ, પંજેતન પાક વીગેરેની ફકીરીઓ તથા દુનિયાનું ક્ષણ ભંગુરપણું તથા દીનદારી પ્રત્યેની ચાહના રાખવી વીગેરે હેવાલો છે. નમુના તરીકે તેના પહેલા ત્રણ બંદો આપવામાં આવે છે તેવા કુલ ૨૨૨ બંદો છે.

પહેલા સરજણ હાર વખાણો
હરી નામ જપતાં શક ન આણો
જીસથી ફેરે દુજા ફેરા
જો તમે જાણો બોહોત ઓહતેરા
દુજા સત નબીકા સાચા
જેસી કરણી તેસી વાચા

જીભીયા આખો સુરીજન બાવા
સાચા થા સોતો કેડે ધાવા
જગ સારા જેણે જુદા કરી જાણ્યા
સો આપણે સુરીજન સાથ સીધાણા

રે દુંદી— સાચા સાંહીઆ પીયુજી
સાચાથા સો સાચસું,
ખેલ ગયા મેદાન રે
કુડે શાહા ન પાએયા
સો ફોકટ ફીરે નાદાનરે જી

(તારીક્ રસુલે દીનકી)

સતકી બાતાં જીને સાચી જાણી
ગેરસો આપણે દીલ ન આણી
અવર બીદાયત ધાવે લાગા
ગફલ લોકે ચોક ન જાગા
નવસો બરસ જગ ભયે રસુલાં
સાચે મારગ કોઇ ન ભુલા
મોઢે દીન ને દીલમાંહે ખોડી
રસુલ ચલે સો બાટાં છોડી
સત સાંખે કેમ પારજ પાઇએ
જીસથી સત તે કેડે જાઇએ

—રે તુંહી—

સાચી બાટ રસુલકી,
અને સાચા એહી શેરરે
જે કોઇ ચાલેઆ સત વિના
સો પડેઆ મોટે ફેરરે ૨

(સતગુર ગીયાનકી તારીફ)

નબી મહંમદ જુગમા આએયા
તીસથી ચાંદ્રણા મારગ પાયા
બાટ સુધી સો ઉન્હેં દીખલાઇ
રીત રસમ સબ શાહાકી પાઇ
પથા કોઇ ખોટા ન હોવે
ચાંદ્રણે મારગ સબ કોઇ જોવે
તીસ અજવાલા આગલ કીના
જે જીવ જાએ પ્રેમ ગાંહે લીના
સતવેણી તીસ ધરીઆ નામ
જીસ ધર પીઉકા પાઇએ ઠામ

—રે તુંહી—

શીષક મુરશદ આપણુ
કેતા કહેઆ સો બોલરે
બાટ જો સાચી સતકી
સો આન દીખલાઇ ખોલરે ૩

મન સમજાણી વડી.

આ પીર શમ્શુદીનનું રચેલું જ્ઞાન છે અને તે સીંધી લીપિમાં છપાયું છે. તેમાં પીર શમ્શનું અર્બસ્તાનથી ઇરાન દેશના દેલમ પ્રગણામાં આવવું અને ત્યાંથી ગીજની તથા પંજાબમાં આવીને ઇસ્લામનો પ્રચાર કરવાનું વર્ણન લખવામાં આવ્યું છે ઉપરાંત તેમણે કોને કોને મુરીદ બનાવ્યા તેઓના નામો, તથા ચીણબ દેશમાં પોતે ચોર્યાશી ખાના કર્યા તેના ચોકસ ઠેકાણા તથા તેઓના મુખીઓના નામો વીગેરે છે. ઉપરાંત પીરે સમઇઆ શહેરમાં છ માસ છ દીન રેહી ખાનું કર્યું તથા ત્યાં ઉમરાપુરી ઉતારી તેની હકીકત. એક રાજાની દીકરીએ રૂમાલમાં ઝવેરાત લાવી પીરને પાએ મુકી તેનો શું લાભ લીધો તેની હકીકત તથા પીરે ગીજનીમાં આવી શી શી રમત કરી, તેનું વર્ણન, ગીજનીના બાદશાહના દીકરાપર પીર પ્રસન થયા. સુરજારાણી તથા બીજા અનેક પેગંબરો તથા ઇમામોના વર્ણનો છે આ નીચે નમુના તરીકે તેના બંદો આપીએ છીએ તેવા તેમાં કુલ ૪૦૧ બંદો છે.

મન સમજાણીકી ઐસી બાતાં
દુનીઆ અજાણી ન સમજે ઘાતાં
પેલા નામ અલ્લાહકા લીજે
દુજા સત નબીકા કીજે
અલ્લા મહંમદ એક ગણીએ
પીર શાહાકા નામ ભણીએ
ગીયાન ગુરતણા સુણીએ
ગુરનર ગત માંહે મળીએ
સાચા નામ નબી કીલાવે
સાહેબજીકા દરશન પાવે
અલ્લા રસુલ જીભાં આખો
દીલ અપના શાહાસું રાખો
શાહા બિના અવર ન બુજે
સતની રાહા ઉનકું સુજે
હરી નામ જપતાં વિલંબ ન કીજે
વદહકુ દગાં ફલ તોજા લીજે

—રે તુંહી—

સાહેબ સું નેહ લાગ્યો
માહામદ માનો સાચ રે
ચીત મન એક કરો
ગુરકી પારો વાચરે

મન સમજાણીકી ઐસી બાતાં
દુનીઆ અજાણી ન જાણે ઘાતાં
સાચી બાટ સતકી કાવે
સાચ વિના કો પાર ન પાવે
કસ કસોટી રખીસર સેવે
કસણી વિના પાર ન લેવે
સાચાં વાટે તે સુખા ધાવે
પીરશાહા વિના પાર ન પાવે
સાચી વાટ જુગમાં કહીએ
કસોટી વિના પાર ન લહીએ
સાચા સુધા જુગમાં રહીએ
વીખડો મારગ એમ લઇએ
દુનીઆ ધાવે મકરજો કાંઇ
દેણા લેણા ચુકાવો ભાઇ
આખર જાતાં ન જાણે કોઈ
મરણા પેહલા મરણા કોઇ

—રે તુંહી—

વીખડો મારગ દોહેલો
કસ કસોટી દાસરે
ડર પીયુનો લાંબો
છોડ પુરાની આશરે ૨

ચંદ્રભાણ સુરભાણ.

આ કાવ્ય પીર શમ્શનું રચેલું જણાવવામાં આવે છે. આ જ્ઞાનમાં લખ્યું છે કે, પીર શમ્શે પોતાના મુરીદો પાસે માણસનું માંસ ખાવાને માગ્યું હતું. અને તેને માટે ત્રણ ફાકા કહાડયા હતા. અંતે ચંદભાણ નામના મુરીદે પોતાનું માથું કાપીને આપ્યું પણ તે ખાણું ચંદ્રભાણ વિના ખાવાને પીરે ના પાડી. અંતે તેને સજીવન કરી સાથે જમાડયો.

સુરભાણ નામના જ્ઞાનમાં લખ્યું છે કે, સુરભાણ નામના પીર શમ્શના મુરીદે આ પીરને પોતાની ચામડી ઉતારી આપી હતી. તેની પીરે પોતા માટે મોજડી બનાવી. આ ઉપરાંત ઘણી લંબાણ બાબતો છે જે સમજવા માટે તે કાવ્ય પુરેપુરૂં વાંચવું જોઇએ. અત્રે માત્ર તે કાવ્યનો નમુનો બતાવવા તેના મોડાક છંદો નીચે આપું છું.

પહેલા નામ અલ્લાહકા લીજે
દુજા કલમા મહંમદકા કીજે
અલ્લા મહંમદ એક ભણીએ
ગુરનર ગતમાં નીસોનીત મીલીએ

ગીનાન ગુરનર તણા સુણીએ
પીરશાહા નામ નીતોનીત જંપીએ
સાચા નામ નબી ફીલાવે
તબ શાહાકા દરશન પાવે
દીલ અપની શાહસું લાવે
સાચા સાહેબસું નેહ આવે

રે તુંહી—સાચા સાંહીઆ . પીયુજી
શાહાસું નેહ લાઇએ
અને મહંમદ માતો સાચરે
ચીત મન એક કરો
તો દરશન દેવે આપરે ૧

દરશન શાહા આપે દેવે
જો નીત નામ સાહેબકા લેવે
શાહાસું નેહ અંતર કરીએ
ગુરનરકા ગુણ ગણીએ
નીત નીત ગતમાંહે મીલીએ
સાહેબકું દીલમાં ધરીએ
કીરીયા કરતવ કરણા
જીવી જીવીને આખર મરણા
એવા મુનીવર વરીએ
જુગમાંએ હોએ તડ તરીએ

—રે તુંહી—

ગુરનર સું હેત ધરોરે મુનીવરો
તો સાહેબ હએ હજુરરે
પાક કરો દેહીકું
તો હોવે નુરે નુરરે ૨

નુર એહી હે નીરવાણુ
નુરે રચીઓ આસમાન
નુરે નીપના નુર
નુરે નબી પાક પરવર
નુરે અરસ કુરસી જાણુ
નુરે મોમન હએ પરમાણુ
નુરે તજલા નુર માંહે બેઠા
નુર નીરમલ મંદરે પેઠા
નુર પરગટ નુર દીઠા
સાહેબ નામ સબથી મીઠા

—રે તુંહી—

સાહેબ નામ સંભરીએ
અંતર વરસે નુરરે
પ્રેમ રસ ચાખીઓ
તો આનંદ હોવે ભરપુરરે ૩

પીરેમ રસ ચાખી જેએઆ
સારી રેહેણી સુખસું સોઓયા
પીરેમ રસ પીરેમે લીના

જેણે સાહેબસું નેહ દીના
પીર શમશ સાહેબ ડીલાવે
ફીરતા ફીરતા ગતમાં આવે
પીરશાહા નામ આપ જણાવે
ગુરનર પુસ્તક પાવે
દરસન કરે ગત સંગલી
આવી બેઠી ગત મીલી કરી

—રે હું ડી—

દરસન પાએયા શાહકા
સઉ સંથોકીઆ વીરરે
ગત ગુરનર મીલીઆ
આએયા શામશ પીરરે ૪

પીર શમશ ગતમાં બેઠા
મુનીવરે નજરે દીઠા
આપો આપ સાહેબ આયા
ગુરનર દરસન શાહાકા પાએયા
દરસન કરે દીનને રાત
માંહો માંહે કરે વાત
સઉ સંતોખી સનમુખ રહેઆઇ
જો કુછ ગુરનર વાણી કરેઆ
ગુરનરસું વીનતી કરે
પીર શામશા ચીત માંહે ધરે

—રે તુંહી—

ચીત માંહે ચીંતા કરો
અને બેઠા તમારે પાસરે
અંતર આછા રહો
સો હરીકા દાસરે ૫

દાસ હોવે તો દીલમાંહે રાખે
સાહેબસું વીનતી આખે
સહુ કરે પીરકી સેવા
અમરત લાવે આછા મેવા
શાહા શમશ ગુરનર ધણી
કરે કીરીઆ સાહેબ તણી
સાહેબ છે તે સદા મેહેરબાન
તમો અમારાં કરજો કામ
સાહેબ હુએ સાચા દેવ
ગત સહુ કરે છે સેવ

—રે તુંહી—

સેવા કરે શાહાકી
પામવા વઇકુંઠ વાસરે
ગુર રૂપે પીરકાસીઆ
વચન સુણો હમેરા દાસરે ૬

પીર બોલેઆ પરતક દેવ
સહુ કોઇ કરે છે હમારી સેવ

તમકું હોવે વઇકુઠ વાસં
જો રહેશો અમારે દાસ
વચન સુણો ગુરનર કહેવે
એક માણુસ હમ લેવે
ઉનકા માંસ લે પકાવે
એસા ખાણા હમ ખાવે
જો આલો તો હમારે દાસ
હમકુ દીલ હએ માણસ માંસ

—રે તુંહી—

ગત સઉ વીગાસેઆ
ગુર કેસી કહે છે વાતરે
મેવા સરવે મેલીઆ
કરે માણુસ ઘાતરે ૭

મોમન ચેતામણી.

મોમન ચેતામણીનું જ્ઞાન પીર ઇમામશાહનું રચેલું છે. તેમાં ઘણી જાણવા જેવી બાબતો છે. ઇતિહાસિક તથા મીશન પદ્ધતિ તથા મીશન પ્રયોગની હકીકતો તેમાંથી બહુ મળી આવે છે. આ ખું પુસ્તક વાંચ્યા વિના ટુંકમાં સાર કહી શકાય તેમ નથી. માત્ર તેના બંદોની માહિતી આપવા

માટે ૩૮ બંદો નીચે આપું છું. તેમાં તેવા કુલ બંદો ૬૩૦ છે.

એજી આદ નીરીંજન અવતરેઆ.
તેનું થાનક છે અરાક ખંડ માએ.
સતગુરે સોહી દેખાડીઆ.
તે છે વ્યાપક નવ ખંડ માંએ
ચેતો રખીસરો——ગુર કહે
સાચા સતગુરે એમ કહેઆ ૧.

એજી આલ અલીજની તે કહીએ
નબી મહંમદ પીર મુસલ્લે છે ત્યાંએ
ઇસ્રરે આલથી જે ભુલશે
તે તો જાએશે દોજક માંએ
ચેતો૦ ૨.

એજી એહરે આલથી આલ ચાલેઆ
તે તો આવેઆ કહેક નગરી માંહે
વીરચા આગુઆ થાનક કહીએ.
શ્રી ઇસલામશા બેઠા છે ત્યાંએ
ચેતો૦ ૩

એજી જોમા જોમાં માંએ એ નરજી કહીએ
તેની સાંખીયા છે આલમ માંએ

ચાલીસ સીપારા કુરાનના
તેમાંએ ત્રીશ છે દુનીઆ માંએ
ચેતો૦ ૪

એજી દસ સીપારા બાકી રહેયા
તે છે એ ઘર માંહે
અથરવેદ તેને કહીએ
તેની વાણી સતગુર મુખજ માંહે
ચેતો૦ ૫

એજી આલ નબીજીની જુગ માંહે આવેઆ
તેણે તે કીધા એ ધરમ ઉપાએ
સતગુર ઇમામશાહ એમ કહે
તેતો આલ મહંમદની કહેવાએ
ચેતો૦ ૬

એજી નુરેથી નુરજ પરગટીઆ
તેનું વાસ છે નુરજ માંએ
તેણે આ સતપંથ પેદા કીધા
ખોજી કાઢીઆ કુરાન માંહે
ચેતો૦ ૭

એજી ચાર વેદ ચાર કીતાબ ખોજેઆ
સતગુર સદ્વે તીયાંએ
ઇલમ અલ્લાજીએ ભેજીઆ
ફરદ ફરમાવીઆ ફુરકાન માંહે
ચેતો૦ ૮

એજી ફરદ ફુરકાનેથી ઉપના
સેતો પરવરીઆ પીશેથમી માંહે
શરીયત, તરીકત, હકીકત તેની
માલુમ છે મારફત માંહે
ચેતો० ૯

એજી મારફત માંહેથી કાઢી કરી
તેતો આણીઓ ઇસ પંથ માંહે
ત્યાં રહેણી રાખો નીસ્ટે કરી
આપણાં જીવને તીયાંએ
ચેતો० ૧૦

એજી ઇસરે રેહેણીથી જે ભુલશે
તેનું ઠામ નહિરે કીયાંએ
તેતો ફેરા ફીરે લખ ચોરાશી તણા
તેતો મોખ ન પામે કીયાંએ
ચેતો० ૧૧

એજી લખ ચોરાશી તો છુટીએ
જો રહીએ આપણા સતગુરકે ફરમાન માંહે
દસોંદ દીજે સતગુર સુખે,
તો વાસો હોવે અમરાપુરી માંહે
ચેતો० ૧૨

એજી અમરાપુરી છે આગળે
તેના સુખ કહેઆ નવ જાએ

સતગુરે દીઠી તેવી કહી
તીયાં કુર અલ્લાએક માંહે
ચેતો० ૧૩

એજી અનંત એવા છે તે મોહોલમાં,
તે ઘરની શોભા છે તીયાંએ
મોમન રૂપીસર તે મોહોલમાં
લીલાં લાડ કરશે તીયાંએ
ચેતો० ૧૪

એજી એવા ઘર તે જીવ પામશે
જે ચાલશે આપણા સતપંથ માંહે
ખરા દસોંદી સુકરીત વંતા
તેની સાંખ છે એલમ માંહે
ચેતો० ૧૫

એજી તે એલમ આલથી પરગટેઆ
તેની સાખ છે કુરાન માંહે
કુરાન કુદરત માંહેથી ઉતરીઆ
તેની સાંખ છે એ ઘર માંહે
ચેતો० ૧૬

એજી એ ઘર દેખી જે ભુલશે
તે તો જાશે દોજખ માંહે
આદ ઉપ્પત્તીઆદેથી એ ઘર કહીએ
તેને સીરેવતાં વીલંબ ન કીજે કાંઇ
ચેતો० ૧૭

એજી બીરમાને વીશનું, મહેશર કહીએ
તે તો સરવે છે એ ઘર માંહે
જો ઘરથી આલજ ચાલેઆ
તે તો પરવરીઆ પીરોથમી માંહે
ચેતો० ૧૮

એજી તારે વીશનું વર દાતાર થએયા
કીરપા કીધી બીરમાજી ઉપરે તીયાંએ
તમે જાઓ જુગ માંહે વાણી કરો
અમે સાથે આવશું ત્યાંએ
ચેતો० ૧૯

એજી તેને ફરમાને બીરમાજી જુગ માંહે આવીઆ
વાણી કીધી તીયાં જુગ માંહે
પરબોધી પીરોથમી બીરમાજીએ
ધરમ મારગ ચલાવીયા તીયાંએ
ચેતો० ૨૦

એજી અનંત કલપ એવા વહી ગએયા
પછે આવીઆ તે ચાર કલપ ત્યાંએ
તે માંહે ત્રન કલપ વરતીઆ
બરમાજીને ફરમાને રહીઆ તીયાંએ
ચેતો० ૨૧

એજી કલપ માંહે પરવરેઆ
ચાર જુગ તે કીધા છે માંહે

આદ ઉણીઆદે ભેળા હતા
સતગુર શામીજીની સેવાએ
ચેતો૦ ૨૨

એજી ત્યાંથી સતગુર પરગટીઆ
અને આવીઆ તે ચાર જુગ માંહે
જે માંહે ત્રન જુગ વહી ગએઆ
તેના જીવડા પોતા થાનક માંહે
ચેતો૦ ૨૩

એજી તે અવતારે અવતાર વહી ગએઆ
રચના કીધી વીશનું બરમાજી ત્યાંએ
આજ છેલી સંદ કલજુગ સંધે
મુરતજા અલી અવતરીઆ મકા માંહે
ચેતો૦ ૨૪

એજી તીયાંથી આલજ ચાલીઆ
તે તો આવીઆ કેહેક નગરી માંહે
શ્રી એસલામશાહા તીયાં નર કહીએ
શાહા ગરીબનું તેજજ માંએ
ચેતો૦ ૨૫

એજી એ ઘર સરેવે જે સતસું
તેના પાતક સરવે જાએ
અવતારે અવતાર આળખે
તેને પએશે મોક્ષ મુગતજ થાએ
ચેતો૦ ૨૬

એજી એ ઘર દસોંદજ દીજીએ
તે માંહે આળસ ન કરીએ લગાર
અનેક જીવ આગે ઉધરેઆ
તેણે ઓળખીઆ પોતાનો ભરથાર
ચેતો૦ ૨૭

એજી દસોંદ વીના નહિ છુટશો
સાંભળો મુનીવરો કહું છું વારોવાર
છેલો અખાડો આ જુગ તણો
તે માંહે હાથેસું કરી લીઆ સંભાર
ચેતો૦ ૨૮

એજી દસોંદ દસમી પાંતી કહીએ
તેતો આલો એ નરજીનું આહાર
ચાલીઆ તે પીર મુખે આલીએ
મોમન તણો એ છે વેવાર
ચેતો૦ ૨૯

એજી દસોંદ હેતાં જે જીવ ડુલાવશે
તેનું હાલ આલ નહિને પરીવાર
કીરીયાના હીણાં કોઇ જીવ નહિ તરે
સતગુર કહે છે પુકારે
ચેતો૦ ૩૦

એજી આખર જમાનું આવીઓ
આવી છેલી કલજુગની વાર

આવતાર સરવે પુરા થઇઆ
હવે શામી રાજો આએશે અસવાર
ચેતો૦ ૩૧

એજી કળીરે ચાલશે નકલંક તણો
તારે થાએશે તે હલહલ કાર
તે માંહે સતી જીવ જીતશે
કાહેર ખાએશે ઘણુ કેરી માર
ચેતો૦ ૩૨

એજી કાએર મ થાજો રે મુનીવરો
આગળ છે દોહેલું રે પાર
શામી રાજો એમાં માગશે
નીરટે જાણો નીરધાર
ચેતો૦ ૩૩

એજી કળજુગની સાંધ છે દોહેલી
એ મોમનભાઇ તમે રહેજો હુશીઆર
દસોંદ દેજો આ સતગુર મુખે
તેથી ઉતરો પએલે પાર
ચેતો૦ ૩૪

એજી જે દસોંદ નહિ દેશે સતગુર મુખે
તેતો કાએર થાશેને ખાશેરે માર
તેના હઇડાં માંહેથી અગની ઉઠશે
તારે જીવડો તે કરશે પુકાર
ચેતો૦ ૩૫

એજી સતગુરે સરવે સંભળાવીઆ
મોમન ભાઇ તમે કરજો વીચાર
આદ ઉપ્રીઆદેથી એ ઘર ચાલીઓ
તે સામી રાજો કરશો સંભાર
ચેતો० ૩૬

એજી લેખાં લેસે ગુરનર સાંહીઆ
તીવાં સહુ પુછાએશે નરને નાર
ઉતમ મધમ તીઆં કોઇ નહિ
કોઇ કેહેના વાર ન કરશે લગાર
ચેતો० ૩૭

એજી ઉતમ આચારે ઉતમ જાણજો
મધમ જાણજો મધમે આચાર
તમે સહુ કોઇ ગીનાન સાંભળો
આગળ કોઇ કેહેનું નહિ નરને નાર
ચેતો० ૩૮

ખટ દરશન.

આ જ્ઞાન-કાવ્ય પીર સદરદીનનું રચેલું છે તેમાં સતી જીવોના લક્ષણો તથા સૃષ્ટિની ઉતપત્તી વિશેનું વ્યાખ્યાન છે. અને સાથે સાથે પાંડવોએ કરેલા યગ્નની હકીકત પણ છે. એકંદર જ્ઞાન વાંચવાથી તેનો કુલ મતલબ જાણવામાં આવે છે. અમો

માત્ર તે કબ્ચના થોડા બંદો નમુના દાખલ નીચે આપીએ છીએ. કુલ બંદો ૨૩૫ છે.

શામી તે જે સીરજણહાર
જીવ પીંડનું કહે નીરતાર
દીલની વાતું જાણે જેહ
સકળ જોત હંસ પીરકાસે તેહ
બાને ઘણો નીભાવે જોએ
કહે ગુર સોહોદેવ સાચા શામી કહીએ
સોએ૦ ૧

સેવક તેજે સેવા સાર
હરી જપતાં ભંજે પાર
પરી બ્રંહ્મ વાચા પાલે જેહ
સાચા સેવક કહીએ તેહ
ગ્નાન જોત જે ગુરથી ધરે
પ્રેમ વીધી જીવતાં મરે
સતગુર વાચા પાલે જેહ
કહે ગુર સોહોદેવ સાચા સેવક
કહીએ સોએ ૨

વેરાગી તે જેનું વનમાંહે વાસ
ઘર નવ નારીસુ રહે ઉદાસ
કીરીયા તપશા તીરથ કરે

પંચણુ જીતીને આવસું ગરે
પરમહંસ પર ઉપગારી જેહ
સોહાગ વઇરાગી કહીએ તેહ
જુગત આહારી મારે કામ
રૂપ સુરંગી લેવે નામ
સુણી સબદ જે સીરસું લહે
પ્રેમ પીડા પીયુસું રહે
દોનું જંતર તુંબા તીર
કહે ચુર સોહોદેવ સોહી
વેરાગી અપરમપાર ૬

(ચતુર કલપનો મંડાણ)

ભાઇચો ભીરમાજી તું સત કરી જાણુ
કરતા હરતા શ્રી નારાયણ
વીશનવે વીચારી ધરીઓ ધીયાન
કલપ ચતુરનો માંડીઓ મંડાણ ૪૭
પહેલા કલપ માંહે કીધું કામ
તારે ભીરમાને આલીઓ ફુરમાન ૪૮
તેડી ભીરમાને કહ્યું કીરતાર
તેજ અમારૂં કરો વીસ્તાર ૪૯
વચન હરીના મુસ્તક ધરી
પહેલા કલપ માંહે ગુરભીરમાજીએ સેસ્ટજ કરી ૫૦

ગુર બીરમાજીને આલીઆ પાટ
અમર બેદની દેખાડી વાટ ૫૧
તારે રધુવેદના માતામ કરેઆ
ચાર રૂપ વીશનવે ધરીઆ ૫૨
હવ ૧) કવ ૨) ધરમ ૩) કેશવ ૪) સાર
ભગત ભણુતા શ્રી નારાયેણુ ૫૩
કલપ દરસણુ સંપુરણુ થઇઆ
તારે નવાણુંકરોડ જખ અમરાપુરી ગએઆ ૫૪
તારે સોલ જુગનું વાળીયું નામ
તારે પાણી ચડીઓ પ્રુ આસમાન ૫૫
તારે પડીઆ પંડત સંરવે સમાપત થએઆ
ત્યાં બીરમા, વીશનું મહેશર અમર રહેઆ ૫૬
તારે ત્રન સુરતે મીલી વીચારીઓ ગીઆન
તારે ગુર બરમાને આલીઓ ફરમાન ૫૭
તેડી બીરમાને કહીએ કીલતાર
તેજ અમારૂં કરો વીસતાર ૫૮
વચન હરીના સુરતક ધરી
બીજા કલપમાંહે ગુર બીરમાજીએ શેસ્ટજ કરી ૫૯
ગુર બીરમાને આલીઓ પાટ
અમર બેદની દેખાડી વાટ ૬૦

ખટ નીરંજન.

આ ગીનાન પીર સદરદીનનું રચેલું છે. તેમાં પ્રથમ સૃષ્ટિ ઉતપત્તીનો હેવાલ છે અને તેમાં ૪૯ છંદો છે. તેના નમુના માટે ૨૫ છંદો નીચે આપું છું.

એજી અનંત જુગ આગે વહી ગએઆ
તારેઆ સોહી આપ નીરીંજન રહેઆ ૧
તારે જમીન અસમાન નહોતા કોએ
આપોહી આપ નીરીંજન સોહી ૨
તારે ધંધુકાર માંહે ધરીઆ ધીયાન
તારે હેતે ઉપાએઆ બીરમ ગીનાન ૩
ગીનાની ગીનાન વીચારી જોએ
તારે આપોહી આપ નીરીંજન સોએ ૪
તારે જપતા જપતા બહુ જુગ ગએઆ
તારે આઠ લાખ કરણ અવીચલ રહેઆ ૫
તારે આઠ લાખ કરણ માંહે આપરમપર હરી
તારે હેત ઇચ્છા મન માંહે ધરી ૬
તારે આપણે હેતે પરી બરમ
બીબા કારણ લેવા આશરમ ૭

તારે સીતેર હજાર વરસજ ગએઆ
તારે બીબા કારજ બએઆ ૮

તારે નીરીંજન નરે દયા કરી
સો બીંબ રાખીઓ નામજ ધરીં ૯

તારે હસ્ત કમળથી કરેઆ વેઆસ
અલખ નીરીંજન આપોઇ આપ ૧૦

છત્રીશ જુગ ચોરાશી ચોકડીઉં એમ કરતા ગએઆ
તારે એક ધીયાન સું નર આપે રહેઆ ૧૧

તારે સતપંથ તો અવીચલ રહેઆ
સો બીંબતો પરશોતમ થએઆ ૧૨

તારે મછ નીરાલંબ આસણ કરી
તારે બીરમાજી રાખેઆ નામજ ધરી ૧૩

તારે કર જોડી બીરમાજી કહે
શામી સુન કાલ માંહે આપણે બેહ ૧૪

તુંહી માત તુંહી તાત કીરતાર
તુંહી નીરંજન નીરાકાર ૧૫

સત બોલો શામી સાચું કહો
અમને ઉપાયા તે કારણ કહો ૧૬

તારે આપ નીરંજન બોલીઆ આપ
બીરમાને આલીઓ ત્રન કાળનો જાપ ૧૭

એમ કરતા ઉપાયા દેવ
તારે ભીરમાને આલીઓ મુગતનો ભેવ ૧૮
સુણો ભીરમા સરવણ ધરી
વાત અનોપમ કહું ખરી ૧૯
કુદરતી એક કરીએં ખેલ
જેમ આપ સમાને આપે બેલ ૨૦
જુગત કરો ભીરમા જુગ માંહે જઇ
સકળ વીધા તમને કહી ૨૧
તારે કર જોડી ભીરમાજી કહે
શામી જુગત કરૂં તો મુગતજ દેહ ૨૨
અમે જુગ માંહે જઇ કરીએ જુગત
જો શામી જીવને આલો મુગત ૨૩
તારે આપ નીરંજન બોલીઆ આપ
જે જુગ માંહે ભણશે વેલા જાપ ૨૪
દેવ કીરીયાની જે જાણે પેર
તે જીવ આવશે આપણે ઘેર ૨૫

ખટ નીરંજનના ગીનાનનો બીજો ભાગ જેમાં મીશનરી ધોરણે બીજા ધર્મના વખાણ કરી પાછળથી તેનું નિર્માલ્યપણું બતાવવા પ્રયાસ કીધો

છે. લંબાણુની ધાસ્તીને લઇ માત્ર તેના થોડા છંદો આપું છું.

હીન્દુ મુસલમાન એકજ રાહ
ભુલા શેર ન પાવે શાહ ૫૦
ગહી ગહી ગલીયાં જાવે સહુ
પુજે સુતને ભુલ્યા બેહુ ૫૧
મુસલમાન મક્કે મદીને જાવે સહી
હાથે કુરાન પણ હક ન લહી ૫૨
હરામ ચાલે પુકારે હક
મુરીદ પીરસું ન લાવે ચીત ૫૩
ગલા કાટે ને હડડા ખાય
કરે ઝબીયા કોઇ બેહશત ન જાએ ૫૪
એમજ નેડા હોવે પેર
તો કતલ કરાવે અપણે ઘેર ૫૫
હજ નીમાજ રોજા કરે
કુડી કીરીયાએ કોઇ કામ ન સરે ૫૬
કાજી કલમાં પડે કુરાન
શીખ આપે સહુને ફુરકાન ૫૭
મુલ્લાં મીસીને બાંગજ દેહ
ભીતર સાહેબને નહિ લેહ ૫૮

તમે દુર મ દેખો અંતર વસે
કાફર સહા દોજકમાં જાશે ૫૯
મુલાં તેજે મુંસે આપ
કરે જીકર ખુદાકા જાપ ૬૦
પડે કલમાં દીલ રાખે પાક
નમ્રી ચાલે જેમ થઇ રહે ખાક ૬૧
હરામ ખાયને ચાલે હક
ભજી રહે જેમ એક અલખ ૬૨
ગીતાન જલમાં ગુસલજ કરે
સોલ કલામાં રોજાં ધરે ૬૩
અરધો અંગ મીસીતજ કરી
તેમાં રહી નીમાજજ કરી ૬૪
સુજદા સાથે લાવે ધીઆન
સાચા સોહી મુસલમાન ૬૫
જીવતા મરે ને મુઆ તરે
હક પાકતો અજરીઓ જરે ૬૬
અહું રાતા સહી લેવે નામ
કહે ગુર સોહેદેવ સાચા સોહી મુસલમાન ૬૭
હીન્દુ ચીશનવને દેવજ કહે
પુજે સુન પીરતક નહીં લહે ૬૮

દેવ કીરીયાની નહિ જાણે વાટ
નગર ભલા પણ ઉજડ ઘાટ ૬૯
વણજ કરી ન જાણે વાણ
તે જીવ ન છુટે ચારેહી ખાણ ૭૦
ધન પુત્ર નારીસું ધરે ધીઆન
તો શેશ્ત્ર પચાસમાં પડશે બાન ૭૧
દુનીઆ માંહે બહુ કીધી દોડ
જુગા જુગ આવીઓ ન પડીઓ જોડ ૭૨
કરે પુકારને હાજર હરી
માનખા દેહી ન આવે ફરી ૭૩
કોલ કાયજીસું બાંધેઆ,
દીધી વાચા વીસારી ગએઆ ૭૪
ચોરાશી માંહે તું ચુકો કોલ
કોલ આવીઓ છે છેલો બોલ ૭૫
જાગો જુગમાંહે સાચ ધરી
માનખા દેહી ન આવે ફરી ૭૬
જનમ જનમ તું જુઠો પડીઓ
કરમે હીણું ભાલે સારીઓ ૭૭
કામ કોરોધી અહંકારી થએઆ
દુનીઆ લોભે વીસારી ગએઆ ૭૮

સગા કુટંમ સહુ શેરી લગી
ઘરની નાર તે રહેશે અળગી ૭૯
પીતા બંધવ લઇ કાંધે જોએ
દાગ પડે તીયારે અળગા થાએ ૮૦
હીન્દુ મુસલમાન ન બુજે કોએ
સાથે આવશે સાથી હોએ ૮૧
પુરણ પુનતો આવે સાથ
જો દીજે સતગુર કે હાથ ૮૨

બ્રહ્મ પ્રકાશ

આ જ્ઞાન પીર શમશનું રચેલું છે. તેમાં કુલ ૧૫૦ બંદો છે. તેમાંથી થોડા આપું છું.

સત સબદ હએ ગુર હમારા
તાકો લખે ન યો સંસારા ૧
સત સબદકા કરો વીચારા
પીરશાહા કહોજી બારંબ વારા ૨
પરથમ ધીઆન રસનાસું કીજે
નીશદીન પીરશાહા પીરશાહા ભણીજે ૩
તીન માસ રસના બીચ રહેઆ
પીછે નામ બ્રહ્મ સો કહેઆ ૪

બુજ નીરંજન.

આ જ્ઞાન પીર સદરદીનનું રચેલું છે. તેમાં કુલે મોટા ૩૩ છંદો છે. નમુના તરીકે તેનો પહેલો તથા છેલો છંદ આપું છું.

આતી અચરત કાંઉ એક પએલી
ઉજસથી હોવે બાટ સોહેલી
પીયુ છાના કીસું પીરગટ આએયા
કોહોને કોન પીઆ ભેખ ફીરાયા
લાતી દિન જાત કહાવે
ડુબકી લે લેકે ગોથા ખાવે
પીર પએકાંબર તોએ ન પાવે
મહા અગમ સમુદ્ર કાહાવે
જાકો પાર કોઇ ન પાવે
જો ઇસ સમુદ્રમાં ડુબકી ખાવે
મરજીવીઆ હોએસો માણક લાવે
ડુબકી લે લે જનમ ગમાવે
તો યાકો ખાક કણુ એક પાવે

—રે તુંહી—

નીરાલા નીરીજન કહીએ
નીગલી કહીએ કુછ બાતરે
સુંગે સપના પાએઆ
સગજ સગજ પછટાએરે ૧

જેન નફ્સાનીયતકું નાખે
સબ રોજે રમજાનકે રાખે
અનથી હોય શાહાદત ભાખે
તબ લીજ્જત ઇસલામકી ચાખે
ચાર મજહબ બરહક કરી જાને
ચાર કીતાબકું સહી પીછાને
આપને નબીકું હક કરી માને
ફીર તુજે હોવે દુરસ્ત ઇમાને
વાજબ ફરજ જો સત કરી માને
સબ હએ યેહ કામ અરકાન પીછાને
રોજ કીઆમત સહી કરી જાને
સબ કાહુકુ મનમાં ઠાને
પડે કુરાંન કીતાબમાં બુજે
તો તુજે રાહા નબીકી સુજે
જો સુખ એહમદ કેરા બુજે
રાહા નીરીજન આપે સુજે

—રે તુંહી—

જો બુજે મારગ પીર સદરૂદીન કેરા
જો હે સદા કબુલ રે
સબ નબીઉંકે સીરતાજ હુઆ
સો દુલે નબી રસુલરે ૩૩.

જન્નત પુરી.

આ જ્ઞાન પીર હસન કબીરદીનનું પીર ઇમામશાહે ભાખેલું છે. તેને જનાજાનું જ્ઞાન પણ કહે છે. તેમાં પીર હસન કબીરદીનની વફાત પછી તેમના પુત્ર પીર ઇમામશાહે પાંતી માગી તથા પંજાબથી સીંધ થઇ ગુજરાતમાં આવવાનો હેવાલ છે. ઉપરાંત લોહાણા કેડીને ખોજા કર્યાની હકીકત પણ છે. જે સઘળું જાણવા માટે તેને પુરેપુરૂં વાંચનમાં લેવાની જરૂર છે. અત્રે માત્ર તેના થોડા છંદો નમુના તરીકે આપીએ છીએ.

એજી પીર ઇમામશાહા ગીનાનજ બોલેઆ
અને બોલેઆ તે અંબરત નુર
પાંતી વેસી તારે પાસે નહોતા
નહિ હોતારે હજુર ૧
એજી સવંત પંદરો સો પીંચોતેરો
અને કારતકનું માસ
તારીખ સતરમી જેમું સીપારીઓ
પીર હસન કબીરદીન આપ ૨
એજી પીરભાત વેળા જેમું સીપારીઓ
અને સીપારીઓ ઉંચજ માંએ

તારે જનાજો લઇ ગુરનો ચાલેઆ
અને ચાલીઆ છે તીયાંએ ૩
પીર ઇમામશાહ કહે સાંભળીને ચાલીઆ
અને પોતા તે જનાજે પાસ
અટકાવી જનાજો એમ બોલેઆ
અમને પાંતી ન દીધી બાપ ૪
તારે ભાઇઓ મીલીને વીચારીઓ
અને વીચારીઓ સરવે સોંસાર
જે પીર ઇમામશાહ ઘેલા થએઆ
તે હંસાવે લોક અપાર ૫
એજી સાત ઉંચના લોકજ મીલીઆ
અને મીલીઆ તે સરવે સોંસાર
તે રૂમાલ દઇને હંસવા લાગા
તે હંસેઆ અનત અપાર ૬
સાંભળો ઇમામશાહ ભાઇઓ કહે
તમને કહો તે સાચો કાજ
પણ આ વેળા છે ખરચની
તમે પાંતી માંગો છો આજ ૭
એમ કરતા સવાપોર દીન ચડીઓ
અને રોકેઆ તેણે ઠામ
તારે લોક સરવે ભુખ્યા થએઆ
તીયાં થયો છે એવો કામ ૮

તારે પીર ઇમામશાહા અરજ કરે
અને ફરેઆ બાપને સાથ
પીતાજી વોલંબ ન કીજીએ
અને લોક કરે છે હાસ ૯

તારે સંધુક માંહેથી સતગુરએ
અને કાડીઆ પોતાનું હાથ
સોંસાર સરવે દેખતાં
એક તસબી આલી ઇમામશાને હાથ ૧૦

વળતાં ઇમામશાહ બોલેઆ
અને મુખેસું એવી વાણ
એક તસબી લઇ નવ જાએસું
પીતાજી કાંઇ બીજો આલો પીરમાણ ૧૧

તારે જનાજો ફાડી મુખ કાઢીઓ
અને જોઇઓ તે સરવે સાથ
તારે મુખ માંએથી સાકર કાઢીઆ
તે આલી પીર ઇમામશાને હાથ ૧૨

તારે લોક સરવે ઇમાન લાવેઆ
અને લાવેઆ સરવે જમાથ
હવે પીર ઇમામશાને માનીએ
અને માનીએ પુરે ઇમાન ૧૩

હુસનાપુરી.

હુસનાપુરી નામનું ગીનાન પીર હસન કબીરદીનનું રચેલું છે. તેના છંદો ૧૬૫ છે. તેમાંથી નમુના માટે થોડા છંદો આપું છું.

જીરે ભાઇરે પેલે કીરતા જુગ માંહે ઇશવર મહેશ્વર નામ ભણાયા
ગુર બીરમાને સતગુર બીરમા કહાવીઆ હો જીરે ભાઇ—૧

જીરે ભાઇરે પુરખ ઉતમ મછ કોરભ વારા નરસી રૂપે શાહા નામ ભણાવેઆ
તેતો નામ રીખીસરે લીધો હો જીરે ભાઇ—૨

અથરવેદી ગાવંત્રી,

શ્રી સતંગુર બીરમા હો વાચા, શ્રી આદ બીરમાજી શ્રી નુર બીરમાજી તે તેજ થકી સીરજંતે શ્રીજન હારજન નીરાકાર નીરીજંન જોત સરૂપ શ્રી સતગુર બીરમાથી ઉતપુત રચના રચંતે નુર સતગુરથી સીરજંતે સતપંથ સત ધરંમ મારગ. આદ બીરમાજી નુર સતગુર ઉચરંતે, અથરવેદી ગાવંત્રી સાચા મુનીવરને કાજે. જે કોઇ મુનીવર

સાંભળે તે આવાગમન મધે નહ જાઇઅંતે. લખ ચોરાશી એ નર નારી છુટંતે. જે જીવ અથરવેદી ગાવંત્રી પોતે પાસે ભણુંતા ને પોતા પાસે રીદા માંહે રાખંતા, તે સદાહી અમર ભોમ અમરાપુરી ભોગવંતા. જે નર નારી એની સુધીયા નહીં જાણુંતા, તે સદાઇ જનમ:હારંતા. લખ ચોરાશી મધે આવાગમણુ મધે ભોગવંતા. તે સહી સત કરી જાણો હો મુનીવર ભાઇ. આદ જોત તેજ થકી નુર, નુર થકી નીરંજન નીરાકાર. નીરીજન નીરાકારથી જોત સરૂપ. જોત સરૂપથી તે આદ ભીરમાજી. આદ ભીરમાજી થકી તે સત ભીરમાજી. સત ભીરમાજી થકી તે નુર ભીરમાજી. તે નુરના તે સતગુર ભીરમા થકી સરવે રચના રચંતે. સત ધરમ મારગ આદ ભીરમા નુર સતગુર થકી સીરંજતે. તે સત મુનીવરને કાજે પીરકાસંતે. બીસમીલ્લા હીર રહેમાનીર રહીમ. વ નુર સમાવાત વલ અરઝ વ તેજ સમાવાત વલ અરઝ. વ કુદરત જુલ જલાલહુ. વ નુર સમાવાત વલ અરઝ. વ નુર મહંમદ મુસતફા સલલલા અલેહે વસલમ. વ નુર સમાવાત વલ

અરઝ. વ એક લાખને ચોવીશ હજાર પેકામ્બર સલલ્લાહો અલેહ વ સલમ. વ નુર સમાવાત વલ અરઝ. વ કાદર કુદરત સલલ્લાહો અલેહ વ સલમ. વ નુર સમાવાત વલ અરઝ. વ નુર શફાહેત સલલ્લાહો અલેહ વસલમ. વ નુર સમાવાત વલ અરઝ. વ નુર જમાલ કુદરત એલલ્લાહે વ નુર સમાવાત વલ અરઝ. વ નુર સલલ્લાહો અલેહ વ નુર સમાવાત વલ અરઝ. વ જોત સરૂપ સલલ્લાહ અલેહ વ સલમ વ અલેહ સલામ. વ નુર સમાવાત વલ અરઝ. વ નીરીજન જોત સરૂપ સલલ્લાહો અલેહ વસલમ. વ સરૂપ વ આદ સરૂપ સલલ્લાહો અલેહ વ સલમ. વ નુર અલેહ વ સલામ. વ નુર સમાવાત વલ અરઝ. વ ખટ સુરત આદ સીરજંતે. જોત સરૂપ થકી નુર નીરાકાર. નુર નીરાકાર થકી જોત સરૂપથી આદ સખતી સીરજંતે. તીસ મધે ખટ (શટ) સુરત પરકાસંતે. તારે આદ બીરમાજી વીશનુજી મહેશરજી સાવીત્રીજી લખમીજી પારવતીજી એ શટ સુરત સીરજંતે. આદ તીઆં સપુત સુરત પીરકાસ કરતબા—તીસ મધે તો એક સુરત અગોચર રહેતા.

તીસથી સકલ સોંસાર સીરજંતે, જે જીવ અથરવેદી ગાવંત્રી પોતે પાસે ભણુંતા, તે જીવ આવાગમણુ મ ઘે નહીં જાઈંતા. તે સદાઇ જે જીવ ભણુંતા ને સાંભળંતા તે જીવ લખચોરાશી ફેરા નહિ ખાતા. તે સદાઇ અમરલોમ અમરાપુરી ભોગવંતા. એ સતગુર ભીરમા હો વાચા આદ ગુર ભીરમા પીર શમશ હો વાચા; આદ ગુર ભીરમા પીર હસન કબીરદીન હો વાચા. તારે વેદ ચાર સીરજંતે. પેલો તો રૂગવેદ, બીજો તો જુજરવેદ, ત્રીજો શામવેદ, ચોથો તો અથરવેદ. આજ કલ પરમાણે અથરવેદ સાર ગાવંત્રી અથરવેદી પીર હસન કબીરદીન સુણાઇ મોમનો તેના પાપ જાહેશે ને અમર હોએશે નરને નારી તે સહી સત કરી જાણજો હો મુનીવર ભાઈ.

ગુર હસન કબીરદીન તથા કાનીપાનો સંવાદ.

આ ગદ્ય-પુસ્તકમાં પીર હસન કબીરદીન તથા કાનીપા જોગીનો સંવાદછે. તેની છેવટમાં કાનીપા તથા ગોરખનો સંવાદ પણ છે. ગુર જાલીંદર નાથે કાનીપાને શ્રાપ આપેલો, તે શ્રાપનું નીવારણ ગુર

હસન કબીરદીનથી થશે, એમ વરદાન મળેલું. તે ઉપરથી કાનીપો પીર હસન કબીરદીનને શોધતો શોધતો પંજાબના ઉચ ગામમાં મળ્યો. તે વખતે બંને વચ્ચે જે સંવાદ થયોછે તેની હકીકતનું આ પુસ્તક છે. તેના લખાણના નમુના માટે તેનો ટુંક ભાગ નીચે આપું છું.

“ જ્યારે નાથ જાલંદરે કાનીપાને સરાપ આપીઓ ને કહીઓ જે ગોપીચંદ સીધ ને કાનીપા રદ. ત્યારે કાનીપાએ અતિશે ગીરીઆ કીધી જે ગુરૂજી મારા જીવનો ઉદ્ધાર કેમ થાશે ? ત્યારે નાથ જાલંદરે કહીઓ જે,—પાઠ ગોવરચંદ કશ્રાનો—જ્યારે અવલ આખર ગુર હોએગા સતગુર પીર સદરદીન ગુર હસન કબીરદીન ઉઆં છુટણા હોએગા તેરા હો તેરા (૧૧૨). હે કાનીપા પીર સદરદીન ગુર હસન કબીરદીનનો જનમ ઉંચ માંહે થાશે ને તે થકી તારી મુગતી ત્યારે થાશે. તારો રથ જમીનથી સવા ગજ ઉંચો ચાને અધર ચાલે છે. તે જેને જોઇને તારો રથ પડી જશે તે થકી તારી મુગતી થાશે. હો કાનીપા. ગુર હસન

કબીરદીનનો જનમ સંવત ૧૩૯૮ માં થયો ને જ્યારે ગુર હસન કબીરદીન નવ (૯) વરસના થયા ત્યારે કાનીપો પણ પોતાના ગુરૂના સબદ પર શોધ કરવા નીકળ્યો હતો. ને જ્યારે ઉંચ નગરી માંહે આવોઓ ત્યારે ગુર હસન કબીરદીન બાળક રૂપે સામા મળીઆ. તેને જોતાંજ કાનીપાનો રથ જે અધર ચાલતો હતો તે જમીન પર પડી ગયો. ત્યારે કાનીપાને નીસચે થયો જે મારા ગુરૂનો વચન સીદ્ધ થયો. ને આ સીધ પુરૂષથી મારા જીવની મુગતી થાશેજ, ને ગુર હસન કબીરદીનને જોતાંજ શાસટાંગ નમસ્કાર કરતાં બોલીઓ જે—ઉહંગ નમો ગુર સબદ હએ, આદ અંતકો વેશ દંડવત ચીતસે કરૂં. મુખસે કહું આદેશ હો પીરા. ત્યારે ગુર હસન કબીરદીન બોલેઆ એ જોગી. આદેશ આદેશ તો આગું હોતા જબ થા પરશરામ—ઉ વહેનૂર દુઆપરસેં ગઆ. અબ કહો પીર સલામ હો જોગી.

કાનીપો—કહો આપ કોન કોન હે ?

ગુરૂ—હમ રામચંદ્રજીકા સેવક હું ઓર ની

રીજન નીરાકાર જો શેસ્ટીકા આધાર જીને વેદ બ નાયે ચાર વો સાહેબકુ નમસ્કાર કરૂં. જીને લીએ દસ અવતાર હો જોગી.

કાનીપા–આપકુ દસ અવતારકી માલુમ હએ ?

ગુરૂ—હા.

કાનીપા—ઉસકે નામ કીયા હએ ?

ગુરૂ—મછ અવતાર (૧) કોરભ અવતાર (૨) વરાહ અવતાર (૩) નરસીંહ અવતાર (૪) વામન અવતાર (૫) પરશરામ અવતાર (૬) રામચંદ્રજી અવતાર (૭) કીરશનજી અવતાર (૮) બુધ અવતાર (૯) શ્રી નકલંકી અવતાર (૧૦). એસે પર બુકે દાસ અવતારકે પાસ રહેકર હમ સેવા કરતે ચલે આતે હએં.

સલોકો નીંદો.

આ જ્ઞાન પીર સદરદીનનું રચેલું છે. તેમાં કુલ્લે ૧૧૯ છંદો છે. તેમાંથી ૭ છંદો નમુના દાખલ આપીએ છીએ.

સતગુર કહેરે પીયું પીયુ તો સબ જુગ કરે
અને પીયુ ન પાવે કોઅરે
પણ સુખ જપંતાં જો પીયુ મીલે
તો સર સાટાં ન હોઅરે—સર સાટાં ન હોય ૧

સતગુર કહેરે સર સાટાં તો કીજીએ
અને રહેણી જગાએ આપ
પણ જીવ લગાએં જીકરસું
તો સાચા સુરીજન તેરે પાસરે--ભાઇ સાચા સુરીજન
તેરે પાસરે. ૨

સતગુર કહેરે પીયુ પીયુ તો સબ જુગ કરે
અને પીયુ ન પાવે કોઅરે
પણ સુખ જપંતા પીયુ મીલે તો
બગલા હંસજ હોઅરે—ભાઇ બગલા હંસજ હોએ ૩

સતગુર કહેરે બગ હંસ દો પટંતરા
અને દીસ એકજ રંગ
પણ બગ ચુણે મન મુંઆનીઆ
અને હંસ ચુણે રતનરે—ભાઇ હંસ ચુણે રતન ૪

સતગુર કહેરે કાચ રતન બે પટંતરો
અને કાપતાં પાઇએ ભાવ
કાચ કમાયો વીખ ભરીઓ
અને રતન અજવાળો થાએરે—ભાઇ રતન અજવાળો થાએ ૫

સતગુર કહેરે સુગરા નુગરા દોએ પટંતરો
સરવે સુરત એક સમાન
પણ નુગરા ચાવે દામકુ
અને સુગરા સાહેબજીકો નામરે-ભાઇ સુગરા સાહેબજીકો નામ ૬

સલોકો વડો.

આ જ્ઞાન પીર શમસનું રચેલું છે. તેમાં ૨૪૧ છંદો છે. તેમાંથી નમુના દાખલ થોડાક છંદો આપું છું.

સતગુર કહેરે દીલમાંહે દેવળ પુજીએ
અને દીલમાંહે દેવ દુવાર
દીલમાંહે સાંહીંઆ આપે વસે
અને દીલમાંહે આપે દીદારરે-ભાઇ દીલમાંહે આપે દીદાર ૧

સતગુર કહેરે આપે હરીઆ લહેર હએ
અને આપે દેવ મુરાર
આપે સબકું દેખત હએ
પણ અંધેકે મન દુરરે—પણ અંધેકે મન દુર ૨

સતગુર કહેરે સતપંથી તે સતસું રહે
અને બુરો ન રાખે મન

સતપંથી તે સાચા કહીએ
બાકી સરવે રદરે—ભાઇ બાકી સરવે રદ ૩
સતગુર કહેરે સતપંથી તો શુરા પીયાનસું
અને શુરાને હએ શુર
ને ઉપર કોઇ ખંડું કાઢે કોહોરનું
તોએ સુરા ન છોડે સુરરે—ભાઇ સુરા ન છોડે સુર ૪

પ્રકરણ ૪ થું.

ખોજાઓનાં મઝહબી મકાનો.

જમાતખાનાં.

પીર સતગુર તથા તેમના વંશજોએ હીંદુઓને વટાળી મુસલમાન બનાવ્યા અને તેવા મુસલમાનોની ગામોગામ જુદી જુદી જમાતો બંધાણી. જમાતોને ખુદાની બંદગી કરવા માટે ખાસ મકાનની જરૂર હતી તેથી જમાતોએ અન્યો અન્ય ફંડ ફાળા કરી તેવા મકાનો બંધાવ્યાં. મુસલમાન

ધર્મમાં બંદગી કરવાના સ્થળને " મસજીદ " કહે છે. પરંતુ મુરીદો હજુ નવા માર્ગની પ્રથમ શ્રેણીમાંજ હતા તેથી તેવા મકાનનું નામ " મસજીદ " રાખીં શકાય તેમ ન હતું. તોપણ મસજીદ શબ્દની ગરજ સરાય તેવા નામની પીરોને ખાસ અગત્ય જણાઈ. મસજીદને " ખાને ખુદા " એટલે " ખુદાનું ઘર " એવા નામથી મુસલમાનો સંભારે છે. આ પહેલી પાયરીમાં આવેલા મુરીદોનાં મકાન સાથે " ખુદા " શબ્દ પણ જોડી શકાય તેમ ન હતો, તેથી એકંદર નામનો અપભ્રંશ કરી " ખાનું " એવું નામ રાખેલું હોવું જોઈએ. ખાનું તથા મસજીદમાં કાંઈપણ તફાવત નથી. બંને ખુદાની બંદગી કરવાનાં સ્થાન છે.

દરેક ખાનું પશ્ચિમ તરફ યાને કીબલારૂ હોય છે અને તેમાં મસજીદના જેવી મેહરાબો પણ હોય છે. મેં એવાં બે ત્રણ કઝન ખાનાં જોયાં છે કે જેમાં મેહરાબો હતી. અને વળી હું ખાત્રી પુર્વક કહું છું કે મેહરાબ વિનાનું એક પણ ખાનું મેં જોયું નથી. મસજીદ તથા ખાના વચ્ચે તફાવત

ઉભો કરવો એ ચોખ્ખી અજ્ઞાનતા તથા સ્વાર્થબાજી છે. તેઓ તો હવે પીર સદરદીનના ગીનાનોને, આગાખાનોના ફરમાનોને તથા ઇસલામના ફરમાનોને તજી દઇ પોતાનો ધર્મ નહિ હીન્દુ કે નહિ મુસલમાન તેવો બનાવવા માગે છે ત્યારે તેઓ ખાના અને મસજીદમાં તફાવત ન ઉભો કરે તો બીજું શું કરે ? જો મસજીદ કહે અથવા નીસ્બત આપે તો તેઓ મુસલમાન ગણાઇ જાય. માટે તેઓએ હવે પોતાના સ્વાર્થને ખાતર ઇમાન તથા નીતિને તજવા માંડેલ છે.

દરખાનું.

ખોજાઓ પ્રથમ તો પોતાના હીન્દુસ્તાનમાં બસતા તથા દફન થયેલા પીરોના દર્શન કરતા હતા. આવા દર્શન કરનારને બીજાઓ ઘણા માનની દ્રષ્ટિથી જોતા હતા. ઇસલામ પ્રત્યેની લાગણી તથા કાંઇક જ્ઞાન વધતાં ખોજા લોકો થોડે થોડે ફરી ખુરાસાન તરફ જવા લાગ્યા. તે જ્યારે ત્યાંથી વળી આવતા ત્યારે મુસાફરીનું વર્ણન જમાતને

કહી સંભળાવતા. તે સાંભળવાથી બીજાઓને પા. ખુરાસાન તરફ જીયારત ભણવાને જવાની હોંશ થતી.

ઉપર મુજબ રસમ વધતાં ખોજાઓ છેક શાહ નજફ હજરત મૌલા અલીની જગ્યા તથા કરબલા હજરત ઇમામ હુસેન અ૦ ની જગ્યા સુધીની જીયારતો પડવાને જવા લાગ્યા. ત્યાં જીયારત મુતવલ્લાઓની મારફત થાય છે. મુતવલ્લીઓને લગતી રસમ ત્યાં એવી છે કે, જીયારત પડવાવાળાઓના જથે જથાને એક મુતવલ્લી ઠેકાણે ઠેકાણે તેડી જાય છે અને તે જગ્યાની જીયારત પણ તેજ મુતવલ્લી પડાવે છે. પછી તે મુતવલ્લી જ્યાંની જીયારત કરાવે છે તેની શાહેદી વાસ્તે સહીવાળી એક ચીઠ્ઠી કરી આપે છે તેને જીયારતો કહે છે અને કરબલા તથા શાહ નજફની માટીની મોહરો કરી રાખે છે તે પણ જીયારત પડવા જનાર લઈ આવે છે. એમ મુતવલ્લી જીયારત પડવા જનારા ની ખીદમત કરે છે ત્યારે તેને ઝવ્વારો કાંઇક કર ભરે છે. એ રીતે કરબલા અને શાહ નજફની

જીયારતો તથા માટી ઝઁવાર લોકો લઇ આવે છે અને તેમાંથી થોડું થોડું પોતાના હેતુ પ્રેતુને અથવા આખી નાતમાં હદીઆ તરીકે આપે છે તેમાંથી જીયારતો માણસો મુઆ પછી મુડદાંની આંખો ઉપર રાખે છે.

જ્યારે ખોજા લોકો શાહ નજફ તથા કરબલાની જીયારત પડવાને જતા ત્યારે ત્યાંના મુતવલ્લીઓને માલમ થયું કે આ લોકોનો ઇતકાદ મૌલા અલી ઉપર વિશેષ છે અને તેમનો જથો હીંદુસ્તાનમાં ઘણો છે તેમ સમજી તેઓએ ખોજાઓ પાસેથી એટલો તો કર લેવા માંડયો કે જેથી ખોજાઓને ત્યાં જવું મુશકેલ થઇ પડયું.

ત્યારે ખોજાઓએ ત્યાંના એક સખસ સાથે ઠરાવ કર્યો કે. તને ઝઁવાર જાણી ત્યાં નોકર તથા ખર્ચ થાય તે તથા તારી મેહનતનું દેતા જઇશું અને તું શાહ નજફ તથા કરબલાની માટી અમને લાવી આપજે તો અમો બીજા મુતવલ્લીઓના જુલમથી બચીએ અને ધર્મથી હઠયા પણ ન કહેવાઇએ. ખુરાસાનમાં બાબા (બાબક હશે) નામે

ગામ છે ત્યાં તું આવતો જજે એટલે અમારા ગ્ર જવાર લોકો અમારા બીજા પીરોની જીયારત કરવા નીકળે છે તે તને કર આપી જીયારતો તથા કરબલાની માટી લઈ જશે. આ ઠરાવ તે સખસે કબુલ કર્યો ત્યારે ખોજાઓએ ત્યાં એક ઘર બંધાવ્યું તેમાં ઉપર લખ્યો સખસ તથા ખોજા ઝવ્વારો એકઠા થતા. ખોજાઓ જીયારત પડવાને દરસ કરી કહેતા અને જે જીયારત પડીને આવ્યો હોય તે દરેસ કરી કહેવાતો. આ દરેસનો અપભ્રંશ ધરેહુ શબ્દ થઈ ગયો. અને જે બાળક ગામમાં તે સખસને ઘર ચણાવી આપ્યું તેને દરેસખાનું નામ આપ્યું. આ દરેસખાનુંનો અપભ્રંશ થઇ દરખાનું થઇ ગયું.

દરસખાના ઉપર જે સખસ મુકરર થયો, તે જીયારત પડવા જનારા ખોજાઓ પાસેથી કર લઇ જીયારતો તથા કરબલાની માટી લાવી આપતો તેને શાહા ગરીબ મીરઝા એવું નામ લઇ બોલાવતા અને એ નામનો અર્થ મુસાફરોનો મેહતો એવો થાય છે. પછી શાહ ગરીબ મીરઝાએ ખોજાઓ

સાથે હળીમળી એવી મીઠાશ તથા ઇતબાર વધાર્યો કે જેથી ત્યાં ઘણા ખોજાઓ જવા લાગ્યા. આ દરખાનાની જગો સંવત ૧૬૦૦ માં થઇ એમ ખોજા ઉત્પત્તીના લખનાર જણાવે છે.

છેટેના તીર્થનો મહીમા વધારે થાય છે તેમ ખુરાસાનમાં પણ પ્રથમ એ ધર્મ માનનારાના શાહ થઇ ગએલ, તેથી દરખાનાની જીયારતની ચાલ ઘણી વધી પડી અને દરખાનું જાણે પોતેજ એક તીર્થની જગો હોય તેમ થઇ પડયું. લોકોની ધમાલ વધતી જોઇ દરખાનાવાળાએ દરેસો ઉપર કર વધાર્યો. દેશના પીરો પણ કરો વધારતાજ ગયા અને તેથી ખોજા લોકોની એવી નબળી સ્થિતિ થઇ જવા પામી કે; સો સવાસો રૂપીયાની રકમ એકઠી થવી મુશકેલ થઇ પડી. અને તેથી તેમને દરખાને જવું પણ ભારી થઇ પડયું. એમ થવાથી દરખાનાની ઉપજ ઘટવા લાગી અને ખર્ચ વધતું ગયું. કેમકે દરખાનું ઇરાનની સરહદ ઉપર હતું. તેથી ત્યાંના બાદશાહના માણસો ત્યાંથી પસાર થતાં ત્યાં ઉતારો કરે ત્યારે તેની સરભરા

કરવી જોઇએ અને જો તે ન થાય તો પણ ચાલે નહિ. પણ આ વખતમાં દરખાને ખુરાસાનીઓની મદદ રહી એટલે કહેવાતું કે દરખાનાના રસોડાનું સર્વે ખર્ચ ખુરાસાન પુરે છે અને હીન્દીઓની ઉપજ તો તેઓના રસોડામાં મીઠું (નીમક) ખપે છે તેટલી છે. એરુ ઉપજ ઘટતાં સવંત ૧૭૦૯ ની સાલમાં દરખાનાવાળા ગેબ થઇ ગયા અને કચ્છમાં પીર દાદુના વંશમાંથી ખીજરખાન પણ એકજ રહ્યા હતા તેમની ઉમર વર્ષ ૧૭ ની હતી તેને દરસો તથા ખોજાઓએ કહ્યું કે દરખાના જેવી જગ્યા પ્રીટી તે ઠીક નહીં. તમો ત્યાં ચાલો અને તેનો કાંઇક બંદોબસ્ત કરો. ત્યારે તે દરખાના તરફ ગયા અને તે પણ ત્યાં ગુજરી ગયા પણ ભુજમાં તેમની ઘરવાળીને હમલ હતું. તેને તેજ સાલના પોસ સુદ ૧૪ સોમને રોજ બે દીકરા બેલડા અવતર્યા. તેમાં મોટાનું નામ શાહબુદ્દીન અને નાનાનું નામ સલામુદીન હતું. બંને ભાઇઓ જ્યારે ૨૫ વર્ષની વયના થયા ત્યારે ફરી દરસ તથા ખોજાઓની બધી જમાતો કચ્છમાં એકઠી થઇ, પી-

રજાદા સાહેબદીન તથા સલામુદીનને કહ્યું કે, ગટ પાટની દોઆમાં લખ્યું છે કે "થડ વિશ્નુ, ઝાડ બ્રહ્મા, ડાળે ડાળે મહેશર પાને પાને રખીસર દેવતા, એ નુરાની વૃક્ષ સદા સફળ હોજો" એમ લખ્યું છે તેથી અમે દરખાનાવાળાને વિશનુ અને પીરોને બ્રહ્મા અને તમોને મહેશ્વરનો અવતાર અને જમાતને રખીસર દેવતાનો અવતાર કરી માનીએ છીએ. પણ તે સદા સફળ હોજો, જે કહ્યું છે તે હાલ જમાનો કઠણ છે તેથી તેમ રહેવામાં હરકત થતાં જમાતોના વિચારમાં એમ આવે છે કે, ઉપર લખ્યા ૪ ખાન વાદાઓને જમાતો તરફથી બંદોબસ્ત કરી દેવો જોઇએ. જેથી તેઓનું ખર્ચ ચાલતાં તે જાગીરો સદાએ આબાદ રહે. પણ દરખાનાવાળા હાલમાં ગેબ થઇ ગયા, તેની શોધ કરાવો તો ઠીક. ત્યારે તેઓએ કહ્યું કે; તમો જમાતમાંથી ત્રણ જણ ત્યાંના ભોમીયા તથા ઇમાની અને ઇતબારવાળા ચુંટી કાઢો. તો તેને શોધ કરવા મોકલીએ. ત્યારે જમાતે ૫ જણ હાજર કીધા. તેમાં એકનું નામ નેભાઉ લાલુઆણી અને બીજાનું નામ

જુમા સુહારાણી તથા ત્રીજાનું નામ ઇસા કાનજી ચાણી અને બે જણ પેટાંદીમાંથી મળી ૫ જણને તપાસી જોયા તો, બરાબર વિશ્વાસી અને લોમી. આ હતા. તેને જોળી ત્રણ (પૈસાની કોથળીઓ) આપી અને ખુરાસાન તરફ મોકલ્યા. અને જ્યારે મોરકલા નામે ગામના પાસે એક ડુંગર છે ત્યાં આવ્યા ત્યારે ઉપર લખ્યા દરખાનવાળામાંથી એક જણ મળ્યો. તેનું નામ શાહ નીઝાર તેને તેઓએ ઓળખી પોતાની પાસેથી પૈસા દીધા અને પુછ્યું કે, હવે તમે કયાં રેણાક કરી છે. ત્યારે તેણે કહ્યું કે, અમે ઇરાન દેશના કહેક અગુઆ નામે ગામમાં જઇ રહ્યા છીએ અને તમો જમાતોના મુન્તજર છીએ. તેથી તમને ગોતવા નીકળ્યા; ને તમો મળ્યા, માટે હવે તમે હિંદુસ્તાનમાં દરૂસો વિગેરેને જાણ કરશો ત્યાં તમારો ખ્વાજ બાવકાર (આબરૂદાર સરકાર) કોણ છે ? ત્યારે તેઓએ કહ્યું કે, પીર દાદુના વંશમાથી પીરજાદા શાહબુદીન તથા સલામુદીન છે અને તેઓનો દાદો પીર દાદુ તે અમારો પીર થાય. ને તેઓનું નામ અમારા

સતપંથના પીરોની પેઢીમાંના નંબર ૩૦ મા તે વિષે લખ્યું, એટલુંજ નહીં; પણ તેઓએ અમારા વડીલોના વાસ્તે ઘણી મહેનતો લીધી છે. જેમકે પ્રથમ તો કેટલીક આફતોમાંથી બચાવ્યા છે અને તેમાં તેઓના ભાઇનો જીવ ગયો. તો પણ તેણે અમને મુકયા નહિં. તેમજ પોતાની કેટલીક દોલત ખરચી ખવરાવી કચ્છ દેશમાં મહારાઓશ્રીની મદદ તળે લાવી રાખ્યા અને ઉદર પુર્ણો વાસ્તે બેડી ખાવા સારૂ જમીન તથા રહેવા સારૂ ખોરડાં આપી, પાળી ઉછેરી અમને આ દરજે પહોંચાડયા. માટે અમે વંશપરંમપરા તે ગુણ તેઓનો વિસરનાર નથી અને તેના વંશ ને અમારા વંશનાઓ સેવા કરે છે. એવા અમારા પીરજાદા છે. તેઓએ તથા જમાતે તમારી શોધ કરવા વાસ્તે અમને મોકલ્યા છે. ત્યારે શાહ નિઝારે કહ્યું કે, અમે અને તેઓ એકજ છીએ, એવું જાણી તમારે અમારા તરફનું જે કાંઇ પુછવું હોય તે તેઓનેજ પુછજો અને અમો પણ તેઓને લખતા રહેશું

એમ જમાતોને કહેજો. પછી તે દિવસથી દરખા-નેથી જે તાલીકો (કાગળ) આવતો તેમાં પીરજા-દાઓને ખ્વાજ બાવકારની ઉપમાં અને જમાતોને જમાયતે દરવેશાન બાયખલાસની ઉપમાં લખતા અને કાગળ પણ પીરજાદા શાહબુદીન તથા સલા મુદીન ઉપરજ આવતા. તેવા કાગળો ઘણા જોવા માં આવે છે અને તે પણ આજ મોજુદ છે.

ઉપર લખ્યા પ જણ જ્યારે દરખાનેથી વળી આવ્યા ત્યારે સર્વ જમાતોને ભેળી કરી શાહ ની-ઝારની હકીકત કહી સંભળાવી ત્યારે દરેસો, દસોંદી તથા પેટાંદી સરવે એકઠા મળી એકમત થઇ પો-તાના ધર્મનો કર ઉઘરાવી તેમાંથી ખીસા ચાર (આસામી આસામીની કોથળીઓ) કરવા કરાવ્યા તેમાં એક શાહનો, બીજો પીરોનો, ત્રીજો વકીલનો અને ચોથો જમાતોનો એમ ઠરાવ કરી ઉઘરાવતા. તેમ કેટલાક વર્ષ સુધી ચાલ્યું. અને તેઓની ઉપજ ખર્ચ પણ જુદી લેવાતી અને તે વહીવટ સંવત ૧૯૦૮ સુધી ચાલુ હતો; પરંતુ દરખાનાના-

બાના વારસ આગા હસનઅલીશાહ હીન્દુસ્તાનમાં આવ્યા ત્યારે ઉપરનો વહીવટ તુટયો અને ઉપજની બધી લગામ તેમણે પોતાને હસ્તક કરી લીધી. આ વખતે વકીલો તથા તેમની વચ્ચે એવી સમજુત થઇ કે, વકીલોને દર વરસે અમુક રકમ આગાખાન આપતા રહે. હજુ પણ તેવી રકમ બાબા (વકીલો) ને મળે છે એમ સાંભળવામાં આવે છે અને આવી રીતની મળતી રકમ ઘણી થોડી તેથી બાવાઓને ઘણોજ અસંતોષ તથા ગેર ઇનસાફ મળ્યો છે; પરંતુ તેઓ હવે કાંઇ બોલવાનું મુનાસબ ધારતા નથી; કેમકે તેમને ધાસ્તી છે કે રખેને તેમ કરતાં હાથ જે કાંઇ મળે છે તે પણ છીનવાઇ જાય. મતલબ કે આગાખાનો બીજા કોઇ નહિ પણ દરખાનાબાબાના વંશજો છે, જે જમાત તથા પીરોની દુર્દશા તથા તથા અજ્ઞાનતાનો લાભ લઇ ધીમે ધીમે ખોજા કોમના તન મન અને ધનના ધણી થઇ પડયા. આગા હસનઅલી ઇરાનમાંથી નાશી આવી મુંબઇમાં આવી વશ્યા અને મુંબઇને તેમણે દરખાનું ઠરાવ્યું છે.

પીરની ગાદી.

ખોજા જમાતખાનામાં એક સીંહાસન બનાવેલું હોય છે. સંધાડીઆ પાસે રંગીન ઉતરાવેલું ખુબસુરત હોય છે. તેમાં ઉપરના ભાગમાં મસજીદનો આકાર કરેલો હોય છે. ચાર મીનારા પણ હોયછે. વચમાં રૂની ગાદી બીછાવેલી તે ઉપર આગા સાહેબ, હજરત અલી, હજરત અબ્બાસ, બુરાક વીગેરેની તસ્વીરો કાચના તકતામાં ચીત્રેલી કે મઢેલી રાખેલી હોય છે. દરરોજ જમાતખાનામાં લોબાન કરવામાં આવે ત્યારે પ્રથમ પીરની ગાદીપર લોબાન થાય છે. જ્યારે જ્યારે અત્તર ગુલાબ આપવાના હોય છે ત્યારે પ્રથમ અતર ગુલાબ પીરની ગાદીને આપવામાં આવે છે. લોકો ખાનામાં આવી પ્રથમ આ પીરની ગાદીને નમન કરે છે. પીરની ગાદી આગળ માનતાના નાળીએરો વધારવામાં આવે છે. તેમાંથી જમાતનો કામડીઓ અરધું પીરનું રાખી લઇ અરધું મુળ ધણીને આપે છે. બીજો માણસ જ્યારે નાળીએર વધારવા આવે છે તે

આખું નાળીએર રાખી લઇ જે પ્રથમનો વાટકો શીલિક હોય છે તે આપે છે. એ રીતે મોહોરમ વીગેરે પ્રસંગે સંખ્યાબંધ નાળીએરની ઉપજ થાય છે અને તે ઉપજ પીરના ખજાનામાં જમા થાયછે.

પીરની ગાદીમાં આગા સાહેબની તસવીર ઉપર ફુલોના હાર રાખવામાં આવે છે અને હવે તો નમન કરનારા આગા સાહેબની તસ્વીરનેજ નમન કરે છે. હવે તો જે છે તે આગાખાનજ છે.

કબ્રસ્તાન.

મુરદાં દફન કરવાની જગોને કબ્રસ્તાન કહે છે. શરૂઆતમાં ખોજા કોમ જ્યારે એકજ ટોળાં તરીકે રહેતી હતી ત્યારે તેમના કબ્રસ્તાનો એકજ હતાં અને તે મુરદાં દફનાવવા માટે સ્ટેટો તરફથી મળેલાં હતાં. પરંતુ ખોજા કોમમાં કેલવણી તથા સુધારાના વિચારો વધવા માંડ્યા અને ધાર્મિક બાબતમાં આગાખાનના સખ્ત હુકમો તેમને આકરા તથા ન સહન થઇ શકે તેવા લાગ્યા. ત્યારે

તેવા વર્ગને મોટી જમાતના આગેવાનોએ અનેક રીતે હેરાન કરવા માંડયા. તેઓ નમાજ પડે, મજલીસો કરે, મદરેસો સ્થાપે વીગેરે માટે તેમની સામે આ ટકાયતો કરવા લાગ્યા. આ ઉપરથી તેવા વર્ગે લાચારીથી આગાખાન પક્ષથી અળગા થઇ રહેવાની પેતરણુ કરવા માંડી. પરંતુ તેવા અળગા થઇ રહેવા ઇચ્છનારા માટે કબ્રસ્તાન સબંધે મોટી અડચણ ઉભી થઇ. મોટી જમાતવાળા તો શોખ્ખા કોન્ઝરવેટીવજ હતા તેથી સુધારાવાળાઓને જો તેઓ અળગા થઇ જાય તો કબ્રસ્તાનમાં દફનાવવા નહિ દેવા, તેવા વિચાર પર આવ્યા. સુધારાવાળા જે ઇસનાઅશરી નામથી ઓળખાવા લાગ્યા તેમાંના કેટલાકોને મોટી જમાતે કબ્રસ્તાનમાં દફનાવા આપ્યા નહિ અને જો તેઓ દફનાવા આવે તો ભૈયા તથા કાબલીઓનો કબ્રસ્તાન પર પહેરો રાખ્યો અને મોટું હંગલ્લ થાય તોપણુ તેમને કબ્રસ્તાનમાં ઘુસવા દેવા નહિ. આ ઉપરથી કેટલાક ખોજાઓને મુગલોના તો કેટલાકને સુન્નીઓના

કબ્રસ્તાનમાં દફનાવ્યા. પાછળથી તેઓએ પોતા માટે જુદા કબ્રસ્તાન માટે સરકાર પાસેથી જમીન મેળવી, તેમાં તેઓ પોતાના મુડદાંઓને દફન કરવા લાગ્યા. મુળ કબ્રસ્તાન જે સમગ્ર ખોજાઓ માટે હતું; પરંતુ ઇસનાઅશરી તરીકે જુદા પડનારાઓ જો તેમાં ભાગ લેવા માટે કોર્ટનો આશરો લેવા જાય તો, તેનો ફડચો થતાં ઘણાં વરસો નીકળી જાય અને જરૂર તો તુરતજ મળવાની. વળી કોર્ટમાં લડતાં આગાખાન તથા તેના એજંટો લાખોના ખરચો કરી કેસને જીતવા આપે નહિ. તેથી આવી સ્થિતિને લઇ તેઓએ પોતા માટે જુદા કબ્રસ્તાનો બનાવવા માંડયાં. નવાં કબ્રસ્તાનો ઉભાં કરવામાં આવ્યાં તે પહેલાં ઇસનાઅસરીઓને દફનાવવા માટે મોટી જમાતે ઘણી અડચણો ઉભી કીધી. ઘણી જગોએ મોટી મારામારીઓ થઇ અને પોલીસને દરમ્યાનગીરી કરવી પડી. ઘણાઓએ માર ખાધો. જેઓ કરાંચીના ઇસનાઅસરી ખોજાઓને કબ્રસ્તાન માટે જે હાડમારીઓ ભોગવી પડી છે તે જાણે છે. તેઓને અમારા લખાણની કીમત બરા

બર જણાશે. કેટલીક જગોએ ઇસનાઅશરીઓ સબળ હતા; પરંતુ સામે બાકુતી લોકો લડવાને આવે અને પૈસો આગાખાનનો વપરાય અને આગાખાનનો લાગવગ તથા બીજી જાનની સલામતીનો સવાલ, તેથી તેઓએ પણ છેવટે જુદુંજ કબ્રસ્તાન બનાવી દીધું. તોપણ જ્યાં આગાખાનીઓ ઝઘડાને પસંદ કરતા નથી ત્યાં બંનેનું એકજ કબ્રસ્તાન જોવામાં આવે છે.

જો કોઇ ગામમાં એકાદ ઘર ઇસનાઅશરીનું હોય તો, તેને આગાખાનીઓ કબ્રસ્તાનમાં દફ્ન કરવા દઇએ એમ જણાવી તેને પરત પોતામાં એંચી લેવા યત્ન કરતા હતા. અનેક ગામોમાં આવી રીતે ગરીબ તથા વૃદ્ધ અસ્નાઅશરીઓને કબ્રસ્તાન સબંધે એવી રીતે સતાવ્યા તથા હેરાન કર્યા છે કે જે સાંભળી દયા ઉત્પન થાય. પરંતુ બાપડા અસ્નાઅશરી દીનને ખાતર તે સઘળું સહન કરતા આવ્યા છે અને હજુ પણ સહન કરે જ જાય છે.

મેહફીલ.

મેહફીલ માત્ર અસ્નાઅશરી ખોજાઓમાં હોય છે. જે ગામમાં ઇમામવાડો કે મસજીદ હોતાં નથી તે ગામમાં તે બંને કામ માટે રાખેલા મકાનને મેહફીલ કહે છે. આ મકાનમાં લોકો નીમાજ પડવાને આવે છે. મજલીસો પણ અહીંજ થાય છે. વળી મુલ્લાં બાળકોને કુરાન તથા મસલા મસાએલ પણ અહીંજ પડાવે છે. ન્યાજે હુસેન તથા કારજના જમણો પણ અહીંજ થાય છે.

મેહફીલમાં ચટાઇઓ, જાજમો, ખાકે શફાની મોહરો, તસબીહો, મુસલ્લાઓ, બડાંઓ, મીમ્બર વીગેરે જણસો હોય છે.

ઇમામવાડો

ઇમામવાડો માત્ર અસ્નાઅશરીઓમાંજ હોય છે. તેમની મસજીદોમાં ખુદાની નીમાજ શિવાય મજલીસો પડવાનું કાર્ય થઇ શકે નહીં તેથી મજલીસો પડવા માટે જે મકાન બનાવવામાં આવે છે તેને ઇમામવાડો કહે છે. આવા ઇમામવાડામાં

એક મોટું કાળા રંગથી રંગેલું લાકડાનું મીમ્બાર હોય છે. આ ઇમામવાડામાં મજલીસો થાય છે અને જમણ પણ થાય છે. જમાતના કામ પ્રસંગે જમાત પણ અહીંજ એકઠી થાય છે. મોહોરમના દહાડાઓમાં ઇમામવાડામાં ફરતી ભીંતોએ કાળાં કપડાંઓ ઉપરથી નીચે સુધી લટકાવવામાં આવે છે. બહારના ભાગમાં કાળા રંગના નીશાનો ફરફરતા ટાંગવામાં આવે છે અને તે નીશાનોના ફરેરામાં ઇમામ હુસેનના ગમની યાદ તાજી કરતા કેટલાક ફકરાઓ અરબીમાં લખેલા હોય છે.

ધર્મશાળા કે મંદીર.

ખોજાઓમાં કેટલાક શ્રીમંતોએ પોતાની જ્ઞાતીના ઉપયોગ માટે કેટલાક ગામો તથા શહેરોમાં ધર્મશાળાઓ બંધાવી છે પણ પીરાણા પંથના ગુપ્તી હીન્દુઓ પોતાની બંદગી કરવાના સ્થળને ધર્મશાળા કે મંદીર કહે છે. આ ધર્મશાળા કે મંદીર ખોજાના જમાતખાના જેવું હોય છે. જેમાં પીરની ગાદી હોય છે. એક સીંહાસન બનાવવામાં

આવ્યું હોય છે તેમાં હજરત અલી, પીર ઇમા-
મશાહ, પીર નુર મહંમદશાહ, પીર બાકરઅલી,
બુરાક, વીગેરેની તસવીરો હોય છે અને તે સીં-
હાસનમાં રંગીન ગોળાઓ ટાંગી ઘણું શુશોભિત
બનાવવામાં આવ્યું હોય છે. આ ધર્મશાળામાં તે
લોકો હરરોજ બંદગી કરવા આવે છે અને તેમની
બંદગી આગાખાનીઓની દુવાને લગતી હોય છે
જેમાં આગાખાનને લગતી હકીકત તથા વંશાવ-
ળીઓમાં ફેર હોય છે, વંશાવળીમાં તેઓ જે
પીરોને માને છે તેમના નામો હોય છે. તેઓ
પીરોના ગીનાનો પણ ત્યાં બોલે છે. મોહોરમના
દહાડામાં મોહોરમના ઇતિહાસનું શાસ્ત્ર વંચાય
છે. જે સાંભળવાને સઘળી જમાત એકઠી થાય
છે. એક જણ તે પડે છે અને બીજા સઘળાઓ તેજ
પ્રમાણે પડી જવાબ આપે છે. સઘળાઓ ઘેરથી
નહાઈ તથા ધોએલાં કપડાં બદલાવી મંદીરે આવે
છે. માર્ગમાં કોઇને પણ તેઓ અડકતા નથી. તેમ
કોઇને પોતાને અડકવા દેતા નથી. જો કોઇ તેમને
અડકી જાય તો તેઓ અભડાઇ ગયા માને છે

તેથી સીધા ઘેર ચાલ્યા જાય છે. અને ઘેર જઈ નહાઈ બીજા કપડાં પહેરી ફરીથી મંદીરે જાયછે. તેઓ તંબાકુ પીતા નથી. માંસ ખાતા નથી, કુંગળી, લસણ કે કંદ ખાતા નથી. ચાંદરાતને દહાડે ઘટપાટની ક્રિયા કરે છે અને દસોંદ આપે છે જે તેમના ધર્મના વડા કારભારી "કાકા" ને મોકલવામાં આવે છે. આ કાકાઓને તેઓ પોતે પંચ મળીને નીમે છે. આવા કાકાઓ ગામે ગામ ફરી દસોંદ ઉઘરાવે છે અને જમાતમાં કોઇપણ ઝઘડો હોય તો તે દુર કરે છે. કાકાઓ થતી ઉપજમાંથી થોડી રકમ તેમના પીરોની ઓલાદને આપે છે અને બાકીની જમાત તથા દરગાહના ખર્ચમાં વાપરે છે. સદાવ્રત પણ આપે છે.

દરગાહ

પીરોને જે જગોએ દફનાવી તે ઉપર રોજો બાંધવામાં આવ્યો હોય છે તેને દરગાહ કહેવામાં આવે છે. દરગાહમાં પીરની કબર ઉપર રેશમી કે સુતરાઉની સોડ ચડાવેલી હોય છે. અને દરગાહ

નો મુજાવર દરરોજ ત્યાં દીવો બત્તી તથા લોબાન કરે છે. ભાવીક લોકો પીરની કબર ઉપર ફાતેઓ પડવાને આવે છે ત્યારે ફુલ સબઝો તથા નાળી-એર મીઠાઇ વીગેરે લેતા આવે છે. ફુલ સબઝો ચડાવી લોબાનની ધુણી ઉપર મુજાવર નાળીએર ફેરવી તેને વધેરે છે અને તેમાંથી તથા આવેલી મીઠાઇમાંથી ચોથ લાવનારને આપે છે. જે લાવનાર ઘણા અદબથી ઘેર લઇ જઇ પોતાનાં બાલ બચ્ચાઓને ખવરાવે છે. ઘણી દરગાહોને સરકારે ગામો તથા જાગીરો આપેલી હોય છે. તેની ઉપજમાંથી દરગાહનું ખર્ચ નીકળતાં તેના સજ્જાદાનશીનોનો નિર્વાહ પણ ચાલે છે.

મેહરાબ

હરેક મસજીદમાં કમાનદાર તાક વાળવામાં આવે છે. આવા કમાનદાર તાકને મહેરાબ કહે છે. મસજીદમાં દાખલ થઇએ ત્યાંજ તથા છેલ્લી કીબ્લા તરફની દીવાલમાં આવી મહેરાબો મસજીદ ચણતી વખતે તૈયાર કરાવવામાં આવે છે.

મસજીદ

સુન્ની તથા શીઆ ઈસ્નાઅશરી ખોજાઓને બંદગી માટે મસજીદ હોય છે. આ મસજીદો કોઇપણ ખાસ માણસની મીલકત હોતી નથી તેમ તે, તે પંથના લોકો માટે સાર્વજનીક હોય છે. તેનો વહીવટ મુતવલ્લીઓ ચલાવે છે. આગાખાની ખોજાઓમાં મસજીદ હોતી નથી પણ ખાનું હોય છે. વળી તેઓ પોતાના પંથનો ભેદ ભરમ ખુલી ન જાય તેમ પોતાના પંથના લોકો બીજા પંથમાં ચાલ્યા ન જાય તેટલા માટે તેઓ ખાનામાં કોઇને ઘુસવા દેતા નથી અને તેના પર કોઇએ અંદર આવવું નહિ તેવાં બોર્ડો ચોડે છે.

એલમ.

એલમનો ઇસ્નાઅશરીઓમાં રીવાજ છે. હજરત ઇમામ હુસેન અ૦ ના ભાઇ હજરત અબ્બાસ અલમબરદાર જે કરબલામાં ઇમામ હુસેન અ૦ ની હીમાયતમાં શહીદ થયા તે ઘણાજ પહેલવાન

તથા બળવાન યોદ્ધા હતા. તેમના અલમની શબીહ બનાવવામાં આવે છે. એક મોટા વાંસડા ઉપર ચાંદીનો પંજો સોની પાસે ઘડાવેલો અલમ કરવામાં આવે છે અને તેની સાથે લીલા તથા લાલ રંગની ધજાઓ (નીશાનો) ફરકતી રાખવામાં આવે છે. આવા અલમની સવારીનું સરઘસ મોહોરમ માસની સાતમી તારીખને દહાડે કેટલાક ગામોમાં શહેરમાં ફરવા નીકળે છે. અલમોની સંખ્યા ઘણી હોય છે. લોકો માનતાના અલમો પણ તે સરઘસમાં સાથે લઇ ચાલે છે, આવી રીતે દર વરસે અલમોની સંખ્યા વધતી રહે છે. સરઘસ સાથે લોકો નોહા તથા માતમ કરતા ચાલે છે. આ વખતનો દેખાવ કરૂણાજનક હોય છે,

સુન્નીઓમાં જો કે ઇસ્નાઅસરીઓની જેમ અલમનો ચાલ નથી પરંતુ મોહરમના દહાડાઓમાં જુદી જુદી " હુસેની ફકીરોની મંડળીઓ " જેને મેલ કહે છે તે ન્યાઝે હુસેનનો ઝોળી સળ

વવા સારા સારા માણસો પાસે જાય છે. તેમની સાથે પણ ઉપર જણાવ્યા પ્રમાણેના એલમો હોય છે. ફકીરોની ફલીઓ પાસે પણ તે હોય છે. આ વા એલમોની લોકો માનતા માને છે અને નાળી અેર તેમની પાસે જધેરી લોકોને તકસીમ કરી આપે છે.

મીમ્બર

હરેક સુન્ની તથા શીઆઓની મસજીદમાં કી બ્લા તરફ ચુના પથ્થરનું કે લાકડાનું મીમ્બર (સ્ટેજ) હોય છે. આ મીમ્બર ઉપર ખુતબો વા ણનાર કાજી કે મોલવી ઉભો રહી ખુતબો વાંચે છે. અને બેશોને વાએઝ કરે છે. શીઆ અસ્ના અશરીઓના ઇમામવાડામાં પણ મીમ્બર હોય છે તે ઉપર મુલ્લાં કે મજલીસ પડાવનાર બેશી મ જલીસ પડાવે છે. જ્યાં વાએઝ કે મજલીસ થ-વાની હોય ત્યાં જો મીમ્બર ન હોય તો મીમ્બર જેવી ઉંચી બેઠક બનાવવામાં આવે છે અથવ તો કુરસીજ રાખવામાં આવે છે.

હોજ

હોજ અસ્નાઅશરીઓ તથા સુન્નીઓની મસજીદમાં વજુ કરવા માટે બનાવવામાં આવે છે. નળ વાટે અથવા કુવામાંથી સીંચીને તે ભરવામાં આવે છે. આ હોજના કાંઠાપર બેસી નીમાજ ભણુવા ઇચ્છનારા વજુ કરે છે અને વજુ કરીને મસજીદમાં જઇ નીમાજ પડે છે. ઘણે ભાગે હોજો પાકા બાંધકામ જેવા બનાવવામાં આવે છે તોપણ જ્યાં તેવી સગવડ ન હોય ત્યાંના લોકો લોઢાના જાડા પતરાના મોટા હોજો લુહાર પાસે તૈયાર કરાવી તેમાં પાણી ભરે છે અને તેની પાસે ઉભા રહી વજુ કરે છે. અને જેમ જેમ પાણી ખુટતું જાય તેમ તેમ જમાતનો નોકર તેને ભરતો રહે છે. અવાર નવાર હોજો તદ્દન ખાલી કરી સાફ કરી ફરીથી ભરવામાં આવે છે.

પ્રકરણ ૫ મું.

ખોજાઓના લકબો.

વારસ.

આગાખાને પોતાના સૌથી વડા એજંટને "વારસ" એવો લકબ આપેલો છે. કાઠીયાવાડમાં આવેલા જુનાગઢના ખોજા ઈસમાઈલ ગાંગજીને આગા હસનઅલીએ આ લકબ પ્રથમ આપેલો. ત્યારપછી તેમના પુત્ર કાસમ વારસ થયા અને હમણા કાસમભાઈના પુત્ર હબીબભાઈ વારસછે. વારસના હાથમાં રેવન્યુ તથા જ્યુડીશ્યલ બંને સત્તા હતી. તેમના તાબાના સઘળા ગામો તરફની જે પેદાશ થાય તે તેમની પાસે આવતી અને તેઓ પેદાશ વધારવા માટે પ્રયાસ કરતા અને કરે છે. વળી નાત જમાતના તકરારોના પણ તેઓ ફેસલા આપતા અને હમણાં તે માટેની કાઉન્સીલો સ્થાપી છે તે કરે છે

આગા સાહેબે રેવન્યુ તથા જ્યુડીશ્યલ બંને ખાતાને જુદાં જુદાં કરી નાખ્યાં છે અને જ્યુડીશાયલ ખાતું વારસ હબીબભાઇના હાથમાં રાખ્યું છે અને રેવન્યું ખાતું તેમના ભાઇ ગુલામહુસેન ઇબ્રાહીમ ને સોપ્યું છે. અને દરેક ગામની ઉપજનાં નાણાં વારસ ગુલામહુસેનભાઈ પાસે જાય છે. પરંતુ વારસ હબીબભાઇનો અધિકાર રેવન્યુ ખાતા ઉપર પણ રાખવામાં આવ્યો છે.

મુંબઇ, કરાંચી, કચ્છ, નગર, ધોળકા, ભાવનગર, અમરેલી વીગેરે વીગેરે વિભાગોના જુદા જુદા ડીવીઝનો પાડી ત્યાં પણ વારસોની નેમણુકો આગા સાહેબે કીધી છે. વારસ ઇસમાઇલ ગાંગજીની વારસ તરીકે નેમણુક કરવામાં આવી તે પહેલાં દરેક પ્રકારના રેવન્યુ તથા જ્યુડીશ્યલ અધિકારો ખોજા કોમનાજ હાથમાં હતા. જમાતની મંડળી એકઠી થઇ જમાતના ધારા ધોરણો ઘડતા અને તે પર અમલ કરતા. જમાતના ઝઘડા ફ્સાદનો પણ તેઓ યોગ્ય લાગે તે પ્રમાણે ફેસલો કરતા.

કરભાર માટે પણ તેમની મરજી પ્રમાણે થતું હતું. કોઇપણ રીતે જમાત ઉપર આગાખાન કે તેમના એજંટોનું દબાણ નહિ હતું. ખુદ એજંટો જ નહિ હતા તો પછી દબાણતો કેવી રીતે થઇ શકે ? જમાતને ગેરવાજબી રીતે હેરાન કરવાની કે થવાની, કોઇને નાણાં માટે ત્રાસ આપવાની કે ઉપજ વધારવાની જરૂર નહી પડતી. જે થોડી ઉપ-જ થતી તેથી જમાતનું કામકાજ ચાલતું હતું અને જે વધે તે ગરીબ સાદાતો તથા દરખાના બાળાના વંશજોને જમાતની મરજી પ્રમાણે મળતું હતું. પરંતુ વારસ ઇસમાલ ગાંગજીની વારસ ત-રીકે નેમણુક થવા પછી ખોજા કોમની દરેક સ્વ-તંત્રતા તેમના હાથમાંથી ખુંચવી લેવામાં આવી છે. જમાતના મોટેરાઓ જે પોતાની પસંદગીથી જેને લાયક જુએ તેને ચુંટતા હતા અને વળી તેમાંનો કોઇ ગેરવાજબી રીતે વરતે તો તેને કમી કરી બીજાની નેમણુક કરતા હતા. તે સઘળી સત્તા વારસોની નેમણુક થતાં છીનવી લેવામાં આવી હ-

વેતો જમાતના આગેવાનો પણ આગાખાન કે તે-

મના એજંટોજ નીમે. મુખી તથા કામડીઆની નેમણુક પણ તેઓજ કરે અને તેવા આગાખાનના પગારદાર કે ઓનરરી નોકરો જે કરે તેજ થાય, જમાતના બીજા લોકો પોતાની મરજી પ્રમાણે માણે અથવા પોતાને જે યોગ્ય લાગે તે કરી શકે નહિ. તેમના ઉપર વારસો તથા આગાખાનના એજંટોની સત્તા ચાલુ થઇ ગઈ. અને એ રીતે તે એક સ્વતંત્ર કોમ મટી પરતંત્ર થઇ ગઇ. જમાતના હરેક હીત માટે જમાતજ સત્તાવાન રહેવી જોઇએ. પરંતુ હવેતો જમાતનું સઘળું હિત કે અહિત આગાખાનના એજંટોના હાથમાં આવી ગયું અને જમાતના હિત અહિતનું ભવિષ્ય આગાખાનના એજંટોજ બની ગયા. તેઓ તો આગાખાનના એજંટો, તેથી આગાખાનને જેમ બહુ પેદાશ કરી અપાવાય તેમ હરેક વર્તન ચલાવવા લાગ્યા અને તેમના વહીવટ સામે જે કોઇ થાય તેમને નાત બહારના ચાબુકો ઠોકાડી કબજે કરવા લાગ્યા. ઘણા ઘણા માણસો જમાતમાં એવાં છે કે જેઓને સ્વતંત્ર રહેવા દીધા હતે તો જ-

માતને ઘણોજ લાભ પહોચાડતે, પરંતુ હવેતો સ્વતંત્રતાનું નામ જણ રહ્યું નહિ. કાંઇપણ સુચના થાય કે તુરતજ જવાબ મળે કે વારસ કે આગાખાનનો હુકમ નથી. વારસ અને આગાખાનના હુકમો એજ ખોજા જમાતનું બંધારણ થઇ ગયું. અને આવી સ્થિતિ થવાથી જો કે આગાખાનની ઉપજમાં અનેકગણો વધારો થઇ ગયો; પરંતુ કોમની સ્વતંત્રતા નાબુદ થઇ, ગુલામગીરીનું ધોરણ ચાલુ થઈ ગયું. ઘણાઓ જે આગાખાન તથા તેમના એજંટોના ત્રાસદાયક હુકમોને સહન ન કરી શકયા તે સુન્ની તથા ઇસ્નાઅશરી જમાતો બાંધી જુદા થઇ ગયા. હજુ પણ એવા ઘણા છે કે તેવા ત્રાસદાયક હુકમોથી ત્રાસ ભોગવે છે પરંતુ તેઓ સગાં સબંધીઓ તરફના ઉતપન્ન કરી આપવામાં આવતા ત્રાસને લઇ તથા હીમ્મતની નબળાઇને લઇ તેમાં પડયા સબડે છે અને વારસો તથા કામડીઆઓ જેમ સતાવે તેમ સતાવાય છે અને તે માટેની કાંઇપણ બુમ કરી શકતા નથી. અને જેઓ બુમ મારે છે તેને નાલબાર તથા આગાખા-

નનો વિરોધી જણાવી ઉતારી પાડે છે. હવે તો જે વારસો તથા કામડીઆઓ કહે તેજ થઇ શકે. બાકી સઘળાઓ ગુલામ કરતા પણ બેજ થઇ ગયા છે. અમો નથી સમજી શકતા કે આવી રીત ભાત નામદાર આગાખાન જેવા કેળવાયલા મનુષ્યને કેવી રીતે ઘટારત લાગે છે અથવાતો આ સઘળી હકીકતથી તેઓ અજાણ્યા છે એમ માની શકાય છે ?

ધરેહ.

શરૂઆતમાં જ્યારે ખોજા લોકો ખુરાસાન કરબલા તથા શાહ નજફની જીયારત કરવા માટે જતા ત્યારે જીયારતને દરસ અને ઝવારને ધરેહ કહેતા. પ્રથમ ખોજા કોમમાં જીયારતો પડી આવેલા અનેક ધરેહો હતા. પરંતુ હવે આગાખાનના મુરીદો ખુરાસાન કરબલા તથા શાહ નજફ ન જાય તેવો તેમને ઉપદેશ આપવામાં આવે છે અને તેથી તેમના મુરીદોને જીયારતનો શોખ થઇ આવતો નથી હવે તો ખુદા, રસુલ, ઇમામ

તથા જે કંઇ છે તે આગાખાનમાંજ છે એમ સમજાવવામાં આવેછે.

મુખી.

આગાખાની ખોજા જમાતમાં જમાત તથા ધર્મના લાગાની જે ઉપજ આવે, તેનો જે ખજાનચી તેને મુખી કહેવામાં આવે છે. ને તે પૈસા જમાતની તીજોરીમાં રહે છે. આ મુખી જમાતના દરેક કામકાજમાં પણ અધિકારી તરીકેનો ભાગ ભજવેછે. અને તેની નીમનોક પ્રથમતો જમાત તરફથી થતી હતી. હમણાતો નામદાર આગા સાહેબની રજા વિના એક પગલું પણ ભરી શકાતું નથી.

કામડીઓ.

આગાખાની જમાતમાં જે જમાતનો હીસાબ રાખે છે તેને કામડીઓ કહે છે. આ કામડીઓ પણ જમાતનો અધિકારી ગણાયછે. અને જમાતના સઘળા કામકાજોમાં આગળ પડતો ભાગ લે છે. દસોંદ તથા બીજા ટેકસો વસુલ કરવામાં તે બહુજ કાળજી રાખે છે.

પંજેભાઇ

આગાખાની ખોજાઓમાંના એવા લોકો કે જેઓ થોડાઓની મંડળી થઇ ધર્મને લગતી બાબતો માટે લક્ષ આપે તેમને પંજેભાઇ કહે છે. પંજેભાઇ એટલે પાંચ ભાઇઓની મંડળી અથવા તો હાથની પાંચ આંગળીઓની જેમ એક સાથે રહી કામ કરનારી મંડળી. આવા પંજેભાઇઓની મંડળીઓ લગભગ ઘણા ગામોમાં હોયછે. તેઓ પૈસા એકઠા કરી મજલીસો કરાવે છે અને તે મજલીસનું ખર્ચ તેઓ આપે છે. વળી તેમની મજલીસોમાં માત્ર પંજેભાઇઓજ આવી શકે તેવું પણ હોયછે. મુંબઇમાં સાતે વારના જુદા જુદા પંજેભાઇઓની જુદી જુદી મંડળીઓ છે. તે દરેક પોતાના વારે પોતાની મજલીસ કરાવે છે અથવા દીનના કામમાં કેટલીક કોશીશ કરે છે. આવી મંડળીઓમાં માત્ર ભાવિક અને વળી ધર્માન્ધ લોકો વધારે હોયછે.

આવા પંજેભાઇઓમાં સુધરેલાઓની જે મંડળી હોયછે તેમને ધર્મસબંધી બાબત તરફ લક્ષ હોતુ

નથી કેમકે તેઓ આગાખાની મત પ્રત્યે કાંઇપણ ભાવ ધરાવતા નથી પણ પંજેભાઇ તરીકે માત્ર ભાઇચારો તથા રમત ગમત માટે જોડાય છે. તેવા પંજેભાઇઓની કલબ હોય છે. અને તે કલબમાં રમત ગમતને લગતી સઘળી સામગ્રીઓ હોય છે અને તેમાં અવાર નવાર ખાણાંઓ થાયછે. મુંબઇની પંજેભાઇ કલબ જે ચોપાટી પર આવેલી છે તેમાં ઉપર જણાવ્યા પ્રમાણે ક્રીયા થાયછે અને તે કલબના મકાનનું ભાડું આગા સાહેબ આપેછે.

કાજી

મુસલમાની રાજ્યમાં ન્યાયાધીશને કાજી કહેવામાં આવે છે અને લોકોની તકરારોના કેસો તેની કોર્ટમાં ચુકવાય છે. હવે આ દેશમાં મુસલમાની રાજ્ય રહ્યું નથી તેથી કાજીઓ પાસે માત્ર નીકાહ પઢાવવાનું કામ રહેલું છે અને તે કામ તેમના માટે ખાસ છે. સઘળા સુન્ની મુસલમાનોના નીકાહ કાજી પડાવે છે. અને તે બદલની તે નોંધ પોતાના દફતરમાં રાખે છે. નીકાહ પડવા બદલ તેમને વ-

રરાજા તરફથી કાંઇક રકમ મળેછે, જેનાપર કાજી કુટુંબનો હક હોય છે. કુટુંબના સઘળા લોકો તેને બરાબર પડતું વહેચી લે છે. કાજીઓને કેટલીક જગોએ સરકારી ગીરાસ તરીકે જમીનો આપી છે. તેમજ સરકાર તરફથી વતનો પણ મળે છે જે સઘળા પર કાજી કુટુંબનો હક છે. કોઇપણ સુન્ની કાજી પાસે નીકાહ નહિ પડાવે તેમ બની શકે નહિ કેમકે નીકાહનો લાગો કાજી માટે ફરજીઆત છે.

આ ઇલાકામાં શીયા લોકોમાં વોહરાઓની મોટી સંખ્યા છે તેઓ પણ કાજી પાસે નીકાહ પડાવતા હતા પરંતુ સુન્ની કાજીએ પડેલા નીકાહ શીયા મત પ્રમાણે માન્ય ન ગણાય તેથી કાજી નીકાહ પડાવી ઉઠી ગયા પછી વોહરાઓના આમીલો પોતાનાં મત [પ્રમાણેના પડાવતા હતા. જો કાજીના દફતરમાં નીકાહની નોંધ ન આવે તો વખતે વાંધો ઉઠતા અડચણ આવે માટે તથા કાજીનો લાગો હોવાથી કાજીને બોલાવવું ફરજીઆત હતું

પરંતુ કાજીની હાજરી બીન જરૂરની હોવાથી પાછળથી કાજીના લાગાના નાણાં કાજીને આપવાનું ધોરણ ચાલુ કર્યું. કાજીઓને તેમનો લાગો મળવા લાગ્યો અને તેમણે પડેલા નીકા તો તેઓ પોતે કબુલ રાખતા નહિ તેથી કાજીએ પછી કાઇ વાંધો લીધો નહિ. હવે વોહરાઓમાં તેમના આમીલો નીકા પઢાવે છે અને કાજીને તેના લાગાના નાણાં પહોંચાડી આપવામાં આવે છે.

ખોજાઓ પણ શીયા છે. અને તેમના નીકાહ પણ પ્રથમ સુન્ની કાજીઓજ પડાવતા હતા અને ખોજાઓને સુન્ની કે શીયા સબંધે કાંઇપણ જ્ઞાન નહિ હતું તેથી સુન્ની કાજીએ પડાવેલા નીકાહ તેઓ કબુલ રાખતા હતા અને વોહરાઓની જેમ તેમને ફરીથી પડાવાની તરખડ પડતી નહિ. સુન્ની કાજી નીહાક પડાવી પોતાનો લાગો તથા અઝયાણું નાળીએર લઇ ચાલ્યો જતો હતો.

આગા હસન અલીના વખતમાં મુંબઇમાં બારભાયા પક્ષના ખોજાઓ સુન્ની અકીદાના થયા અને

તેઓએ એમ જાહેર કર્યું કે ખોજાનો અસલ ધર્મ સુન્ની છે. અને તેઓએ પોતાના પક્ષમાં ઘણા ખોજાઓને તે એટલે સુધીકે ૬૦૦ કુટુમ્બો તેમના મતના થઇ ગયા. તેઓએ કોર્ટમાં આગાખાન સામે કેસ માંડયો અને તેમાં ખોજાઓ મુળથીજ સુન્ની છે તેથી આગાખાન તથા જે કોઇ ખોજા પોતાને શીયા પંથનો જણાવે તેનો હક ખોજા કોમની મીલકતથી ઉડાવી દેવો અને તેવા શીયા પંથના લોકો ખોજા જમાતના કોઇપણ કામમાં દખલ ન આપે તેવી દાદ માગી. આ ઉપરથી આગા હસન અલીએ જોયું કે ખોજાના નીકાહ સુન્ની કાજીઓ સુન્ની ધોરણે પડાવે છે તેથી બારભાયા પક્ષને પુષ્ટી મળે છે માટે તેણે સુન્ની કાજીઓ પાસે ખોજાઓના નીકાહો નહી પડવા તથા શીઆ મુલ્લાંઓ પાસે પડાવવાનો ખોજાઓને હુકમ કીધો. આ ઉપરથી સુન્ની કાજીઓનો નીકાહનો લાગો કાજીઓને આપવાનું રાખી નીકાહ શીંયા મુલ્લાં પાસે પડાવા લાગ્યા. હવે આગાખાંની ખોજાઓના નીકાહો આગાખાન મતના

કોઇપણ માણસ જે નીકાહ ભણુવાનું જાણુતો હોય તે જમાતની રજાથી જમાતની રૂબરૂમાં નીકાહ પડાવી આપે છે. તેઓમાં નીકાહનો ચોપડી સીંધી લીપિમાં તથા અરબી ભાષામાં છપાયેલી હોયછે તે પ્રમાણે પડાય છે.

અસ્નાઅશરીઓ જ્યારે આગાખાનીઓથી છુટા પડયા ત્યારે સુન્ની કાજીઓની નીકાહ માટેનો દખલ નીકળી જવા પામી હતી. હવે તેઓના મુલ્લાંઓ તથા મૌલવીઓ નીકાહ પડાવે છે. અને સુન્ની કાજીઓને તેનો લાગો આપે છે. કાઠીયાવાડમાં આવેલા જીંજીરા સ્ટેટના જાફરાબાદ તાલુકામાં હજુપણ આગાખાની તથા ઇસ્નાઅશરી ખોજાઓના નીકાહો સુન્ની કાજીજ પડાવે છે. અને તેની પાસે તે ફરજીઆત પડાવવા જોઇએ. જો તેમ નહિ કરવામાં આવેતો સ્ટેટના કાનુનનો ભંગ કીધા નો આરોપ આવે.

અમરેલીના ખોજા કાસમઅલી વાલજીના નીકાહ લોંઠપુર (જાફરાબાદ તાલુકાનું ગામ છે) માં થયા

ત્યારે જાફરાબાદના કાજીએ : આવી અસનાઅશરી જમાત રૂબરૂ નીકાહ પડાવ્યા. નીકાહ પડી રહ્યા પછી અમોએ તેમને જણાવ્યું કે કાજી સાહેબ આપે પડાવેલા નીકાહ અમારા માટે નકામાં છે આપના ગયા બાદ અમારા મૌલવી જે અહીં હાજર છે તે અમારા મત પ્રમાણે પડાવશે. પરંતુ સ્ટેટના ધોરણને તાબે થવા માટેજ આપને તકલીફ અપાય છે. કાજી સાહેબે જણાવ્યું કે એ વાત હું જાણું છું. પરંતુ સારેતો સ્ટેટના કાયદા પ્રમાણે ધોરણસર વીધી કરવી જોઇએ.

શમ્શી

શાહ કાસમ અનવરના મુરીદોમાંથી એક શમ્શુદ્દીન નામે જે નવસારી વાળા પીર નુરૂદીનની ઓલાદથી પણ હોય તે ખુરાસાનથી પંજાબમાં આવ્યા અને ત્યાંના હીંદુઓને ધર્મનો ઉપદેશ કરી મુરીદ કર્યા. તેમનું નામ શમ્શુદીન તેથી તેમને માનનારા શમ્શી કહેવાયા. આવા શમ્શી લોકો માત્ર પંજાબ તથા સરહદ તરફ છે. તેમાં સર આગાખાનને માનનારાની કુલ સંખ્યા મી. રાધાકૃષ્ણના લખવા મુજબ

૧૮૦૦ માણસોની હતી તેમાંથી ૬૦૦ માણસો પોતાના શમ્શી અકાયદો તજી તથા સર આગાખાનની મુરીદીમાંથી નીકળી જઇ પાછા પોતાના અસલ હીન્દુ ધર્મમાં જઈ મળી ગયા છે.

આ શમ્શી લોકો ગુજરાતના હીન્દુ સતપંથી જેવા હીન્દુઓની રાહરસ્મો ધરાવનારા છે. જ્યારે તેમાંથી નીકળી જઇ અસલ હીન્દુ ધર્મમાં તેમને મળી જવાની ધાસ્તી ઉભી થઇ ત્યારે સર આગાખાને તેમને ખોજા જેવા મુસલમાન બનાવી દેવાની તજવીજ ચલાવી. આ ઉપરથી આશરે છસો મુરીદો ગુપ્ત મતથી નીકળી, ખોજા જેવા મુસલમાન થઈ ગયા. બાકી ૬૦૦ હજુ પ્રથમ જેવી હાલતમાં છે. તેઓ યાતો ખોજા જેવા મુસલમાન થઈ જશે યાતો આગાખાનની મુરીદીમાંથી નીકળી જશે.

આગાખાનના શમ્શી મુરીદોને પાછા અસલ હીન્દુ ધર્મમાં લઈ જવા માટે પંજાબમાં " આગાખાની હીન્દુ રક્ષા મીશન " નામે મીશન સ્થાપ્યું છે. અને તેના ઓનરરી ઉપદેશક મી. રાધા-

કૃષ્ણ પેશાવરી છે. મી. રાધાકૃષ્ણ પ્રથમ આગાખાની શમ્શી મુરીદ હતા. પાછળથી તેમાંથી નીકળી જઇ બીજા શમ્શીઓને પણ સર આગાખાનની મુરીદી માંથી દુર કરવાને પ્રયાસ કરેછે. તેમણે આગાખાન મત વિરૂદ્ધમાં ત્રણ પુસ્તકો ઉરદુ ભાષામાં છપાવી પ્રગટ કીધાં છે. એક "પચીસ સવાલો" બીજી "ખુલીચીઠ્ઠી" અને ત્રીજું "આગાખાની ખુદાઇ" એ ત્રણે પુસ્તકોમાં મી. રાધાકૃષ્ણે સત્ય હકીકતથી ખસી જઇ ઘણું લખાણ કરેલું હોવાથી અમોએ બે ત્રણે પુસ્તકોના રદીઆના પુસ્તકો છાપી પ્રગટ કીધાં છે. મી. રાધાકૃષ્ણે અંગ્રેજીમાં પણએક પુસ્તક Cpen letter (ઓપન લેટર) યાને ખુલ્લી ચીઠ્ઠી પણ છપાવેલ છે.

જમાતભાઇ

જમાતનું કામકાજ કરવા માટે જમાતે જે માણ-સને નોકર રાખેલો હોય તેને જમાતભાઇ કરી ક-હેવામાં આવે છે. આ જમાતભાઇ જે જે પ્રસંગોએ જમાતને એકઠી કરવાની હોય છે તે તે પ્રસંગે ઘેર ઘેર જઇ ખબર કરી આવે છે. મૈયતમાં, જી-

આરતમાં, માંડવાની લ્હાણુમાં, વીવા તથા દાડાના જમણુમાં, ચાંદરાતનો માયરો લઇ આવવામાં તથા તેવા બીજા પ્રસંગોએ તે સાદ કરી આવેછે. તથા જમાતનું પરચુરણ જે કામ હોય તે કરે છે. વળી જ્યારે ધુવા પડાતી હોય ત્યારે દરવાજા કે દાદર પાસે તે ચોકી ભરીને બેસે છે. અને કોઇપણ અજાણ્યા માણસને તે અંદર આવવા દેતો નથી.

સીરબંધી

આગાખાન સાહેબે નીમેલા એજંટોએ આગા સાહેબની ઉપજ વધારવા તથા પોતાનો સ્વાર્થ સાધવા માટે ઉપજ વધારવાના ભગીરથ ઉપાયો હાથ ધર્યા, તેમાં સૌથી મોટો અને કોમને નીચોવનારો " સરબંધી " નામનો હતો. જે મુરીદ પોતાની સઘળી સ્થાવર તથા જંગમ મીલકત તે એટલે સુધી કે એક પોતીયું પહેરી ઘરથી નીકળી જાય અને તે સઘળું જમાતને આપી દે અને જમાત તેનો કબજો કરી તે સઘળું આગા સાહેબની તીજોરીમાં જમા કરે. વળી જો સરબંધી થનાર તેમાંથી કોઈ જણસ ઘર કે રાચ રચીલાં લેવા માગે

તો તેની રકમ ઠરાવી તેનું ખાતું પડાવી તથા તેના હપતાઓ કરાવી તેને તે આપવામાં આવે. જે સરબંધી થનાર બહુજ જલદીથી ભરી આપે. સરબંધી થનાર પોતાની જંગમ તથા સ્થાવર મીલકત ઉપર પ્રમાણે આપી દે તે સાથે પોતાના સ્ત્રી તથા બાલ બચ્ચાંને પણ આપી દે; પણ તે સ્ત્રી તથા બાલ બચ્ચાં અમુક કીમત ઠરાવી તેને જમાત પાછાં આપી દે. આવી રીતે સરબંધી થાય તેને જમાતના આગેવાનો બહુજ ચાહે અને વખાણે કે જેથી બીજાઓને પણ સરબંધી થવાની ઉશ્કેરણી થાય. આવી રીતે ઘણાઓ સરબંધી થતા સંભળાય છે અને તેમની હજારો લાખોની મીલકત આગા સાહેબના ખજાનામાં જમા થાય છે.

મોઅઝઝન.

દરેક મસજીદ ખાતે એક નોકર હોયછે જે અઝાન આપવાનું કામ કરેછે એટલે નમાઝનો વખત થાય ત્યારે માટેથી મસજીદની અગાશી ઉપર ચડી

અઝાન પોકારે છે. અઝાનને કેટલાકો બાંગ કહેછે

અને તેથી તેવી બાંગ પુકારનારને બાંગી પણ કહે છે. જો મસજીદમાં કોઇ મોઅઝઝન નોકર ન હોય તો બીજો કોઇપણ માણસ અઝાન પોકારે છે.

અમરદારી-

આગાખાની ખોજાઓમાં જે આગાસાહેબે નીમેલા એજંટો હોયછે અથવા જે આગા સાહેબના એજંટો તરીકે કામ કરેછે એટલે કે જમાતના આગેવાનો છે તે સઘળા અમરદારી કહેવાય છે. પ્રથમ આ લોકો ઉપર આગા સાહેબનો અમર (હુકમ) યાને તાલીકો આવતો હતો તેથી તેમને અમરદારી કહેવામાં આવ્યા હશે. હવેતો કાઉન્સીલના મેમ્બરો વટીક અમરદારી કહેવાય છે.

હાજી.

જે લોકો અર્બસ્તાનમાં આવેલા મક્કા શહેરમાં ખાને કાબાની હજ પડી આવેલો હોય છે તે હાજી કહેવાય છે. દર વર્ષે ઝીલહજ માસની દસમી તારીખે મક્કામાં હજની ક્રીયા કરવાને સઘળી દુનિયાના લાખો મુસલમાનો એકઠા થાયછે.

રાઈ

જયારે દરખાનાવાળા ઇરાનમાં રહેતા હતા ત્યારે ખોજાઓ પાસેના નાણાં લઇ તેમને આપવા માટે જે લોકો જતા તેને રાઇ કહેતા. આ રાઇ લકબ દરખાનાવાળા આપતા. હજુ પણ આગાખાન પોતાના મુરીદોમાં કોઇ કોઇને રાઇનો લકબ આપે છે.

મુમના.

જે ઉપદેશક પીરોએ હીન્દુઓને વટાળી ખોજાઓ કીધા, તેજ પીરોએ હીન્દુઓને વટાળી મુમના પણ કીધા. ખોજા જ્ઞાતીમાં જે જોડાયા તે ખોજા કહેવાયા. કાઠીયાવાડમાં આવેલા બડોદર તથા ચીત્રાવડમાં તેમની વસ્તી છે. તે તથા ગુજરાતમાં સીધપુરમાં કેટલાક મુમનાઓ વસે છે, જે આગાખાનને માને છે. તે આગાખાની ખોજાઓ કરતાં પણ મઝહબી બાબતમાં અજ્ઞાન તથા ઝનુની છે. જુનાગઢના એક મેમણ ગૃહસ્થે અમોને રેલવેમાં જણાવ્યું હતું કે ખોજાઓતો સુધરશે પણ મુમનાઓતો કીયામત સુધી પણ સુધરશે નહિ.

આગાખાનને માનનારા નહિ એવા સુમનાઓની મોટી સંખ્યા ગુજરાતમાં છે. તેઓમાંના કેટલાકો નવસારી પીર નુરૂદીનની દરગાહને, કેટલાકો પીરાણાવાળા પીર ઇમામુદીનની દરગાહને, કેટલાકો પીર બાલેશાહને, કેટલાકો પીર બાકરશાહની દરગાહને અને કેટલાકો જુદી જુદી દરગાહોને માને છે. તેઓના અકાયદો ઇસલામ પ્રત્યેના અપકવ છે. તેઓ પોતાના પીરોને દસોંદ આપે છે અને તેમની ક્રીયાઓ તથા માન્યતાઓ આગાખાનીઓમાંના જુના વિચારવાળા જેવી છે. તેમાંના કેટલાક લોકો અસ્નાઅશરી તરીકે છુટા થયા છે અને હજુ પણ છુટા થતા ચાલ્યા છે.

મુતવલ્લી.

જે લોકો મકકાની હજ તથા કરબલા વીગેરેની જીયારત કરવાને જાય છે તે લોકોને ત્યાં ખાતે ભોમિઆ તરીકેની સઘળી ગોઠવણ કરી આપનારને મુતવલ્લી કહે છે. આવા મુતવલ્લીઓનો એજ ધંધો તથા એજ કમાણી છે. તેઓ પોતાના મેહ-

આનો માટે ઘરની, ખોરાકીની, સવારીની તથા સાથે ચાલી જીયારત પડાવી આપવાની વ્યવસ્થા કરે છે.

ઉપરાંત મસજીદના મુતવલ્લીઓ દરેક ગામે જ્યાં મસજીદ હોય છે ત્યાં હોય છે. મસજીદ એ ખુદાના ઘર છે. તેનો કોઇ ખાસ માલેક હોતો નથી તેથી મસજીદના કામ ચલાઉ ટ્રસ્ટીઓ નીમાય છે. આ ટ્રસ્ટીઓ મસજીદને લગતી વ્યવસ્થા તથા હુરમત જાળવે છે. કોઇ માણસ તર તોફાન કરે તો તેને આવતો અટકાવે છે.

આઠીયા.

બાલા મહમદશાહની વફાત પછી સૈદખાની જમાત ત્રણ ભાગમાં વહેંચાઇ ગઇ. આઠ મુખીઓની સલાહ પ્રમાણે ચાલનારી આઠીઆ જમાત કહેવાઇ. આ આઠીઆ જમાત ગુપ્તી કહેવાય છે. આઠીઆ મુરીદોની સંખ્યા પચાસ હજારની છે. દસોંદની રકમ વીશ હજાર રૂપીઆ આવે છે. આ આઠીયામાં પણ પાછળથી બે વિભાગો પડયા છે.

ગુપ્તી અને પ્રગટીઆ. જે લોકો ઇસલામને જાહેર રીતે પાળવા લાગ્યા તે પ્રગટીઆ કહેવાય છે.

સાતીઆ

બીજી જમાત સાત મુખીઓના મત પ્રમાણે ચાલનારી માટે સાતીઆ કહેવાય છે. તેની સંખ્યા બે હજાર ઉપરાંતની છે જાતે શેખ કહેવાય છે દ-સોંદની રકમ બે હજાર રૂપીઆ આપે છે. આ જમાતના હાલના સજ્જાદા નશીન જનાબ સઇયદ ચાવરઅલી નુરઅલી પીરાણાવાળા છે.

પાંચીઆ

ત્રીજી જમાત પાંચીઆની છે તે પાંચ મુ-ખીઓના મત પ્રમાણે ચાલે છે માટે પાંચીઆ નામથી ઓળખાય છે આ જમાતમાં રબારી, આ-હીર, કંસારી અને થોડા શેખો પણ છે તેમની સંખ્યા સાત હજારની અને દસોંદની ઉપજ દસ હજારની છે. તેના હાલના સજ્જાદાનશીન જનાબ સઇયદ ચાવરઅલી નુરઅલી પીરાણાવાળા છે.

ગુપ્તી

આગાખાનને માનનારા કેટલાક એવા પણ મુરીદો છે કે જે પોતાને હીન્દુ જણાવી હીન્દુઓના જેવી રાહ રસ્મો રાખે છે. ગુજરાત, માળવા વીગેરેમાં એવા ગુપ્તીઓની મોટી સંખ્યા છે કે જે પીરાણાંમતની સેવક છે અને આગાખાનને માનતી નથી. આ ગુપ્તીઓ હીન્દુ બ્રાહ્મણો પાસે લગ્ન તથા મરણની ક્રીયા કરાવેછે. જનોઇઓ પહેરે છે અને મુરદાઓને બાળે છે. પોતાની જ્ઞાતીના એવા હીન્દુઓ કે જે ગુપ્તીઓ નથી તેમની સાથે ખાનપાન તથા કન્યા વહેવાર રાખે છે. અને મુસલમાનો સાથે ખાવા પીવાનો કે બીજો કોઇ વહેવાર રાખતા નથી. માત્ર તેમના પીરો મુસલમાનો છે, ગુપ્તીઓ ગુપ્ત રીતે સતપંથ ધર્મ પાળે છે. આગાખાનને માનનારા આગાખાની ખોજાઓ જેવી માન્યતા ધરાવે છે. જ્યારે પીરાણામત સાથે નીસબત ધરાવનારા પોતાના પીરોને માને છે અને દસોંદ આપે છે. તેમની માન્યતા દસ અવતાર તથા હજરત અલી એ વિષ્ણુના

અવતાર હતા તેવી છે. ગુપ્તી એ ઇસલામનો ઝીનો છે.

પરગટી

જે ગુપ્તીઓ પોતાની હીન્દુઓના જેવી રાહ રસ્મો તજી ચોખા મુસલમાન થઇ જાય તેઓ પોતાનું નામ ગુપ્તી ફેરવીને પરગટી રાખે છે એટલે કે તેઓ મુસલમાન તો હતા પણ હવે ગુપ્તપણે નહિ પણ જાહેર રીતે મુસલમાન તરીકે રહેવાનું અખતેયાર કરે છે. આવા પરગટીમાં સુમના તથા શેખડા હોય છે.

કાકા

પીર ઇમામશાહની દરગાહપર પીરના સાદાત વંશજોની માલીકી છે. પરંતુ દરેક કામની વ્યવસ્થા માટે કારભારી નીમવાનો રીવાજ કદીમથી ચાલ્યો આવે છે; તે મુજબ હાલના કારભારી લખુભાઇ છે. કારભારી કાકા નામથી ઓળખાય છે. પ્રથમના કાકા ગુજરી જતાં કદીમના રીવાજ પ્રમાણે નવા કાકા પાસેથી લેખ લખાવી લઇ

નીમવામાં આવે છે. એ કાકાઓ તેને બનાવવામાં આવે છે કે જેણે સંસારી ખટપટોથી દુર રહીને સંસાર ત્યાગ કીધો હોય. કાકા શબ્દ અસલ ફારસી ભાષાનો હોય તેમ જણાય છે. કેમકે ફારસીમાં કાકા શબ્દનો અર્થ એવો કરવામાં આવે છે કે જે માણસ નાનપણથીજ ગુલામીમાં રહીને મોટો થયો હોય અને તેવીજ હાલતમાં તે ગુજરી જાય એવાને કાકા ગણેલો છે.

કારભારી

કાકાના હાથ નીચેનો જે મુખ્ય અધિકારી હોય છે તેને કારભારી કહે છે. આ કારભારી કાકાની આજ્ઞા પ્રમાણે દરેક કામની વ્યવસ્થા કરે છે. અને કાકાના મરણ પછી ઘણે ભાગે તેનેજ કાકાની પદવી પર નીમવામાં આવે છે.

ખોજા ટાઇટલ

પીર ઇમામશાહ કૃત કહેવાતી "મુમન ચેતામણી" નામના પુસ્તકમાં જણાવ્યું છે કે જ્યારે હજરત મહંમદ પૈગંબરે પોતાની બેટી

ફાતેમાનાં લગ્ન મહાત્મા અલી શેરે ખુદા સાથે કરી આપ્યાં, ત્યારે તેઓએ દહેઝ (કરીયાવર) માં ચાર ખોજાઓ ખાલક, ખુદાબક્ષ, સાદક અને અબ્દ રસુલ આપ્યા હતા. આ ચારે ખોજાઓ જે નામર્દ હતા, તે બીબી ફાતમા તથા અલી શેરે ખુદાની દુઆથી મર્દ બની ગયા. આ મર્દ બની ગએલા ખોજાઓની ઓલાદ કાળાન્તરે હીન્દુસ્તાનમાં આવી વસી અને તે હાલની ખોજા કોમ કહેવાઇ. આ ઉપર જો વિશ્વાસ લઇ જઇએ તો, ખોજા કોઇએ બનાવ્યા એમ ઠરતું નથી. તે તો આજ ૧૩૦૦ વર્ષ થયાં વંશપરંપરા ચાલ્યાજ આવે છે.

એજ પુસ્તકમાં બીજી જગોએ જણાવ્યું છે કે, પીર નુર સતગુરે ઉપદેશ કરીને ખોજા કર્યા એટલે કે ગુજરાતના હીન્દુઓને મુસલમાન ધર્મમાં વટાળી ખોજા સંસ્થામાં દાખલ કર્યા. આ ઉપરથી એમ તો નીકળતુંજ નથી કે, તેઓએ ઉપદેશ કરી આ નામ નવું ઉપસ્થિત કરી આપ્યું.

એક ગીનાનમાં એમ જણાવવામાં આવ્યું છે કે, પીર સદ્દરદ્દીને લોહાણાઓને વટાળી ખોજા કર્યા. આ ઉપરથી પણ એમ નીકળતું નથી કે, તેઓએ ખોજા લકબ નવો ઉતપન્ન કરીને આપ્યો.

પીર ઇમામશાહ બાવાના પ્રછામાં તે પીરે (પીર ઇમામશાહે) લોહાણા તથા બ્રાહ્મણોને વટાળી ખોજા લકબ આપ્યો એમ લખ્યું છે. આ ઉપરથી પણ ખોજા લકબ તેઓએ નવો ઉપસ્થિત કર્યાનું જણાતું નથી તેમ તે પ્રછાનું પુસ્તક ખોજા ધર્મનું કોઇ પુસ્તક પણ નથી.

હજરત પૈગંબર મહંમદ સ૦ એમણે પોતાની લાડલી બેટીના દહેજમાં ચાર ખોજાઓ આપ્યા અને તે ખોજાની ઓલાદ તે હાલના ખોજાઓ છે, તો ખોજા લકબ કોઈએ આપ્યો એવું ઠરતું નથી અને જો તે વાત ઉપરજ વિશ્વાસ લઇ જઇએ તો, પાછળથી તે લકબ અપાયાની જે જે વાતો કહેવામાં આવે છે તે, કપોળકલ્પિત ઠરે છે.

હાલ જે ખોજાનો ધર્મ છે અને તેને લગતું જે શાસ્ત્ર હમણાં હસ્તીમાં છે, તે ઉપરથી એટલું જણાય છે કે, આ ધર્મની ઉત્પત્તી પીર નુર સતગુરથી થવા પામી છે. અને તેમણે જેમને જેમને હીન્દુમાંથી વટાળી મુસલમાન કીધા હશે, તેને આ નામ આપ્યું હશે. જો આ વાત સત્ય માનીએ તો, પેલા ચાર નામર્દ ખોજાઓની ઓલાદજ હાલના ખોજાઓ છે એ વાત તદન અસત્ય ઠરશે. અને સાથેજ પીર સદરદીને ખોજા લકબ આપ્યો એવું જે આગાખાની પારટીવાળા ખોજાઓ જણાવે છે તે જુઠું ઠરશે. વળી આગાખાનીઓ જે એમ જણાવે છે કે, પીર સદરદીને ખોજા લકબ આપ્યો, તે એટલા ઉપરથી પણ અસત્ય જણાશે કે, જ્યારે પીર સદરદીને આ લકબ આપ્યો ત્યારે પીર નુર સતગુરે બાંધેલાને શો લકબ આપેલો ? પીર ઇમાંમશાહ કૃત મુમન ચેતામણીમાં ખુલ્લી રીતે, જણાવવામાં આવ્યું છે કે, પીર નુર સતગુરે બાંધીને ખોજા કર્યા.

છેલ્લી એક વાત જે હમણાં અમારા જાણ-

વામાં આવી છે અને તે " ખોજા ઉતપત્તી " નામથી અમોએ છપાવી બહાર પાડી છે તેમાં એક લંબાણુ લેખ છે તેના ઉપરથી એમ જણાય છે કે, ખોજા નામ વટલાયા પછી અનેક સ્થિતિઓમાં ફેરફાર થઇ દાખલ થયું છે. ગુપ્તપંથ, સતપંથ, મોમના, અનવરી, રોશનીઆ, રખીઆ, અને પછી છેવટે ખોજા થયા. આ અંદાજો કાંઇક ઠીક લાગે છે; પરંતુ એકંદર આધાર વિનાનું છે. ખોજા ધર્મના ઇતિહાસની એક પણ બાબત માટે ખરો આધાર મળતો નથી. લઇ દઇને થોડાં ગીનાનો અને ગીરશો (કથાઓ) ઉપરજ ઝઝુમવાનું હોય છે, કે જેમાંથી કાંઇપણ મળી શકે તેમ નથી. આવી સ્થિતિ વચ્ચે જેટલા જેટલા અનુમાનો કે કલ્પનાઓ કરવામાં આવે તે સઘળાં વિશ્વાસને પાત્ર ગણી શકાય એમ કદીપણ બની શકે નહિ.

માટે અમો અમારા આગાખાની ભાઇઓને કહીએ છીએ કે, તેઓએ હવે પોતાના ભાઇઓને જંગલી તથા ઝનુની બનાવવાની રીતને તજી દેવી

જોઇએ અને દરેક બાબતને, તે જેવી હોય તેવી સરે જાહેર પબ્લીકમાં મેલવી જોઇએ. અમો જોઇએ છીએ કે, અમારા આગાખાની લેખકોથી બહુ બહુ કરીને એટલુંજ બને છે કે અમોને બેચાર ગાળો આપી, પોતાના દીલના કીનાને શાન્ત કરે છે; પરંતુ તેથી કોઇ ખરી વાત તેઓ સિધ્ધ કરી શકતા નથી.

ખોજા એ ખ્વાજાનો અપભ્રંશ છે અને તેનો અર્થ ઘરધણી, ઘરનો માલેક, સરદાર, ઘરડો પુરૂષ, માલદાર, હાકીમ, માનવંતો પુરૂષ, દીલ, રૂહ, પ્રોફે-સર, શિક્ષક, વીગેરે થાય છે. અને તેથી જ્યારે ખોજાઓની મુળ સંસ્થાં બંધાઇ હશે ત્યારે તેમના માટે તે નામ યોજાયુ હશે. ખોજાઓએ "ખોજ" કરીને ઇસલામ સ્વીકાર્યો અને તેથી ખોજ કરનારા તરીકે તેઓએ ખોજા નામ રાખ્યું એવી પણ કલ્પના છે. મતલબ કે જે હીન્દુઓ પોતાનો હીન્દુ ધર્મ તજી ખોજા સંસ્થામાં જોડાયા તેઓ ખોજા કહેવાયા. આમ છે છતાં અમારા અલેફનું નામ ભાલું નહિ જાણનારા આગાખાની લેખકો કે

જેમાં માત્ર આમજી ભામજી સિવાય કોઇ ન્યાયી કે તટસ્થ નથી. તેઓ મારી મચડીને તે નામ પોતા માટેજ સ્પેશ્યલ છે એમ જણાવવા લાગી ગયા છે. પરંતુ તેમાં તેમની ફેકટની ચીરજોરી સિવાય બીજું કશુંએ નથી.

રાણાવાવના ખોજા કાસમ કાનજીએ પોતાની ઓરત નુરબાઇને કબજે લેવા તથા લગ્નના હકો પુરા કરવા હેવાને જુનાગઢની દીવાની અદાલતમાં જે કેસ માંડયો છે તે કેસની રજુવાતમાં આગાખાની પક્ષ તરફના બાહોશ બેરીસ્ટર મી૦ ગુલામ મહંમદ મુનશીએ પોતાની દલીલમાં એમ જણાવ્યું કે હાલના આગાખાની ખોજાઓ જે પ્રમાણેની માન્યતા ધરાવે છે તેજ ખોજા કહેવાય એટલે કે જેઓ ઇશ્વરના દસ અવતારને માને (જેમાં નવ અવતાર હીન્દુના અને દસમો નકળંકી અવતાર હજરત અલી મુરતુજા છે,) હજરત અલીથી લઇ હાલના આગાખાન સુલતાન મહંમદ શાહ સુધીની વંશાવળીના સઘળા જેની સંખ્યા ૪૮ ની છે તે પણ હજરત અલી જેવા નકળંકી અવતાર

સાને, કુરાન, નમાજ, હજ, ઝકાત, તવહીદ વીગેરેને માને નહિ અને આગાંખાનને હાજર ઇમામ માને તેજ ખોજા કહેવાય, બાકીનાને ખોજા કહી શકાય નહિ. પરંતુ અફસોસની વાત છે કે તેમ કહીને તેઓ ઇસલામથી કેટલા ખસી જાય છે અને પીર સદરદીન તથા આગાખાનનું કેટલું હડહડતું અપમાન કરે છે તેનો તેમને ખ્યાલ વટીક આવ્યો નથી. જો પીર સદરદીન કે જેમણે ખોજા લકબ આપ્યો એમ કહેવામાં આવે છે તેમણેજ જો ઉપર જણાવ્યા પ્રમાણેના અકાયદો શીખવાડ્યા હોય અને તેવા અકાયદો ધરાવનારનેજ ખોજા લકબ આપ્યો હોય તો, સૌ કોઇ ઘણી સરળતાથી એવો અભિપ્રાય બાંધવાને શકિતવાન થઇ શકે છે કે પીર સદરદીન મુસલમાન નહિ હતા, બલ્કે કાફર! (લા હોલ વલા) પીર સદરદીનનો હેતુ હીન્દુઓને વટાળી મુસલમાન બનાવવાનો નહિજ હતો; પણ હીન્દુમાંથી ખસેડી અને મુસલમાનમાં નહિ મેળવી, અધર લટકાવવાનો હતો. પરંતુ આવી જુઠી વાત કોઇપણ સ્વાર્થબાજીમાં રમનાર ખોજા સિવાય બીજો સ્વીકારી શકે તેમ નથી. કેમકે

આજ ચારસો વર્ષ થયાં ખોજાઓ સરે જાહેર મુસલમાન ગણાતા તથા મનાતા આવ્યા છે. સરકારી કોરટોમાં તેમના કેસો મુસલમાની શરેહ પ્રમાણે ચુકાતા આવ્યા છે. તેઓ મુસલમાનો સાથે મુસલમાન તરીકે જોડાઇ પોતાના હકો ભોગવતા આવ્યા છે. તેઓ જાહેરમાં પણ પોતાને મુસલમાન કહે છે; પરંતુ જો આગાખાનીઓના હોશ બેરીસ્ટર મી ગુલામ મહંમદ મુનશીના બોલો ખરા આનીએતો આગાખાની ખોજાઓ હુરચ્યા તથા દગલબાજો અને ઠગારાનું એક ટોળું સાબેત થાય છે. તેઓજ જો પોતે મુસલમાન નથી; તો શામાટે આજ ચારસો વર્ષ થયાં પોતાને મુસલમાન જણાવી સરકાર, તથા પબ્લીકને છેતરતા આવ્યા છે? વળી જો તેમણે જણાવ્યા તેજ અકાયદો આગાખાનના મુરીદો ધરાવે છે અને તેજ ખોજાઓ ગણાય છે, તો નામદાર આગાખાનને અમારે કેવું ટાઇટલ આપવું તેની અમોને કાંઇ સુઝ પડતી નથી. પરંતુ અમોને બેહદ દીલગીરિ થાય છે, એ આગાખાની એજંટોપર કે જેઓ તદન જુઠી તથા કપોળ કલ્પિત અને તદન અજ્ઞાનતા પર યોજાએલી વાતોપર પો-

ત્માના સ્વાર્થને ખાતર દોડી જઈ, પીર સદરદીન વીગેરે પીરો તથા નામદાર આગાખાનને સખ્ત બદનામ કરે છે અને તેઓ નામદાર આગાખાનના હિમાયતી નહિ પણ ખુલ્લા શત્રુઓ છે. તેઓ તેવી વર્તન ચલાવે છે; પરંતુ અમોતો આગાખાન તથા તેમના મુરીદોને મુસલમાનજ જણાવીએ છીએ અને તે બાબતને અમોએ હજારો પ્રકારની દલીલોથી પુસ્તકો દ્વારા સિદ્ધ પણ કરી આપેલ છે. હવે વાચક વર્ગ જુએ કે કોણ આગાખાન તથા આગાખાનીઓની તરફેણ કરે છે અને કોણ વિરૂદ્ધતા કરે છે.

મુનશી બેરીસ્ટરના ભાષણથી ખુદ આગાખાનના કેટલાક એજંટો પણ ઘણાજ નારાજ થયા છે અને તે સબંધે તેઓએ કેટલો બધો ઉહાપોહ જાહેર કર્યો છે તે વાતો અમારા જાણવામાં રાત્રી દિવસ આવતી રહે છે. તુરબાઈનો કેસ આગાખાની જમાતના એજંટોને તેમની ભુલો સાબેત કરી આપવાને દરેક રીતે શકિતવાન નીવડતો ચાલ્યો છે અને ભવિષ્યમાં તેમની પુરેપુરી આંખ તે ખોલશે એમ ઘણાઓનો અભિપ્રાય પડયો છે

હવે મુળ બાબત ઉપર આવવું જોઇએ. ખોજાઓ જે હીન્દુ ધર્મ તજી ખોજા સંસ્થામાં શામેલ થયા તથા થાય તેમનો તે હકબ છે અને જ્યાં સુધી તેઓ મુસલમાની ધર્મ તજી ન આપે ત્યાંસુધી તેઓ "ખોજા" હકબના અધિકારી રહે છે. માત્ર જેઓ મુસલમાન ધર્મ તજી આપે તેજ તે હકબના અધિકારી રહેતા નથી. તોપણ જેઓ હીન્દુ ધર્મ પાળે અને હીન્દુ ધર્મની પારટીમાં બીજા હીન્દુઓની જેમ હળી મળી ન જાય ત્યાં સુધી તેઓ પણ ખોજા હકબથી યાદ કરાતા રહેશે. જેવા કે ગઢડા વીગેરે તરફના થોડાક સ્વામી નારાયણનો પંથ પાળતા ખોજાઓ છે જે ધર્મ તો હીન્દુનો યાને સ્વામીનારાયણનો પાળે છે; પરંતુ હીન્દુઓ તેમને પોતામાં શામેલ કરી તેમની સાથે ખાનપાન કે કન્યાની આપ લેનો વ્યવહાર કરતા નથી અને તેઓ પોતાના ધર્મની રૂએ તેમ કરી પણ શકે નહિ. અને જો કરે તો તેમનું હીન્દુ લોહિ વર્ણસંકર થઇ ગયા વિના રહે નહિ.

ઇસલામના ૭૨ કે મધુ ફીરકા છે તે પૈકી

કોઇમાં પણ કોઇ ખોજો જાય અને જે પોતાની જુદીજ જમાત તરીકે રહી શકે તેવી પોતાની સંખ્યા વધારી લે ત્યાં સુધી તે ખોજોજ કહેવાશે. અને આગાખાની એજંટોએ પોતાના જે મુનશી બેરીસ્ટરના મુખથી ઓચરાયેલા અકાયદો ધારણ કીધા છે; તેની રૂએ તો તેઓ પોતાને ખોજા નામથી પણ યાદ કરાવવાનો હક ધરાવી શકતા નથી કેમકે ખુદાના દસ અવતારો માનવા, કુરાન, નીમાજ, રોજા, હજ, ઝકાત વીગેરે ઇસલામની માન્યતાનો અનાદર કરવો એ કાંઇ મુસલમાની બાબતો ગણાય નહિ; બલ્કે તે તો સરાસર કુફરની બાબતોજ ગણાય. માટે તેઓ હવે પોતાને ખોજા લકબથી નિરાળા કરવા માગતા હોય, તેવું વર્તન ચલાવે છે; પરંતુ ઇસલામના મીશનરીઓ તેમની ભુલ જલદીથી દુર કરશે એવી અમોને આશા છે.

૨ ખોજા શબ્દ:

ખોજા કોમની ઉતપત્તી વિશે કેટલાકો એવો વિચાર ધરાવે છે કે, તેની ઉતપત્તી મેઘવાળોમાંથી થઇ પામી છે. ખોજા કોમને ઉપદેશ કરનારા

મીશનરી પીરોએ મેઘવાળોને બોધવા પ્રયાસ કરેલો હતો એ વાત ખરી છે; પરંતુ મેઘવાળોમાંની ખોજાઓની ઉતપત્તી વિશે કાંઈ આધાર મળી શકતો નથી. ખોજાઓના ધર્મશાસ્ત્રમાં જે મુરીદ ધર્મ ચુસ્ત હોય તેને રીકીસર (રખેસર) નામથી યાદ કરવામાં આવેલ છે. રખેસર એ નામની એક કોમ હીન્દુસ્તાનમાં આબાદ છે કે; જે ભંગી નામથી ઓળખાય છે; પરંતુ ખોજાઓની ઉતપત્તી તે કોમમાંથી થઇ હતી અને તે ઉપરથી ખોજા ધર્મશાસ્ત્રમાં ધર્મ ચુસ્ત મુરીદને રીકીસર શબ્દથી યાદ કરવામાં આવેલ છે એ વાત આધાર વિનાની તથા ખરી જણાતી નથી.

ખોજાઓને ઇસલામનો ઉપદેશ કરનાર મીશનરી પીરોએ ઇસલામને હીન્દુ ધર્મમાં એવોતો સેળભેળ કરી નાખ્યો હતો કે તે નતો ઇસલામ કે હીન્દુ ધર્મ દેખાતો હતો; બલ્કે એક નવીજ ઉતપત્તી લાગતી હતી. આવી ઉપદેશ પધ્ધતિના પ્રયોગમાં મીશનરી પીરોએ પોતાના અનુયાયીઓને મુસલમાન ઇલકાબો આપવાને બદલે હીન્દુ ઇલકાબો

વધુ પસંદ કીધા હતા. અને તેથી ધર્મ ચુસ્ત મુરીદોને "રૂષી" શબ્દથી યાદ કરેલ હશે અને પાછળથી તે રૂષીનું અપભ્રંશ થઇ "રીકી" પછી તેમાં ફેરફાર થઇ "રીકીસર" અને "રખેસર" થયું હશે. માટે રીકીસરથી રખેસર યાને મેઘવાળ નહિ પણ રૂષીની મુરાદ વધુ બંધ બેસ્તી આવે છે.

વળી જો ખોજાઓની ઉતપત્તી મેઘવાળો યાને રખેસરમાંથી થયાનું માનીએતો, રીકીસરનો ઇલકાબ બધી તેવી કોમને મળવા પામતે, પરંતુ આપણે જોઇએ છીએ કે તે ઇલકાબ માત્ર ધર્મ ચુસ્ત મુરીદનેજ આપવામાં આવ્યો છે અને શાસ્ત્રમાં "રીખીયાં તે કરશે ભાઇ, અવીચળ રાજ" એમ કહેલું છે માટે રીખીસરથી મુરાદ "રૂષી" ની માનવી એ બંધ બેસ્તું લાગે છે.

મુનીવર

આ ઇલકાબ પણ ખોજાઓને મુસલમાન બનાવનાર મીશનરી પીરોએ પોતાના ખાસ ચુસ્ત મુરીદ માટે યોજેલો છે જે મુરીદ ધર્મનું રહસ્ય

જાણુતો હોય, ધર્મશાસ્ત્રથી જાણીતો હોય, ભાવિક તથા ભક્ત હોય અને ધર્મ ચુસ્ત હોય તેને આ નામથી બોલાવવામાં આવતા. આ મુનીવર શબ્દથી સંબોધીને ઘણા ધર્મશાસ્ત્રના ગીનાનો (જ્ઞાનો) માં કહેવામાં આવ્યું છે મતલબકે ખોજા પંથમાં જે ઉપર પ્રમાણેનો દરજ્જો ધરાવતા હોય તે મુનીબંર ગણાય.

ભાગ ૧ લો સમાપ્ત.

એદલજી ધનજી કાબાનાં છપેલાં પુસ્તકો.

રાધાકૃષ્ણના પુસ્તકોના ખંડનો.

આગાખાની ખુદાઇનો જવાબ	૧—૦—૦
પચીસ સવાલોના જવાબો	૦—૩—૦
ખુલ્લી ચીઠ્ઠીનો જવાબ	૦—૫—૦

હાશમ બોઘાના પુસ્તકોના જવાબો.

તોહફે ઇસમાઇલીઆ	૦—૮—૦
અસલિયાતે ખોજાનું ખંડન	૦—૮—૦
ખોજા પંથ દર્પણ ભા. ૧ થી ૮	૪—૦—૦

આર્ય પ્રકાશના ખંડનો.

આર્ય પ્રકાશની અજ્ઞાનતાનું ખંડન ભા. ૧—૨—૩	૧—૨—૦
દયાનંદ પંથ દર્પણ	૦—૬—૦

વરતેજીની શાલાના પુસ્તકો.

દાવતે ઇમાન	૦—૩—૦
ડીલવાના સવાલ જવાબ	૦—૩—૦
ઇમામ કેવો જોઇએ ?	૦—૩—૦

કાસમઅલી લધાભાઇને જવાબ.

ઇસમાઇલીમાંથી બાબી	૦—૧—૦
અસલ ખોજા ઇસનાઅશરીજ	૦—૧—૦

ખોજા કેસના પુસ્તકો.

આગાખાન કેસનો ફેસલો	૦—૮—૦
ગુરાણાઇનો કેસ ભા. ૧—૨—૩	૧—૨—૦

ખોજા ઉત્પત્તીના પુસ્તકો.

આગા જંગીશાહનો રીસાલો	૦-૪-૦
ખોજા કોમની તવારીખ	૨-૮-૦
ખોજા ઉતપત્તી	૦-૩-૦
ગુપત પંથકા શુજરા	૦-૩-૦
ફરૂઝ કોમના આકાયદ	૦-૩-૦
ખોજા સર્વ સંગ્રહ	૧-૦-૦

આતીન્યાર મતના પુસ્તકો.

હસન બિન સબ્બાહ	૦-૧૦-૦
ફીરદોસે બરીં	૧-૮-૦

પરચુરણ ખોજા પુસ્તકો.

કરમઅલીનું કીસમત	૧-૦-૦
ખોજા ખુન આરોપ	૦-૪-૦
ખોજા કોમને સુધારો	૦-૨-૦

ઈસલામી સુધારાના પુસ્તકો.

સર સૈયદ એહમદના લેખો ભા. ૧-૨	૨-૦-૦
સર સૈયદ એહમદ	૦-૬-૦
મુસદ્દસે હાલી	૧-૪-૦
ઇસલામીઓનો દીન-દુને ટપકો	૦-૪-૦
ઉમ્મતનો વિલાપ	૧-૦-૦
અહલુલ્લાહની ઓળખાણ	૦-૨-૦
ઓલાદના હકો	૦-૪-૦
ઇસલામી હકો	૦-૨-૦
મઝહબની ખુબીઓ	૦-૬-૦

મુસલિમ સક્વર્તન ભા. ૧-૨-૩-૪ ૦-૮-૦

જસ્ટીસ અમીરઅલી ૦-૨-૦
નવાબ મોહસીનુલ મુલ્ક ૦-૧-૦
કેળવણીની હદીસો ૦-૦-૦
ઔરંગઝેબનું લેકચર ૦-૦-૩
આદાતે રસુલ ૦-૦-૩
હજરત મોહંમદ ૦-૮-૦
મેરાતલ ઓરૂસ ૦-૨-૦
મીરજા હબીર અનીસ ૦-૨-

ઇસનાઅશરી મતના પુસ્તકો.

ચેરાગે ઇસનાઅશરી ૧-૦-
ઇસનાઅશરી આરસી ૧-૯-
ઇસનાઅશરી તવારીખ ૧-૦-
ઇસનાઅશરી મઝહબની ખુબીઓ ૧-૦-
ઇસલામી સીતારો ૦-૩-

ઇસલામી રમુજી પુસ્તકો.

મુલ્લાં દોપ્યાજા ૦-૪-
અબુ હુલામાના લતીફા ૦-૨-

સતપંથના પુસ્તકો.

સતપંથ શાસ્ત્ર ભા. ૧ લો ૧-૮-
ઘટપાટની દુઆ ૦-૪-

લખો—એહલજી ધનજી કાપ

અમરેલી—કાઠીયાવાડ.